# ચંદ્રયશ સંસ્કૃત પ્રશ્નોતરમાલા

(હેમસંસ્કૃત પ્રવેશિકા પ્રથમા)

રચયેલુ

: દિવ્યાશિષ :

પૂ. ભદ્રસૂરીશ્વરજી મહારાજા

પૂ. ૐકારસૂરીશ્વરજી મહારાજા

પૂ. ચંદ્રયશવિજયજી મહારાજ


: પ્રકાશક :

નેસડા શ્વે. મૂ. જૈન સંઘ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી ભદ્ર-ૐકાર-અરવિંદ-યશોવિજય-ચંદ્રયશગુરુભ્યો નમઃ

# શ્રી ચન્દ્રયશ સંસ્કૃત પ્રશ્નોત્તરમાલા

## (હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા)

: દિવ્યાશીષ :

પ. પૂ. ગુરુદેવ શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજા
પ. પૂ. ગુરુદેવશ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. તપસ્વી મુનિરાજશ્રી ચન્દ્રયશવિજયજી મ.સા.

: પાવન પ્રેરણા :

પ.પૂ. ગુરુદેવશ્રી અરવિંદસૂરિજી મ.સા.
પ.પૂ. ગુરુદેવશ્રી યશોવિજયસૂરિ મ.સા.
પ.પૂ. ગુરુદેવશ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા.
પ.પૂ. પંન્યાસપ્રવર ભાગ્યેશવિ. મ.સા.

: સંપાદિકા :
રમ્યરેણુ

: પ્રકાશક :

**શ્રી નેસડા જૈન શ્વેતાંબર મૂ. પૂ. સંઘ**

નેસડા, (ભીલડીયાજીની બાજુમાં),

બનાસકાંઠા.

: પ્રાપ્તિસ્થાન :

**ૐકાર સાહિત્યનિધિ**

પાર્શ્વભક્તિનગર હાઈવે,

ભીલડીયાજી, (બનાસકાંઠા).

ફોન : (952744) 233129

**ૐકારસૂરિ આરાધના ભવન**

ગોપીપુરા, સુભાસચોક, સુરત.

**મનસુખભાઈ એસ. વોરા**

૧૦૪, સત્‌નામ; ઈરાનીવાડી,

મથુરદાસ ક્રોસ રોડ, કાંદીવલી (વેસ્ટ)

મુંબઈ-૬૭. ફોન : ૨૮૦૭૪૭૬૬

વિ.સં. - ૨૦૬૨

વીર સં. - ૨૫૩૨ ઈ.સન્ - ૨૦૦૬

આવૃત્તિ - પ્રથમ નકલ : ૧૦૦૦

ભરત ગ્રાફિક્સ, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

ફોન : (મો.) ૯૯૨૫૦૨૦૧૦૬, (૦૭૯) ૨૨૧૩૪૧૭૬

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન



रम्यास्य- दिव्यदीपस्य, हेमज्योतिः सुहर्षदम् ।

स्यात्सदा भव्यलोकानां, श्रीशङ्खेश्वरपार्श्व ! ते ॥ १ ॥

# શ્રી મનમોહન પાર્શ્વનાથ



વંદનાવલિ.....

પૂ. આ. શ્રી ભદ્રસૂરિ મ. સા.



વંદનાવલિ.....

પૂ. આ. શ્રી ૐકારસૂરિ મ.સા.



પૂ. આ. અરવિંદસૂરિ મ.સા.



પૂ. આ. યશોવિજયસૂરિ મ.સા.



પૂ. શ્રી મુનિચંદ્રસૂરિ મ.સા.



# સમર્પણ

જીવન ઘડતરના ઘડવૈયા,
સંસ્કાર જડતરના જડવૈયા
પરમ તપસ્વી પૂ. પિતાશ્રી મ.સા.
વિરાધનાના વનમાંથી,
આરાધનાના આરામમાં રમતા કર્યા આપે.
વિકારમય જીવનને
વિરાગમય વાટે વહેતા કર્યા આપે.
ઉપાધિના ઉકરડામાંથી
ઉપાસનાના ઉદ્યાનમાં ટહેલતા કર્યા આપે.
પરપરિણતીની પસ્તીમાંથી,
નિજાનંદની મસ્તીમાં મહાલતા કર્યા આપે.
ગપ્પાની ગંદકીમાંથી,
સ્વાધ્યાયની બંદગીમાં ઝૂમતા કર્યા આપે.
આપના પાવન પાણિપદ્મમાં
અવિરત અવનત મસ્તકે
ભાવભીની વંદન કુસુમાંજલી.

આપની પુત્રીઓ.



# પ્રસ્તાવના

## પ્રથમ ચરણ :
## સંસ્કૃત સાગરમાં અવગાહન

આખર તો સહુની ભાવના શિવને વરવાની જ હોય છે.

શિવવરણની શ્રેયસ્કરી સાધનાના શરણે ગયા વિના શિવલક્ષ્મીની પ્રાપ્તિ શક્ય જ નથી. કૈવલ્યને હસ્તગત તે જ કરી શકે, જે શ્રુતસાગરમાં લીન થઈ જાય, ઓગળી જાય... શ્રુતસાગરમાં ઓગળવું એટલે સ્વાધ્યાયમાં ખોવાઈ જવું. સ્વ + અધિ + આય = સ્વાધ્યાય...

આત્માનું આત્મામાં (આત્મા પ્રતિ) જે ગમન તે સ્વાધ્યાય... આ સ્વાધ્યાય સાગરની ઉપરની સપાટીએ તરનારને છીપલા વગેરે અલ્પ મૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થતી હોય છે. ઉંડા તળે ડૂબકી મારનારને અને એમાં જ સ્થિરતા કરનારને બહુમૂલ્ય રત્નોની વરણી સહજ જ થતી હોય છે.

સંસ્કૃતના મહાસાગરમાં તન્તરણ જ નહીં પણ નિમજ્જન કરવાં/કરાવવાનાં એક નમ્ર પ્રયાસરૂપે સદાહર્ષ પ્રસરાવતાં પૂ. સા. **શ્રી ભવ્યગુણાશ્રી મ.સા.** એઓના વડીલ ભગિની પૂ. સા. શ્રી દિવ્યગુણા શ્રી મ.સા.ની સહકાર શ્રેણીથી આ પ્રથમા-નૌકા અભ્યાસવૃન્દ ચરણે પ્રકટ કરી રહ્યાં છે.

આ નૌકા છે કે જહાજ છે... આ કેડી છે કે વિશાલ માર્ગ છે... એનો નિર્ણય તો વિદ્વદ્વૃન્દ જ સ્વમનિષાનુસાર કરશે...

આ નૌકાના સહકારે સંસ્કૃત બોધ - બોધના સહારે આત્મશોધ અને આત્મશોધ દ્વારા આત્મશુદ્ધિ અને તેના દ્વારા સ્વરૂપસિદ્ધિ થાય એ જ પ્રકાશિકાનું ઉદાત્ત લક્ષ્ય છે. થોડાં જ પૃષ્ઠો નિહાળવા અને પ્રસ્તાવના લખવા માટે મને જે લાભ આપ્યો તે બદલ 'બ્હેન મ.' નો ઋણી છું...

અલ્પજ્ઞ છું, ક્ષતિ જણાય તો ક્ષમા આપજો...

**રાજુસંઘવી - ડીસા**

# અંતરની વાત

હતું નેસડાનગર... હવે છે નેસડા તીર્થ...
મનમોહન પાર્શ્વનાથ દાદાનું તીર્થ...

ભીલડીયાજી તીર્થની બિલકુલ સમીપમાં આવેલું અમારું વતન... આજે તીર્થમાં... અને અમારા પથકમાં આદરણીય ગામ તરીકે અંકાયું છે જેનું કારણ છે દાદા મનમોહન પાર્શ્વપ્રભુ...

પ્રભુજીની પ્રતિષ્ઠાનાં પાવન દિવસથી અમારા વતને અમારા શ્રીસંઘે ધર્મનાં નવા અજવાળા પીધા છે...

ભવ્ય સામુદાયિક અઠ્ઠમ તપની આરાધના ૧૧૦૦ આરાધકો દ્વારા... દરસાલ ભવ્ય પ્રતિષ્ઠાની ઝાંખી કરાવતી... ભક્તિ ભાગીરથીમાં ઝીલવા દ્વારા શીતલતા-પાવનતાની અનુભૂતિ કરાવતી ઉત્સવયાત્રા દ્વારા ભવ્ય સાલગિરાની ઉજવણી... અને તે પણ અલગ અલગ કોઈ અમારા જ ગ્રામનિવાસી એક જ પરિવાર દ્વારા... અમારા ગામનું... પથકનું... એક અદ્ભૂત નજરાણું બન્યું છે.

અહીં દાદાએ અમારી દિવાળી એની ભક્તિ થકી અજવાળી છે... ત્રણ દિવસ અમારો સંઘ અહિં ભેગો થઈને ભક્તિભાવભર્યા દિવસો રૂપે દીપાલિકા પર્વને ઉજવે છે... અને જૂની પરંપરાઓનું અદ્ભૂત રૂપ પ્રગટે છે...

અમારા વતનને પૂ. તપસ્વીરત્ન ચંદ્રયશવિજયજી મ. ની સમાધિભૂમિ... પૂણ્યભૂમિ બનવાનું સદ્ભાગ્ય પણ મળ્યું... એક સરસ મજાની ગુરુમંદિર રૂપ દેવકુલિકામાં તેમનાં સંભારણા જીવંત છે.

દેરાસર... તેની આસપાસ વચ્ચે રસ્તાઓ... અને સામે ભવ્ય ઉપાશ્રય... સાધર્મિકગૃહ... વચ્ચે વચ્ચે વૃક્ષો... અને હરિયાળા હાસ્યો... આ સંકુલ થોડી ક્ષણ માટે તમને એક નવાં જ આનંદમાં મૂકી દે છે...

સાધનાભૂમિ માટેની નીરવશાંતિ... અને પ્રસન્ન વાતાવરણ... અમારા આ સંકુલનું સૌંદર્ય છે તેની શિરમોર કળા એટલે કોતરણીથી સુશોભિત દાદા મનમોહન પાર્શ્વનાથનું મંદિર છે...

અમારા શ્રી સંઘનાં સર્જન પામેલાં સુંદર સ્વરૂપમાં ફાળો અમારા ઉપકારી પૂજ્ય ગુરુદેવોનો છે...

પરમોપકારી પરમારાધ્યપાદ પૂ. આ. ભ. શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજાનાં આશિષ...

દાદા ગુરુદેવ યુગમહર્ષિ આ.ભ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાનાં પટ્ટાલંકાર સંઘ એકતાશિલ્પી પૂ. આ. ભ. શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજાનાં પટ્ટધર પૂ. આ. ભ. શ્રી અરવિંદસૂરીશ્વર મ.સા. તથા પૂ. યશોવિજયસૂરીશ્વરજી મ.સા. નું સતત માર્ગદર્શન... સતત અમારા ગામ પર કરૂણાદૃષ્ટિ અમને ધર્મક્ષેત્રે વિકાસ તરફ દોરી રહી છે...

અમારા આ નવનિર્મિત જિનમંદિરે પાવન પ્રતિષ્ઠા પ્રસંગે...

પૂ. આ. ભ. શ્રી અરવિંદસૂરીશ્વરજી મ.સા.<br>
પૂ. આ. ભ. શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.સા.<br>
પૂ. આ. ભ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.<br>
પૂ. શ્રી રાજેશવિ. મ.સા. પૂ. શ્રી ભાગ્યેશવિ. મ.સા.<br>
પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. નાં શિષ્યરત્નો<br>
પૂ. ઉપા. શ્રી મહાયશવિ. મ.સા. વિદ્વદ્વર્ય પૂ. શ્રી ધુરંધવિ. મ.સા.<br>
પૂ. આ. ભ. શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મ.સા.નાં શિષ્યરત્નો

પૂ. મુનિશ્રી યુગપ્રભવિ. મ.સા. આદિ પધારેલ... આ બધાનાં ચરણોમાં અમારી ભાવભરી વંદના.

પૂ. તપસ્વીરત્ન શ્રી ચંદ્રયશવિ. મ.સા.ની ગુરુમૂર્તિ-પ્રસંગે પ્રકાશિત થતું આ સંકલન અમારા શ્રીસંઘને સદા જ્ઞાનમાર્ગે આગળ વધારનારું બનો... અનેક આત્માઓને પ્રભુશાસનનાં રહસ્યોને પમાડનારું બને એ જ શુભેચ્છા.

**નેસડા શ્રી જૈનસંઘનાં**<br>
**સાદર પ્રણામ**

# સંપાદકીય

કલિકાલ કલ્પતરૂ મહામહિમ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદાજીનાં શ્રીચરણમાં અગણિત વંદના...

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી શાન્તિનાથદાદાનાં શ્રીચરણોમાં અનંતશઃ પ્રણામ...

જે પરમાત્માની પરમ કૃપાથી પૂ. ગુરુદેવશ્રીનાં અઢળક આશિષથી કોઈ મંગલ દિને મંગલ ઘડીએ અંતરઅવનિમાં ધરબાયેલ આશાબીજ વિદ્યાદાતા અનેક ઉપકારીઓની પાવનપ્રેરણાનાં પીયૂષે અંકુરિત થતાં આજે આ પુસ્તક પ્રકાશન રૂપે પાંગર્યું... એમાં અનેક ગ્રંથોની સહાય લેવાઈ છે તે તે ગ્રંથનાં પ્રણેતા, સંપાદક, પ્રકાશક સર્વેનો આ ક્ષણે આભાર વ્યક્ત કરી... પુસ્તક પ્રકાશનમાં સતત કૃપાવૃષ્ટિ વરસાવતાં... લેખનમાં સતત ઉત્સાહિત કરતાં પૂ. ગુરુદેવોને આ ક્ષણે કૃતજ્ઞભાવે વંદના કર્યા વિના કેમ રહેવાય ?

યુગમહર્ષિ દાદાગુરુદેવ **શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજા**... દીક્ષાદાતા... સ્વાધ્યાય સુધાપાતા... પૂ. ગુરુદેવશ્રી **ૐકારસૂરીશ્વરજી મહારાજા**... સતત સ્વાધ્યાયશીલ રહીને જીવન જ જેમનું આદર્શમય છે એવા પૂ. **શ્રી અરવિંદસૂરીશ્વરજી મ.સા.** વાત્સલ્યવારિ વર્ષાવવામાં સ્વજનની માં પણ કદાચ અલ્પતા દેખાય... પણ જેમનામાં સદાય પૂનમની ભરતી જ વરતાય... એવા પૂ. **શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.સા.** જેમની આશિષે ચાલુ થયેલું આ કાર્ય પૂર્ણતાં અવસરે અદશ્યરૂપે સદાય સહાય કરતાં પૂ. પિતાજી મુનિરાજ **શ્રી ચંદ્રયશવિ. મ.સા...** આ કાર્યમાં સતત પ્રોત્સાહન આપવા દ્વારા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનાર... પૂ. બંધુ મુનિરાજ પંન્યાસપ્રવર **શ્રી ભાગ્યેશ વિ. મ.સા.** પૂ. **શ્રી મહાયશ વિ. મ.સા...** સંયમની શિક્ષા અને સંસ્કારાદિનાં વાવેતર કરવા દ્વારા ઉપકારોની હેલી વર્ષાવનાર પૂ. દાદીગુરુણીજી **શ્રી મનકશ્રીજી મ.સા.** પરમતપસ્વી પૂ. **શ્રી સુવર્ણાશ્રીજી મ.સા.** તથા પૂ. ગુરુમાતા **શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.** આદિ ઉપકારી ગુરુદેવશ્રીનાં ચરણ કમલમાં ભાવભરી વંદના...

તથા આ પુસ્તકમાં જ્યાં જ્યાં સંશયનો ગતિ અવરોધ આવ્યો તેને માત્ર ઉપકૃતિદષ્ટિએ શીઘ્રતયા જવાબ આપનાર ઉપકારી પંડિતવર્ય શ્રી... વ્રજલાલભાઈ, ચંદ્રકાંતભાઈ, રાજુભાઈ, રજનીભાઈ વગેરે સારસ્વત પુત્રોનો આ ક્ષણે ખૂબ ખૂબ આભાર માનું છું.

છેલ્લે ૭-૭ વખત પ્રૂફ આપવા છતાં જરાય કંટાળ્યા વિના આ પુસ્તક પ્રકાશનમાં સહાય કરી છે તેને કેમ ભૂલાય ?

પ્રાન્તે આ પુસ્તકનાં અધ્યયન દ્વારા સૌ શાસ્ત્રાભ્યાસ તરફ આગેકૂચ કરી... સ્વાધ્યાય દ્વારા આત્મશુદ્ધિ કરી સ્વરૂપસિદ્ધિ પ્રાપ્ત કરે... એ જ મંગલ મનીષા... છદ્મસ્થ, અજ્ઞાનતાને કારણે થઈ ગયેલ ક્ષતિને વિદ્વદ્વર્યશ્રી સુધારે... એજ પ્રાર્થના સહ...

**રમ્યરેણુ...**

॥ ૐ હ્રીઁ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથાય નમઃ ॥
॥ ૐ હ્રીઁ શ્રીશાંતિનાથ-પરમાત્મને નમઃ ॥
॥ શ્રીગૌતમસ્વામિને નમઃ ॥
॥ શ્રી ભદ્ર-ૐકાર-અરવિન્દ-યશોવિજય-ચન્દ્રયશગુરુભ્યો નમઃ ॥

# શ્રી ચન્દ્રયશ સંસ્કૃત પ્રશ્નોત્તરમાલા

## પ્રથમા...

**પ્રશ્ન** - ૧ આ પુસ્તિકાનું નામ હેમસંસ્કૃતપ્રવેશિકા-પ્રથમા કેમ રાખ્યું?

**ઉત્તર** - ૧ સિદ્ધહેમશબ્દાનુશાસન નામનું વ્યાકરણ છે તે વ્યાકરણમાંથી આ પુસ્તિકા બનાવેલ હોવાથી અથવા તે વ્યાકરણને અનુસરીને બનાવેલી હોવાથી વ્યાકરણનાં રચયિતા પૂ. હેમચંદ્રાચાર્યજી મહારાજાની ઉપકારોની સ્મૃતિને માટે **હેમ** શબ્દ આગળ રાખ્યો. તેમજ આ પુસ્તિકા સંસ્કૃતભાષાનું જ્ઞાન કરાવનારી હોવાથી **સંસ્કૃત** શબ્દ કહ્યો. સંસ્કૃતનું જ્ઞાન કરવા માટે સંસ્કૃતવિષયમાં પ્રવેશ કરાવનારી હોવાથી **પ્રવેશિકા** પદ મૂકેલ છે. તેમજ પંડિતવર્ય શ્રી શિવલાલભાઈએ ત્રણ બુક બનાવેલ છે તેમાં આ પહેલી હોવાથી **પ્રથમા** પદ મૂકેલ છે. આ પ્રમાણે આખું નામ.... **હેમસંસ્કૃતપ્રવેશિકા-પ્રથમા** કહેવાય છે.

**પ્રશ્ન** - ૨ વર્ણ એટલે શું ? એની જરૂરિયાત શી ?

**ઉત્તર** - ૨ વર્ણ = અક્ષરો

કોઈપણ ભાષામાં પ્રવેશતાં પહેલાં અક્ષરોનું જ્ઞાન કરવું પડે છે. કારણકે અક્ષરોનાં સમૂહથી એક શબ્દ બને છે. અને શબ્દોનાં સમૂહથી વાક્ય બને છે. અને વાક્ય જ ભાષાનો બોધ કરાવે છે. ઘેઘૂરવડલાનું કારણ જેમ બીજ છે. તેમ કોઈપણ ભાષાનાં સંપૂર્ણ જ્ઞાનમાં મૂળ કારણ અક્ષરજ્ઞાન છે.

અક્ષરજ્ઞાન એ બીજસ્વરૂપ છે.

શબ્દજ્ઞાન એ અંકુરસ્વરૂપ છે.

વાક્યજ્ઞાન એ પલ્લવસ્વરૂપ છે.

અને સંપૂર્ણ ભાષાજ્ઞાન એ વડલાસ્વરૂપ છે. જેથી ભાષાકીય-જ્ઞાન કરતાં પહેલાં વર્ણનું જ્ઞાન કરવું અતિ આવશ્યક છે.

**પ્રશ્ન** - ૩ વર્ણોના પ્રકાર કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૩ વર્ણ ૨ પ્રકારે (૧) સ્વર (૨) વ્યંજન.

**પ્રશ્ન** - ૪ સ્વર એટલે શું ?

**ઉત્તર** - ૪ **स्वयं राजन्ते/शोभन्ते वा इति स्वराः ।**

જે સ્વયં શોભે તે સ્વર કહેવાય. જેનો સ્વતંત્ર પ્રયોગ કરી શકાય. દા. ત. अ-आ વિ..ને બોલવા માટે કોઈની સહાય લેવી પડતી નથી. સ્વતંત્ર બોલી શકાય છે. માટે તેને સ્વર કહેવાય છે.

**પ્રશ્ન** - ૫ વ્યંજન એટલે શું ?

**ઉત્તર** - ૫ **व्यज्यते/प्रकटीक्रियते वा अर्थः अनेन इति व्यञ्जनम् ।** જેનાદ્વારા અર્થનો સ્પષ્ટ બોધ થાય તે વ્યંજન કહેવાય. દા. ત. માત્ર **अ-अ-अ** બોલવાથી કોઈ અર્થનો ખ્યાલ આવતો નથી. પરંતુ એમા જ **क् म् ल्** વ્યંજનો ભળે ત્યારે **कमल** એવો શબ્દ બને છે જેનાથી એક વસ્તુને બતાવતાં નિશ્ચિત અર્થનો સ્પષ્ટ બોધ થાય છે. માટે વ્યંજન એ અર્થનું જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન** - ૬ અર્થનાં જ્ઞાન માટે જો વ્યંજન જ સમર્થ છે તો સ્વરો શા માટે બતાવ્યા ?

**ઉત્તર** - ૬ અર્થને બતાવવા વ્યંજન સમર્થ છે પરંતુ તે એકલા સ્વતંત્ર ઉચ્ચારી શકાતાં નથી તેને બોલવા માટે સ્વરોની જરૂરિયાત રહે છે. વ્યંજનો પંગુ જેવા છે અને સ્વરો અંધ જેવા છે. જેમ પંગુ માણસ રસ્તો દેખી શકતો હોવા છતાં પણ તે ચાલવા સમર્થ નથી તેને કોઈની અપેક્ષા રહે છે તેવી રીતે આંધળો ચાલવા સમર્થ છે પણ દેખી શકતો નથી માટે તેને પણ કોઈકની અપેક્ષા રહે છે. એવી જ રીતે સ્વર અંધ જેવા છે. જે અર્થને પ્રગટ કરી શકતાં નથી. અને

વ્યંજનો એકલા પ્રયોગમાં વાપરી શકાતાં નથી એટલે **અંધ-પંગુ**ના ન્યાયે એક-બીજાની મદદથી અર્થનો સ્પષ્ટ બોધ થાય છે. ભાષાપ્રયોગમાં બન્ને જરૂરી છે. માટે સ્વર-વ્યંજન બન્ને બતાવેલ છે.

**પ્રશ્ન** - ૭ શું अं, अः, એ જ અનુસ્વાર, વિસર્ગ છે ?

**ઉત્તર** - ૭ ના....अं, अः, એ જ અનુસ્વાર વિસર્ગ નથી. પરંતુ મીંડુએ અનુસ્વાર છે અને : (બે મીંડા) વિસર્ગ છે. પણ તે બન્ને ય પંગુ છે. ઘોડી વગર ચાલી શકે તેમ નથી માટે 'अ' રૂપ ઘોડી છે. બોલવું ફાવે માટે अ મૂકેલ છે. બાકી अ એ અનુસ્વાર, વિસર્ગ નથી.

**પ્રશ્ન** - ૮ અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય, આ ચારેને શું કહેવાય ? સ્વર કે વ્યંજન ? શા માટે?

**ઉત્તર** - ૮ અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ને ઉપધ્માનીય, આ ચારેયને વ્યંજન કહેવાય છે. કારણ કે અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય, આ ચારે ય વ્યંજનનાં સ્થાને થતાં હોવાથી વ્યંજન કહેવાય છે.... અનુસ્વાર म् અને न् ને સ્થાને થાય છે. વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય, ત્રણે र् ને સ્થાને થાય છે. म्, न् અને આ र् ત્રણે વ્યંજન હોવાથી એને સ્થાને થતાં અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય વ્યંજન સ્વરૂપ જ ગણાય છે.

**પ્રશ્ન** - ૧૦ કુલ વ્યંજન કેટલા ?

**ઉત્તર** - ૧૦ કુલ વ્યંજન ૩૭ છે, ૩૩ વ્યંજન + ૪ અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય = ૩૭

**પ્રશ્ન** - ૧૧ કુલ વર્ણો કેટલા ?

**ઉત્તર** - ૧૧ કુલ વર્ણો ૫૧ છે. જે જ્ઞાનનાં ભેદને સૂચવનારા છે.

૧૪ સ્વર
\+ ૩૩ વ્યંજન
\+ ૪ (અનુસ્વારાદિ)
૫૧

**પ્રશ્ન - ૧૨** ह् ની ઉભી લાઈનનાં વ્યંજન કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૨** ह् ની ઉભી લાઈનનાં વ્યંજન-૭ છે.

घ् झ् द् ध् भ् व् ह् ।

**પ્રશ્ન - ૧૩** (સ્વરસંજ્ઞામાં રહેલ) વર્ણ એટલે શું ?

**ઉત્તર - ૧૩** સજાતીય સ્વરોનું જોડકું તેને વર્ણ કહેવાય.

**પ્રશ્ન - ૧૪** વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૪** વર્ણ પાંચ છે, अ વર્ણ, इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ, ऌ વર્ણ.

**પ્રશ્ન - ૧૫** સન્ધ્યક્ષર એટલે શું ? કેટલા? અને કયા કયા ?

**ઉત્તર - ૧૫** સન્ધિથી (જોડણીથી) બનતાં જે અક્ષર તે સન્ધ્યક્ષર કહેવાય છે. અને તે ૪ છે. ए ऐ ओ औ....

**પ્રશ્ન - ૧૬** સન્ધ્યક્ષર કેટલી રીતે બને છે ? અને તે કેવી રીતે ?

**ઉત્તર - ૧૬** સન્ધ્યક્ષર **૧૬** રીતે બને છે.. તે આ પ્રમાણે...

| | | | |
|---|---|---|---|
| अ+इ<br>आ+इ<br>अ+ई<br>आ+ई | =ए | अ+ए<br>आ+ए<br>अ+ऐ<br>आ+ऐ | =ऐ |
| ૪ | | ૪ | |
| अ+उ<br>आ+उ<br>अ+ऊ<br>आ+ऊ | =ओ | अ+ओ<br>आ+ओ<br>अ+औ<br>आ+औ | =औ |
| ૪ | | ૪ કુલ - ૧૬ | |

**પ્રશ્ન - ૧૭** નામિ વિગેરે સંજ્ઞાઓ બતાવવાનું કારણ શું ?

**ઉત્તર - ૧૭** જો નામિ વિ...સંજ્ઞાઓ ન બતાવી હોત તો નામિ વિગેરે સ્વરોને આશ્રયીને જે જે કાર્ય થવાનું હતું તે ન થઇ શકત. વળી ગ્રુપવાઈઝમાં ગોઠવવા માટે નામિ વિગેરેની સંજ્ઞા બતાવવામાં આવી છે. (પાઠ-૭/૮ નિ. ૧. વગેરેમાં આનું ફળ જણાશે.)

**પ્રશ્ન - ૧૮** સમાનસંજ્ઞા શા માટે ?

**ઉત્તર - ૧૮** સમાનસંજ્ઞા ન મૂકી હોત તો સમાન સ્વરોને આશ્રયીને જે જે કાર્ય થવાનું હતું તે ન થાત એટલે કે સમાન સ્વરોને આશ્રયીને થતાં કાર્યોને કરવા માટે સમાનસંજ્ઞા મૂકી છે. (પાઠ ૧૭ નિ.૩માં આનું ફળ જણાશે)

**પ્રશ્ન - ૧૯** વર્ગ એટલે શું ?

**ઉત્તર - ૧૯** वृणोति आत्मीयमेकत्वेन व्यवस्थापयति वा इति वर्गः । પાંચ પાંચ વ્યંજનોનું એક ઝુમખું તેને વર્ગ કહેવાય છે.

**પ્રશ્ન - ૨૦** વર્ગ અને વર્ણમાં (સ્વરસંજ્ઞાશ્રિત) તફાવત શું ?

**ઉત્તર - ૨૦** વર્ણ એ સ્વરની સંજ્ઞા છે. વર્ગ એ વ્યંજનની સંજ્ઞા છે. વર્ણમાં બે-બે સમાન સ્વરોનું જોડકું આવે છે. અને વર્ગમાં પાંચ-પાંચ સજાતીય વ્યંજનોનું ઝુમખું આવે છે. દા. ત. अ-आ તે अ વર્ણ, અને क्, ख्, ग्, घ्, ङ् એ क વર્ગ કહેવાય છે.

**પ્રશ્ન - ૨૧** અંતસ્થા એટલે શું ? તે કેટલા ? કયા કયા?

**ઉત્તર - ૨૧** वर्गस्य अन्ते तिष्ठन्ति इति अन्तस्थाः વર્ગને અંતે જે રહે એટલે કે વર્ગીયવ્યંજનો પછી જે આવે તેને અંતસ્થા કહેવાય. તે ૪ છે. य्, र्, ल्, व् ।

**પ્રશ્ન - ૨૨** અનુનાસિક એટલે શું ? તે કેટલા? કયા કયા ?

**ઉત્તર - ૨૨** નાસિકાની મદદથી જે વર્ણો બોલાય તે અનુનાસિક વર્ણો કહેવાય. તે આઠ છે. ङ् ञ्, ण्, न्, म्, यँ, लँ, वँ ।

**પ્રશ્ન - ૨૩** અધુટ્વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૩** ધુટ્ સિવાયના વર્ણો અધુટ્ કહેવાય... અધુટ્ ૨૩ છે. ૧૪ સ્વર+ ૯ વ્યંજન (य् र् ल् व्, ङ् ञ् ण् न् म्)=૨૩, અપેક્ષાએ અનુસ્વારાદિ ૪ પણ અધુટ્ કહેવાય છે. પણ પ્રયોગમાં બહુ જ ઓછા વપરાતાં હોવાથી ગણના કરાતી નથી.

**પ્રશ્ન - ૨૪** અઘોષ એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૪** (अल्पः) अविद्यमानो घोषः येषां ते इति अघोषाः । જે અક્ષર બોલતાં સામાન્ય ધ્વનિ નીકળે તે અક્ષર અઘોષ કહેવાય છે (યોગિગમ્ય છે.) તે ૧૩ છે. क् ख्, च्, छ्, ट्, ठ्, त्, थ्, प्, फ्, श्, ष्,स्।

**પ્રશ્ન - ૨૫** ઘોષવાન્ એટલે શું ? તે કેટલા ? કયા કયા?

**ઉત્તર - ૨૫** घोषो विद्यते यस्य स घोषवान् । જે અક્ષરો બોલતાં વિશેષ ધ્વનિ નીકળે તે ઘોષવાન્ કહેવાય છે તે ૨૦ છે. ग्, घ्, ङ् વિ.

**પ્રશ્ન - ૨૬** અશિટ્વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૬** અશિટ્ ૪૪ છે. ૧૪ સ્વર+ ૩૦ વ્યંજન (श्, ष्, स् સિવાયના)=૪૪.

**પ્રશ્ન - ૨૭** ધુટ્ ઉપરથી અધુટ્ જણાય છે. શિટ્ ઉપરથી અશિટ્ જણાય છે. તો અઘોષ ઉપરથી ઘોષવાન્ ન જાણી શકાત ? ઘોષવાન્ માટે જુદો નિયમ કેમ આપ્યો ?

**ઉત્તર - ૨૭** અઘોષ ઉપરથી ઘોષવાન્ જાણી શકાત. પણ જો આ પ્રમાણે અઘોષ સિવાયનાં ઘોષવાન્ એવી વ્યાખ્યા કરી હોત તો તેમાં સ્વરોનો સમાવેશ થઈ જાત. પણ સ્વરોની ઘોષવાન્ સંજ્ઞા કરવી નથી માટે ઘોષવાન્ નોં જુદો નિયમ બતાવ્યો છે.

**પ્રશ્ન - ૨૮** ઉચ્ચારસ્થાન એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૮** ઉચ્ચારસ્થાન એટલે જે સ્થાનમાંથી વર્ણો બોલાય (ઉચ્ચાર થાય) તે ઉચ્ચારસ્થાન કહેવાય. અથવા વર્ણોનાં ઉત્પત્તિસ્થાનને ઉચ્ચારસ્થાન કહેવાય. તે ઉચ્ચારસ્થાન આઠ છે. ઉર, કંઠ વિગેરે....

**પ્રશ્ન - ૨૯** કંઠ્યવર્ણ એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૯** જે વર્ણો કંઠમાંથી બોલાય તે વર્ણો કંઠ્યવર્ણ કહેવાય છે. તે ૯ છે. अ, आ, क्, ख्, ग्, घ्, ङ्, ह्, : (વિસર્ગ) ।

**પ્રશ્ન - ૩૦** તાલવ્યવર્ણ એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૦** જે વર્ણો બોલતાં જીભ તાલુ ને અડે તે તાલવ્યવર્ણ કહેવાય. તે ૧૧ છે. इ, ई, ए, ऐ, च्, छ्, ज्, झ्, ञ्, य्, श् ।

**પ્રશ્ન - ૩૧** ઓષ્ઠ્યવર્ણ એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૧** જે વર્ણો બોલતાં બન્ને ય હોઠ ભેગાં થાય તે ઓષ્ઠ્યવર્ણ. તે ૧૦ છે. उ, ऊ, ओ, औ, प्, फ्, ब्, भ्, म्, )( (ઉપધ્માનીય) ।

**પ્રશ્ન - ૩૨** મૂર્ધન્યવર્ણ એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૨** જે અક્ષર બોલતાં મસ્તકમાં પ્રયત્ન વિશેષ થાય તેને મૂર્ધન્યવર્ણ કહેવાય. તે ૯ છે. ऋ, ॠ, ट्, ठ्, ड्, ढ्, ण्, र्, ष्।

**પ્રશ્ન - ૩૩** દન્ત્યવર્ણ એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૩** જે વર્ણ બોલતાં જીભ દાંતને સ્પર્શે તે દન્ત્યવર્ણ....તે ૯ છે. ऌ, ॡ, त्, थ्, द्, ध्, न्, ल्, स्।

**પ્રશ્ન - ૩૪** દન્ત્યૌષ્ઠ્ય એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૪** દાંત અને હોઠની મદદથી બોલાય તે દન્ત્યૌષ્ઠ્ય... તે ૧ व् જ છે.

**પ્રશ્ન - ૩૫** જિહ્વ્ય એટલે શું ? તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૫** જીભમાંથી જેનો ઉચ્ચાર થાય તે..... ≍ જિહ્વામૂલીય

**પ્રશ્ન - ૩૬** નાસિક્યવર્ણ એટલે શું ? અને તે કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩૬** નાસિકાની મદદથી જે અક્ષર બોલાય તે નાસિક્ય કહેવાય છે. નાસિક્યવર્ણ કુલ ૨૩ છે. જે આ પ્રમાણે.

| | |
|---|---|
| ૧૪ | અનુનાસિક સ્વર अँ, आँ વિગેરે... |
| + ૮ | વ્યંજન (ङ् ञ्, ण्, न्, म्, यँ, लँ, वँ) |
| + ं | અનુસ્વાર |
| ૨૩ | |

**પ્રશ્ન - ૩૭** બે ઉચ્ચારસ્થાન લે એવા વ્યંજનો કેટલા ? કયા કયા ? કેવી રીતે ?

**ઉત્તર - ૩૭** બે ઉચ્ચારસ્થાન લે એવા વ્યંજનો ૮ છે. ङ्, ञ्, ण्, न्, म्, यँ, लँ, वँ । ङ् કંઠ્યમાં આવે છે. ઉપરાંત નાસિકાસ્થાનમાં પણ આવે છે. એટલે કે કંઠ્ય અને નાસિક્ય બન્નેમાં ગણાય છે. એવી જ રીતે ञ्-તાલવ્ય અને નાસિક્ય. ण्-મૂર્ધન્ય+ નાસિક્ય. न्-દન્ત્ય+નાસિક્ય. म्-ઓષ્ઠ્ય+નાસિક્ય. यँ-તાલવ્ય+નાસિક્ય. लँ-દન્ત્ય+નાસિક્ય.

वँ-દંત્યૌષ્ઠ્ય+નાસિક્ય. એવી જ રીતે અનુનાસિક સ્વરોમાં પણ જાણવું... દા.ત. अँ-आँ માં કંઠ્ય + નાસિક્ય બન્ને સ્થાન આવે. એવી જ રીતે આગળ જાણવું...

**પ્રશ્ન** - ૩૮ નામિ હોય તેવા સમાનવર્ણો કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૩૮ નામિ હોય તેવા સમાનવર્ણો ૮ છે. इ-ई, उ-ऊ, ऋ-ॠ, ऌ-ॡ।

**પ્રશ્ન** - ૩૯ નામિ હોય તેવા હ્રસ્વવર્ણ કેટલા ? અને કયા કયા?

**ઉત્તર** - ૩૯ નામિ હોય તેવા હ્રસ્વવર્ણ ૪ છે. इ, उ, ऋ, ऌ ।

**પ્રશ્ન** - ૪૦ નામિ હોય તેવા દીર્ઘવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૦ નામિ હોય તેવા દીર્ઘવર્ણ ૮ છે. ई, ऊ, ॠ, ॡ, ए-ऐ, ओ-औ।

**પ્રશ્ન** - ૪૧ નામિ હોય તેવા અધુટ્વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૧ નામિ હોય તેવા અધુટ્વર્ણ ૧૨ છે.

इ-ई, उ-ऊ, ऋ-ॠ, ऌ-ॡ, ए-ऐ, ओ-औ ।

**પ્રશ્ન** - ૪૨ નામિ હોય તેવા અશિટ્વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૨ નામિ હોય તેવા અશિટ્વર્ણ ૧૨ છે.

इ-ई, उ-ऊ, ऋ-ॠ, ऌ-ॡ, ए-ऐ, ओ-औ ।

**પ્રશ્ન** - ૪૩ નામિ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૩ નામિ હોય તેવા કંઠ્યવર્ણ એક પણ નથી.

**પ્રશ્ન** - ૪૪ નામિ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૪ નામિ હોય તેવા તાલવ્યવર્ણ ૪ છે. इ-ई,ए-ऐ ।

**પ્રશ્ન** - ૪૫ નામિ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૫ નામિ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૪ છે. उ-ऊ, ओ-औ ।

**પ્રશ્ન** - ૪૬ નામિ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪૬ નામિ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૨ છે. ऋ-ॠ ।

**પ્રશ્ન** - **૪૭** નામિ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૪૭** નામિ હોય તેવા દન્ત્યવર્ણ ૨ છે. ऌ-ॡ ।

**પ્રશ્ન** - **૪૮** સમાન હોય તેવા હ્રસ્વ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૪૮** સમાન હોય તેવા હ્રસ્વ ૫ છે. अ-इ-उ-ऋ-ऌ ।

**પ્રશ્ન** - **૪૯** સમાન હોય તેવા દીર્ઘ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૪૯** સમાન હોય તેવા દીર્ઘ ૫ છે. आ, ई, ऊ, ॠ, ॡ ।

**પ્રશ્ન** - **૫૦** સમાન હોય તેવા અધુટ્વર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૦** સમાન હોય તેવા અધુટ્વર્ણ ૧૦ છે. अ થી ॡ સુધી...

**પ્રશ્ન** - **૫૧** સમાન હોય તેવા અશિટ્વર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૧** સમાન હોય તેવા અશિટ્વર્ણ ૧૦ છે. अ થી ॡ સુધી...

**પ્રશ્ન** - **૫૨** સમાન હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૨** સમાન હોય તેવા કંઠ્યવર્ણ ૨ છે. अ-आ ।

**પ્રશ્ન** - **૫૩** સમાન હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૩** સમાન હોય તેવા તાલવ્યવર્ણ ૨ છે. इ-ई ।

**પ્રશ્ન** - **૫૪** સમાન હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૪** સમાન હોય તેવા મૂર્ધન્યવર્ણ ૨ છે. ऋ-ॠ ।

**પ્રશ્ન** - **૫૫** સમાન હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૫** સમાન હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૨ છે. उ-ऊ ।

**પ્રશ્ન** - **૫૬** સમાન હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૬** સમાન હોય તેવા દન્ત્યવર્ણ ૨ છે. ऌ-ॡ ।

**પ્રશ્ન** - **૫૭** હ્રસ્વ હોય તેવા દીર્ઘ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૭** હ્રસ્વ હોય તેવા દીર્ઘ એક પણ નથી.

**પ્રશ્ન** - **૫૮** હ્રસ્વ હોય તેવા અધુટ્વર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર** - **૫૮** હ્રસ્વ હોય તેવા અધુટ્વર્ણ ૫ છે. अ, इ, उ, ऋ, ऌ ।

**પ્રશ્ન - ૫૯** હ્રસ્વ હોય તેવા અશિટ્વર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૫૯** હ્રસ્વ હોય તેવા અશિટ્વર્ણ ૫ છે. अ, इ, उ, ऋ, लृ ।

**પ્રશ્ન - ૬૦** હ્રસ્વ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૦** હ્રસ્વ હોય તેવા કંઠ્યવર્ણ ૧ છે. अ ।

**પ્રશ્ન - ૬૧** હ્રસ્વ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૧** હ્રસ્વ હોય તેવા તાલવ્યવર્ણ ૧ છે. इ ।

**પ્રશ્ન - ૬૨** હ્રસ્વ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૨** હ્રસ્વ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૧ છે. ऋ ।

**પ્રશ્ન - ૬૩** હ્રસ્વ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૩** હ્રસ્વ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૧ છે. उ ।

**પ્રશ્ન - ૬૪** હ્રસ્વ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૪** હ્રસ્વ હોય તેવા દન્ત્યવર્ણ ૧ છે. लृ ।

**પ્રશ્ન - ૬૫** દીર્ઘ હોય તેવા અધુટ્વર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૫** દીર્ઘ હોય તેવા અધુટ્વર્ણ ૯ છે. आ, ई, ऊ, ॠ, ॡ, ए-ऐ, ओ-औ ।

**પ્રશ્ન - ૬૬** દીર્ઘ હોય તેવા અશિટ્વર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૬** દીર્ઘ હોય તેવા અશિટ્વર્ણ ૯ છે. आ, ई, ऊ, ॠ, ॡ, ए-ऐ, ओ-औ।

**પ્રશ્ન - ૬૭** દીર્ઘ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૭** દીર્ઘ હોય તેવા કંઠ્યવર્ણ ૧ છે. आ ।

**પ્રશ્ન - ૬૮** દીર્ઘ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૮** દીર્ઘ હોય તેવા તાલવ્યવર્ણ ૩ છે. ई, ए-ऐ ।

**પ્રશ્ન - ૬૯** દીર્ઘ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૬૯** દીર્ઘ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૧ છે. ॠ।

પ્રશ્ન - ૭૦ દીર્ઘ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૦ દીર્ઘ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ત્રણ છે. ऊ, ओ, औ ।

પ્રશ્ન - ૭૧ દીર્ઘ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૧ દીર્ઘ હોય તેવા દન્ત્યવર્ણ ૧ છે. ॡ ।

પ્રશ્ન - ૭૨ અધુટ્ હોય તેવા અશિટ્ વર્ણો કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૨ અધુટ્ હોય તેવા અશિટ્ ૨૩ છે.

| | |
|---|---|
| अ થી औ સુધી - | ૧૪ સ્વર |
| य्, र्, ल्, व् - | ૪ અન્તસ્થા |
| ङ्, ञ्, ण्, न्, म्- | ૫ અનુનાસિક |
| | ૨૩ |

પ્રશ્ન - ૭૩ અશિટ્ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૩ અશિટ્ હોય તેવા કંઠ્યવર્ણ ૮ છે. अ, आ, क्, ख्, ग्, घ्, ङ्, ह् ।

પ્રશ્ન - ૭૪ અશિટ્ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૪ અશિટ્ હોય તેવા તાલવ્ય વર્ણો ૧૦ છે. इ-ई, ए-ऐ, च- વર્ગ, य् ।

પ્રશ્ન - ૭૫ અશિટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૫ અશિટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૮ છે. ऋ-ॠ, ट વર્ગ, र्।

પ્રશ્ન - ૭૬ અશિટ્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૬ અશિટ્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૧૦ છે. उ-ऊ, ओ-औ, प- વર્ગ, व्।

પ્રશ્ન - ૭૭ અશિટ્ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૭૭ અશિટ્ હોય તેવા દન્ત્યવર્ણ ૯ છે. ऌ વર્ણ, त-વર્ગ, ल्-व् ।

**પ્રશ્ન** - ૭૮ ધુટ્ હોય તેવા સ્પર્શવ્યંજનો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૭૮ ધુટ્ હોય તેવા સ્પર્શવ્યંજનો ૨૦ છે. श्, स्, ष्, ह् સિવાયના બાકીના બધા ધુટ્ હોય એવા સ્પર્શવ્યંજન છે.

**પ્રશ્ન** - ૭૯ ધુટ્ હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૭૯ ધુટ્ હોય તેવા ઉષ્માક્ષર ૪ છે. श्, स्, ष्, ह्, ।

**પ્રશ્ન** - ૮૦ ધુટ્ હોય તેવા અઘોષવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૦ ધુટ્ હોય તેવા અઘોષવર્ણ ૧૩ છે.

क्, ख्, च्, छ्, ट्, ठ्, त्, थ्, प्, फ्, श्, ष्, स् ।

**પ્રશ્ન** - ૮૧ ધુટ્ હોય તેવા ઘોષવાન્ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૧ ધુટ્ હોય તેવા ઘોષવાન્ ૧૧ છે. ग्, घ्, ज्, झ्, ड्, ढ्, द्, ध्, ब्, भ्, ह्।

**પ્રશ્ન** - ૮૨ ધુટ્ હોય તેવા શિટ્વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૨ ધુટ્ હોય તેવા શિટ્વર્ણ ૩ છે. श्, ष्, स् ।

**પ્રશ્ન** - ૮૩ ધુટ્ હોય તેવા અશિટ્વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૩ ધુટ્ હોય તેવા અશિટ્વર્ણ ૨૧ છે. (श्, स्, ष् સિવાયના)

**પ્રશ્ન** - ૮૪ ધુટ્ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૪ ધુટ્ હોય તેવા કંઠ્યવર્ણ ૫ છે. क्, ख्, ग्, घ्, ह् ।

**પ્રશ્ન** - ૮૫ ધુટ્ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૫ ધુટ્ હોય તેવા તાલવ્યવર્ણ ૫ છે. च्, छ्, ज्, झ्, श् ।

**પ્રશ્ન** - ૮૬ ધુટ્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૬ ધુટ્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૪ છે. प्, फ्, ब्, भ् ।

**પ્રશ્ન** - ૮૭ ધુટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮૭ ધુટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૫ છે. ट्, ठ्, ड्, ढ्, ष् ।

પ્રશ્ન - ૮૮ ધુટ્ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૮૮ ધુટ્ હોય તેવા દન્ત્યવર્ણ ૫ છે. त्, थ्, द्, ध्, स् ।

પ્રશ્ન - ૮૯ અધુટ્ હોય તેવા સ્પર્શવ્યંજનો કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૮૯ અધુટ્ હોય તેવા સ્પર્શવ્યંજનો ૫ છે. ङ्, ञ्, ण्, न्, म् ।

પ્રશ્ન - ૯૦ અધુટ્ હોય તેવા અંતસ્થા કેટલા ? કયા કયા?
ઉત્તર - ૯૦ અધુટ્ હોય તેવા અંતસ્થા ૪ છે. य्, र्, ल्, व् ।

પ્રશ્ન - ૯૧ અધુટ્ હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૯૧ અધુટ્ હોય તેવા અનુનાસિકવર્ણ ૫ છે. ङ्, ञ्, ण्, न्, म्।

પ્રશ્ન - ૯૨ અધુટ્ હોય તેવા ઘોષવાન્ કેટલા ? કયા કયા?
ઉત્તર - ૯૨ અધુટ્ હોય તેવા ઘોષવાન્ ૯ છે. ङ्, ञ्, ण्, न्, म्, य्, र्, ल्, व् ।

પ્રશ્ન - ૯૩ અધુટ્ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૯૩ અધુટ્ હોય તેવા કંઠ્યવર્ણ ૪ છે. ङ्, अ-आ, : (વિસર્ગ).

પ્રશ્ન - ૯૪ અધુટ્ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા?
ઉત્તર - ૯૪ અધુટ્ હોય તેવા તાલવ્યવર્ણ ૬ છે. इ-ई, ए-ऐ, ञ्, य् ।

પ્રશ્ન - ૯૫ અધુટ્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા?
ઉત્તર - ૯૫ અધુટ્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૬ છે.
उ-ऊ, ओ-औ, म्, )( (ઉપધ્માનીય).

પ્રશ્ન - ૯૬ અધુટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૯૬ અધુટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૪ છે. ऋ-ॠ, ण्, र् ।

પ્રશ્ન - ૯૭ અધુટ્ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૯૭ અધુટ્ હોય તેવા દન્ત્યવર્ણ ૪ છે. ऌ-ॡ, न्, ल् ।

પ્રશ્ન - ૯૮ અઘોષ હોય તેવા સ્પર્શવ્યંજનો કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૯૮ અઘોષ હોય તેવા સ્પર્શવ્યંજનો ૧૦ છે.
क्-ख्, च्-छ्, ट्-ठ्, त्-थ्, प्-फ् ।

**પ્રશ્ન** - ૯૯ અઘોષ હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૯૯ અઘોષ હોય તેવા ઉષ્માક્ષર ૩ છે. श्, ष्, स् ।

**પ્રશ્ન** - ૧૦૦ અઘોષ હોય તેવા શિટ્‌વર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૧૦૦ અઘોષ હોય તેવા શિટ્‌વર્ણ ૩ છે. श्, ष्, स् ।

**પ્રશ્ન** - ૧૦૧ અઘોષ હોય તેવા અશિટ્‌વર્ણ કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦૧ અઘોષ હોય તેવા અશિટ્‌વર્ણ ૧૦ છે.

क्-ख्, च्-छ्, ट्-ठ्, त्-थ्, प्-फ् ।

**પ્રશ્ન** - ૧૦૨ અઘોષ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦૨ અઘોષ હોય તેવા કંઠ્યવર્ણ ૨ છે. क्-ख् ।

**પ્રશ્ન** - ૧૦૩ અઘોષ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦૩ અઘોષ હોય તેવા તાલવ્યવર્ણ ૩ છે. च्-छ्, श्।

**પ્રશ્ન** - ૧૦૪ અઘોષ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૧૦૪ અઘોષ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૩ છે. ट्-ठ्, ष्।

**પ્રશ્ન** - ૧૦૫ અઘોષ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦૫ અઘોષ હોય તેવા દન્ત્યવર્ણ ૩ છે. त्-थ्, स् ।

**પ્રશ્ન** - ૧૦૬ અઘોષ હોય એવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦૬ અઘોષ હોય એવા ઓષ્ઠ્યવર્ણ ૨ છે. प्-फ् ।

**પ્રશ્ન** - ૧૦૭ ઘોષવાન્ હોય તેવા સ્પર્શવ્યંજનો કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦૭ ઘોષવાન્ હોય તેવા સ્પર્શવ્યંજનો ૧૫ છે.

ग्, घ्, ङ्, ज्, झ्, ञ्, ड्, ढ्, ण्, द्, ध्, न्, ब्, भ्, म् ।

**પ્રશ્ન** - ૧૦૮ ઘોષવાન્ હોય તેવા અન્તસ્થા કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૧૦૮ ઘોષવાન્ હોય તેવા અન્તસ્થા ૪ છે. य्, र्, ल्, व्।

**પ્રશ્ન** - ૧૦૯ ઘોષવાન્ હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૧૦૯ ઘોષવાન્ હોય તેવા ઉષ્માક્ષર ૧ છે. ह्।

પ્રશ્ન - ૧૧૦ ઘોષવાન્ હોય તેવા અશિટ્વર્ણ કેટલા ? કયા કયા?
ઉત્તર - ૧૧૦ ઘોષવાન્ હોય તેવા અશિટ્વર્ણ ૨૦ છે.
ग्, घ्, ङ्, ज्, झ्, ञ्, ड्, ढ्, ण्, द्, ध्, न्,
ब्, भ्, म्, य्, र्, ल्, व्, ह्।

પ્રશ્ન - ૧૧૧ ઘોષવાન્ હોય તેવા કંઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૧ ઘોષવાન્ હોય તેવા કંઠ્યવર્ણ ૪ છે. ग्, घ्, ङ्, ह् ।

પ્રશ્ન - ૧૧૨ ઘોષવાન્ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૨ ઘોષવાન્ હોય તેવા તાલવ્યવર્ણ ૪ છે. ज्, झ्, ञ्, य्।

પ્રશ્ન - ૧૧૩ ઘોષવાન્ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૩ ઘોષવાન્ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૪ છે. ड्, ढ्, ण्, र्।

પ્રશ્ન - ૧૧૪ ઘોષવાન્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૪ ઘોષવાન્ હોય તેવા ઓષ્ઠ્યવર્ણ ૩ છે. ब्, भ्, म्, व्।

પ્રશ્ન - ૧૧૫ ઘોષવાન્ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૫ ઘોષવાન્ હોય તેવા દન્ત્યવર્ણ ૪ છે. द्, ध्, न्, ल्।

પ્રશ્ન - ૧૧૬ શિટ્ હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૬ શિટ્ હોય તેવા ઉષ્માક્ષર ૩ છે. श्, ष्, स् ।

પ્રશ્ન - ૧૧૭ શિટ્ હોય તેવા તાલવ્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૭ શિટ્ હોય તેવા તાલવ્યવર્ણ ૧ છે. श् ।

પ્રશ્ન - ૧૧૮ શિટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૮ શિટ્ હોય તેવા મૂર્ધન્યવર્ણ ૧ છે. ष् ।

પ્રશ્ન - ૧૧૯ શિટ્ હોય તેવા દન્ત્યવર્ણ કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૧૯ શિટ્ હોય તેવા દન્ત્યવર્ણ ૧ છે. स् ।

પ્રશ્ન - ૧૨૦ અશિટ્ હોય તેવા સ્પર્શવ્યંજન કેટલા ? કયા કયા ?
ઉત્તર - ૧૨૦ અશિટ્ હોય તેવા સ્પર્શવ્યંજન ૨૫ છે.
क-વર્ગ, च-વર્ગ, ट-વર્ગ, त-વર્ગ, प-વર્ગ...

**પ્રશ્ન - ૧૨૧** અશિટ્ હોય તેવા અંતસ્થા કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૧** અશિટ્ હોય તેવા અંતસ્થા ૪ છે. य्, र्, ल्, व् ।

**પ્રશ્ન - ૧૨૨** અશિટ્ હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૨** અશિટ્ હોય તેવા ઉષ્માક્ષર ૧ છે. ह्।

**પ્રશ્ન - ૧૨૩** અશિટ્ હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૩** અશિટ્ હોય તેવા અનુનાસિકવર્ણ ૫ છે. ङ्, ञ्, ण्, न्, म्।

**પ્રશ્ન - ૧૨૪** કંઠ્ય હોય તેવા સ્પર્શવ્યંજન કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૪** કંઠ્ય હોય તેવા સ્પર્શવ્યંજન ૫ છે. क्, ख्, ग्, घ्, ङ्।

**પ્રશ્ન - ૧૨૫** કંઠ્ય હોય તેવા ઉષ્માક્ષર કેટલાં ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૫** કંઠ્ય હોય તેવા ઉષ્માક્ષર ૧ છે. ह् ।

**પ્રશ્ન - ૧૨૬** કંઠ્ય હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૬** કંઠ્ય હોય તેવો અનુનાસિકવર્ણ ૧ છે. ङ् ।

**પ્રશ્ન - ૧૨૭** તાલવ્ય હોય તેવા સ્પર્શવ્યંજન કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૭** તાલવ્ય હોય તેવા સ્પર્શવ્યંજન ૫ છે. च्, छ्, ज्, झ्, ञ्।

**પ્રશ્ન - ૧૨૮** તાલવ્ય હોય તેવા અંતસ્થા કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૮** તાલવ્ય હોય તેવા અંતસ્થા ૧ છે. य् ।

**પ્રશ્ન - ૧૨૯** તાલવ્ય હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૨૯** તાલવ્ય હોય તેવા ઉષ્માક્ષર ૧ છે. श् ।

**પ્રશ્ન - ૧૩૦** તાલવ્ય હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૦** તાલવ્ય હોય તેવા અનુનાસિકવર્ણ ૧ છે. ञ् ।

**પ્રશ્ન - ૧૩૧** ઓષ્ઠ્ય હોય તેવા સ્પર્શવ્યંજન કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૧** ઓષ્ઠ્ય હોય તેવા સ્પર્શવ્યંજન ૫ છે प्, फ्, ब्, भ्, म् ।

**પ્રશ્ન - ૧૩૨** ઓષ્ઠ્ય હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૨** ઓષ્ઠ્ય હોય તેવો અનુનાસિકવર્ણ ૧ છે. म् ।

**પ્રશ્ન - ૧૩૩** મૂર્ધન્ય હોય તેવા સ્પર્શવ્યંજન કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૩** મૂર્ધન્ય હોય તેવા સ્પર્શવ્યંજન પાંચ છે. ट्, ठ्, ड्, ढ्, ण्।

**પ્રશ્ન - ૧૩૪** મૂર્ધન્ય હોય તેવા અંતસ્થા કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૪** મૂર્ધન્ય હોય તેવા અંતસ્થા-૧ છે. र्।

**પ્રશ્ન - ૧૩૫** મૂર્ધન્ય હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૫** મૂર્ધન્ય હોય તેવો ઉષ્માક્ષર ૧ છે. ष् ।

**પ્રશ્ન - ૧૩૬** મૂર્ધન્ય હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા?
**ઉત્તર - ૧૩૬** મૂર્ધન્ય હોય તેવો અનુનાસિકવર્ણ ૧ છે. ण् ।

**પ્રશ્ન - ૧૩૭** દન્ત્ય હોય તેવા સ્પર્શવ્યંજન કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૭** દન્ત્ય હોય તેવા સ્પર્શવ્યંજન પાંચ છે. त्, थ्, द्, ध्, न् ।

**પ્રશ્ન - ૧૩૮** દન્ત્ય હોય તેવા અંતસ્થાવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૮** દન્ત્ય હોય તેવો અંતસ્થાવર્ણ ૧ છે. ल् ।

**પ્રશ્ન - ૧૩૯** દન્ત્ય હોય તેવા ઉષ્માક્ષર કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૩૯** દન્ત્ય હોય તેવો ઉષ્માક્ષર ૧ છે. स् ।

**પ્રશ્ન - ૧૪૦** દન્ત્ય હોય તેવા અનુનાસિકવર્ણ કેટલા ? કયા કયા ?
**ઉત્તર - ૧૪૦** દન્ત્ય હોય તેવો અનુનાસિકવર્ણ ૧ છે. न् ।

**પ્રશ્ન - ૧૪૧** એક ऌ માત્ર **ઉત્તર** આવે એવા પ્રશ્નો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૪૧** માત્ર ऌ **ઉત્તર** આવે એવા ૨ પ્રશ્નો થાય છે. (૧) છેલ્લા વર્ણનો હ્રસ્વસ્વર કયો ? (૨) દન્ત્ય હોય એવો હ્રસ્વસ્વર કયો ? આમ બે જ પ્રશ્ન થાય છે.

**પ્રશ્ન - ૧૪૨** એક ह् માત્ર **ઉત્તર** આવે એવા પ્રશ્નો કેટલા? કયા કયા ?

**ઉત્તર - ૧૪૨** એક ह् માત્ર **ઉત્તર** આવે એવા પ્રશ્નો ૫ થાય. (૧) ઘોષવાન્ હોય એવા ઉષ્માક્ષર કેટલા ? (૨) અશિટ્ હોય એવા

ઉષ્માક્ષર કેટલા? (૩) કંઠ્ય હોય એવા ઉષ્માક્ષર કેટલા ? (૪) અઘુટ્ હોય એવા ઉષ્માક્ષર કેટલા ? (૫) છેલ્લો વ્યંજન કયો ? આમ ૫ પ્રશ્નનો **ઉત્તર** એક ह् માત્ર આવે છે.

**પ્રશ્ન - ૧૪૩** કયા કયા સ્વરની કેટલી કેટલી માત્રા ગણાય ?

**ઉત્તર - ૧૪૩** હ્રસ્વસ્વરની ૧ માત્રા ગણાય દા. ત. कमल (૧-૧-૧) = ૩ માત્રા.

દીર્ઘસ્વરની ૨ માત્રા ગણાય. દા. ત. राजा (૨ ૨) = ૪ માત્રા.

પ્લુતસ્વરની ૩ માત્રા ગણાય. દા. ત. हे३कमल३ (૩ ૧ ૧ ૩) = ૮ માત્રા.

**પ્રશ્ન - ૧૪૪** માત્રાની ગણના કેવી રીતે કરવી તેની ઘટના કરી આપો.

**ઉત્તર - ૧૪૪** भावावनामसुरदानवमानवेन । = ૨૦ માત્રા
૨ ૨ ૧ ૨ ૧ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૧ ૨ ૧

चूलाविलोलकमलावलिमालितानि । = ૨૦ માત્રા
૨ ૨ ૧ ૨ ૧ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૧ ૨ ૧

**પ્રશ્ન - ૧૪૫** શું હ્રસ્વસ્વરની બે માત્રા ગણાય ? કેવી રીતે ?

**ઉત્તર - ૧૪૫** હ્રસ્વસ્વર હોવા છતાં પણ તે સ્વર જ્યારે ગુરુ બને ત્યારે તેની ૨ માત્રા ગણાય.

**પ્રશ્ન - ૧૪૬** ગુરુ સ્વર એટલે શું ? તે કેવી રીતે - કોણ બને ?

**ઉત્તર - ૧૪૬** "ગુરુ" સ્વરની એક સંજ્ઞા જેવું ગણાય...

૫ રીતે ગુરુસ્વર થાય છે -

सानुस्वारश्च दीर्घश्च विसर्गी च गुरुर्भवेत् ।
वर्णः संयोगपूर्वश्च, तथा पादान्तगोऽपि वा ।। १ ।।

(૧) અનુસ્વાર સહિત હ્રસ્વસ્વર હોય તો તે હ્રસ્વસ્વર પણ ગુરુસ્વર બને અને તેની બે માત્રા ગણાય દા.ત. संशयः અહિં सं માં अ હ્રસ્વસ્વર છે છતાંય અનુસ્વાર સહિત હોવાથી અને यः વિસર્ગ સહિત હોવાથી તે બન્ને ગુરુસ્વર થવાથી તે બન્નેની ૨-૨ માત્રા થશે. (सं श यः (૨ ૧ ૨) =૫)

(૨) દીર્ઘસ્વરો તમામ ગુરુસ્વર તરીકે ગણાય છે.

(૩) વિસર્ગ સહિત હ્રસ્વસ્વર હોય તો તે હ્રસ્વસ્વર પણ ગુરુસ્વર બને... દીર્ઘસ્વરની જેમ ગુરુસ્વરની બે માત્રા ગણાય. દા.ત. बाल: અહીં ल માં अ સ્વર હ્રસ્વ છે. છતાંય વિસર્ગ સહિત હોવાથી अ હ્રસ્વસ્વર પણ (ગુરુસ્વર થવાથી) બે માત્રા ગણાશે જેથી बाल:ની ૪ માત્રા થશે (बाल: =૪)

| | |
|---|---|
| बा | ल: |
| २ | २ |

(૪) સંયુક્ત (જોડાક્ષર) વ્યંજનની પૂર્વે હ્રસ્વસ્વર હોય તો તે હ્રસ્વસ્વર પણ ગુરુસ્વર બને અને તેની બે માત્રા ગણાય છે. દા.ત. भक्तामर અહિં क्त જોડાક્ષર છે તેની પૂર્વે भ (अ) હ્રસ્વસ્વર છે તો તે હ્રસ્વસ્વર ગુરુસ્વર બને તેથી તેની ૨ માત્રા ગણાશે તેથી भની ૨ માત્રા. એ પ્રમાણે र પછી प्र (प् + र) સંયુક્ત છે માટે તેની પણ બે માત્રા ગણાય...

(भ क्ता म र प्र ण त=१०)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| भ | क्ता | म | र | प्र | ण | त | =१० |
| २ | २ | १ | २ | १ | १ | १ | |

(૫) કોઈપણ શ્લોકના ચરણ (લીટી) નો છેલ્લો અક્ષર ક્યારેક ગુરૂ બને ક્યારેક ન બને...

**પ્રશ્ન - ૧૪૭** दर्शनं देवदेवस्य શ્લોકની માત્રા કેટલી?

**ઉત્તર - ૧૪૭** दर्शनं देवदेवस्य શ્લોકની કુલ માત્રા ૫૩ છે.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| द | र्श | नं | दे | व | दे | व | स्य | द | र्श | नं | पा | प | ना | श | नम्। | = २६ |
| २ | १ | २ | २ | १ | २ | २ | १ | २ | १ | २ | २ | १ | २ | १ | २ | |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| द | र्श | नं | स्व | र्ग | सो | पा | नं | द | र्श | नं | मो | क्ष | सा | ध | नम्। | =२७ |
| २ | १ | २ | २ | १ | २ | २ | २ | २ | १ | २ | २ | १ | २ | १ | २ | |

२६+२७=५३

**પ્રશ્ન - ૧૪૮** शिवमस्तु सर्वजगत: શ્લોકની માત્રા કેટલી ?

**ઉત્તર - ૧૪૮** शिवमस्तु० શ્લોકની કુલ માત્રા ૫૮ છે.

| | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| शि | व | म | स्तु | स | र्व | ज़ | ग | त:, | प | र | हि | त- | नि | र | ता | भ | व | न्तु | भू | त | ग | णा:॥ | = ३० |
| १ | १ | २ | १ | २ | १ | १ | १ | २ | १ | १ | १ | १ | १ | १ | २ | १ | २ | १ | २ | १ | १ | २ | |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| दो | षा: | प्र | या | न्तु | ना | शं, | स | र्व | त्र | सु | खी | भ | व | न्तु | लो | का: ॥ | = २८ |
| २ | २ | १ | २ | १ | २ | २ | २ | २ | १ | १ | २ | १ | २ | १ | २ | २ | |

३०+२८ = ५८

**પ્રશ્ન - ૧૪૯** શું સ્વર અનુનાસિક રૂપે થઇ શકે ? કેવી રીતે ?

**ઉત્તર- ૧૪૯** સ્વર જ્યારે નાસિકાની મદદથી બોલાય ત્યારે તે અનુનાસિક રૂપે થઇ શકે છે. એટલે કે- ચૌદે ચૌદ સ્વર અનુનાસિક થશે. દા. ત. अँ, आँ, इँ વિ...

**પ્રશ્ન - ૧૫૦** અનુસ્વાર-અનુનાસિકમાં તફાવત શું ?

**ઉત્તર - ૧૫૦** અનુસ્વારને લખવા બોલવામાં કોઇની જરૂર પડે એકલો ન વાપરી શકાય દા. ત. अं.... જ્યારે અનુનાસિક એકલો પણ વાપરી શકાય દા. ત. अँ, आँ વિ... તથા તથા ङ्, ञ्, ण्, न्, म् ।

**પ્રશ્ન - ૧૫૧** અનુનાસિક-અંતસ્થા કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૫૧** અનુનાસિક-અંતસ્થા ૩ છે. यँ, लँ, वँ ।

**પ્રશ્ન - ૧૫૨** સ્વસંજ્ઞા એટલે શું ?

**ઉત્તર - ૧૫૨** જેનું ઉત્પત્તિસ્થાન અથવા જેનું ઉચ્ચારસ્થાન એક સરખું હોય તે બધા વર્ણો પરસ્પર સ્વસંજ્ઞાવાળા કહેવાય. જેમ કે એક જ ઘરનાં વ્યક્તિઓને સ્વજનો કહેવાય છે તેવી રીતે એક જ ઉચ્ચારસ્થાનોમાંથી જન્મેલા વર્ણોને પણ સ્વવર્ણો કહેવાય છે.

**પ્રશ્ન - ૧૫૩** સ્વરોના પરસ્પર સ્વભેદો કેટલા ?

**ઉત્તર - ૧૫૩** સ્વરોના પરસ્પર સ્વભેદો નીચે પ્રમાણે..

| | |
|---|---|
| अ-વર્ણના પરસ્પર સ્વભેદો ૮ છે. | एના પરસ્પર સ્વભેદો ૪ છે. |
| इ-વર્ણના પરસ્પર સ્વભેદો ૮ છે. | ऐના પરસ્પર સ્વભેદો ૪ છે. |
| उ-વર્ણના પરસ્પર સ્વભેદો ૮ છે. | ओના પરસ્પર સ્વભેદો ૪ છે. |
| ऋ-વર્ણના પરસ્પર સ્વભેદો ૮ છે. | औના પરસ્પર સ્વભેદો ૪ છે. |
| लृ-વર્ણના પરસ્પર સ્વભેદો ૮ છે. | |

**પ્રશ્ન - ૧૫૪** अ વર્ણના પરસ્પર સ્વભેદો ૮ છે તે કેવી રીતે ?

**ઉત્તર - ૧૫૪** अ વર્ણ, એટલે अ-आ, अ નાં ૪ ભેદ અને आ ના ૪ ભેદ= ૮ તેમાં[૧]...

(૧) હ્રસ્વ-अ → अ હ્રસ્વ હોય ત્યારે

---

૧. વ્યાકરણમાં ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત એમ ત્રણ ભેદો વધારે કહ્યા હોવાથી ૧૮ થાય છે પણ તે અહીં કહ્યા નથી માટે ૮ કહ્યા છે.

(૨) પ્લુત-अ$_{३}$ → अ$_{३}$ પ્લુત બને ત્યારે

(૩) અનુનાસિક-अँ → अ અનુનાસિક થાય ત્યારે

(૪) પ્લુત અનુનાસિક-अँ$_{३}$ → अ$_{३}$ પ્લુત અનુનાસિક થાય ત્યારે

(૧) आ (૨) आ$_{३}$ (૩) आँ (૪) आँ$_{३}$

આ પ્રમાણે अ નાં ૪+ आ નાં ૪ એમ કુલ-૮ ભેદ પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય.

**પ્રશ્ન - ૧૫૫** इ-વર્ણના સ્વભેદો ૮ કેવી રીતે ?

**ઉત્તર - ૧૫૫** (૧) इ (૨) इ$_{३}$ (૩) इँ (૪) इँ$_{३}$ (૫) ई (૬) ई$_{३}$ (૭) ईँ (૮) ईँ$_{३}$.

| **સ્વરોના પરસ્પર સ્વભેદો જણાવતું યંત્ર** | | | | |
|---|---|---|---|---|
| ૧૪ સ્વર | હ્રસ્વ અથવા દીર્ઘ | પ્લુત | હ્રસ્વ અથવા દીર્ઘ અનુનાસિક | પ્લુત અનુનાસિક |
| अ | अ | अ$_{३}$ | अँ | अँ$_{३}$ |
| आ | आ | आ$_{३}$ | आँ | आँ$_{३}$ |
| इ | इ | इ$_{३}$ | इँ | इँ$_{३}$ |
| ई | ई | ई$_{३}$ | ईँ | ईँ$_{३}$ |
| उ | उ | उ$_{३}$ | उँ | उँ$_{३}$ |
| ऊ | ऊ | ऊ$_{३}$ | ऊँ | ऊँ$_{३}$ |
| ऋ | ऋ | ऋ$_{३}$ | ऋँ | ऋँ$_{३}$ |
| ॠ | ॠ | ॠ$_{३}$ | ॠँ | ॠँ$_{३}$ |
| ऌ | ऌ | ऌ$_{३}$ | ऌँ | ऌँ$_{३}$ |
| ॡ | ॡ | ॡ$_{३}$ | ॡँ | ॡँ$_{३}$ |
| ए | ए | ए$_{३}$ | एँ | एँ$_{३}$ |
| ऐ | ऐ | ऐ$_{३}$ | ऐँ | ऐँ$_{३}$ |
| ओ | ओ | ओ$_{३}$ | ओँ | ओँ$_{३}$ |
| औ | औ | औ$_{३}$ | औँ | औँ$_{३}$ |

**પ્રશ્ન - ૧૫૬** વ્યંજનોમાં પરસ્પર સ્વની સમજૂતી કેવી રીતે ?

**ઉત્તર - ૧૫૬** સામાન્યતયા એક જ ઉચ્ચારસ્થાનમાંથી જે જે વ્યંજનો ઉચ્ચારાતા (બોલાતા) હોય તે તે વ્યંજનો પરસ્પર સ્વ કહેવાય.
क વર્ગ આખો કંઠમાંથી બોલાય તેથી क વર્ગ આખો પરસ્પર સ્વ કહેવાય.

તેવી રીતે च વર્ગાદિમાં સમજવું.

**પ્રશ્ન - ૧૫૭** હ્રસ્વસ્વરના પરસ્પર સ્વભેદો કેટલા છે ? કેવી રીતે ?

**ઉત્તર - ૧૫૭** હ્રસ્વસ્વરના પરસ્પરનાં સ્વભેદો ૧૦ છે. તે આ પ્રમાણે.

अ-अँ, इ-इँ उ-उँ ऋ-ऋँ लृ-लृँ

**પ્રશ્ન - ૧૫૮** દીર્ઘસ્વરનાં પરસ્પર સ્વભેદો કેટલા છે ? કેવી રીતે ?

**ઉત્તર - ૧૫૮** દીર્ઘસ્વરના પરસ્પરના સ્વભેદો ૧૮ છે તે આ પ્રમાણે ૯ દીર્ઘસ્વર અનુનાસિક વિનાનાં તથા ૯ દીર્ઘસ્વર અનુનાસિકવાળા = ૧૮

आ-आँ, ई-ईँ ऊ-ऊँ ॠ-ॠँ ॡ-ॡँ ए-एँ ऐ-ऐँ ओ-ओँ औ-औँ ।

**પ્રશ્ન - ૧૫૯** પ્લુતસ્વરના પરસ્પરના સ્વભેદો કેટલા છે? કેવી રીતે?

**ઉત્તર - ૧૫૯** પ્લુતસ્વરના પરસ્પરના સ્વભેદો ૨૮ છે. (નિરનુનાસિક) પ્લુત થયેલા ૧૪ સ્વર + અનુનાસિકવાળા પ્લુત થયેલા ૧૪ સ્વર = ૨૮ अ$_३$-अँ$_३$, आ$_३$-आँ$_३$, इ$_३$-इँ$_३$ વિ...

**પ્રશ્ન - ૧૬૦** ધુટ્વ્યંજનના પરસ્પરના સ્વભેદો કેટલા છે ? કેવી રીતે ?

**ઉત્તર - ૧૬૦** ધુટ્વ્યંજનના સ્વભેદો ૨૦ છે क्-ख् ग्-घ् વિ...૪ પરસ્પર સ્વ, એમ પાંચવર્ગનાં **૨૦** ધુટ્વ્યંજનો પરસ્પર સ્વ થાય છે.

**પ્રશ્ન - ૧૬૧** અઘોષવ્યંજનના સ્વભેદો કેટલા છે ? કેવી રીતે?

**ઉત્તર - ૧૬૧** અઘોષવ્યંજનના પરસ્પરના સ્વભેદો ૧૦ છે.

क्-ख् પરસ્પર સ્વ, એવી જ રીતે च्-छ् વિ....૧૦ લેવાના... श् ष् स् સિવાય... બાકીનાં ૧૦ અઘોષવ્યંજનો પરસ્પર સ્વ બને છે.

**પ્રશ્ન - ૧૬૨** ઘોષવ્યંજનના પરસ્પરના સ્વભેદો કેટલા છે ? કેવી રીતે ?

**ઉત્તર - ૧૬૨** ઘોષવ્યંજનના પરસ્પરના સ્વભેદો ૧૮ છે ग्-घ्-ङ् પરસ્પર સ્વ એવી રીતે પાંચવર્ગનાં ૧૫ વ્યંજનો તથા य्-यँ, व्-वँ, ल्-लँ એમ કુલ ૧૮ સ્વ ભેદો થાય છે.

**પ્રશ્ન - ૧૬૩** જેનો કોઇ સ્વ નથી તેવા વ્યંજનો કેટલા ? કયા કયા?

**ઉત્તર - ૧૬૩** જેનો કોઇ સ્વ નથી તેવા વ્યંજનો પાંચ છે. र्, श्, ष्, स्, ह् ।

**પ્રશ્ન - ૧૬૪** સ્વરોની સંજ્ઞા કેટલી ? કઇ કઇ ?

**ઉત્તર - ૧૬૪** સ્વરોની સંજ્ઞા **૧૭** છે તે આ પ્રમાણે

(૧) સ્વર (૨) હ્રસ્વ (૩) દીર્ઘ (૪) પ્લુત (૫) વર્ણ (अ વર્ણ વિ..) (૬) સન્ધ્યક્ષર (૭) નામિ (૮) સમાન (૯) અધુટ્ (૧૦) અશિટ્ (૧૧) કંઠ્ય (૧૨) તાલવ્ય (૧૩) ઓષ્ઠ્ય (૧૪) મૂર્ધન્ય (૧૫) દન્ત્ય (૧૬) નાસિક્ય (૧૭) સ્વ..

**પ્રશ્ન - ૧૬૫** વ્યંજનોની સંજ્ઞા કેટલી ? કઇ કઇ ?

**ઉત્તર - ૧૬૫** વ્યંજનોની સંજ્ઞા **૨૦** છે. (૧) વ્યંજન (૨) સ્પર્શવ્યંજન (૩) અંતસ્થા (૪) ઉષ્માક્ષર (૫) નાસિક્ય (૬) ધુટ્ (૭) અધુટ્ (૮) ઘોષવાન્ (૯) અઘોષ (૧૦) શિટ્ (૧૧) અશિટ્ (૧૨) કંઠ્ય (૧૩) તાલવ્ય (૧૪) મૂર્ધન્ય (૧૫) ઓષ્ઠ્ય (૧૬) દન્ત્ય (૧૭) વર્ગ (૧૮) જિહ્વ્ય (૧૯) દન્ત્યૌષ્ઠ્ય (૨૦) સ્વ...

**પ્રશ્ન - ૧૬૬** भ् ને વ્યંજન હોવા છતાં કઇ કઇ સંજ્ઞા નથી મળી ?

**ઉત્તર - ૧૬૬** भ् ને ૧૦ સંજ્ઞા નથી મળી. (૧) અંતસ્થા (૨) ઉષ્માક્ષર (૩) નાસિક્ય (૪) અધુટ્ (૫) અઘોષ (૬) શિટ્ (૭) કંઠ્ય (૮) તાલવ્ય (૯) મૂર્ધન્ય (૧૦) દન્ત્ય. વ્યંજનની સંજ્ઞાઓને આશ્રયીને આટલી સંજ્ઞા મળી નથી. બાકી તો સ્વરાશ્રિત-સ્વર હ્રસ્વ-દીર્ઘ-પ્લુત નામી-સમાન વિ. ની પણ ગણતરી કરવી પડે. તેવી જ રીતે નીચેના પ્રશ્નમાં પણ જાણવું.

**પ્રશ્ન - ૧૬૭** औ ને કેટલી સંજ્ઞા મળી ? કઇ કઇ ?

**ઉત્તર - ૧૬૭** औ ને ૮ સંજ્ઞા મળી છે (૧) સ્વર (૨) દીર્ઘ (૩) સન્ધ્યક્ષર (૪) નામિ (૫) અધુટ્ (૬) અશિટ્ (૭) ઓષ્ઠ્ય (૮) સ્વ

# "સંયુક્ત-વ્યંજનોની સમજ"

(i) द् + ॠ =दृ અથવા दृ=दृष्टम्, दृश्यते, दृष्टि:, दृक् વિ...

द् + म् = द्म-पद्मम्, छद्मस्थ: વિ...

द् + य = द्य-विद्या, अद्य, सद्य: વિ...

द् + व = द्व-विद्वान्, द्वितीया, द्वारम् વિ...

ह्+व=ह्व-जिह्वा, आह्वानम् વિ...

ह्+ल=ह्ल-प्रह्लाद:, आह्लाद: વિ...

(ii) र् પછી કોઈ પણ વ્યંજન આવે તો તે र् તે વ્યંજનની ઉપર લખાય છે. દા. ત. र् + ष = र्ष, वर्षम्, वर्ग:, वर्मन्, धर्म: વિ...

કોઈ પણ વ્યંજન પછી र् આવે તો તે र् તે વ્યંજનની નીચે લખાય છે દા. ત. प् + र = प्र, द् + र = द्र, क् + र् = क्र, श् + र=श्र, વિ...

प्रतिष्ठा, वक्रम्, अग्रम्, आर्द्रम्, श्रवणम् વિ...

(iii) स्र અને स्त्र માં તફાવત-स् + र = स्र-स्रजम्, स्रस्तम्, सहस्ररश्मि: અહીં स्र માં નીચે એક જ પાંખડું હોય છે. અને स्त्र માં स् + त् + र હોવાથી બે પાંખડા હોય. शस्त्रम्, शास्त्रम्, वस्त्रम् વિ...

(iv) द्य અને ध्य માં તફાવત-द्य આવો ઉંચા માથાવાળો લખાય અને ध्य આવો નીચા માથાવાળો. લખાય દા. ત. उद्यानम् सद्य:, पद्यम्, માં द्य છે, ध्यानम्, आराध्य:, साध्यम् વિ. માં ध्य છે.

(v) घ અને ध નો તફાવત घ નું માથું જોડાયેલું હોય ध નું માથું ઉંચુ-છુટું હોય. દા. ત. मेघ: घाती, घर्मन् વિ..... માં घ છે તથા साधना, धर्म:, धृति વિ....માં ध છે.

**પ્રશ્ન - ૧૬૮** શબ્દ એટલે શું ?

**ઉત્તર - ૧૬૮** સ્વરો અને વ્યંજનો ભેગા થઈને જે નામ બને તે શબ્દ અથવા નિશ્ચિત અર્થ બતાવતાં વર્ણોનું ઝુમખું તે શબ્દ કહેવાય.

**પ્રશ્ન - ૧૬૯** શબ્દનાં પ્રકાર કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૬૯** શબ્દ ૪ પ્રકારે છે. (૧) જાતિવાચકશબ્દ (૨) ગુણવાચકશબ્દ (૩) ક્રિયાવાચકશબ્દ (૪) દ્રવ્યવાચકશબ્દ

**પ્રશ્ન - ૧૭૦** જાતિવાચકશબ્દ એટલે શું ?

**ઉત્તર - ૧૭૦** અનેક પ્રકારની વસ્તુઓ કે વ્યક્તિઓનાં સમૂહમાંથી ચોક્કસ એક આકારની અસાધારણ-નિશાની દ્વારા કોઈ એક વસ્તુ કે વ્યક્તિનાં સમૂહને અલગ કરનાર જે શબ્દ તે જાતિવાચકશબ્દ કહેવાય છે.

**જેમકે :–** અનેક પ્રકારનાં ફળોના ઢગલામાંથી **'કેરી'** નામનું ફળ... જે એક ચોક્કસ પ્રકારનાં આકારનાં કારણે બધા જ ફળોમાંથી અલગ પડે છે તથા **કેરી** બોલતાં બધીજ કેરી નામનાં ફળો જણાઈ આવે છે તેથી **'કેરી'** એ જાતિવાચકશબ્દ કહેવાય...તેવી જ રીતે પશુનાં વાડામાં અનેક પ્રકારનાં પશુઓ છે. તેમાં **'ગાય'** એ ચોક્કસ આકાર અને એની અમુકપ્રકારની નિશાની (ગોદડી) વિ....ને લઈને એ બધા પશુઓથી અલગ પડે છે. માટે **ગાય** એ જાતિવાચક કહેવાય.

**પ્રશ્ન - ૧૭૧** ગુણવાચકશબ્દ એટલે શું ?

**ઉત્તર - ૧૭૧** અનેક પ્રકારનાં વસ્તુ કે વ્યકિતઓનાં સમૂહમાંથી ચોક્કસપ્રકારનાં ગુણને આશ્રયીને તે તે વ્યક્તિ કે તે તે વસ્તુને અલગ કરનારો જે શબ્દ તે ગુણવાચકશબ્દ કહેવાય.

**જેમકે :–** કાચા, પાકાં ફળોનો ઢગલો છે તેમાંથી કઠીનતા, ખટાશ, લીલાશ વિ...જોઈને આ કાચું ફળ છે. તેમ કાચા નામના ગુણને આશ્રયીને તે ફળ જુદું પડશે માટે **'કાચું'** એ ગુણવાચક શબ્દ કહેવાય. તેવી જ રીતે ફૂલોનાં ઢગલામાંથી "રાતું ફૂલ" અહીં રતાશને કારણે તે ફૂલોનાં ઢગલામાંથી રાતું ફૂલ અલગ પડશે માટે "રાતું" એ ગુણવાચક શબ્દ બને. એવી જ

રીતે પીળું, ઠંડુ, ગરમ સુંવાળું વિ... ગુણવાચકશબ્દો કહેવાય.

**પ્રશ્ન - ૧૭૨** ક્રિયાવાચકશબ્દ એટલે શું ?

**ઉત્તર - ૧૭૨** ક્રિયાને જણાવનાર જે શબ્દ તે ક્રિયાવાચક શબ્દ...ચાલવું, ખાવું, પીવું વિ...ક્રિયાને જણાવનાર શબ્દ અથવા સ્થૂલદષ્ટિએ જેની પાછળ 'વું' આવતું હોય તે શબ્દને ક્રિયાવાચક કહેવાય છે.

**પ્રશ્ન - ૧૭૩** દ્રવ્યવાચકશબ્દ એટલે શું ?

**ઉત્તર - ૧૭૩** જે શબ્દ લોકવ્યવહારમાં અપાયેલા નામથી તે વ્યક્તિ અને તે પદાર્થને અલગ કરે તે દ્રવ્યવાચકનામ કહેવાય દા.ત. **દેવદત્ત.** છોકરાઓનાં સમૂહમાંથી **દેવદત્ત** બોલતાં એ એક જ છોકરો અલગ પડશે માટે તે દ્રવ્યવાચક શબ્દ ગણાય એવી જ રીતે પશુ-પંખીઓમાં પણ અલગ અલગ નામ આપવામાં આવે છે. ભોલુ, ટોમી, મોતી, લાલિયો વિ.....તે બધા નામોને દ્રવ્યવાચકશબ્દ કહેવાય છે.

**પ્રશ્ન - ૧૭૪** જાતિવાચકશબ્દ અને દ્રવ્યવાચકશબ્દમાં તફાવત શું ?

**ઉત્તર - ૧૭૪** જાતિવાચક એટલે મોટા સમૂહમાંથી એક સરખાં આકારને કારણે અલગ પાડેલો એક નાનો સમૂહ અને દ્રવ્યવાચક એટલે જાતિવાચકમાંથી (નાના સમૂહમાંથી) પણ અલગ થયેલ એક વ્યક્તિ કે પદાર્થ.... દા. ત. પશુઓનો સમૂહ એ મોટો સમૂહ તેમાંથી અલગ કરેલ ગાયોનો સમૂહ તે નાનો સમૂહ...માટે તે ગાય શબ્દ જાતિવાચક શબ્દ કહેવાય અને આ જાતિવાચકના (નાના) સમૂહમાંથી ગૌરી, ભૂરી, ભગરી વિ...નામ આપવા દ્વારા અલગ થયેલી એક ગાયવિશેષ તેને દ્રવ્યવાચકશબ્દ કહેવાય.

**પ્રશ્ન - ૧૭૫** ચારે પ્રકારના શબ્દોની વાક્યોમાં ઘટના કેવી રીતે કરવી ?

**ઉત્તર - ૧૭૫** (૧) લીલી વનસ્પતિથી શોભતાં શત્રુંજય પર્વત ઉપર સફેદ ગાયો.

| લીલી | વનસ્પતિથી | શોભતાં | શત્રુંજય | પર્વત | ઉપર | સફેદ | ગાયો. |
|---|---|---|---|---|---|---|---|
| ગુ. | જા૦ | ક્રિ૦ | દ્ર૦ | જા૦ | | ગુ૦ | જા૦ |

કાળી બકરીઓ અને લાલ પાઘડીવાળા ભરવાડો **દોડાદોડ કરે છે.**

| કાળી | બકરીઓ | અને | લાલ | પાઘડીવાળા | ભરવાડો | દોડાદોડ કરે છે. |
|---|---|---|---|---|---|---|
| ગુ. | જા૦ | | ગુ૦ | જા૦ | જા૦ | ક્રિ૦ |

(૨) પાલીતાણામાં ભાવુક યાત્રાળુઓ શ્રી આદીશ્વર ભગવાનની પૂજા માટે
દ્ર૦ ગુ. જા૦ દ્ર૦ જા૦ ક્રિ૦

ગુલાબ, જાસુદ, ડમરાનાં સુંદર ફૂલોનો થાળ લઈને જાય છે.
જા૦ જા૦ જા૦ ગુ૦ જા૦ જા૦ ક્રિયા૦

(૩) ઉત્કૃષ્ટ ભાવે કરેલી પ્રભુ-ભક્તિ આધિ-વ્યાધિ-ને ઉપાધિને
ગુ. ક્રિ૦ ક્રિ૦ જા૦ ક્રિ૦ જા૦ જા૦ જા૦

દૂર કરીને સંસાર-સાગરથી તારનારી બને છે.
ક્રિ૦ જા૦ જા૦ ક્રિ૦

જા૦ = જાતિવાચક શબ્દ ક્રિ૦ = ક્રિયાવાચક શબ્દ

ગુ૦ = ગુણવાચક શબ્દ દ્ર૦ = દ્રવ્યવાચક શબ્દ

**પ્રશ્ન - ૧૭૬** ધાતુ એટલે શું ?

**ઉત્તર - ૧૭૬** લૌકિક વ્યવહાર(ક્રિયા)ને ધારણ કરે તે ધાતુ કહેવાય.... લૌકિકવ્યવહાર એટલે નમવું, ભણવું, રમવું, જમવું વિ. ક્રિયા. એ ક્રિયાને જણાવનાર એટલે કે ક્રિયાવાચકશબ્દને ધાતુ કહેવાય છે.

**પ્રશ્ન - ૧૭૭** નામ કોને કહેવાય ?

**ઉત્તર - ૧૭૭** ધાતુસિવાયના બાકીના શબ્દોને નામ કહેવાય છે.

**પ્રશ્ન - ૧૭૮** ધાતુઓના વિભાગ કેટલા ? શા માટે ?

**ઉત્તર - ૧૭૮** જેમ ભોજનને આશ્રયીને આ મદ્રાસીભોજન, આ બંગાળીભોજન, આ ગુજરાતીભોજન, આ મારવાડીભોજન વિ...અલગ અલગ વિભાગ પડે છે તેવી રીતે ધાતુપાઠમાં ૨૦૦૦ ધાતુઓ છે તેના જુદા જુદા ૧૦ વિભાગો પાડવામાં આવ્યા છે. તેને ૧૦ ગણ કહેવાય છે.

**પ્રશ્ન - ૧૭૯** દરેક ગણના ધાતુ કેટલા પ્રકારે ? કયા કયા ?

**ઉત્તર - ૧૭૯** દરેક ગણના ધાતુ ૩ પ્રકારે છે.

(૧) પરસ્મૈપદ (૨) આત્મનેપદ (૩) ઉભયપદ. જે આગળ બતાવાશે.

# પાઠ-૧

**પ્રશ્ન** - ૧ ક્રિયાપદ એટલે શું ?

**ઉત્તર** - ૧ ચોક્કસ વ્યક્તિની (પ્રથમપુરૂષ વિ૦) ચોક્કસ કાળની (ભૂત-ભવિષ્ય આદિ) ચોક્કસક્રિયાને જણાવનારું જે પદ તે ક્રિયાપદ દા.ત. ખાવું એ ક્રિયા...અને આ ક્રિયાને કરનાર 'તે' નામનાં વ્યક્તિની વર્તમાનકાળની ક્રિયાને બતાવનાર જે खादति...એ...ક્રિયાપદ છે. એટલે કે ति વિ..વિભક્તિનાં પ્રત્યયો લાગીને બનેલું જે રૂપ તે ક્રિયાપદ કહેવાય..

**પ્રશ્ન** - ૨ ક્રિયા, ક્રિયાવાચક અને ક્રિયાપદનો તફાવત શું ?

**ઉત્તર** - ૨ પ્રત્યેક-પ્રાણીની નમવાની, કહેવાની; ભણવાની કરાતી જે ચેષ્ટા.. તે ચેષ્ટાને **ક્રિયા** કહેવાય છે અને એ ક્રિયાને જણાવનારા શબ્દો જેવા કે नम्, कथ्, पठ् વિ..ને **ક્રિયાવાચક** શબ્દ કહેવાય છે. જ્યારે ચોક્કસ વિભક્તિનાં ચોક્કસ પ્રત્યયો લાગીને બનેલું રૂપ તે **ક્રિયાપદ** કહેવાય છે. ક્રિયાનું ચોક્કસ સ્થાનમાં રહેવું તે ક્રિયાપદ... દા. ત. नमति અહીં નમવાની ક્રિયા વર્તમાનકાળનાં ત્રીજા પુરુષનાં એ.વ. નાં નિયત સ્થાનમાં રહી છે...માટે તેને ક્રિયાપદ કહેવાય..

આ પ્રમાણે ક્રિયા=ચેષ્ટામાત્ર (શારીરિક-માનસિક)
ક્રિયાવાચક=ચેષ્ટાને જણાવનાર શબ્દ (ધાતુ)
અને ક્રિયાપદ=ચેષ્ટાને ચોક્કસવિભક્તિનાં ચોક્કસપદનાં ચોક્કસવચનમાં વ્યવસ્થિત કરનાર રૂપ..

**પ્રશ્ન** - ૩ પ્રથમ ક્રિયાપદનું પ્રકરણ શા માટે ?

**ઉત્તર** - ૩ કોઈપણ ભાષા વાક્ય વિનાની હોતી નથી અને વાક્ય માત્ર નામોથી થતું નથી. દરેક વાક્યમાં ક્રિયાપદ મુખ્ય હોય છે. દા. ત. **કમલ મારો મિત્ર** એટલા માત્રથી વાક્યનું પૂરેપૂરું જ્ઞાન થતું નથી. જ્યારે એમાં 'છે' એવું ક્રિયાપદ ભળશે ત્યારે વાક્ય પરિપૂર્ણ થશે. (કમલ મારો મિત્ર છે.) માટે વાક્યમાં ક્રિયાપદની પ્રધાનતા હોવાથી પ્રથમ ક્રિયાપદનું પ્રકરણ બતાવેલ છે.

**પ્રશ્ન** - ૪ વર્તમાનકાળ એટલે શું ?

**ઉત્તર** - ૪ જીવાતાં જીવનમાં કરાતી ક્રિયાનો કાળ તે વર્તમાનકાળ અથવા ચાલુ ક્રિયાને જણાવનાર જે સમય તે વર્તમાનકાળ.

**પ્રશ્ન** - ૫ વિભક્તિ એટલે શું ?

**ઉત્તર** - ૫ विभज्यन्ते/विभागशः प्रकाश्यन्ते वा कर्तृ-कर्मादयोऽर्था अनया=विभक्तिः જેના દ્વારા કર્તા, કર્મ આદિ.....અર્થને વિભાગ કરવા પૂર્વક બતાવાય છે તેને વિભક્તિ કહેવાય..

**પ્રશ્ન** - ૬ વર્તમાના-વિભક્તિ એટલે શું ?

**ઉત્તર** - ૬ વર્તમાનકાળને જણાવનારી જે વિભક્તિ તે વર્તમાનાવિભક્તિ તથા અહીં વિભક્તિ શબ્દ સ્ત્રીલિંગ છે માટે એનું વિશેષણ વર્તમાના શબ્દ પણ સ્ત્રીલિંગમાં આવે છે.

**પ્રશ્ન** - ૭ કર્તરિપ્રયોગ એટલે શું ?

**ઉત્તર** - ૭ કર્તાની મુખ્યતાવાળો પ્રયોગ તે કર્તરિપ્રયોગ એટલે કે જેમાં કર્તા પ્રમાણે ક્રિયાપદ વપરાય તેને કર્તરિપ્રયોગ કહેવાય.

**પ્રશ્ન** - ૮ પુરુષબોધક પ્રત્યય એટલે શું ?

**ઉત્તર** - ૮ પુરુષ=ક્રિયાને કરનાર...તેને જણાવનાર જે પ્રત્યય તેને પુરુષબોધક પ્રત્યય કહેવાય... આ પ્રત્યયો હું, તું, તે એમ ત્રણેય પુરુષને જણાવનારા હોવાથી એને પુરુષબોધક પ્રત્યય કહેવાય.. દા. ત. नमामि "હું નમસ્કાર કરું છું" અહિં मि પ્રત્યયથી 'હું' એવો ૧લો પુરુષ જણાવાય છે માટે मि વિગેરે પુરુષબોધક પ્રત્યય કહેવાય છે.

**પ્રશ્ન** - ૯ પુરુષબોધક-પ્રત્યયો કેટલા ?

**ઉત્તર** - ૯ દરેકવિભક્તિનાં અઢાર-અઢાર પ્રત્યયો હોય છે.

૯ પરસ્મૈપદનાં...+ ૯ આત્મનેપદનાં=૧૮ પ્રત્યયો હોય છે.

**પ્રશ્ન** - ૧૦ ૯ પ્રત્યયો કેવી રીતે કયા કયા વિભાગમાં ગોઠવાય છે ?

**ઉત્તર** - ૧૦ પહેલા પુરૂષના-૩ એકવચન, દ્વિવચન, બહુવચન.

બીજા પુરૂષના-૩ એકવચન, દ્વિવચન, બહુવચન.

ત્રીજા પુરૂષના-૩ એકવચન, દ્વિવચન, બહુવચન.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો. પુરૂષ. | मि | वस् | मस् |
| ૨જો પુરૂષ. | सि | थस् | थ |
| ૩જો પુરૂષ | ति | तस् | अन्ति |

**પ્રશ્ન - ૧૧** પહેલો પુરૂષ એટલે શું ?

**ઉત્તર - ૧૧ હું, અમેબે** અને **અમે** તેને પહેલો પુરૂષ કહેવાય છે.

**પ્રશ્ન - ૧૨** બીજો પુરૂષ એટલે શું ?

**ઉત્તર - ૧૨ તું, તમે બે** અને....**તમે** તેને બીજો પુરૂષ કહેવાય છે.

**પ્રશ્ન - ૧૩** ત્રીજો પુરૂષ એટલે શું ?

**ઉત્તર - ૧૩** હું અને તું સિવાયના એટલે કે अस्मद्, युष्मद् સર્વનામ સિવાયનાં તમામ ગુણવાચક, દ્રવ્યવાચક, અને જાતિવાચક નામો તથા બધાજ સર્વનામો ત્રીજાપુરૂષમાં આવે છે.

**પ્રશ્ન - ૧૪** એકવચન, દ્વિવચન, બહુવચન એટલે શું ?

**ઉત્તર - ૧૪** એક જ વ્યક્તિ કે વસ્તુનો બોધ કરાવનારું જે વચન તે એકવચન. બે વ્યક્તિ કે વસ્તુનો બોધ કરાવે તે દ્વિવચન. બેથી વધારે વ્યક્તિ કે વસ્તુનો બોધ કરાવે તે બહુવચન...

**પ્રશ્ન - ૧૫** સ્વરાદિ એટલે શું ?

**ઉત્તર - ૧૫** જેની શરૂઆતમાં સ્વર હોય તે સ્વરાદિ કહેવાય.

**પ્રશ્ન - ૧૬** સ્વરાન્ત એટલે શું ?

**ઉત્તર - ૧૬** જેને અંતે સ્વર હોય તે સ્વરાન્ત કહેવાય.

**પ્રશ્ન - ૧૭** વ્યંજનાદિ એટલે શું ?

**ઉત્તર - ૧૭** જેની શરૂઆતમાં વ્યંજન હોય તે વ્યંજનાદિ કહેવાય.

**પ્રશ્ન - ૧૮** વ્યંજનાંત એટલે શું ?

**ઉત્તર - ૧૮** જેના અંતે વ્યંજન હોય તેને વ્યંજનાંત કહેવાય..

**પ્રશ્ન - ૧૯** વર્તમાનાવિભક્તિ-પરસ્મૈપદમાં સ્વરાદિ પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૯** વર્તમાનાવિભક્તિ-પરસ્મૈપદ સ્વરાદિ પ્રત્યય ૧ છે. अन्ति।

**પ્રશ્ન - ૨૦** વ.વિ.પ.પ.માંસ્વરાન્ત પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૦** વ.વિ.પ.પ.માં સ્વરાન્ત પ્રત્યયો પાંચ છે. मि, सि, थ, ति, अन्ति।

**પ્રશ્ન - ૨૧** વ.વિ.પ.પ.માં વ્યંજનાદિ પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૧** વ.વિ.પ.પ.માં વ્યંજનાદિ પ્રત્યયો ૮ છે. मि, वस्, मस्, सि, थस्, थ, ति, तस् ।

**પ્રશ્ન - ૨૨** વ.વિ.પ.પ.માં વ્યંજનાંત પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૨** વ.વિ.પ.પ.માં વ્યંજનાંત પ્રત્યયો ૪ છે. वस्, मस्, थस्, तस् ।

**પ્રશ્ન - ૨૩** વ.વિ.પ.પ.માં વ્યંજનાદિવ્યંજનાંત પ્રત્યયો કેટલા ? કયા?

**ઉત્તર - ૨૩** વ.વિ.પ.પ.માં વ્યંજનાદિવ્યંજનાંત પ્રત્યયો ૪ છે. वस्, मस्, थस्, तस् ।

**પ્રશ્ન - ૨૪** વ.વિ.પ.પ.માં વ્યંજનાદિસ્વરાંત પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૪** વ.વિ.પ.પ.માં વ્યંજનાદિસ્વરાંત પ્રત્યયો ૪ છે. मि, सि, थ, ति।

**પ્રશ્ન - ૨૫** વ.વિ.પ.પ.માં સ્વરાદિવ્યંજનાંત પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૨૫** વ.વિ.પ.પ.માં સ્વરાદિવ્યંજનાંત એકપણ પ્રત્યય નથી.

**પ્રશ્ન - ૨૬** વ.વિ.પ.પ.માં સ્વરાદિસ્વરાંત પ્રત્યયો કેટલા? કયા કયા?

**ઉત્તર - ૨૬** વ.વિ.પ.પ.માં સ્વરાદિસ્વરાંત પ્રત્યય એક જ છે. अन्ति।

**પ્રશ્ન - ૨૭** પાઠ ૧માં આપેલ ધાતુઓનાં ક્રમનું કારણ શું ?

**ઉત્તર - ૨૭** વિદ્યાનું મૂળ વિનય છે. માટે વિદ્યા ગ્રહણ કરતાં પહેલાં નમસ્કાર રૂપ વિનય કરવો જરૂરી છે. માટે પ્રથમ नम् ધાતુ આપ્યો છે. નમસ્કાર કરીને ભણો તે જણાવવા पठ् ધાતુ આપ્યો છે. અને જો ભણશો નહીં તો સંસાર-સમુદ્રમાં (અજ્ઞાનતાથી) પડશો..તેવું જણાવવા पत् ધાતુ આપ્યો છે.

# પાઠ-૨

**પ્રશ્ન - ૧** વિકરણ પ્રત્યય એટલે શું ?

**ઉત્તર - ૧** તે તે ગણના ધાતુઓ અલગ તરી આવે માટે લગાડાતો પ્રત્યય તે વિકરણ પ્રત્યય કહેવાય. તે વિકરણપ્રત્યય ૪ વિભક્તિમાં લાગે છે.

**પ્રશ્ન - ૨** પ્રથમામાં કેટલા કાળ આવે છે ? કયા કયા ?

**ઉત્તર - ૨** પ્રથમામાં સામાન્યથી બે કાળ આવે છે વર્તમાનકાળ હ્યસ્તનભૂતકાળ.... જોકે વિધ્યર્થ અને આજ્ઞાર્થ એ પણ અર્થવિશિષ્ટ વિભક્તિ છે પણ તેનો કોઇ કાળમાં સમાવેશ કર્યો નથી...

**પ્રશ્ન - ૩** વર્તમાનકાળના કેટલા પ્રત્યયો પરછતાં अ નો आ થાય?

**ઉત્તર - ૩** વર્તમાનકાળના પાંચ પ્રત્યયો પરછતાં अ નો आ થાય.

मि, वस्, मस् (પ.પ.) वहे, महे (આ. પ.)

**પ્રશ્ન - ૪** પદ એટલે શું ?

**ઉત્તર - ૪** ધાતુને આશ્રયીને ति વિગેરે (દશ) વિભક્તિનાં પ્રત્યયો તથા નામને આશ્રયીને स् વિગેરે (સાત) વિભક્તિનાં પ્રત્યયો લાગ્યાં પછીની જે અવસ્થા તે **પદ** કહેવાય છે.

**પ્રશ્ન - ૫** પદ બનાવવાની જરૂર શી ? (પદસંજ્ઞા શા માટે ?)

**ઉત્તર - ૫** પદસંબંધી તમામ કાર્યો કરવા માટે પદ બનાવવાની જરૂર છે. જો પદ ન બનાવે તો પદ બન્યા પછી જે નિયમો લાગતાં હોય કે જે કાર્યો થતાં હોય તેમાંનું કશું ન થઇ શકે માટે પદ બનાવવું આવશ્યક છે દા.ત. नमतस् થઈ ગયા પછી નિયમ ચોથાથી પદ બનશે. પછી પા. ૩ નિ. ૧ લાગી શકશે અને પદાન્ત स् નો र् થશે અને પા. ૩ નિ. ૨ થી र्નો વિસર્ગ વિ... કાર્યો થઇ શકશે.. એવી જ રીતે પદાન્ત म्, પછી વ્યંજન આવે તો અનુસ્વાર વિ... ફેરફારો થઇ શકશે તથા બીજું એક કારણ न म ति એમ છુટા છુટા હોય અને પદસંજ્ઞા ન થઇ હોય એનો **"તે નમસ્કાર કરે છે."** એવો અર્થ ન થઇ શકે

દા.ત. એક વર્ગનાં વિદ્યાર્થીઓ છૂટા છૂટા ફરતાં હોય ત્યારે એને વર્ગ (**ક્લાસ**) ન કહેવાય પણ જ્યારે એમનાં વર્ગમાં એક સાથે બેસીને અભ્યાસ કરતાં હોય ત્યારે એમનો એ વર્ગ (**ક્લાસ**) કહેવાય છે. એવી રીતે नमतिની પદસંજ્ઞા થાય પછી **"તે નમસ્કાર કરે છે"** તેવો અર્થ નીકળશે આથી અર્થની દૃષ્ટિએ પણ પદ સંજ્ઞા કરવી ઘણી જરૂરી છે.

**પ્રશ્ન - ૬** સાધનિકાની અંદર પદ ક્યારે બનાવવાનું ?

**ઉત્તર - ૬** ક્યારેક સાધનિકા તૈયાર થયા બાદ પદ બનાવાય છે ક્યારેક પદ સંબંધી કાર્યો કરવાનાં હોય છે ત્યારે પ્રત્યય લગાડ્યા બાદ તરત જ પદ બનાવાય છે દા.ત. नमति આખું રૂપ થઈ ગયા બાદ પદ સંજ્ઞા કરવામાં આવે છે. તથા वस्, मस्→પ્રત્યય લગાડીને સાધનિકા કરવી હોય ત્યારે પહેલા પદ બનાવવું, અને પછી स् નો र् અને र् નો વિસર્ગ કરાય છે. માટે ત્યાં પહેલા પદ સંજ્ઞા કરાય.

**પ્રશ્ન** - ૭ કોઈપણ રૂપની સાધનિકા કેવી રીતે કરવી ?

**ઉત્તર** - ૭ સૌ પ્રથમ તે રૂપનો **પરિચય** આપવો. પછી **પ્રત્યય** લગાડવો... ધાતુ+પ્રત્યય, ત્યારબાદ **વિકરણ પ્રત્યય** લગાડવો ધાતુ + વિકરણ + પ્રત્યય, ત્યારબાદ **પદ** બનાવવું... જેથી ધાતુ + વિકરણ+ પ્રત્યય + પદસંજ્ઞા, પછી પદને અંતે થતાં ફેરફારો.... આ પ્રમાણે રૂપ તૈયાર થાય છે. પછી આખું રૂપ તૈયાર થયા બાદ તેનો અર્થ લખવો. દા.ત. नमामि ની સાધનિકા नमामि- नम् ધાતુ, કર્તરિપ્રયોગ, વર્તમાનકાળ ૧લો ગણ, પરસ્મૈપદ પહેલો પુરુષ એ.વ.

● ક્રિયાને જણાવનાર શબ્દને ક્રિયાવાચકશબ્દ કહેવાય છે. અહીં नम् એ નમવાની ક્રિયાને જણાવતો હોવાથી नम् એ ક્રિયાવાચકશબ્દ કહેવાય છે.

● ક્રિયાવાચકશબ્દને ધાતુ કહેવાય છે. અહીં नम् ક્રિયાવાચકશબ્દ હોવાથી તેને ધાતુ કહેવાય માટે नम् એ ધાતુ થયો.

● વર્તમાનકાળને જણાવવા ધાતુને વર્તમાના વિભક્તિના પ્રત્યયો લગાડાય છે.

● પરસ્મૈપદી ધાતુઓને પરસ્મૈપદ પ્રત્યયો લાગે છે. नम्+मि

● ति વિગેરે વિભક્તિના પ્રત્યયો લાગતાં ધાતુને अ વિકરણ પ્રત્યય લાગે છે. नम् + अ + मि ।

● म् અને व्‌થી શરુ થતાં પ્રત્યયોની પહેલાંअ હોય તો તે अ નો आ થાય છે. नम् + आ + मि = नमामि ।

● ति વિગેરે વિભક્તિનાં પ્રત્યયો જેને લાગેલા હોય છે. તેને પદ કહેવાય છે. नमामि તે પદ છે. नमामि= હું નમસ્કાર કરું છું.

## પાઠ-૩

**પ્રશ્ન - ૧** નિ.૨ કેટલી રીતે લાગે ? ( र् નો વિસર્ગ કેટલી રીતે થશે)?

**ઉત્તર - ૧** આમ તો નિ. ૨. ૧૪ રીતે લાગી શકે.. ૧ વિરામ પરછતાં ૧૩ અઘોષવ્યંજનપરછતાં એમ ૧૪ રીતે પદાન્ત र्નો વિસર્ગ થઈ શકે. પણ च्-छ्, ट्-ठ्, त्-थ પર છતાં श्-ष्-स् થતાં હોવાથી વિસર્ગ થતો નથી. એટલે क्-ख्, प-फ्, श-ष्-स्, વિરામ ‑ આ ૮ પર છતાં જ વિસર્ગ થશે.

**પ્રશ્ન - ૨** વિરામ એટલે શું ?

**ઉત્તર - ૨** વિરામ એટલે થોભવું...અટકવું.... જેમકે नमतः આટલું બોલીને અટકવું....તેને વિરામ કહેવાય.

**પ્રશ્ન - ૩** નિ. ૧-૨ ક્યારે લગાડાય ?

**ઉત્તર - ૩** નિ. ૧-૨ લગાડતાં પહેલા પા. ૨ નો નિ.-૪ લગાડવો આવશ્યક છે. કારણકે સૌ પ્રથમ પદ કર્યાં પછી જ આ નિયમો લાગી શકે છે માટે પ્રથમ પદ બનાવવું જરૂરી છે.

## પાઠ-૪

**પ્રશ્ન - ૧** નિ.૧ વર્તમાના વિભક્તિનાં કેટલા પ્રત્યયો પર છતાં લાગશે ? કયા કયા ?

**ઉત્તર - ૧** નિ૦ ૧ વર્તમાના વિભક્તિનાં ૩ પ્રત્યયો પરછતાં લાગશે....अन्ति (પ.પ.) ए, अन्ते (આ.પ.)

**પ્રશ્ન** - ૨ નિ. ૧ શા માટે ?

**ઉત્તર** - ૨ નિ. ૧ ન આપ્યો હોત તો આગળ પા. ૧૭ નિ. ૩થી (नम् + अ + अन्ति) अ ની સાથે अ મળી आ થઇ જાત જેથી नमान्ति એવું અશુદ્ધરૂપ થાત...આવું અશુદ્ધ રૂપ ન થાય માટે આ નિયમ આપ્યો છે. नमन्ति..... । એવી જ રીતે આ.પ. પ્ર. પુ. એ. વ.માં वन्द् + अ + ए- પા. ૧૭. નિ. ૧થી अ+ए=ऐ થઇને वन्दै આવું અશુદ્ધરૂપ થાત. તે ન થાય માટે આ નિયમ આપ્યો છે.

## પાઠ-૬

**પ્રશ્ન** - ૧ સર્વનામ એટલે શું ? એની જરૂર શું ?

**ઉત્તર** - ૧ નામને બદલે વપરાતું નામ તે...સર્વનામ...અને સર્વનામ એટલા માટે છે કે વારંવાર પોતાનું નામ બોલવું તે ઉચિત નથી. માટે નામની જગ્યાએ સર્વનામનો ઉપયોગ કરાય છે.

**જેમકે** :– બધા જ વ્યક્તિઓ પોતાના માટે પોતાના નામને બદલે 'હું' શબ્દનો પ્રયોગ કરે છે. બીજાને માટે (સામી વ્યક્તિને નામથી નથી બોલાવતા) 'તું' શબ્દનો પ્રયોગ કરે છે અને ત્રીજાને માટે (અન્ય કોઇ વ્યક્તિ માટે) 'તે' શબ્દનો પ્રયોગ કરે છે એથી કરીને તમામ શબ્દો માટે આ સર્વનામોનો (अस्मद्, युष्मद्, અને तद् નો) પ્રયોગ કરી શકાતો હોવાથી તેને સર્વનામ કહેવાય છે. અત્યારે શરૂઆતમાં આ ત્રણ સર્વનામો અતિ-ઉપયોગી અને પ્રચલિત હોવાથી તે બતાવ્યા છે બીજા પાઠ ૩૫-૩૬માં વિશેષથી બતાવાશે.

**પ્રશ્ન** - ૨ સંધિ એટલે શું ?

**ઉત્તર** - ૨ તે તે વર્ણોનાં જોડાણથી થતા તે તે વર્ણોના વિશિષ્ટ ફેરફારને સંધિ કહેવાય છે.

**પ્રશ્ન** - ૩ સંધિ ક્યારે થાય ?

**ઉત્તર** - ૩ સ્વરો કે વ્યંજનો પાસે પાસે આવે તો સંધિ થાય... એટલે કે.. સ્વર + સ્વર=સંધિ થાય. દા.ત. दण्ड + अग्रम्=दण्डाग्रम् (પા.૧૭.-નિ.૩.) વ્યંજન + વ્યંજન=સંધિ થાય. દા.ત. अहम् + नमामि= अहन्नमामि (પા.૬.નિ.૧.) સ્વર + વ્યંજન=સંધિ ન થાય. દા.ત. कमल+म्= कमलम् વિશિષ્ટ ફેરફાર ન થાય.

વ્યંજન + સ્વર= સંધિ ન થાય. अहम्+अटामि=अहमटामि માત્ર ભળી જાય...

**પ્રશ્ન** - ૪ નિ. ૧ કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - ૪ નિ. ૧. ૬૧ રીતે લાગે છે.

૩૩ વ્યંજન પરછતાં અનુસ્વાર.

\+ ૨૮ વ્યંજન પરછતાં અનુનાસિક (र्, श्, ष्, स्, ह् સિવાય)

કુલ ૬૧ રીતે આ નિયમ લાગે.

**પ્રશ્ન** - **૫** કેટલા વ્યંજનો પરછતાં પદાન્ત म् નો અનુસ્વાર થાય ?

**ઉત્તર** - **૫** ૩૩ વ્યંજનો પરછતાં પદાન્ત म्નો અનુસ્વાર થાય.

**પ્રશ્ન** - **૬** કેટલા વ્યંજનો પરછતાં પદાન્ત म् નો અનુનાસિક થાય ?

**ઉત્તર** - **૬** ૨૮વ્યંજનો પરછતાં પદાન્ત म् નો અનુનાસિક થાય.

**પ્રશ્ન** - **૭** પદાન્ત म् નો ક્યારે માત્ર અનુસ્વાર જ થાય ?

**ઉત્તર** - **૭** પદાન્ત म् નો र्, श्, ष्, स् અને ह् પાંચ વ્યંજન પરછતાં માત્ર અનુસ્વાર જ થાય છે. દા.ત. त्वं रक्षसि । अहं हरे । વિગેરે..

**પ્રશ્ન** - **૮** र्, श्, ष्, स् અને ह् પર છતાં માત્ર અનુસ્વાર જ કેમ? અનુનાસિક કેમ નહીં ?

**ઉત્તર** - **૮** र्, श्, ष्, स् અને ह् નો કોઇ સ્વ નથી માટે એનો અનુનાસિક છે જ નહીં. તો અનુનાસિક કેમ થઈ શકે ? એટલે માત્ર અનુસ્વાર જ થશે...

**પ્રશ્ન - ૧૧** પદાન્ત म् ની બે સંધિ ક્યારે થાય ?

**ઉત્તર - ૧૧** પદાન્ત म् ની ૨૮ વ્યંજન પરછતાં અનુસ્વાર અને અનુનાસિક એમ બન્ને ય સંધિ થાય છે. દા.ત. त्वम्+क्षरसि त्वङ्क्षरसि, त्वं क्षरसि।

**પ્રશ્ન - ૧૨** પદાન્ત म् નો ક્યારે અનુસ્વાર કે અનુનાસિક ન થાય ?

**ઉત્તર - ૧૨** ૧૪ સ્વર પરછતાં અનુસ્વાર કે અનુનાસિક આ બે માંથી કોઈ ફેરફાર ન થાય. પણ म् ની અંદર સ્વર ભળી જાય. દા. ત. अहम् + अर्चामि = अहमर्चामि । आवाम् + इच्छाव: = आवामिच्छाव: વિગેરે...

**પ્રશ્ન - ૧૩** ક્રિયાપદ કોના આધારે કેવી રીતે વાપરી શકાય?

**ઉત્તર - ૧૩** ક્રિયાપદ હંમેશા પુરુષ અને વચનના આધારે વાપરી શકાય. દા. ત. હું નમસ્કાર કરું છું. તો अहम् + नमामि=अहम् એ પહેલો પુરુષ છે અને એ.વ. છે માટે ક્રિયાપદ પહેલા પુરુષ એ.વ.માં વપરાય છે. એવી જ રીતે आवाम् नमाव:। वयम् नमाम:। વિગેરે....

## *નિ. ૧ની ઉદાહરણમાં ઘટના....*

| | | |
|---|---|---|
| (१) अहम्+ क्षरामिं | अहङ्क्षरामि । | अहं क्षरामि । |
| (२) आवाम्+खादाव: | आवाङ्खादाव: । | आवां खादाव: । |
| (३) वयम्+ गच्छाम: | वयङ्गच्छाम: । | वयं गच्छाम: । |
| (४) त्वम्+घोषयसि | त्वङ्घोषयसि । | त्वं घोषयसि । |
| (५) युवाम्+ङ्वेथे[१] | युवाङ्ङ्वेथे । | युवां ङ्वेथे । |
| (६) यूयम्+चरथ | यूयञ्चरथ । | यूयं चरथ । |
| (७) अहम्+छादयामि[२] | अहञ्छादयामि । | अहं छादयामि । |
| (८) आवाम्+जीवाव: | आवाञ्जीवाव: । | आवां जीवाव: । |
| (९) वस्त्रम्+झीर्यति[३] | वस्त्रञ्झीर्यति । | वस्त्रं झीर्यति । |
| (१०) अहम्+ञुङ्वे | अहञ्ञुङ्वे । | अहं ञुङ्वे । |
| (११) त्वम्+टीकसे[३] | त्वण्टीकसे । | त्वं टीकसे । |
| (१२) युवाम्+ठकारं पठसि | युवाण्ठकारं पठसि । | युवां ठकारं पठसि । |

| | | |
|---|---|---|
| (१३) यूयम्+डयध्वे | यूयण्डयध्वे । | यूयं डयध्वे । |
| (१४) अहम्+ढौके[5] | अहण्ढौके । | अहं ढौके । |
| (१५) त्वम्+णकारंलिख | त्वण्णकारं लिख । | त्वं णकारं लिख । |
| (१६) वयम्+त्यजामः | वयन्त्यजामः । | वयं त्यजामः । |
| (१७) त्वम्+थुडसि[6] | त्वन्थुडसि । | त्वं थुडसि । |
| (१८) युवाम्+दहथः | युवान्दहथः । | युवां दहथः । |
| (१९) यूयम्+धावथ | यूयन्धावथ । | यूयं धावथ । |
| (२०) वयम्+नमामः | वयन्नमामः । | वयं नमामः । |
| (२१) त्वम्+पुष्यसि | त्वम्पुष्यसि । | त्वं पुष्यसि । |
| (२२) युवाम्+फलथः[7] | युवाम्फलथः । | युवां फलथः । |
| (२३) यूयम्+बोधयथ | यूयम्बोधयथ । | यूयं बोधयथ । |
| (२४) अहम्+भणामि | अहम्भणामि । | अहं भणामि । |
| (२५) आवाम्+ मुह्याव: | आवाम्मुह्यावः । | आवां मुह्यावः । |
| (२६) वयम्+ यच्छामः | वयय्ँय्यच्छामः । | वयं यच्छामः । |
| (२७) त्वम्+रक्षसि | × | त्वं रक्षसि । |
| (२८) युवाम्+लुट्यथः | युवाल्ँल्लुट्यथः | युवां लुट्यथः । |
| (२९) यूयम्+वदथ | यूयव्ँव्वदथ | यूयं वदथ । |
| (३०) त्वम्+शाम्यसि | × | त्वं शाम्यसि । |
| (३१) अहम्+षकारं भणामि । | × | अहं षकारं भणामि । |
| (३२) आवाम्+स्मरावः | × | आवां स्मरावः । |
| (३३) वयम्+ हरामः | × | वयं हरामः । |

## પાઠ-૭

**પ્રશ્ન** - ૧ ઉપાન્ત્ય એટલે શું ?

**ઉત્તર** - ૧ શબ્દ કે ધાતુના છેલ્લા વ્યંજનની પહેલાનો સ્વર કે વ્યંજન (જે હોય તે) તેને ઉપાન્ત્ય કહેવાય છે.

---

૧. ङु ગ. ૧. આ.પ. અવાજ કરવો, શબ્દ કરવો. ૨. छद्-ગ.૧૦ પ.પ્ર.ઢાંકવું. ૩. झॄ ગ.૪.પ.પ જુનું થવું. ૪. टीक् ગ. ૧. આ.પ. જવું. ૫. ढौक् ગ. ૧. આ.પ. જવું, ભેટણું કરવું. ૬. थुड् ગ.૬.પ.લપ. રોકવું. ઢાંકવું. ૭. फल् ગ.૧.પ.પ. ફળવું

દા. ત. वृष् આ ધાતુમાં છેલ્લો વ્યંજન ष् છે. અને તેની પહેલા ऋ છે માટે ऋ તે ઉપાન્ત્યસ્વર કહેવાય. निन्द्-ધાતુમાં द् છેલ્લો વ્યંજન છે અને તેની પહેલા न् છે માટે न् તે ઉપાન્ત્યવ્યંજન કહેવાય..

**પ્રશ્ન** - ૨ કયા સ્વરનો કયો ગુણ થાય? શા માટે ?

**ઉત્તર** - ૨ इवर्णનો ગુણ ए, उवर्णનો ગુણ ओ, ऋवर्णનો ગુણ अर्... થાય इवर्ण તાલવ્ય છે એટલે એનો ગુણ પણ તાલવ્યસ્થાનનો ए થાય છે. એવી જ રીતે उवर्ण ઓષ્ઠ્ય છે માટે તેનો ગુણ ઓષ્ઠ્યસ્થાનનો ओ થાય છે. એવી જ રીતે ऋवर्ण માટે પણ જાણવું.

**પ્રશ્ન** - ૩ ऌ પણ હ્રસ્વનામિસ્વર જ છે તો તેનો ગુણ કેમ ન કહ્યો?

**ઉત્તર** - ૩ ધાતુપાઠમાં રહેલા ૨૦૦૦ ધાતુમાં ઉપાન્ત્યમાં કે અંત્યમાં ऌ હોય એવો કોઇ ધાતુ નથી માટે ऌ ના ગુણની શક્યતા હોવા છતાં ઉદાહરણમાં ઘટતું ન હોવાંથી તેનો ગુણ બતાવ્યો નથી.

**પ્રશ્ન** - ૪ નિ. ૧માં હ્રસ્વનામિસ્વરનો ગુણ કહ્યો છે તો પછી નિ. ૨ માં-इ નો ગુણ ए, उનો ગુણ ओ, અને ऋ નો ગુણ अर् એમ જ લખ્યું હોત તો ? **वर्ण** શબ્દ શા માટે ?

**ઉત્તર** - ૪ આ પાઠમાં હ્રસ્વનામિસ્વરનો ગુણ બતાવ્યો છે. પણ આગળ (૮મા) પાઠમાં અન્ત્યમાં દીર્ઘનામિસ્વરનો પણ ગુણ બતાવેલ છે માટે इवर्ण उवर्ण વિ...માં वर्ण શબ્દ આપ્યો છે.

**પ્રશ્ન** - ૫ क्रीड् ધાતુમાં ગુણ કેમ ન થયો ? जिम् માં કેમ થયો ?

**ઉત્તર** - ૫ क्रीड् ધાતુમાં ઉપાન્ત્યમાં દીર્ઘ નામિસ્વર (ई) છે માટે ગુણ ન થાય જ્યારે जिम्માં ઉપાન્ત્યમાં હ્રસ્વનામિસ્વર છે માટે ગુણ થાય.

**પ્રશ્ન** - ૬ निन्द् ધાતુમાં ગુણ થાય કે ન થાય ?

**ઉત્તર** - ૬ निन्द् ધાતુમાં ગુણ ન થાય કારણ કે ઉપાન્ત્યમાં न् છે.

**પ્રશ્ન** - ૭ આ પાઠમાં આ જ ધાતુઓ લેવાનું કારણ શું ?

**ઉત્તર** - ૭ जिम्, शुच्, वृष् આ ધાતુઓમાં ઉપાન્ત્ય હ્રસ્વનામિસ્વર છે (इ-उ-ऋ) તેમને ગુણની પ્રાપ્તિ થાય છે. એવું જણાવવા માટે આ ત્રણ ધાતુ આપેલ છે. जप्માં ઉપાન્ત્યમાં (अ) હ્રસ્વસ્વર છે પણ નામી નથી એટલે ગુણ ન થાય તેવું બતાવવા માટે जप् ધાતુ આપેલ છે. તથા क्रीड्માં ઉપાન્ત્યમાં (ई) નામિસ્વર છે પણ દીર્ઘ છે માટે ગુણ ન થાય એમ જણાવવા માટે क्रीड् ધાતુ આપેલ છે निन्द्માં ઉપાન્ત્યમાં વ્યંજન છે માટે ગુણની પ્રાપ્તિ જ નથી. તેવું બતાવવા માટે निन्द् ધાતુ આપેલ છે. એમ ઉદા. અને વિરૂદ્ધ ઉદા. બતાવવા માટે આ ધાતુઓ આપ્યા છે.

## પાઠ-૮

**પ્રશ્ન** - **૧** ઉપાન્ત્યમાં કોનો ગુણ થાય ? અને અન્ત્યમાં કોનો ગુણ થાય ?

**ઉત્તર** - **૧** ઉપાન્ત્યમાં હ્રસ્વનામિસ્વર इ, उ, ऋ નો ગુણ થાય અને અન્ત્યમાં હ્રસ્વ-દીર્ઘ બન્ને ય નામિસ્વરનો ગુણ થાય એટલે કે इ-ई-उ-ऊ-ऋ-ॠ નો ગુણ થાય છે.

**પ્રશ્ન** - **૨** નિ. ૧ કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - **૨** આ નિયમ ૬ રીતે લાગે. છે. इ-ई-उ-ऊ-ऋ-ॠ આ ૬ નામિસ્વરનો ગુણ થતો હોવાથી ૬ રીતે લાગે છે.

**પ્રશ્ન** - ૩ નિ. ૨ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૩ નિ. ૨. **૫૬** રીતે લાગે છે જે આ રીતે..

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ए | + | ૧૪ | સ્વર | = | अय् |
| ऐ | + | ૧૪ | સ્વર | = | आय् |
| ओ | + | ૧૪ | સ્વર | = | अव् |
| औ | + | ૧૪ | સ્વર | = | आव् |
| | | ૫૬ | | | |

### નિ. ૨ની ઉદાહરણમાં ઘટના....

(१) ए+अ=अय, जे+अति=जयति ।
(२) ए+आ=अया, श्रमणे+आचार्य:=श्रमणयाचार्य: ।
(३) ए+इ=अयि, जने+इच्छति=जनयिच्छति ।
(४) ए+ई=अयी, पचते+ईश:=पचतयीश: ।
(५) ए+उ=अयु, मार्गे+उपाश्रय:=मार्गयुपाश्रय: ।
(६) ए+ऊ=अयू, हरते+ऊढाम्=हरतयूढाम् ।
(७) ए+ऋ=अयृ, वन्दते+ऋषभम्=वन्दतयृषभम् ।
(८) ए+ॠ =अयॄ, देवे+ॠकार:=देवयॄकार: ।
(९) ए+लृ=अय्लृ, गजे+लृकार:=गजय्लृकार: ।
(१०) ए+ॡ=अय्ॡ, जिने+ॡकार:=जिनय्ॡकार: ।
(११) ए+ए=अये, राज्ये+एकदा=राज्ययेकदा ।
(१२) ए+ऐ=अयै, जनके+ऐशानी=जनकयैशानी ।
(१३) ए+ओ=अयो, तीरे+ओम्=तीरयोम् ।
(१४) ए+औ=अयौ, वने+औषधि:=वनयौषधि: ।

(१) ऐ+अ=आय, वध्वै + अशनम् = वध्वायशनम् ।
(२) ऐ+आ=आया, बालायै+आशा:=बालायायाशा: ।
(३) ऐ+इ=आयि, शालायै+इन्द्र:=शालायायिन्द्र: ।
(४) ऐ+ई=आयी, छात्रायै+ईश:=छात्रायायीश: ।
(५) ऐ+उ=आयु, कलायै+उमा=कलायायुमा ।
(६) ऐ+ऊ=आयू, मालायै+ऊढा=मालायायूढा ।
(७) ऐ+ऋ=आयृ, क्षमायै+ऋतु:=क्षमायायृतु: ।
(८) ऐ+ॠ =आयॄ, सरलायै+ॠकार:=सरलायायॄकार: ।
(९) ऐ+लृ=आय्लृ, क्रीडायै+लृकार:=क्रीडायाय्लृकार: ।
(१०) ऐ+ॡ=आय्ॡ, यमुनायै+ॡकार:=यमुनायाय्ॡकार: ।
(११) ऐ+ए=आये, महिलायै+एकत्र=महिलायायेकत्र ।
(१२) ऐ+ऐ=आयै, छायायै+ऐशानी=छायायायैशानी ।
(१३) ऐ+ओ=आयो, धारायै+ओक:=धारायायोक: ।
(१४) ऐ+औ=आयौ, निशायै+औषधि:=निशायायौषधि: ।

### નિ. ૧ની ઉદાહરણમાં ઘટના....

(१) ओ+अ=अव, भो+अ+ति=भवति ।
(२) ओ+आ=अवा, मधो+आम्र:=मधवाम्र: ।
(३) ओ+इ=अवि, साधो+इन्द्रियम्=साधविन्द्रियम् ।
(४) ओ+ई=अवी, पशो+ईश्वर:=पशवीश्वर: ।
(५) ओ+उ=अवु, भानो+उपधानम्=भानवुपधानम् ।
(६) ओ+ऊ=अवू, मृत्यो+ऊढा=मृत्यवूढा ।
(७) ओ+ऋ=अवृ, गुरो+ऋणम्=गुरवृणम् ।
(८) ओ+ॠ=अवॄ, शिशो+ॠकार:=शिशवॄकार: ।
(९) ओ+लृ=अव्लृ, रिपो+लृकार:=रिपव्लृकार: ।
(१०) ओ+ॡ=अव्ॡ, वायो+ॡकार:=वायव्ॡकार: ।
(११) ओ+ए=अवे, शत्रो+एकदा=शत्रवेकदा ।
(१२) ओ+ऐ=अवै, तरो+ऐक्यम्=तरवैक्यम् ।
(१३) ओ+ओ=अवो, विष्णो+ओम्=विष्णवोम् ।
(१४) ओ+औ=अवौ, तालो+औषधम्=तालवौषधम् ।

(१) औ+अ-आव, बालौ+अटत:=बालावटत: ।
(२) औ+आ-आवा, जनौ+आचरत:=जनावाचरत: ।
(३) औ+इ-आवि, जनकौ+इच्छत:=जनकाविच्छत: ।
(४) औ+ई-आवी, गजौ+ईश:=गजावीश: ।
(५) औ+उ-आवु, गन्धौ+उदय:=गन्धावुदय: ।
(६) औ+ऊ-आवू, कुटीरौ+ऊर्जा=कुटीरावूर्जा ।
(७) औ+ऋ-आवृ, छात्रौ+ऋकार:=छात्रावृकार: ।
(८) औ+ॠ-आवॄ, जिनौ+ॠकार:=जिनावॄकार: ।
(९) औ+लृ-आव्लृ, जैनौ+लृकार:=जैनाव्लृकार: ।
(१०) औ+ॡ-आव्ॡ, जीवौ+ॡकार:=जीवाव्ॡकार: ।
(११) औ+ए-आवे, धर्मौ+एकदा=धर्मावेकदा ।
(१२) औ+ऐ-आवै, धार्मिकौ +ऐन्द्रम्=धार्मिकावैन्द्रम् ।
(१३) औ+ओ-आवो, नरकौ+ओज:=नरकावोज: ।
(१४) औ+औ-आवौ, नाथौ+औषधम्=नाथावौषधम् ।

પ્રશ્ન - ૪ કોઈપણ એકરૂપની સંપૂર્ણ સાધનિકા કરો.

ઉત્તર - ૪ स्मराव: – स्मृ ધાતુ...ગ.૧.,પ.પ., કર્તરિપ્રયોગ, વર્તમાનકાળ, વર્તમાનાવિભક્તિ પ્ર. પુ. દ્વિ.વ.

ક્રિયાને જણાવનાર શબ્દને ક્રિયાવાચક શબ્દ કહેવાય છે. અહીં स्मृ શબ્દ સ્મરણ કરવાની ક્રિયાને જણાવતો હોવાથી स्मृ એ ક્રિયાવાચકશબ્દ કહેવાય.

ક્રિયાવાચક શબ્દને ધાતુ કહેવાય છે. માટે स्मृ એ ધાતુ થયો.

વર્તમાનકાળને જણાવવા ધાતુને વર્તમાના-વિભક્તિના પ્રત્યયો લગાડાય છે.

પરસ્મૈપદી ધાતુને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે स्मृ+वस् ।

ति વિગેરે વિભક્તિના પ્રત્યયો જેને લાગેલા હોય છે તેને अ વિકરણ પ્રત્યય લાગે છે. स्मृ + अ + वस् ।

વિકરણ પ્રત્યય अ પૂર્વે ધાતુના અંત્ય હ્રસ્વ કે દીર્ઘનામિ-સ્વરનો ગુણ થાય છે.

इवर्णनो ગુણ ए, उवर्णनो ગુણ ओ અને ऋवर्णनो ગુણ अर् થાય છે. स्म् + अर् + अ + वस् ।

म् અને व् થી શરુ થતાં પ્રત્યયની પહેલા अ હોય તો आ થાય છે. स्म् + अर् + आ + वस्=स्मरावस्

ति વિગેરે વિભક્તિનાં પ્રત્યયો જેને લાગેલા હોય તેને પદ કહેવાય છે. स्मरावस् તે પદ થયું.

પદને અંતે स् હોય તો એનો र् થાય છે स्मरावर्

પદાન્તે રહેલા र् નો જો એની પછી વિરામ (એટલે કે કશું એ ન આવે) અથવા અઘોષવ્યંજન આવે તો र् નો વિસર્ગ થાય છે स्मराव:= અમે બે સ્મરણ કરીએ છીએ.

## પાઠ-૧૦

**પ્રશ્ન** - ૧ ૧લા ગણના અને છઠ્ઠા ગણના अ વિકરણ પ્રત્યયમાં તફાવત શું ?

**ઉત્તર** - ૧લા ગણનો अ વિકરણ પ્રત્યય લાગતાં ધાતુમાં ઉપાન્ત્ય હ્રસ્વનામિસ્વર અને અંત્યમાં હ્રસ્વ-દીર્ઘનામિસ્વરનો ગુણ થાય છે. જ્યારે છઠ્ઠા ગણનો अ વિકરણ પ્રત્યય લાગતાં ધાતુમાં ગુણ થતો નથી. દા.ત. जेमति, लिखति।

## પાઠ-૧૧-૧૨

**પ્રશ્ન** - ૧ દશમાગણનો વિકરણ પ્રત્યય પણ अ છે. તો એનો પહેલા ગણમાં જ સમાવેશ કરવો હતો નેં ? શા માટે દશમો ગણ અલગ રાખ્યો ?

**ઉત્તર** - ૧ દશમાગણનો વિકરણ પ્રત્મય ભલે अ છે. પરંતુ પોતાનો इ પ્રત્યય પણ લાગે છે તેથી પ્રયોગમાં માત્ર अ નહીં રહેતા अय રહે છે. તેથી અલગ પાડેલ છે.

**પ્રશ્ન** - ૨ ‘‘પોતાનો इ લાગે છે. એટલે શું ?

**ઉત્તર** - ૨ પોતાનો=સ્વાર્થિક....જે પ્રત્યય હોય છે તે પ્રત્યય કર્તરિપ્રયોગ, કર્મણિપ્રયોગ, કૃદન્ત એમ દરેક અવસ્થામાં લાગે છે ક્યારેય ધાતુનો સહવાસ છોડતો નથી..જ્યારે વિકરણ પ્રત્યય તો કર્તરિપ્રયોગમાં. અને માત્ર ચાર વિભક્તિ (વર્તમાનાદિ)માં જ લાગે છે આથી તે..સ્વાર્થિક ન કહેવાય.

**પ્રશ્ન** - ૩ પા. ૧૨ નિ. ૧ શા માટે ?

**ઉત્તર** - ૩ इ પ્રત્યય પરછતાં ગુણ કરવાનો કોઈ નિયમ ન હતો માટે...એટલે કે આ નિયમથી इ પ્રત્યય પરછતાં ધાતુનાં ઉપાન્ત્ય હ્રસ્વ નામી સ્વરનો ગુણ થશે. પરંતુ इ પ્રત્યયનો ગુણ નહિં થાય इ પ્રત્યયનો જ્યારે ગુણ કરવો હશે ત્યારે તો પા. ૮ નિ. ૧ લાગશે.

**પ્રશ્ન - ૪** આ (૧૦માં) ગણમાં ઉપાન્ત્યહ્રસ્વનામિસ્વર હોય એવા ધાતુઓને કેટલી વખત ગુણ થશે ?

**ઉત્તર - ૪** ઉપાન્ત્યહ્રસ્વનામિસ્વર હોય એવા ધાતુઓમાં બે વખત ગુણ થશે...દા.ત. घुष् ધાતુ ...घुष् + इ અહિં ઉપાન્ત્યનામિસ્વરનો ગુણ પા. ૧૨ નિ. ૧ થી થશે. घोषि થયા બાદ इ નો પણ ગુણ થશે. घोषे+अ+ति=घोषयति ।

**પ્રશ્ન - ૫** भूष् ધાતુમાં ગુણ કેમ ન થાય ?

**ઉત્તર - ૫** भूष् ધાતુમાં ઉપાન્ત્યમાં હ્રસ્વનામિસ્વર નથી પણ દીર્ઘનામિસ્વર છે માટે ગુણ ન થાય.

## પાઠ-૧૩

**પ્રશ્ન - ૧** નિ. ૧ કેટલી રીતે લાગે ?

**ઉત્તર - ૧** નિ.૧ ૭રીતે લાગે. ૬ અંત્યનામિસ્વર (इवर्ण, उवर्ण, ऋवर्ण)
+૧ ઉપાન્ત્ય(अ)ની
કુલ ૭ રીતે વૃદ્ધિ થાય.

**પ્રશ્ન - ૨** कथ, गण्, रच्, स्पृह् અને मृग् આ ધાતુઓમાં ગુણ-વૃદ્ધિ ન થવાનું કારણ શું ?

**ઉત્તર - ૨** कथ વિ....ધાતુઓ મૂળ ધાતુપાઠમાં અકારાન્ત આપેલ છે. એટલે કે अ અન્તવાળા છે જેમકે कथ, गण, रच, स्पृह, मृग.... જેથી ઉપાન્ત્યમાં વ્યંજન આવશે પણ अ કે હ્રસ્વનામિસ્વર ન હોવાથી વૃદ્ધિ કે ગુણ થઇ શકતા નથી.

## પાઠ-૧૪

**પ્રશ્ન ૧ :** -पा (पिब) ધાતુમાં ગુણ કેમ ન થાય ?

**ઉત્તર** -पा (पिब) આદેશમાં ગુણ થતો નથી કેમકે पिब આદેશ અકારાન્ત છે. એટલે કે पिबमां अ અન્તે છે જેથી ઉપાન્ત્યમાં ब् છે તેથી ગુણ થશે નહિં...पिबति ।

# પાઠ-૧૫

**પ્રશ્ન - ૧** ઉભયપદ એટલે શું ?

**ઉત્તર - ૧** આત્મનેપદ અને પરસ્મૈપદ એમ બન્નેય પદના પ્રત્યયો લેનારા ધાતુને ઉભયપદી કહેવાય છે.

**પ્રશ્ન - ૨** નિ. ૨ કેટલી રીતે લાગે ? કેવી રીતે ? -

**ઉત્તર - ૨** નિ. ૨ **૧૬** રીતે લાગે જે આ પ્રમાણે..

૨ अ વર્ણ,

× ૮ इવર્ણ, उવર્ણ, ऋવર્ણ, लृવર્ણ

૧૬

***નિ. ૧ની ઉદાહરણમાં ઘટના....***

अ+इ=ए, सुर+इन्द्रः=सुरेन्द्रः ।

अ+ई=ए, परम+ईश्वरः=परमेश्वरः ।

अ+उ=ओ, पर+उपकारः=परोपकारः ।

अ+ऊ=ओ, भाव+ऊर्मिः=भावोर्मिः ।

अ+ऋ=अर्, देव+ऋषिः=देवर्षिः ।

अ+ॠ=अर्, सर्व+ॠकारः=सर्वर्कारः ।

अ+लृ=अल्, जिन+लृकार=जिनल्कारः ।

अ+ॡ=अल्, गज़+ॡकारः=गजल्कारः ।

आ+इ=ए, तथा+इति=तथेति ।

आ+ई=ए, लङ्का+ईशः=लङ्केशः ।

आ+उ=ओ, गङ्गा+उदकम्=गङ्गोदकम् ।

आ+ऊ=ओ, महा+ऊर्जा=महोर्जा ।

आ+ऋ=अर्, महा+ऋषिः=महर्षिः ।

आ+ॠ=अर्, शिल्पा+ॠकारः=शिल्पर्कारः ।

आ+लृ=अल्, आशा+लृकारः=आशल्कारः ।

आ+ॡ=अल्, पाठशाला+ॡकार=पाठशालल्कारः ।

# પાઠ-૧૬

**પ્રશ્ન** - ૧ નામપદ એટલે શું ?

**ઉત્તર** - ૧ નામને તે તે વિભક્તિનાં અર્થમાં તે તે વિભક્તિનાં પ્રત્યયો લાગીને બનેલું રૂપ તે નામપદ કહેવાય છે. દા.ત. बालः ।

**પ્રશ્ન** - ૨ નામ કેટલા પ્રકારે ?

**ઉત્તર** - ૨ નામ ૩ પ્રકારે છે (૧) પુંલિંગ (૨) સ્ત્રીલિંગ. (૩) નપુંસકલિંગ.

**પ્રશ્ન** - ૩ વિભક્તિ કેટલા પ્રકારે ? કઇ કઇ ?

**ઉત્તર** - ૩ વિભક્તિ ૨ પ્રકારે છે. (૧) ति વિગેરે વિભક્તિ (त्यादि) (૨) स् વિગેરે વિભક્તિ (स्यादि)

**પ્રશ્ન** - ૪ કઇ વિભક્તિ કોને લાગે ?

**ઉત્તર** - ૪ (૧) ति વિગેરે વિભક્તિ તમામ ક્રિયાવાચકશબ્દને (ધાતુને) લાગે છે અને (૨) स् વિગેરે વિભક્તિ જાતિવાચક, દ્રવ્યવાચક અને ગુણ-વાચકશબ્દને લાગે છે.

**પ્રશ્ન** - ૫ ति વિગેરે વિભક્તિ કેટલા પ્રકારે ?

**ઉત્તર** - ૫. ति વિગેરે (त्यादि) વિભક્તિ ૧૦ પ્રકારે છે. તેમાંથી ૪ પ્રકારની વિભક્તિ અત્યારે આવશે. (૧) વર્તમાનાવિભક્તિ (૨) હ્યસ્તની વિભક્તિ (૩) વિધ્યર્થ(સપ્તમી) વિભક્તિ (૪) આજ્ઞાર્થ (પંચમી) વિભક્તિ...

**પ્રશ્ન** - ૬ स् વિગેરે વિભક્તિ કેટલા પ્રકારે ? કઇ કઇ ? નિ. ૫ માં નામાર્થે પ્રથમા થાય એમ કેમ કહ્યું ?

**ઉત્તર** - ૬ स् વિગેરે (स्यादि) વિભક્તિ સાત પ્રકારે છે.

(૧) પ્રથમા (૨) દ્વિતીયા (૩) તૃતીયા (૪) ચતુર્થી (૫) પંચમી (૬) ષષ્ઠી (૭) સપ્તમી.

बालः पुस्तकं पठति છોકરો પુસ્તક વાંચે છે- 'વાંચે છે' એ ક્રિયાપદ જ કર્તા-વાંચનારનો અર્થ બતાવી દે છે. માટે કર્તાની વિભક્તિ લગાડવાની રહેતી નથી. 'છોકરો' એ નામ છે એ નામનાં અર્થમાં જ પ્રથમા લગાડવાની છે. 'છોકરો' કર્તા

છે. પણ પહેલી વિભક્તિ કર્તા અર્થે થતી નથી. કેમકે કર્તાનો અર્થતો ક્રિયાપદે કહી દીધો છે માટે માત્ર નામનો જ અર્થ બતાવવાનો બાકી રહે છે તે નામનો અર્થ બતાવવા માટે નામાર્થે પ્રથમા લાગે એમ કહ્યું છે.

**પ્રશ્ન** - ૭ સ્યાદિ વિભક્તિના પ્રત્યયોમાં સ્વરાદિપ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૭ સ્યાદિ વિભક્તિના પ્રત્યયોમાં સ્વરાદિ પ્રત્યયો ૧૩ છે. औ, अस्, अम् , औ, अस् , आ, ए, अस् , अस् , ओस् , आम् , इ, ओस्।

**પ્રશ્ન** - ૮ વ્યંજનાદિ પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮ વ્યંજનાદિ પ્રત્યયો ૮ છે.

स्, भ्याम्, भिस्, भ्याम्, भ्यस्, भ्याम्, भ्यस्, सु ।

**પ્રશ્ન** - ૯ અવ્યય એટલે શું ?

ઉત્તર - ૯ ત્રણે કાળનાં યોગમાં તથા, ત્રણે લિંગના યોગમાં, જેના સ્વરૂપમાં (આકૃતિમાં) કાંઇ ફેરફાર ન થાય તેને અવ્યય કહેવાય... ત્રણ કાળ માટેનું ઉદા. તે હમણાં ખાશે, તેણે હમણાં ખાધું, તે હમણાં ખાય છે.

આવી રીતે ત્રણે કાળમાં **'હમણાં'** શબ્દના રૂપમાં કાંઈ ફેરફાર થતો નથી માટે **'હમણાં'** અર્થને જણાવતાં इदानीम्, अधुना વિ..શબ્દને અવ્યય કહેવાય.

ત્રણે લિંગમાં જેનો ફેરફાર ન થાય તેનું ઉદા..તે **અહીં** બેઠો, પુસ્તક **અહીં** મુકયું છે. અમીતા **અહીં** ભણે છે. આ ત્રણેલિંગના યોગમાં **અહીં** શબ્દના સ્વરૂપમાં કાંઇ પણ ફેરફાર થતો નથી માટે **'અહીં'** અર્થને જણાવનાર अत्र, इह શબ્દને અવ્યય કહેવાય છે.

નામને લાગતી વિભક્તિ વળી બે પ્રકારે કારક વિભક્તિ... વિશેષણ વિભક્તિ... જે નામ ક્રિયાપદની સાથે સંબંધ ધરાવે તે કારકવિભક્તિ. પ્રથમા-દ્વિતીયા-તૃતીયા-ચતુર્થી-પંચમી-સપ્તમી આ છ વિભક્તિ કારકવિભક્તિ કહેવાય છે. અને છઠ્ઠી વિભક્તિમાં નામ નામની સાથે સંબંધ રાખે છે માટે તેને કારકવિભક્તિ ન કહેતાં વિશેષણ વિભક્તિ કહેવાય છે. વિશેષ સ્પષ્ટતા આગળ થઈ જશે.

**પ્રશ્ન** - ૧૦ અવ્યયો કેટલા પ્રકારનાં છે ? કયા કયા ?

**ઉત્તર** - ૧૦ અવ્યયો ૪ પ્રકારે... (૧) ક્રિયાવિશેષણ અવ્યય (૨) નામયોગી અવ્યય (૩) ઉભયાન્વયી અવ્યય (૪) કેવલપ્રયોગી અવ્યય.

(૧) ક્રિયાનાં અર્થમાં વધારો કરે... કે ક્રિયાપદ સાથે સંબંધ રાખે તે ક્રિયાવિશેષણઅવ્યય દા.ત. તે હંમેશા ભણે છે. स सदा पठति અહીં सदा અવ્યયનો पठति ક્રિયાપદની સાથે સંબંધ છે માટે તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે. એવીજ રીતે जनोऽधुना गच्छति માણસ હમણાં જાય છે. આવા इदानीम्, अधुना, नित्यम्, अत्र, इति, न, बहुशस्, किम् વિ. અવ્યયો ક્રિયાવિશેષણ તરીકે ગણાય છે. (૨) કેટલાંક અવ્યયો નામની સાથે જોડાયેલા હોય છે ત્યારે ઘણીવાર વિભક્તિનાં અર્થનું કામ કરે છે તે નામયોગી અવ્યય કહેવાય છે. દા.ત. અમે આસન ઉપર ઉભા છીએ वयमासनस्योपरि तिष्ठामः તેઓ ગુરૂજીની આગળ ચાલતાં નથી. ते आचार्यस्याग्रे न चलन्ति। પિતાજી પાસે તમે ભણો છો- जनकस्य समीपे यूयं पठथ । બાળક માટે માતા રડે છે. बालस्य कृते माता रटति ।

ઈત્યાદિ આગળ, પાછળ, પાસે, ઉપર, માટે આવા અર્થ જણાવનારા જેવા કે अग्रम्, अग्रे, पश्चात्, समीपे, पार्श्वे, कृते વિ. અવ્યયો નામ સાથે જોડાયેલા રહેતાં હોવાથી તે નામયોગી અવ્યય કહેવાય છે.

(૩) કેટલાંક અવ્યયો બે શબ્દો કે બે વાક્યને જોડનારા હોય છે. તે ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

દા.ત. रामो लक्ष्मणश्च वनमगच्छताम् રામ અને લક્ષ્મણ વનમાં ગયા. અહીં च = અને અવ્યય राम-लक्ष्मण બે શબ્દને જોડે છે. માટે તે ઉભયાન્વયી અવ્યય કહેવાય છે. એવી જ રીતે सः व्याकरणमुत सिद्धान्तम् पठेत् તે વ્યાકરણ કે આગમ ભણે... जनोऽतिष्ठद् अतः कार्यं भूतम्-માણસ ઉભો હતો એટલે કામ થઈ ગયું. जनकोऽकथयत् किन्तु पुत्रो नाचरत् પિતાએ કીધું પણ પુત્રે કર્યું નહીં આ વાક્યોમાં अतस्, किन्तु અવ્યય બે વાક્યને જોડે છે. માટે તે ઉભયાન્વયી અવ્યય કહેવાય... એવી જ રીતે परन्तु, अपि, तत्, ततः, यदि, तु ઈત્યાદિ...

(૪) કેટલાંક અવ્યયો વાક્યથી અલગ રહીને માત્ર હર્ષ-શોક-લાગણી, આશ્ચર્ય વિ. ભાવો બતાવે છે તે કેવલપ્રયોગી અવ્યય કહેવાય... अहो ! जिनालयं शोभनम् વાહ ! જિનાલય સુંદર છે. हन्त ! स पतितः । અરે તે પડી ગયો આવી જ રીતે अङ्ग (કોમલ આમંત્રણમાં), भोः, रे रे!, अये, વિ. અવ્યયો કેવલપ્રયોગી અવ્યય કહેવાય છે.

**પ્રશ્ન - ૧૧** અવ્યય નામોને વિભક્તિનાં પ્રત્યયો જો લોપાઈ જતાં હોય તો લગાડવાનું પ્રયોજન શું ?

**ઉત્તર - ૧૧** અવ્યય નામોને વિભક્તિના પ્રત્યયો લગાડવાનું કારણ એ છે કે જેમ જેને વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય તે પદ બને છે. તેમ લગાડ્યા પછી લોપ થયા બાદ પણ તે પદ બને છે તેથી પદનાં નિમિત્તે થતાં કાર્યો થઈ શકે છે. માટે વિભક્તિનાં પ્રત્યયો લગાડાય છે. દા.ત. इदानीङ्गच्छति અહીં म् નો ङ् થયો છે તથા बहुशो वदति, स् નો र्, र् નો उ વિગેરે...થાય છે. હવે જો વિભક્તિના પ્રત્યયો લગાડવામાં ન આવે તો તે નામોને પદસંજ્ઞા થશે નહીં અને જો પદસંજ્ઞા નહીં થાય તો बहुशस् વિ.... શબ્દમાં स् નો र् અને र् નો उ વિગેરે ફેરફાર નહીં થાય. અહીં વિભક્તિના પ્રત્યય લોપાયા પછી પણ એ નામ પદસંજ્ઞાવાળું જ કહેવાય.

જેમ કોઈ પુરુષ પરણ્યો હોય અને ત્યારબાદ તેની પત્ની મરી ગઈ હોય તો પણ તે પુરુષ પરણેલો જ કહેવાય તેમ અહીં વિભક્તિનાં પ્રત્યય લોપાઈ ગયાં પછી પણ નામ પદસંજ્ઞાવાળું જ ગણાય છે.

## પાઠ-૧૭

**પ્રશ્ન - ૧** નિ. ૧ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર - ૧** નિ. ૧ ૮ રીતે લાગે છે. अ-आ $\frac{२ \times ४}{८}$ ए, ऐ, ओ, औ

દા.ત. अ+ए=ऐ-पञ्च+एते=पञ्चैते ।

आ+ए=ऐ-सदा+एव=सदैव ।

अ+ऐ=ऐ-दिव्य+ऐश्वर्यम्=दिव्यैश्वर्यम् ।

आ+ऐ=ऐ-रमा+ऐच्छत्=रमैच्छत् ।

अ+ओ=औ-जन+ओकः=जनौकः ।

अ+ओ=औ-महा+ओजस्वी=महौजस्वी ।

अ+औ=औ-वन+औषधिः=वनौषधिः ।

आ+औ=औ-महा+औदार्यम्=महौदार्यम् ।

**પ્રશ્ન - ૨** નિ. ૨ શા માટે ?

**ઉત્તર** - ૨ જો આ નિયમ ન બનાવ્યો હોત તો પા. ૪ નિ. ૧થી बाल શબ્દનાં अ નો લોપ થઈ જાત અને अस् નો अ ભળીને बालस्-बालर् ને बालः એવું અશુદ્ધ રૂપ થાય પરંતુ बालाः રૂપ ન થાત... बालाः એવું શુદ્ધ રૂપ બનાવવા આ નિયમ આપેલ છે (પા. ૪ નિ. ૧ના અપવાદ ભૂત આ નિયમ છે.)

**પ્રશ્ન** - ૩ નિયમ-૩ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૩ નિ. ૩ · ૨૦ રીતે લાગે છે. તે આ પ્રમાણે..

૧૦ સમાનસ્વર अ વર્ણ, इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ, लृ વર્ણ,
+ <u>૧૦</u> સ્વસમાનસ્વર સાથે થઈને ૨૦ વાર થાય છે. દા.ત.
૨૦

(१) अ+अ=आ मम+अपराधः=ममापराधः ।
(२) अ+आ=आ जिन+आलयम्=जिनालयम् ।
(३) आ+अ=आ तथा+अस्तु=तथास्तु ।
(४) आ+आ=आ राजा+आज्ञा=राजाज्ञा ।
(५) इ+इ=ई कवि+इच्छा=कवीच्छा ।
(६) इ+ई=ई मुनि+ईश्वरः=मुनीश्वरः ।
(७) ई+इ=ई नदी+इति=नदीति ।
(८) ई+ई=ई देवी+ईप्सा=देवीप्सा ।
(९) उ+उ=ऊ गुरु+उपासना=गुरूपासना ।
(१०) उ+ऊ=ऊ भानु+ऊर्जा=भानूर्जा ।
(११) ऊ+उ=ऊ श्वश्रू+उपदेशः=श्वश्रूपदेशः ।
(१२) ऊ+ऊ=ऊ वधू+ऊढा=वधूढा ।
(१३) ऋ+ऋ=ॠ पितृ+ऋषभः=पितॄषभः ।
(१४) ऋ+ॠ=ॠ मातृ+ॠकारः=मातॄकारः ।
(१५) ॠ+ॠ=ॠ ॠ+ऋषभः=ॠषभः ।
(१६) ॠ+ॠ=ॠ ॠ+ॠकारः=ॠकारः ।
(१७) लृ+लृ=ॡ लृ+लृकारः= ॡकारः ।
(१८) लृ+ॡ=ॡ गम्लृ+ॡकारः= गम्ॡकारः ।
(१९) ॡ+लृ=ॡ ॡ+लृकारः= ॡकारः ।
(२०) ॡ+ॡ=ॡ ॡ+ॡकारः= ॡकारः ।

**પ્રશ્ન - ૪** એવો ક્યો સમાનસ્વર છે કે જેની પછી સ્વસમાનસ્વર આવ્યો હોય તો પણ આ નિયમ ન લાગે ?

**ઉત્તર - ૪** અપદમાં રહેલો अ એ એવો સમાનસ્વર છે કે જેના પછી સ્વસમાનસ્વર એવો अ આવ્યો હોય તો પણ આ નિયમ ન લાગતાં પા.૪ નિ. ૧ લાગીને અપદનો अ લોપાય છે. દા. ત. नम्+अ+अन्ति=नमन्ति થશે પણ नमान्ति નહીં થાય.

**પ્રશ્ન - ૫** નિ.૪ માં કહ્યું છે કે "ક્રિયાપદની સાથે સીધો સંબંધ જે રાખે તેને મુખ્યનામ કહેવાય." તો સીધો સંબંધ એટલે શું?

**ઉત્તર - ૫** 'સીધો સંબંધ' એટલે તે તે ક્રિયાને અનુરૂપ ચેષ્ટાઓ જેમાં દેખાય છે તેને મુખ્યનામ કહેવાય છે દા.ત. રમેશ જાય છે. અહિં જવાની ક્રિયાને અનુરૂપ પગ ઉપાડીને મૂકવો, પગનું હલન-ચલન વિ...ચેષ્ટાઓ રમેશમાં દેખાય છે માટે રમેશ એ જવાની ક્રિયા સાથે સીધો સંબંધ રાખતું **નામ** કહેવાય છે તેથી તેને મુખ્યનામ કહેવાય. **ટૂંકમાં :-**ક્રિયાનો કર્તા જે હોય તેને મુખ્યનામ કહેવાય. દા.ત. સોની હાર બનાવે છે. તો અહિં હાર બનાવવા માટે સોનું ટીપવું તેને ઘાટ આપવો. વિ....ક્રિયા સોનીમાં દેખાય છે માટે બનાવવાની ક્રિયા સાથે સીધો સંબંધ રાખતું નામ **સોની** છે. તેથી તેને મુખ્યનામ કહેવાય છે. અને એ મુખ્યનામને પ્રથમા વિભક્તિ થાય છે.

## પાઠ-૧૮

**પ્રશ્ન - ૧** નિ.૧નાં થોડા ઉદાહરણો જણાવો.

**ઉત્તર - ૧** (१) रामर् + अपि = रामोऽपि ।
(२) सर् + अहम् = सोऽहम् ।
(३) धन्यर् + अस्मि = धन्योऽस्मि ।
(४) नमर् + अस्तु = नमोऽस्तु । વિ..

**પ્રશ્ન - ૨** નિ. ૨ કેટલી રીતે લાગે ?

**ઉત્તર - ૨** નિ. ૨ બે રીતે લાગે (૧) ए (૨) ओ+अ હોય તો તે अનો લોપ થાય. દા.ત. वनेऽधुना गच्छति, रामोऽत्रास्ति ।

**પ્રશ્ન** - ૩ बाल+उ+अटति અહિં बाल+उ=बालो અને उ+अटति= वटति *(પા. ૨૬ નિ. ૫ થી) આમ બન્ને ય રીતે સંધિ થવાની શક્યતા છે તો અહીં* ક્યો નિયમ લગાડવો ?

**ઉત્તર** - ૩ बाल+उ એ અંતરંગ (=ઘરનું) કાર્ય છે જ્યારે उ+अटति અહીં उनो व् કરવો એ બહિરંગ (બહારનું) કાર્ય છે. અહીં બંને કાર્ય જ્યારે એક સાથે આવીને ઉભા રહે ત્યારે અંતરંગ (ઘરનું) કાર્ય પહેલું કરવું અને બહિરંગ (બહારનું) કાર્ય પછી થાય. માટે પ્રથમ बालो કાર્ય થશે वटतिરૂપ કાર્ય નહીં થાય જેમકે ઘરનું અને બહારનું કામ એક સાથે આવી પડે તો પહેલા ઘરનું કામ કરાય... પછી જ બહારનું કામ કરાય...

**પ્રશ્ન** - ૪ નિ.૨. લાગવાની શક્યતા હોવા છતાં કયાં ન લાગે?

**ઉત્તર** - ૪ પા. ૨૧ નિ. ૩ દ્વિવચનને છેડે રહેલો ए પદને અંતે હોવા છતાં તેની પછી अ આવે તો આ નિ.૨ લાગતો નથી. દા.ત. पचेते अधुना । फले अत्र ।

**પ્રશ્ન** - **५** નિ. ૨ શા માટે ?

**ઉત્તર** - **५** જો આ નિયમ ન હોત તો પા. ૮ નિ. ૨ થી ए-ओ નો અનુક્રમે अय् અને अव् થાત પણ अनो લોપ થઈને અવગ્રહચિહ્ન ન થાત પણ अ નો લોપ થઈ અને અવગ્રહચિહ્ન થાય...તેથી આ નિયમ આપ્યો છે.

**પ્રશ્ન** - **६** નિયમ-૩ કેટલી રીતે લાગે ? કેવી રીતે?

**ઉત્તર** - **६** નિયમ-૩ ૨૦ રીતે લાગે છે...ઘોષવાન્ વ્યંજન ૨૦ છે. જેથી ૨૦ રીતે લાગે... તેના ઉદાહરણો નીચે પ્રમાણે છે. દા.ત.

(१) ग् - यशर्+गानम् - यशो गानम् ।
(२) घ् - जनर्+घोषयति - जनो घोषयति ।
(३) ङ् - बालर्+ङवते - बालो ङवते[1] ।
(४) ज् - साधकर्+जपति - साधको जपति ।
(५) झ् - सर्पर्+झटिति गच्छति - सर्पो झटिति गच्छति ।
(६) ञ् - रामर्+ञुङ्वे - रामो ञुङ्वे[2] ।

૧. બાળક બોલે છે. ૨. રામ બોલ્યા.

(७) ड् - शिवर्+डमरुं वादयति - शिवो डमरुं वादयति ।

(८) ढ् - सैनिकर्+ढालं धरति - सैनिको ढालं धरति ।

(९) ण् - सर्पर्+णकारीयति - सर्पो णकारीयति[१] ।

(१०) द् - नृपर्+दण्डयति - नृपो दण्डयति ।

(११) ध् - तपर्+धनम् - तपोधनम् ।

(१२) न् - नमर्+नमः - नमो नमः ।

(१३) ब् - साधकर्+बन्धनं नेच्छति - साधको बन्धनं नेच्छति

(१४) भ् - भक्तर्+भजते - भक्तो भजते[२] ।

(१५) म् - अधर्+मुखम् - अधो मुखम् ।

(१६) य् - देवर्+यच्छति - देवो यच्छति

(१७) र् - मनर्+रथः - मनो रथः ।

(१८) ल् - रामर्+लङ्कां विजयते - रामो लङ्कां विजयते ।

(१९) व् - मेघर्+वर्षति - मेघो वर्षति ।

(२०) ह् - चौरर्+हरति - चौरो हरति ।

**પ્રશ્ન - ૧** નિ. ૧ અને નિ. ૩ માં ("स् ના र्" ની પૂર્વે...) "स् નો र्" એમ કેમ કહ્યું ? માત્ર "र् ની પૂર્વે" એમ કહ્યું હોત તો શું વાંધો હતો ?

**ઉત્તર - ૧** નિ. ૧ અને નિ. ૩ માં, स् નો र् કહેલ હોવાથી હવે શબ્દમાં મૂળથી र् હોય, स् નો र् કરેલો र् ન હોય તો આ બન્ને ય નિયમ લાગશે નહિં. स् ના र् ની જગ્યાએ થયેલો र् હોય તો જ આ નિયમ લાગશે. દા.ત. प्रातर् + अटति । અહીં શબ્દમાં મૂળથી જ र् છે માટે નિ. ૧ લાગી શકશે નહીં જેથી प्रातरटति । તેવી રીતે प्रातर्+गच्छति=प्रातर्गच्छति । અહિં નિ.૩ લાગી શકશે નહિં. स् નાં र् નું ઉદા.....बहुशस् + अटति । અહિં પા. ૩ નિ. ૧ થી स् નો र् = बहुशर् + अटति । હવે અહિં स् નો र् થયો હોવાથી નિ. ૧ લાગી શકશે જેથી बहुशउ + अटति । પછી પાઠ-૧૫ નિ. ૨ થી अ+उ=ओ बहुशो + अटति। નિ. ૨ થી बहुशोऽटति । बहुशस् + जयति । बहुशर् + जयति । बहुशउ + जयति । પા. ૧૫ નિ. ૨ થી बहुशो जयति ।

(૧) णकारीयति-'ण' જેવું આચરણ કરે છે. (૨) ભક્ત ભજે છે.

**પ્રશ્ન** - ૨ નિ. ૪ કેટલી રીતે લાગે છે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૨ નિ. ૪, ૩ રીતે લાગે છે.   ૧ र्

× ३ श् ष् स्

૩ श्-ष्-स् વિકલ્પે થાય છે માટે એક વખત श्-ष्-स् થાય એમ ૩ રીતે આ નિયમ લાગે છે. અને એક વખત પા. ૩ નિ.૨ થી વિસર્ગ થાય. દા.ત.

| | | |
|---|---|---|
| (१) जनर्+शोचति- | जनश्शोचति । | जनः शोचति । |
| (२) मयूरर्+षकारः- | मयूरष्षकारः । | मयूरः षकारः । |
| (३) आचार्यर्+स्पृशति- | आचार्यस्स्पृशति । | आचार्यः स्पृशति । |

**પ્રશ્ન** - ૩ નિ. ૫ કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - ૩ નિ. ૫. ૬ રીતે લાગે છે च्-छ्, ट्-ठ्, त्-थ् આ ૬ વ્યંજન પરછતાં श्-ष्-स् થાય છે માટે આ નિયમ ૬ રીતે લાગે... દા.ત.

(१) च् - नृपर्+चिन्तयति = नृपश्चिन्तयति । રાજા વિચારે છે.

(२) छ् - शठर्+छलयति = शठश्छलयति । લુચ્ચો ઠગે છે.

(३) ट् - कवेर्+टीका = कवेष्टीका । કવિની ટીકા.

(४) ठ् - मयूरर्+ठकारः = मयूरष्ठकारः । મોર અને ઠકાર.

(५) त् - नमर्+तुभ्यम् = नमस्तुभ्यम् । તને નમસ્કાર થાઓ.

(६) थ् - बालर्+थुडति = बालस्थुडति । બાળક રોકે છે.

**પ્રશ્ન** - ૪ નિ. ૫ શા માટે ?

**ઉત્તર** - ૪ જો આ નિયમ ન આપ્યો હોત તો च्-छ्, ट्-ठ्, त्-थ्, આ વ્યંજનો અઘોષ હોવાથી નિત્ય વિસર્ગ થાત અને વિસર્ગ થવાથી અશુદ્ધ-સંધિ બનત...આવી અશુદ્ધ સંધિ ન બને તે માટે આ નિયમ આપ્યો છે.

**પ્રશ્ન** - ૫ નિ. ૪ અને નિ. ૫ માં તફાવત શો? અથવા બન્નેય ભેગા જ બનાવવા હતા ને ?

**ઉત્તર** - ૫ નિ. ૪ श्, ष्, स् પરછતાં લાગે.... અને વિકલ્પે લાગે છે. જ્યારે નિ.૫ च्, छ् વિ...પરછતાં અને નિત્ય લાગે છે. માટે અલગ આપેલ છે.

**પ્રશ્ન** - ૬ નિ.૪ અને નિ.૫માં स् નો र् નથી કહ્યો માત્ર र् પછી તેમ કહેવાનું કારણ શું ?

**ઉત્તર** - ૬ શબ્દનો પોતાનો र् હોય તો પણ આ બન્ને ય નિયમ લાગુ પડે છે માટે स् નો र् ન કહેતાં માત્ર र् પછી તેમ કહ્યું છે. દા.ત. નિ. ૪નું ઉદા... प्रातर् + स्मरति=प्रातस्स्मरति । નિ.૫.નું ઉદા.. प्रातर् + तिष्ठति=प्रातस्तिष्ठति।

**પ્રશ્ન** - ૭ र् નો उ કેટલા વર્ણો પરછતાં થાય ?

**ઉત્તર** - ૭ ૨૦ ઘોષવાન્ વ્યંજન +अ કુલ ૨૧ વર્ણો પરછતાં र् નો उ થાય.

**પ્રશ્ન** - ૮ પદાન્ત- र् પછી કેટલા વ્યંજન પરમાં હોય તો श् થાય ?

**ઉત્તર** - ૮ પદાન્ત- र् નો च्, छ्, श् ૩ વ્યંજન પરછતાં श् થાય.

**પ્રશ્ન** - ૯ પદાન્ત- र् નો કેટલા વ્યંજન પરછતાં ष् થાય ?

**ઉત્તર** - ૯ પદાન્ત- र् નો ट्, ठ्, ष् ૩ વ્યંજન પરછતાં ष् થાય.

**પ્રશ્ન** - ૧૦ પદાન્ત- र् નો કેટલા વ્યંજન પરછતાં स् થાય ?

**ઉત્તર** - ૧૦ પદાન્ત- र् નો त्, थ्, स् ૩ વ્યંજન પરછતાં स् થાય.

**પ્રશ્ન** - ૧૧ અઘોષ વ્યંજનમાંથી ક્યા ક્યા વ્યંજન પરછતાં નિત્ય વિસર્ગ, વિકલ્પે વિસર્ગ, અને વિસર્ગ નો અભાવ થાય ?

**ઉત્તર** - ૧૧ क्, ख्, प्, फ् આ ૪ વ્યંજન પરછતાં र् નો નિત્ય વિસર્ગ થાય છે. च्, छ्, ट्, ठ्, त्, थ् આ ૭ વ્યંજન પરછતાં र् નો વિસર્ગ થતો નથી પણ श्, ष्, स् થાય છે. અને श्, ष्, स् આ ૩ વ્યંજન પરછતાં વિકલ્પે વિસર્ગ થાય છે. દા.ત.

| | | |
|---|---|---|
| क्-ख् પરછતાં | } નિત્યવિસર્ગ | बालःकथयति । |
| | | ब्राह्मणः खादति । |

| | | |
|---|---|---|
| च्-छ् પરછતાં | વિસર્ગ ન થાય (પણ શ્ થાય) | पुनर्+च=पुनश्च । शिरर्+छेद:=शिरश्छेद: । |
| ट्-ठ् પરછતાં | વિસર્ગ ન થાય (પણ ष् થાય) | धनुर्+टङ्कार:=धनुष्टङ्कार: । भग्नर्+ठक्कुर:=भग्नष्ठक्कुर: । |
| त्-थ् પરછતાં | વિસર્ગ ન થાય (પણ स् થાય) | नमर्+ते=नमस्ते । बालर्+थुडति=बालस्थुडति । |
| प्-फ् પરછતાં | નિત્ય વિસર્ગ | वीर: पूजयति । आम्र: फलति । |
| श् પરછતાં | વિકલ્પે श् થાય ત્યારે - ન થાય ત્યારે વિસર્ગ - | श्-नमश्शाश्वताय । नम: शाश्वताय । |
| ष् પરછતાં | વિકલ્પે ष्... થાય ત્યારે - ન થાય ત્યારે વિસર્ગ - | मयूरष्षकार: मयूर: षकार: । |
| स् પરછતાં | વિકલ્પે स् થાય ત્યારે - स् ન થાય ત્યારે વિસર્ગ - | स्-नमस्सरस्वत्यै । नम: सरस्वत्यै । |

# પાઠ-૧૯

**પ્રશ્ન** - **૧** નિ.૧ કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - **૧** નિ.૧ ઘોષવાન્ વ્યંજન ૨૦ હોવાથી ૨૦ રીતે લાગે.

દા.ત. ग् - मेघार् गर्जन्ति - मेघा गर्जन्ति ।

घ् - जनार् घोषयन्ति - जना घोषयन्ति ।

ङ् - मृगार् ङवन्ते - मृगा ङवन्ते ।

ज् - आचार्यार् जयन्ति - आचार्या जयन्ति ।

झ् - मयूरार् झटिति गच्छन्ति - मयूरा झटिति गच्छन्ति ।

ञ् - कूर्मार् ञकारन्त्यजन्ति - कूर्मा ञकारन्त्यजन्ति ।

ड् - विहगार् डयन्ते - विहगा डयन्ते ।

ढ् - देवार् ढौकन्ते - देवा ढौकन्ते ।
ण् - नृपार् णकारं निन्दन्ति - नृपा णकारन्निन्दन्ति ।
द् - जीवार् दण्डयन्ति - जीवा दण्डयन्ति ।
ध् - बालार् धावन्ति - बाला धावन्ति ।
न् - मयूरार् नृत्यन्ति - मयूरा नृत्यन्ति ।
ब् - जनार् बीजं वपन्ति - जना बीजं वपन्ति ।
भ् - श्रमणार् भणन्ति - श्रमणा भणन्ति ।
म् - मयूरार् माद्यन्ति - मयूरा माद्यन्ति ।
य् - जनार् यच्छन्ति - जना यच्छन्ति ।
र् - मृगार् रक्षन्ति - मृगा रक्षन्ति ।
ल् - जीवार् लुप्यन्ति - जीवा लुप्यन्ति ।
व् - प्रधानार् वसन्ति - प्रधाना वसन्ति ।
ह् - चौरार् हरन्ते - चौरा हरन्ते ।

**પ્રશ્ન** - ૨ નિ.૨ કેટલી રીતે લાગે છે ?
**ઉત્તર** - ૨ નિ.૨ ૨૭ રીતે લાગે.

| | | |
|---|---|---|
| ૧ (अ) પછી र् | ૧ (आ) પછી र् | ૧૩ |
| × ૧૩ સ્વર (अ સિવાય) | × ૧૪ સ્વર | + ૧૪ |
| ૧૩ | ૧૪ | ૨૭ |

દા.ત. आ - भीमर् आगतः - भीम आगतः ।
इ - युधिष्ठिरर् इच्छति - युधिष्ठिर इच्छति ।
ई - श्रमणर् ईक्षते - श्रमण ईक्षते ।
उ - अर्जुनर् उवाच - अर्जुन उवाच ।
ऊ - बालर् ऊर्जां हरति - बाल ऊर्जां हरति ।
ऋ - बालकर् ऋषिं प्रणमति - बालक ऋषिं प्रणमति ।
ॠ - जनर् ॠकारं भजति - जन ॠकारं भजति ।
ऌ - आचार्यर् ऌकारं पठति - आचार्य ऌकारं पठति ।
ॡ - प्रधानर् ॡकारं पूजयति - प्रधान ॡकारं पूजयति ।

ए - मृगर् एकः अस्ति - मृग एकोऽस्ति ।
ऐ - देवर् ऐश्वर्यं यच्छति - देव ऐश्वर्यं यच्छति ।
ओ - बालर् ओदनं खादति - बाल ओदनं खादति ।
औ - साधकर् औषधे न रमते - साधक औषधे न रमते ।
अ - बालार् अत्र सन्ति - बाला अत्र सन्ति ।
आ - मयूरार् आनन्देन नृत्यन्ति - मयूरा आनन्देन नृत्यन्ति ।
इ - नृपार् इलां पालयन्ति - नृपा इलां पालयन्ति ।
ई - साधकार् ईश्वरं ध्यायन्ति - साधका ईश्वरन्ध्यायन्ति ।
उ - सेवकार् उद्यानं गच्छन्ति - सेवका उद्यानं गच्छन्ति ।
ऊ - समुद्रार् ऊर्मीन् आक्षिपन्ति - समुद्रा ऊर्मीनाक्षिपन्ति ।
ऋ - लोकार् ऋषभं पश्यन्ति - लोका ऋषभं पश्यन्ति ।
ॠ - बालार् ॠकारं पठन्ति - बाला ॠकारं पठन्ति ।
ऌ - श्रमणार् ऌकारं इच्छन्ति - श्रमणा ऌकारमिच्छन्ति ।
ॡ - जनार् ॡकारं त्यजन्ति - जना ॡकारन्त्यजन्ति ।
ए - बालार् एधन्ते - बाला एधन्ते ।
ऐ - देवार् ऐश्वर्यं यच्छन्ति - देवा ऐश्वर्यं यच्छन्ति ।
ओ - छात्रार् ओम् कथयन्ति - छात्रा ओङ्कथयन्ति ।
औ - आतुरार् औषधं सेवन्ते - आतुरा औषधं सेवन्ते ।

**પ્રશ્ન** - ૩ નિ.૨ લાગતો હોવા છતાં ક્યાં લાગતો નથી ? શા માટે ?

**ઉત્તર** - ૩ स् ના र् ની પૂર્વે अ હોય અને પછી अ આવે તો આ નિયમ લાગતો નથી. કારણકે જો આ નિયમથી र् નો લોપ જ કરવો હોત તો પા. ૧૮ નિ.૧ના બનાવત. પા.૧૮ નિ.૧ ખાસ अ માટે જ છે. માટે એ નિયમ મુખ્ય ગણાય. અને તેથી स् નાં र् પૂર્વે अ હોય અને પછી अ આવે તો આ નિયમ ન લાગે.

**પ્રશ્ન** - ૪ आ પછી રહેલાં स् નાં र् નો કેટલા વર્ણો પરછતાં લોપ થાય ?

**ઉત્તર** - ૪ आ ની પછી રહેલ स् નાં र् નો ૩૪ વર્ણો પરછતા લોપ થાય છે.

२० घोषवान व्यंजन
+ १४ स्वर
३४ वर्णो

**પ્રશ્ન - ૫** अ પછી રહેલાં र् નો કેટલા સ્વર પરછતાં र् લોપાય છે?

**ઉત્તર - ૫** अ પછી રહેલ र् નો ૧૩ સ્વર પરછતાં र् લોપાય છે.

**પ્રશ્ન - ૬** પદાન્ત र् ના કુલ ફેરફાર કેટલા આવ્યા ?

**ઉત્તર - ૬** પદાન્ત र् ના કુલ ફેરફાર ૬ આવ્યા.

(૧) વિસર્ગ... (પા.૩ નિ.૨)
(૨) श् (श्, च् અને छ् પર છતાં)
(૩) ष् (ष्, ट् અને ठ् પર છતાં)
(૪) स् (स्, त् અને थ् પર છતાં)
] પા. ૧૮ નિ. ૪ તથા નિ. ૫

(૫) उ (अ તથા ઘોષવાન્ વ્યંજન પર છતાં પાઠ ૧૮ નિ.૩)

(૬) र् નો લોપ (પાઠ-૧૯ નિ.૧,૨)

**પ્રશ્ન - ૭** ઉપર કહેલાં ૬ ફેરફાર થવાની જ્યાં શક્યતા નથી ત્યાં શું કરવું ?

**ઉત્તર - ૭** ઉપર કહેલાં ફેરફાર થવાની જ્યાં શક્યતા નથી ત્યાં સામે વ્યંજન આવે તો રેફ થઈ ઉપર ચઢી જાય છે. દા.ત. हरिर् + जयति = हरिर्जयति અને સામે સ્વર આવે તો र् માં ભળી જાય છે. દા.ત. हरिर् + इच्छति = हरिरिच्छति ।

**પ્રશ્ન - ૮** નિ.૩ કેટલી વાર લાગે ?

**ઉત્તર - ૮** નિ.૩ ૫૬ વાર લાગે છે તે આ રીતે

| | | | |
|---|---|---|---|
| व् + २ अ वर्ण | | य् + २ अ वर्ण | २८ |
| ×१४ स्वर | | ×१४ स्वर | + २८ |
| २८ | + | २८ | ५६ |

૫૬ રીતે લાગે પણ વિકલ્પે લાગતો હોવાથી એના પ્રયોગો ૧૧૨ થાય.

## अं थी પર य् લોપના ઉદાહરણો

(1) दय् अस्ति- द अस्ति, दयस्ति । (दय् = દયાકરનાર.....)
(2) वन्दते आचार्यः- वन्दतय् आचार्यः, वन्दत आचार्यः, वन्दतयाचार्यः ।
(3) वर्धते इच्छा-वर्धतय् इच्छा, वर्धत इच्छा, वर्धतयिच्छा ।
(4) भाषते ईश्वरः- भाषतय् ईश्वरः, भाषत ईश्वरः, भाषतयीश्वरः ।
(5) ग्रामे उद्घोषयति-ग्रामय् उद्घोषयति, ग्राम उद्घोषयति, ग्रामयुद्घोषयति।
(6) कासारे ऊर्मिरस्ति-कासारय् ऊर्मिरस्ति, कासार ऊर्मिरस्ति, कासारयूर्मिरस्ति ।
(7) वन्दे ऋषभम्- वन्दय् ऋषभम्, वन्द ऋषभम्, वन्दयृषभम् ।
(8) भाषे ॠकारम्-भाषय् ॠकारम्, भाष ॠकारम्, भाषयॄकारम्।
(9) मृगयते ऌकारम्-मृगयतय् ऌकारम्, मृगयत ऌकारम्, मृगयतय्ऌकारम् ।
(10) वर्तते ॡकारः- वर्ततय् ॡकारः, वर्तत ॡकारः, वर्ततय्ॡकारः ।
(11) वने एकोऽस्मि- वनय् एकोऽस्मि, वन एकोऽस्मि, वनयेकोऽस्मि ।
(12) संघे ऐक्यं कृतम्-संघय् ऐक्यं कृतम्, संघ ऐक्यं कृतम्, संघयैक्यं कृतम् ।
(13) पचते ओदनम् - पचतय् ओदनम्, पचत ओदनम्, पचतयोदनम् ।
(14) हरे औषधम्-हरय् औषधम्, हर औषधम्, हरयौषधम् ।

## आ थी પર य् લોપના ઉદાહરણો

(1) सरलायै अर्पयति-सरलायाय् अर्पयति, सरलाया अर्पयति, सरलायायर्पयति ।
(2) रमायै आरोहति-रमायाय् आरोहति, रमाया आरोहति, रमायायारोहति ।
(3) आर्यायै इच्छति-आर्यायाय् इच्छति, आर्याया इच्छति, आर्यायायिच्छति ।
(4) सुतायै ईक्षते-सुतायाय् ईक्षते, सुताया ईक्षते, सुतायायीक्षते ।
(5) क्षमायै उपदिशति-क्षमायाय् उपदिशति, क्षमाया उपदिशति, क्षमायायुपदिशति।
(6) बालायै ऊढः- बालायाय् ऊढः, बालाया ऊढः, बालायायूढः ।
(7) जनन्यै ऋद्धिं यच्छति-जनन्याय् ऋद्धिं यच्छति, जनन्या ऋद्धिं यच्छति, जनन्यायृद्धिं यच्छति ।
(8) वध्वै ॠकारं पश्यति-वध्वाय् ॠकारं पश्यति, वध्वा ॠकारं पश्यति, वध्वायॄकारं पश्यति ।

(9) महिलायै लृकारं करोति-महिलायाय् लृकारं करोति, महिलाया लृकारं करोति, महिलायाय्लृकारं करोति ।

(10) क्रीडायै लॄकारं पश्यामि-क्रीडायाय् लॄकारं पश्यामि, क्रीडाया लॄकारं पश्यामि, क्रीडायाय्लॄकारं पश्यामि ।

(11) ऋद्धयै एव प्रयतते-ऋद्धयाय् एव प्रयतते, ऋद्धया एव प्रयतते, ऋद्धयायेव प्रयतते ।

(12) मुक्त्यै ऐच्छत्-मुक्त्याय् ऐच्छत्, मुक्त्या ऐच्छत्, मुक्त्यायैच्छत् ।

(13) शक्त्यै ओदनं जेमति-शक्त्याय् ओदनं जेमति, शक्त्या ओदनं जेमति शक्त्यायोदनं जेमति ।

(14) मत्यै औषधं खादति-मत्याय् औषधं खादति, मत्या औषधं खादति, मत्यायौषधं खादति ।

## अ थी પર व् લોપના ઉદાહરણો

(1) वृक्षव्+ अत्र-वृक्ष अत्र, वृक्षवत्र । वृक्षव् = ઝાડ કાપનારને બોલાવનાર

(2) विष्णो आगच्छ-विष्णव् आगच्छ, विष्ण आगच्छ, विष्णवागच्छ ।

(3) गुरो इच्छ-गुरव् इच्छ, गुर इच्छ, गुरविच्छ ।

(4) शत्रो ईक्षस्व-शत्रव् ईक्षस्व, शत्र ईक्षस्व, शत्रवीक्षस्व ।

(5) भानो उदय-भानव् उदय, भान उदय, भानवुदय ।

(6) रिपो ऊर्ध्वं गच्छ- रिपव् ऊर्ध्वं गच्छ, रिप ऊर्ध्वं गच्छ, रिपवूर्ध्वं गच्छ ।

(7) वायो ऋध्य-वायव् ऋध्य, वाय ऋध्य, वायवृध्य ।

(8) साधो ॠकारं वद- साधव् ॠकारं वद, साध ॠकारं वद, साधवॄकारं वद ।

(9) शिशो लृकारं पश्य-शिशव् लृकारं पश्य, शिश लृकारं पश्य, शिशव्लृकारं पश्य ।

(10) बन्धो लॄ लिख-बन्धव् लॄ लिख, बन्ध लॄ लिख, बन्धव्लॄ लिख ।

(11) इन्दो एवं नाचर-इन्दव् एवं नाचर, इन्द एवं नाचर, इन्दवेवं नाचर ।

(12) पङ्गो ! ऐँ नमःजप - पङ्गव् ऐँ नमः जप, पङ्ग ऐँ नमः जप, पङ्गवैँ नमः जप ।

(13) शिशो ओम् पठ-शिशव् ओम् पठ, शिश ओम् पठ, शिशवोम् पठ ।

(14) साधो औषधमानय- साधव् औषधमानय, साध औषधमानय, साधवौषधमानय ।

## आ थी ५२ व् લોપના ઉદાહરણો

(1) मृगौ अटतः- मृगाव् अटतः, मृगा अटतः, मृगावटतः ।

(2) अश्वौ आगच्छतः- अश्वाव् आगच्छतः, अश्वा आगच्छतः, अश्वावागच्छतः ।

(3) जनौ इच्छतः-जनाव् इच्छतः, जना इच्छतः, जनाविच्छतः ।

(4) वध्वौ ईक्षेते-वध्वाव् ईक्षेते, वध्वा ईक्षेते, वध्वावीक्षेते ।

(5) बालौ उक्तौ - बालाव् उक्तौ, बाला उक्तौ, बालावुक्तौ ।

(6) श्रमणौ ऊर्ध्वं पश्यतः- श्रमणाव् ऊर्ध्वं पश्यतः, श्रमणा ऊर्ध्वं पश्यतः, श्रमणावूर्ध्वं पश्यतः ।

(7) वृक्षौ ऋध्यतः-वृक्षाव् ऋध्यतः, वृक्षा ऋध्यतः, वृक्षावृध्यतः ।

(8) भूमौ ॠकारं लिखति-भूमाव् ॠकारं लिखति, भूमा ॠकारं लिखति, भूमावॄकारं लिखति ।

(9) रात्रौ ऌकारं पठति-रात्राव् ऌकारं पठति, रात्रा ऌकारं पठति, रात्राव्ऌकारं पठति ।

(10) शुकौ ॡकारं वदतः-शुकाव् ॡकारं वदतः, शुका ॡकारं वदतः शुकाव्ॡकारं वदतः ।

(11) वटौ एकत्रास्ताम्-वटाव् एकत्रास्ताम्, वटा एकत्रास्ताम्, वटावेकत्रास्ताम् ।

(12) गिरौ ऐक्षत त्वाम्-गिराव् ऐक्षत त्वाम्, गिरा ऐक्षत त्वाम्, गिरावैक्षत त्वाम् ।

(13) याचकौ ओदनं याचेते - याचकाव् ओदनं याचेते ।
याचका ओदनं याचेते । याचकावोदनं याचेते ।

(14) पाणौ औषधमासीत्- पाणाव् औषधमासीत् ।
पाणा औषधमासीत्, पाणावौषधमासीत् ।

## પાઠ-૨૦

**प्रश्न - १** નિ.૧ શા માટે ? बाल + अस् પાઠ-૧૭ નિ.૩ થી આ થવાનો જ હતો ને ? તો સ્વર દીર્ઘ કરવાનું શા માટે કહ્યું ?

**ઉત્તર - १** જો આ નિયમ ન આપ્યો હોત તો बाल + अस् અહીં પા. ૪ નિ.૧ લાગીને પૂર્વનાં अ નો લોપ થાત અને बालस्-बालर्-बालः આવું

અશુદ્ધરૂપ થાત અને इ, उ, ऋ અન્તવાળા નામોમાં અસ્વસ્વરનો નિયમ લાગીને मुन्यन्, भान्वन्, पित्रन् આવા અશુદ્ધ રૂપ થાત. બીજું અહીં માત્ર अ જ દીર્ઘ કરવો એવું નથી કહ્યું..... જો अ કારાન્ત પું. નામમાં જ દીર્ઘ (आ) કરવું હોત તો.... પાઠ-૧૭ નિ.૨ ભેગો જ આ નિયમ બનાવી દેત... પણ અહીં તમામ સમાન સ્વર દીર્ઘ કરવાના છે. એટલે કે દ્વિ.બ.વ.નાં अस् પ્રત્યય પર છતાં

इ કારાન્ત નામનાં इ નો ई થાય.... દા.ત. मुनीन्, मतीः ।

उ કારાન્ત નામનાં उ નો ऊ થાય.... દા.ત. भानून्, धेनूः ।

ऋ કારાન્ત નામનાં ऋ નો ॠ થાય.... દા.ત. पितॄन्, मातॄः વિ...... માટે આ નિયમ આપેલ છે.

**પ્રશ્ન - ૨** નિ. ૩ માં કર્મની સમજૂતીની જુદી જુદી વ્યાખ્યાઓ શા માટે ?

**ઉત્તર - ૨** (अ)કર્તા ક્રિયા વડે.... આ વ્યાખ્યા છે તે સામાન્યથી કર્મની વ્યાખ્યા છે. અને બાકીની (आ) (इ) આપેલી જે વ્યાખ્યા છે તે કર્મનાં પ્રકાર બતાવનારી વ્યાખ્યા છે.

**પ્રશ્ન - ૩** કર્મના પ્રકાર કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૩** કર્મનાં ૩ પ્રકાર છે. (૧) નિર્વર્ત્ય (૨) વિકાર્ય (૩) પ્રાપ્ય

**(૧) નિર્વર્ત્ય :** જે વસ્તુ હતી જ નહીં અને નવી જ બને અથવા જે નવું જ ઉત્પન્ન થાય તે નિર્વર્ત્ય કર્મ કહેવાય છે.

દા.ત. त्वं काव्यं सृजसि । તું કાવ્ય બનાવે છે.

सः श्लोकान् रचयति । તે શ્લોકોની રચના કરે છે.

महिला पुत्रं जनयति । સ્ત્રી પુત્રને જન્મ આપે છે.

**(૨) વિકાર્ય :** મૂળ વસ્તુનો નાશ થતો હોય અથવા તે વસ્તુમાં ફેરફાર થતો હોય તેને વિકાર્ય કર્મ કહેવાય.

દા.ત. काष्ठं दहति । તે લાકડું બાળે છે.

भाजनं क्षालयति । તે વાસણ સાફ કરે છે.

वस्त्राणि वर्णयति । તે વસ્ત્રો રંગે છે.

तण्डुलान् पचति। તે ચોખા રાંધે છે.

जलं पिबति । ते पाणी पीवे छे.
जिनमर्चति । ते प्रभुने पूजे छे.
मोदकं खादति । ते लाडवो खाय छे. विगेरे...

(૩) **પ્રાપ્ય :** જેમાં ક્રિયા દ્વારા કોઈ ફેરફાર થતો ન હોય તેને પ્રાપ્ય કર્મ કહેવાય.

દા.ત. चन्द्रं पश्यति । તે ચન્દ્રને જુએ છે.
ग्रामं गच्छति । તે ગામ જાય છે.
पुस्तकं नयति । તે પુસ્તક લાવે છે.
धनं यच्छति । તે ધન આપે છે.

**પ્રશ્ન - ૪** દ્વિતીયા વિભક્તિને ગુજરાતીમાં કેવી રીતે બોલાય ?

**ઉત્તર - ૪** સામાન્યથી દ્વિતીયા વિભક્તિને ગુજરાતીમાં "ને" લાગે છે.

પ્રાયઃ સજીવ પદાર્થ કર્મ તરીકે હોય તો "ને"નો ઉપયોગ જલ્દી થાય છે. અજીવ પદાર્થ કર્મ તરીકે હોય તો "ને" બોલાતું નથી.

દા.ત. સજીવમાં : રમેશ **દિનેશને** બોલાવે છે.
રાજા **ચોરને** મારે છે.
બાલક **માતાને** કહે છે. વિ.....
અજીવમાં : દિનેશ **પાણી** પીવે છે.
હું **મહેલ** જોઉં છું.
બાળક **લાડવો** ખાય છે. વિ.....

"કરવું" અર્થ જેની પાછળ આવતો હોય તે ક્રિયાપદનાં કર્મને ગુજરાતીમાં નો, ની, નું લાગે છે.

દા.ત. તે પ્રભુ**ની** પૂજા કરે છે. स जिनं पूजयति ।
તમે સંસાર**નો** ત્યાગ કરો છો. यूयं संसारं त्यजथ ।
અમે પુસ્તકો**નું** રક્ષણ કરીએ છીએ. वयं पुस्तकानि रक्षामः ।

અહીં નો, ની, નું, હોય તો પણ તે - તે શબ્દને દ્વિતીયા વિભક્તિ જ કરવી ષષ્ઠી વિભક્તિ કરવાની નથી.

"જવું" અર્થવાળા ધાતુ ક્રિયાપદ તરીકે હોય તો એનાં કર્મને ગુજરાતીમાં "માં" લખાય છે. દા.ત. રામ વનમાં જાય છે - रामो वनं गच्छति ।

**પ્રશ્ન - ૫** ચ્-છ્ વિ.૬ પછી કયા વર્ણ આવ્યા હોય તો પદાન્ત ન્ નો શ્-ષ્-સ્ થાય ?

**ઉત્તર - ૫** ચ્-છ્ વિ.૬ પછી ૨૩ અધુટ્ આવ્યા હોય તો ન્ નો શ્ ષ્-સ્ થાય છે. [સ્વર ૧૪ + ૯ વ્યંજન (ङ्-ञ्-ण्-न्-म्-य्-र्-ल्-व्)]

દા.ત. गच्छन्[1] + च्युतः-गच्छंश्च्युतः । गच्छँश्च्युतः જતો એવો ચ્યવી ગયો.

आम्रान् + छ्यति[2]-आम्रांश्छ्यति, आम्राँश्छ्यति તે આંબા કાપે છે.

**પ્રશ્ન - ૬** ચ્-છ્ વિ.૬ પછી કયા વર્ણ આવ્યા હોય તો પદાન્ત ન્ નો શ્-ષ-સ્ ન થાય ?

**ઉત્તર - ૬** ચ્-છ્ વિ-૬ પછી ૨૪ ધુટ્ વર્ણો આવ્યા હોય તો ન્ નો શ્-ષ્-સ્ થતો નથી. દા.ત. गच्छन् + त्सरति[3]-गच्छन्त्सरति અંહીં ત્ પછી સ્ એ ધુટ્ વર્ણ છે. માટે ન્ નો સ્ ન થયો.

**પ્રશ્ન** - ૭ નિ. ૫ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૭ નિ. ૫ ૨૭૬ રીતે લાગે.

૬ च्-छ्-ट्-ठ्-त्-थ्
× ૨૩ અધુટ્....
૧૩૮ અનુસ્વારવાળા
+ ૧૩૮ અનુનાસિકવાળા
કુલ ૨૭૬ રીતે આ નિયમ લાગે તેના કેટલાંક ઉદાહરણ -

(૧) अलङ्कारान् चोरयति - अलङ्काराँश्चोरयति अलङ्कारांश्चोरयति ।

(૨) तान् छात्रान् वन्दे- ताँश्छात्रान् वन्दे, तांश्छात्रान् वन्दे ।

(૩) चौरान् टङ्कति[4] - चौराँष्टङ्कति, चौरांष्टङ्कति ।

(૪) गच्छन् ठकारं करोति - गच्छँष्ठकारं करोति, गच्छंष्ठकारं करोति ।

(૫) पुत्रान् त्यजति- पुत्राँस्त्यजति पुत्रांस्त्यजति ।

---

(૧) गच्छन् - गम् ધાતુ વ. કર્તરિ કૃદન્ત પુ.પ્ર.એ.વ. જતો.... (૨) छो ગ.૪. પ.પ છેદવું. કાપવું.... (૩) त्सर् ગ.૧.પ.પ. કપટ કરવું વાંકુ-ચૂંકું ચાલવું.... (૪) टङ्क् ગ.૧.૧૦ પ.પ. બાંધવું, જોડવું, ગુંથવું....

(६) वस्त्रैः जनान् थुडति- वस्त्रैः जनाँस्थुडति, वस्त्रैः जनांस्थुडति ।

**પ્રશ્ન** - ૮ जिनो जीवान् त्रायते । આ પ્રયોગમાં નિ. ૫ લાગે કે નહી ?

**ઉત્તર** - ૮ जिनो जीवान् त्रायते અહીં નિ.૫ લાગી શકે કેમકે પદાન્ત न् પછી त् છે. પછી र् એ અધુટ્ વર્ણ છે. માટે न् નો स् થશે - जिनो जीवांस्त्रायते, जिनो जीवाँस्त्रायते । પરમાત્મા જીવોનું રક્ષણ કરે છે. त्रै ગ.૧ આ.૫. રક્ષણ કરવું.

## પાઠ-૨૧

**પ્રશ્ન** - ૧ र् વિ. ૪ અને न् ની વચ્ચે ક્યા ક્યા વર્ણો આવે તો પણ न् નો ण् થાય ?

**ઉત્તર** - ૧ र् વિ. ૪ને न् ની વચ્ચે ૧૪ સ્વર + ૧૦ (क-प् વર્ગ) + ૩ (य्-व्-ह्) ૨૭ વર્ણો આવ્યા હોય તો પણ न् નો ण् થાય છે. દા.ત. अर्केण, रेखाणाम्, रङ्गेण, अर्घ्याणाम्, अर्पणम्, रेफेण, कर्षणम् (ખેંચવું તે) गर्भेण, भ्रमेण, आर्याणाम्, पर्वणाम्, ग्रहणम् વિ....

**પ્રશ્ન** - ૨ र् વિ.૪ અને न् ની વચ્ચે ક્યા વર્ણો આવે તો न् નો ण् ન થાય ?

**ઉત્તર** - ૨ र् વિ.૪ અને न् ની વચ્ચે च-ट-त વર્ગ - ૧૫+૩ ल्-श्-स् ૧૮ વર્ણો આવે તો न् નો ण् ન થાય. તથા પદને અંતે न् હોય તો તે न् નો ण् થતો નથી. દા.ત. गरलेन, स्पर्शनम्, ग्रासेन, अर्चनम्, पृच्छना, अर्जुनम्, करान् વિગેરે...

**પ્રશ્ન** - ૩ નિ.૩ ક્યા ક્યા નિયમોનાં અપવાદભૂત છે ?

**ઉત્તર** - ૩ નિ.૩ નીચેના નિયમોનાં અપવાદ તરીકે છે.

(૧) પા. ૨૬ નિ.૭ - ई - ऊ પછી અસ્વ સ્વર આવતાં य् - व् થવાનાં હતાં....

(૨) પા.૧૭ નિ.૩ - ई - ऊ પછી અનુક્રમે इ વર્ણ उ વર્ણ આવે તો દીર્ઘ થવાનો હતો...

(૩) પા.૮ નિ.૨ ए પછી કોઈપણ સ્વર આવે તો अय् થવાનો હતો.

(૪) પા.૧૮ નિ.૨ ए પછી अ આવે તો अ નો લોપ થવાનો હતો.

હવે આ નિયમ આપેલ હોવાથી ઉપર કહેલા નિયમોથી થતા કાર્યો થઈ શકે નહીં માટે આ નિયમ તે-તે નિયમનાં અપવાદ ભૂત થયો....

**પ્રશ્ન** - ૪ નિ.૩ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૪ નિ.૩ ૪૨ રીતે લાગે....ई + ૧૪ સ્વર, ऊ + ૧૪ સ્વર, ए + ૧૪ સ્વર = ૪૨ રીતે સંધિ ન થાય.

તેના કેટલાંક ઉદા. નીચે પ્રમાણે છે....

| | | |
|---|---|---|
| फले अत्र । | भानू अटतः । | मुनी अर्चति । |
| वन्देते आचार्यम् । | साधू इच्छतः । | असी ईक्षते । |
| फले इच्छति । | शिशू ऋषभं नमतः । | कवी आचरतः । |
| पुस्तके ईहते । | विष्णू आगच्छतः । | कपी उद्गच्छतः । |
| वर्तेते ऋतू । | | |

## પાઠ-૨૨

**પ્રશ્ન - ૧** વિશેષણનો ઉપયોગ શા માટે ?

**ઉત્તર - ૧** અનેક પદાર્થો અને વ્યક્તિઓમાંથી કોઈ એકને અલગ કરવા માટે વિશેષણનો ઉપયોગ કરાય છે. દા.ત. ૧ વર્ગમાં ૨૦ વિદ્યાર્થીઓ છે. એમાં એક વિદ્યાર્થી તેજસ્વી અને હોંશિયાર છે. कुशलः छात्रः गच्छति.... હોંશિયાર વિદ્યાર્થી જાય છે એમ બોલતાં બધા વિદ્યાર્થીઓમાંથી कुशल વિશેષણે

તે વિદ્યાર્થીને અલગ કર્યો..... એવી જ રીતે લાલ ગાય, કાળો ઘોડો, જાડો ઘેંટો વિગેરે બોલતાં ગાય-ઘોડા-ઘેંટાનાં ટોળામાંથી તે અલગ જ દેખાશે માટે આ વિશેષણને વ્યાવર્તક- વિશેષણ કહેવાય છે.

કેટલાંક વિશેષણો માત્ર વસ્તુનું સ્વરૂપ જ બતાવે છે. દા.ત. रक्तं पद्मम्-લાલ કમળ... કમળ હંમેશા લાલ જ હોય છે. એટલે આમાં કોઈને કોઈથી અલગ કરાતાં નથી... માટે रक्तं पद्मम्, नीलमुत्पलम्(લીલું નીલકમળ) लोहितः तक्षकः (લાલ તક્ષક જાતિનો સર્પ) વિ.માં रक्त-नील-लोहित વિ. વિશેષણો સ્વરૂપ દર્શક વિશેષણ કહેવાય.

કેટલાંક વિશેષણો ક્રિયાનાં અર્થમાં વધારો કરતાં હોવાથી એને ક્રિયાવિશેષણ કહેવાય છે. सुखं वसति । તે સુખપૂર્વક રહે છે. ક્રિયાવિશેષણ નપું.એ.વ.માં જ વપરાય છે. આ રીતે વિશેષણનો ઉપયોગ અનેક રીતે થાય છે.

**પ્રશ્ન - ૨** સર્વનામનો પ્રયોગ ક્યારે ક્યારે થાય ?

**ઉત્તર** - ૨ સર્વનામનો પ્રયોગ બે રીતે થાય છે. (૧) નામને બદલે.... (૨) વિશેષણ તરીકે...... દા.ત. रमेशः पठति... એના જ સંબંધમાં બીજીવાર બોલવું હોય ત્યારે स दिने न प्रमाद्यति । તે દિવસે પ્રમાદ કરતો નથી. આ રીતે तद् સર્વનામનો ઉપયોગ થાય છે.

(૨) વિશેષણ તરીકે..... पुस्तकमत्र नास्ति । પુસ્તક અહીં નથી. ક્યું પુસ્તક ? તો तत् पुस्तकमत्र नास्ति । તે પુસ્તક અહીં નથી तत् બોલતાં બીજા પુસ્તકમાંથી तद् સર્વનામે તે પુસ્તકને અલગ કર્યું... માટે આ રીતે तत् સર્વનામનો વિશેષણ તરીકે પણ ઉપયોગ થાય છે.

**પ્રશ્ન - ૩** अस्मद्-युष्मद्-तद् સર્વનામની પ્રથમા દ્વિતીયા વિભક્તિ પ્રયોગમાં વાપરી બતાવો.

**ઉત્તર** - ૩ (૧) अहं वनं गच्छामि। હું વનમાં જાઉં છું... પ્રથમા એ.વ.
(૨) जनको मां पृच्छति। પિતાજી મને પૂછે છે... દ્વિતીયા એ.વ.

(૩) आवामत्र तिष्ठावः। અમે બે અહીં ઉભા છીએ... પ્ર.દ્વિ.વ.
(૪) जनक आवां पालयति। પિતાજી અમને બેને પાળે છે... દ્વિ.દ્વિ.વ.
(૫) वयमिह लुट्यामः। અમે અહીં આળોટીએ છીએ... પ્ર.બ.વ.
(૬) जना अस्मान् पश्यति। માણસો અમને જુએ છે... દ્વિ.બ.વ.
(૭) त्वामाचार्यं नमसि। તું ધર્મગુરૂને નમસ્કાર કરે છે... પ્ર.એ.વ.
(૮) मित्राणि त्वां मिलति। મિત્રો તને ભેટે છે... દ્વિ.એ.વ.
(૯) युवान्तत्र धावथः। તમે બે ત્યાં દોડો છો... પ્ર.દ્વિ.વ.
(૧૦) श्रमणो युवां चिन्तयति। મુનિ તમારા બેની ચિન્તા કરે છે. દ્વિ.દ્વિ.વ.
(૧૧) यत्र यूयं जलं पिबथ। જ્યાં તમે પાણી પીઓ છો. પ્ર.બ.વ.
(૧૨) तत्र मित्रं युष्मान् स्मरति। ત્યાં મિત્ર તમને યાદ કરે છે. દ્વિ.બ.વ.
(૧૩) स न पठति। તે ભણતો નથી પ્ર.એ.વ.
(૧૪) आचार्यस्तं दण्डयति। આચાર્યભગવંત તેને દંડ કરે છે. દ્વિ.એ.વ.
(૧૫) तौ न माद्यतः। તે બન્ને ભૂલતાં નથી. પ્ર.દ્વિ.વ.
(૧૬) नृपस्तौ स्पृहयति। રાજા તે બન્નેને ચાહે છે. દ્વિ.દ્વિ.વ.
(૧૭) ते धनं न यच्छन्ति। તેઓ ધન આપતાં નથી. પ્ર.બ.વ.
(૧૮) जनस्तान् निन्दति। માણસ તેઓને નિંદે છે. દ્વિ.બ.વ.

**પ્રશ્ન** - ૪ વિશેષણ રૂપે तत् સર્વનામ દ્વિતીયા વિભક્તિમાં વાપરો.
**ઉત્તર** - ૪ (૧) तत् पुस्तकं न पठामि તે પુસ્તકને હું ભણતો નથી.
(૨) त्वं ते मित्रे न कथयसि તું તે બન્ને મિત્રોને કહેતો નથી.
(૩) जनस्तानि पुष्पाणि हरति માણસ તે ફૂલો ને લઈ જાય છે...
(૪) अहं तं जिनं वन्दे હું તે પ્રભુને વંદન કરું છું...
(૫) त्वं तौ मृगौ पालयसि તું તે બે હરણોને પાળે છે.
(૬) जनकस्तान् श्लोकान् घोषयति પિતાજી તે શ્લોકો ગોખે છે.

# પાઠ-૨૩

**પ્રશ્ન** - ૧ તૃતીયા વિભક્તિનો મૂળ પ્રત્યય (પા.૧૬માં) आ-भ्याम्-भिस् છે અહીં इन-भ्याम्-ऐस् કેમ ?

**ઉત્તર** - ૧ अ કારાન્ત નામોથી પર आ નો इन અને भिस् નો ऐस् આદેશ થાય છે. માટે અહીં આદેશ કરીને મૂકેલા પ્રત્યયો છે.

**પ્રશ્ન** - ૨ તૃતીયા બ.વ.માં एस् આદેશ કેમ ન કર્યો ऐस् કેમ કર્યો ?

**ઉત્તર** - ૨ अ કારાન્ત નામમાં अ+एस् આવતાં પા.૧૭ નિ.૧થી ऐस् થઈ જવાનો હતો એટલે एस् કર્યો હોત તો ચાલત પણ (૧) बाल+एस् કર્યા પછી પાઠ-૪ નિ.૧થી अ નો લોપ થઈ જાત અને बाले: આવું અશુદ્ધ રૂપ થાત... (૨) આગળ બીજી બુકમાં अतिजर શબ્દ આવશે તેનો સ્વરાદિ પ્રત્યય પર છતાં अतिजरस् થાય છે. अतिजरस् + ऐस् = अतिजरसै: આ રૂપ સિદ્ધ કરવા માટે ऐस् કરેલ છે. જો एस् કરીએ તો अतिजरसे: આવું અશુદ્ધ રૂપ થાત તેવું ન થાય માટે જ ऐस् આદેશ કર્યો છે.

**પ્રશ્ન** - ૩ કરણ એટલે શું ?

**ઉત્તર** - ૩ કરણ એટલે કોઈ પણ ક્રિયાનું અસાધારણ કારણ... સામાન્યથી કારણ બે પ્રકારે છે. (૧) ઉપાદાન કારણ... (૨) નિમિત્ત કારણ..

**(૧) ઉપાદાન** : જે કારણ કાર્યમાં રૂપાંતર થઈ જાય છે તે ઉપાદાનકારણ દા.ત. કુંભાર માટીને ઘડા રૂપે બનાવે છે.... ત્યાં માટી પોતે જ ઘડા રૂપે બની જાય છે. માટે માટી એ ઉપાદાન કારણ કહેવાય. આ કારણને કરણ ગણવાનું નથી.

**(૨) નિમિત્ત** : જેની સહાય વિના કાર્ય ન થઈ શકે પણ કાર્ય કરીને અલગ થઈ જાય તેને નિમિત્ત કારણ કહેવાય છે. એટલે કે કાર્ય કરતી વેળાએ એની હાજરી અવશ્ય હોય.. પણ પછી કાર્ય સાથે જોડાયેલા ન રહે અથવા તો કાર્ય રૂપે બની ન જાય તે કારણને નિમિત્ત કારણ કહેવાય. દા.ત. કુંભાર

ચાકડાથી/દંડથી ઘડો બનાવે છે. અહીં चक्र - दण्ड વિ. કાર્ય કરવામાં ખાસ જરૂરી છે પણ કાર્ય થઈ ગયા પછી (ઘડો બની ગયા પછી) એ અલગ પડી જાય છે. કાર્ય (ઘડા) રૂપે બની જતાં નથી માટે તેને નિમિત્ત કારણ કહેવાય. આવા અસાધારણ નિમિત્ત કારણને કરણ કહેવાય છે...

**પ્રશ્ન - ૩** નિ.૩નાં થોડા ઉદાહરણો જણાવો.

(૧) अहं पुस्तकेन पठामि - હું પુસ્તકથી ભણું છું.
(૨) जनो मुखेन वदति - માણસ મુખથી બોલે છે.
(૩) बालौ काष्ठेन तरतः - બે બાળકો લાકડાથી તરે છે.
(૪) हस्ताभ्यां मोदकान् खादन्ति - તેઓ બે હાથથી લાડવા ખાય છે.
(૫) तेऽस्मान् फलैः सान्त्वयन्ति - તે અમોને ફળોથી ખુશ કરે છે.

**પ્રશ્ન - ૪** નિ.૪ 'સાથે' અર્થ જણાતો હોય એવા બીજા શબ્દો ક્યા ?

**ઉત્તર - ૪** सह = સાથે અર્થ જણાવનારા શબ્દો ઘણાં છે. જેવા કે, सार्धम्, साकम्, समम्, अमा વિ... આ શબ્દો (અવ્યયો) જેની સાથે જોડાયેલા હોય એને પણ તૃતીયા વિભક્તિ થાય છે. દા.ત. अहं तेन साकं गच्छामि...

**પ્રશ્ન - ૫** अस्मद् વિ. ત્રણેનો તૃતીયામાં અર્થ કેવો થાય તે જણાવો ?

**ઉત્તર - ૫** मया - મારા વડે, મારાથી, મારી સાથે.
आवाभ्याम् - અમારા બે વડે, અમારા બે થી, અમારા બેની સાથે.
अस्माभिः - અમારા વડે, અમારાથી, અમારી સાથે.
त्वया - તારાથી, તારાવડે, તારી સાથે.
युवाभ्याम् - તમારા બેથી, તમારા બે વડે, તમારા બેની સાથે.
युष्मभ्यम् - તમારાથી, તમારા વડે, તમારી સાથે.
तेन - તેનાવડે, તેનાથી, તેની સાથે.
ताभ्याम् - તે બે વડે, તે બેથી, તે બેની સાથે.
तैः - તેઓથી, તેઓ વડે, તેઓની સાથે.

# પાઠ-૨૪

**પ્રશ્ન - ૧** ક્યા ક્યા પ્રત્યય પર છતાં શબ્દનાં અનો આ થાય છે ?

**ઉત્તર - ૧** अस्(પ્ર.દ્વિ.બ.વ.નો) भ्याम्(તૃ.ચ.પં.દ્વિ.વ.નો) य(ચ.એ.વ.) આટલાં પ્રત્યય પર છતાં અનો આ થાય છે.

**પ્રશ્ન - ૨** નિ.૪ આ નિયમની સ્પષ્ટતા કરવા સાથે ઉદા. લખો.

**ઉત્તર - ૨** કર્મ અથવા ક્રિયા વડે... એટલે કે (૧) કર્મને કારણે જે વ્યક્તિ સાથે નજીકનો સંબંધ જોડાય તેને સંપ્રદાન કહેવાય અને તેને ચતુર્થી વિભક્તિ થાય...

(૧) દા.ત. आचार्यः शिष्येभ्यो धर्मं कथयति - આચાર્ય ભગવંત શિષ્યોને ધર્મ કહે છે. ધર્મને કહેવા દ્વારા એટલે કે ધર્મરૂપ કર્મ દ્વારા શિષ્યો સાથે સંબંધ બંધાયો છે. માટે શિષ્ય સંપ્રદાન બને અને ચતુર્થી વિભક્તિ લાગે. અહીં ઉપકારની દૃષ્ટિએ સંબંધ થયેલો જાણવો.

(૨) भृत्याः नृपाय रहस्यं वर्णयन्ति - નોકરો રાજાને રહસ્ય જણાવે છે. અહીં દુઃખનાશ કે કીર્તિની ઈચ્છાથી रहस्य રૂપ કર્મ દ્વારા રાજા સાથે સંબંધ થાય છે માટે नृप શબ્દને ચતુર્થી વિભક્તિ થાય છે...

(૩) देवाय बलिं दत्ते - તે દેવને બલિ (બાકુળા) આપે છે.... અહીં શ્રદ્ધા કે દુઃખનાશની ઈચ્છાથી बलि રૂપ કર્મ દ્વારા દેવની સાથે સંબંધ થયો છે. માટે देव શબ્દને ચતુર્થીવિભક્તિ લાગી છે. એજ પ્રમાણે स भिक्षुकाय धनं यच्छति । छात्राय शास्त्रमुपदिशति । अहं श्रमणाय भिक्षां यच्छामि । नृपा ब्राह्मणाय दक्षिणां प्रयच्छन्ति ।

(૨) એવી જ રીતે ક્રિયા દ્વારા જેની સાથે સંબંધ કરાય છે તે પણ સંપ્રદાન બને છે. દા.ત. पत्ये शेते તે પતિ પાસે સૂઈ જાય છે. અહીં સૂવાની ક્રિયા દ્વારા પતિ સાથે સંબંધ કરાય છે માટે પતિ શબ્દને ચતુર્થી વિભક્તિ લાગે છે. એજ પ્રમાણે देवेभ्यो नमति । युद्धाय सन्नह्यते (યુદ્ધ માટે તૈયાર થાય છે) श्राद्धाय निन्दन्ति (શ્રાદ્ધ માટે નિંદા કરે છે) વિ....

**પ્રશ્ન** - ૩ નિ.૫.નાં થોડા ઉદા. લખો.

**ઉત્તર** - ૩ (૧) रामः भोजनाय गृहं गच्छति । રામ ભોજન માટે ઘરે જાય છે. (૨) ते मोक्षाय जिनं पूजयन्ति । તેઓ મોક્ષ માટે પ્રભુને પૂજે છે. (૩) मनुष्याः फलेभ्य उद्यानेऽटन्ति । માણસો ફળો સારું બગીચામાં ફરે છે. (૪) सत्संगः सुखाय भवति । સજ્જનોનો સંગ સુખને માટે થાય છે. (૫) विनयो विद्यायै कर्तव्यः । વિદ્યા માટે વિનય કરવો જોઈએ.

**પ્રશ્ન** - ૪ महयम् વિ.નો અર્થ લખો.

**ઉત્તર** - ૪ महयम् -મને, મારા માટે, મારી પાસે..

| | | |
|---|---|---|
| आवाभ्याम् | - | અમને બેને, અમારા બે માટે, અમારા બન્ને પાસે.... |
| अस्मभ्यम् | - | અમને, અમારા માટે, અમારી પાસે... |
| तुभ्यम् | - | તને, તારા માટે, તારી પાસે... |
| युवाभ्याम् | - | તમને બે ને, તમારા બન્ને માટે, તમારા બન્નેની પાસે.... |
| युष्मभ्यम् | - | તમને, તમારા માટે, તમારી પાસે..... |
| तस्मै | - | તેને, તેના માટે, તેની પાસે..... |
| ताभ्याम् | - | તે બેને, તે બે માટે, તે બે પાસે..... |
| तेभ्यः | - | તેઓને, તેઓ માટે, તેઓ પાસે.... |

## પાઠ-૨૫

**પ્રશ્ન** - **૧** પંચમી એ.વ.નો પ્રત્યય अस् નો आत् આદેશ કેમ કર્યો ? अत् કરી દીધો હોત તો પણ ચાલત ને ?

**ઉત્તર** - **૧** જો अत् આદેશ કરે તો પા.૪.નિ.૧ લાગી શબ્દનાં अ નો લોપ થઈ જાત અને बालत् આવું અશુદ્ધ રૂપ થાત તેવું ન થાય માટે आत् કરેલ છે.

**પ્રશ્ન** - ૨ નિ.૧ લાગવાની પ્રાપ્તિ હોવા છતાં ન લાગે એવું ક્યારે થાય ?

**ઉત્તર** - ૨ ધુટ્ વ્યંજનો કુલ ૨૪ છે. એમાં પદને અંતે જો स् આવ્યો

હોય તો પ્રાયઃ તેનો પા.૩ નિ.૧થી र् થઈ જતો હોવાથી લગભગ આ નિયમ લાગતો નથી..

* પદને અંતે श् આવેલો હોય તો (ધાતુનો હોય તો) બીજી બુક - પા.૧૪ નિ.૨થી ष् થઈ જાય છે. અને તે ष् નો આ નિયમથી ड् થઈ જાય છે માટે श् આવ્યો હોય તો પણ આ નિયમ લાગી શકતો નથી.

* જો પદને અંતે ह् આવ્યો હોય તો તેનો પણ બીજી બુક પા.૧૦ નિ.૧૧ થી ढ् થઈ જાય છે. અને પછી ड् થઈ જાય છે માટે ह् હોય તો પણ આ નિયમ લાગી શકતો નથી. આ રીતે स्-श्-ह् માટે તે-તે સ્થળે અપવાદ ભૂત નિયમ આપેલ હોવાથી ત્યાં આ નિયમ લાગી શક્તો નથી. એટલે વર્ગીય ધુટ્ વ્યંજન - ૨૦ + ૧(ष्) આટલા ધુટ્ વ્યંજનો માટે આ નિયમ લાગશે એટલે આ નિયમ કુલ-૨૧ રીતે લાગશે. દા.ત. वाग्(વાણી), गोधुग्(ગાયને દોહનાર), भूभुग्, द्विड्, मित्रध्रुट् (મિત્રનો દ્રોહ કરનાર), सम्राड्, युद्, वियद्, ककुब् વિગેરે..

**પ્રશ્ન** - ૩ નિ.૨ કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - ૩ નિ.૨ ૨૭૩ રીતે લાગે.

∴ ૨૧ શિટ્ સિવાયનાં ધુટ્

× ૧૩ અઘોષ વ્યંજન

૨૭૩

ઉદાહરણો : वाक्कीर्तिः, वाक्खरः, वाक्पटुता, भूभुक्छत्रम्, युच्छूरः, जगच्छून्यम्, वियत्कमलम्, मृत्कलशः, वाक्समरः વિ...

**પ્રશ્ન** - ૪ નિ.૨માં શિટ્ વ્યંજનનાં વર્જનનું ફળ શું ?

**ઉત્તર** - ૪ શિટ્નું વર્જન કરેલ હોવાથી पयस्सु पयःसु, आयुष्षु आयुःषु આવા રૂપો સિદ્ધ થશે. તે આ પ્રમાણે पयस्+सु આ પ્રયોગમાં પા.૩૪ નિ.૧થી पयस् પદ બને. હવે જો અહીં શિટ્નું વર્જન ન કર્યું હોત તો આ નિયમથી स् નો त् થાત અને पयत्सु એવું રૂપ થાત.... પણ અહીં શિટ્નું વર્જન કરેલું હોવાથી स् નો र् (પા.૩.નિ.૧), પા.૧૮ નિ.૪ થી र् નો स् -

पयस्सु... વિકલ્પે પા.૩ નિ.૨ થી વિસર્ગ થવાથી पय:सु એવી જ રીતે आयु:षु आयुष्षुમાં જાણવું.....

**પ્રશ્ન - ૫** નિ.૪ કેટલી રીતે લાગે ? કેવી રીતે ? ઉદા. સાથે લખો.

**ઉત્તર - ૫** નિ.૪. ૨૫ રીતે લાગે.

૫ ત્રીજો વ્યંજન (ग्-ज्-ड्-द्-ब्)

× ૫ પાંચમો વ્યંજન (ङ्-ञ्-ण्-न्-म्)

૨૫

ઉદા.: (૧) वाग् + ङूयते - वाङ्ङूयते, वाग्ङूयते । વાણી બોલાય છે.

(૨) भूभुग् + ञुङुवे - भूभुङ्ञुङुवे, भूभुग्ञुङुवे । રાજા બોલ્યો

(૩) दिग् + णकार: - दिङ्णकार:, दिग्णकार: । દિશાનો ण કાર

(૪) रुग् + नश्यति - रुङ्नश्यति, रुग्नश्यति । રોગ નાશ પામે છે.

(૫) त्वग् + ममत्वम् - त्वङ्ममत्वम्, त्वग्ममत्वम्। ચામડીનું મમત્વ

(૬) अज् + ङूयते - अञ्ङूयते, अज्ङूयते । સ્વર બોલાય છે.

(૭) अज् + ञकार: - अञ्ञकार:, अज्ञकार: । સ્વર અને ञ् કાર

(૮) अज् + णकार: - अञ्णकार: अज्णकार: । સ્વર અને ण् કાર

(૯) अज् + नुति: - अञ्नुति:, अज्नुति: । સ્વરોની સ્તુતિ

(૧૦) अज् + मुच्यते - अञ्मुच्यते, अज्मुच्यते । સ્વર છોડાય છે.

(૧૧) राजध्रुड् + ङ्वते - राजध्रुण्ङ्वते, राजध्रुड्ङ्वते । રાજદ્રોહી બોલે છે.

(૧૨) मधुलिड् + ञुङुवे - मधुलिण्ञुङुवे, मधुलिड्ञुङुवे । ભમરો બોલ્યો.

(૧૩) द्विड् + णकारीयति - द्विण्णकारीयति, द्विड्णकारीयति । શત્રુ ण् જેવો લાગે છે.

(૧૪) सम्राड् + नमति - सम्राण्नमति, सम्राड्नमति । રાજા નમે છે.

(૧૫) विड् + मुह्यति - विण्मुह्यति, विड्मुह्यति । વૈશ્ય મોહ પામે છે.

(૧૬) मरुद् + ङ्वते - मरुन्ङ्वते, मरुद्ङ्वते । પવન બોલે છે.

(૧૭) योषिद् + ञुङुवे - योषिन्ञुङुवे, योषिद्ञुङुवे । સ્ત્રી બોલી હતી.

(૧૮) मृद् + णकार:- मृन्णकार:, मृद्णकार: । માટી નો ણકાર

(૧૯) मुद् + नीयते - मुन्नीयते, मुद्नीयते । આનંદ લવાય છે.

(૨૦) आपद् + मुक्तिः – आपन्मुक्तिः, आपद्मुक्तिः । આફત માંથી મુક્તિ

(૨૧) धनलुब् + ङवते – धनलुम्ङवते, धनलुब्ङवते । ધનનો લોભ બોલે છે.

(૨૨) सन्द्दब् + ञुङ्वे – सन्दम्ञुङ्वे, सन्दब्ञुङ्वे । ગર્વ કરનારો બોલે છે.

(૨૩) ककुब् + णकारः – ककुम्णकारः, ककुब्णकारः । દિશાનો ણ કાર.

(૨૪) अब् + निधिः – अम्निधिः, अब्धिः । દરિયો

(૨૫) ककुब् + मण्डलम् – ककुम्मण्डलम्, ककुब्मण्डलम्। દિશાનું મંડલ.

**પ્રશ્ન - ૬** અપાદાન કેટલી રીતે થાય ? કેવી રીતે ?

**ઉત્તર - ૬** સામાન્યથી અપાદાન બે રીતે થાય. કોઈપણ વસ્તુ બીજી વસ્તુથી વાસ્તવિક રીતે છુટી પડે છે. તેમ બુદ્ધિથી પણ છુટી પડે છે. દા.ત. वृक्षात्पर्णं पतति – વૃક્ષથી પાંદડું પડે છે., स गृहान्निर्गच्छति - તે ઘરમાંથી નીકળે છે. અહિં વાસ્તવિક છૂટુ પડવાનું હોવાથી આ વાસ્તવિક અપાદાન કહેવાય અને अध्ययनात् पराजयते (તે ભણવાથી કંટાળે છે.) અહીં અધ્યયનથી છૂટો પડતો નથી પણ કાલ્પનિક ભેદ છે એવી જ રીતે कूपादन्धं वारयति આંધળા માણસને કૂવાથી વારે છે. यवेभ्यो बलीवर्दान्रक्षति જવથી બળદોનું રક્ષણ કરે છે. આ બધામાં માનસિક / બુદ્ધિથી છૂટુ પડવાનું છે. માટે ત્યાં બુદ્ધિકૃત (કાલ્પનિક) અપાદાન જાણવું.

**પ્રશ્ન - ૭** નામને લાગતી વિભક્તિ કેટલા પ્રકારે ?

**ઉત્તર - ૭** નામને લાગતી વિભક્તિ બે પ્રકારે છે.

(૧) કારક વિભક્તિ (૨) ઉપપદ વિભક્તિ

(૧) કારક વિભક્તિ : ક્રિયાપદ સાથે સંબંધ ધરાવતાં શબ્દોને તે તે અર્થમાં વિભક્તિ લાગે તે કારક વિભક્તિ કહેવાય. કર્તા અર્થમાં પ્રથમા, કર્મ અર્થમાં દ્વિતીયા.... વિ... सह, अलम्, कृतम्, વિ. અવ્યયના યોગમાં તૃતીયાવિભક્તિ नमस् - स्वस्ति અવ્યયનાં યોગમાં ચતુર્થી, विना અવ્યયનાં યોગમાં દ્વિ.તૃ.પં. વિભક્તિ, આવી રીતે તે-તે અવ્યયનાં યોગમાં તે-તે વિભક્તિ લાગે છે એ બધી ઉપપદવિભક્તિ કહેવાય.

**પ્રશ્ન** - ૮ વિના અર્થવાળા અવ્યયનાં યોગમાં દ્વિ.તૃ.પં. વિભક્તિ થાય કે નહીં ?

**ઉત્તર** - ૮ અહીં વિના અવ્યયનાં યોગમાં દ્વિ.તૃ.પં. વિભક્તિ થાય એમ કહેલું હોવાથી વિના અર્થવાળા બીજા (रहित વિ.) શબ્દનાં યોગમાં દ્વિ.તૃ.પં.વિભક્તિ થતી નથી. માત્ર તૃતીયા વિભક્તિ જ થાય છે.

## પાઠ-૨૬

**પ્રશ્ન** - ૧ ષષ્ઠી વિભક્તિનાં ક્યા પ્રત્યયનો ક્યો આદેશ થયો છે ?

**ઉત્તર** - ૧ ષષ્ઠી વિભક્તિનાં એ.વ.નાં अंस् પ્રત્યયનો स्य અને બ.વ.નાં आम् પ્રત્યયનો नाम् આદેશ થાય છે. દા.ત. बालस्य, बालानाम्

**પ્રશ્ન** - ૨ ક્યા ક્યા પ્રત્યય પર છતાં अ નો ए થાય ?

**ઉત્તર** - ૨ भिस्, भ्यस् (ચ.પં.બ.વ.), ओस् (ષ.સ.દ્વિ.વ.), सु એમ કુલ ૬ પ્રત્યય પર છતાં अ નો ए થાય છે.

**પ્રશ્ન** - ૩ નિ.૩ કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - ૩ નિ.૩ ૨૧ રીતે લાગે.

$$\frac{\text{નામી}}{૧૨} + \frac{\text{અન્તસ્થા}}{૪} + \frac{\text{क વર્ગ}}{૫} = \text{૨૧ રીતે લાગે.}$$

દા.ત. मतिषु, नदीषु, धेनुषु, वधूषु, पितृषु, बालेषु, गोषु, नौषु, वाक्षु વિ....

**પ્રશ્ન** - ૪ નામનો નામની સાથે સંબંધ એટલે શું ?

**ઉત્તર** - ૪ કર્મ  કરણ વિ.માં નામનો ક્રિયાપદની સાથે સંબંધ હતો અહીં નામનો નામની સાથે સંબંધ છે તે અનેક પ્રકારનો છે... જેમકે-

(૧) જન્ય - જનકભાવ સંબંધ - પિતાનો પુત્ર - जनकस्य पुत्रः ।

(૨) સ્વ-સ્વામિભાવ સંબંધ - રાજાનો માણસ - नृपस्य जनः ।

મિત્રનું ધન - मित्रस्य धनम् ।, મારું પુસ્તક - मम पुस्तकम् । વિ...

(૩) અવયવ-અવયવીભાવ સંબંધ-વિદ્યાર્થીનું મોઢું छात्रस्य मुखम्। હાથની આંગળી हस्तस्य अङ्गुलिः વિ..

(૪) સમૂહ-સમૂહિભાવ સંબંધ - બકરીઓનું ટોળું. अजानाम् समूहः । ફૂલોનો ઢગલો - पुष्पाणामुत्करः । વિ...

(૫) વિકાર-વિકારીભાવસંબંધ - માટીનો ઘડો. मृत्तिकायाः घटः । લાકડાનું બારણું - काष्ठस्य द्वारम् । વિ.

આવી રીતે અનેક પ્રકારનાં સંબંધમાં નામને ષષ્ઠી વિભક્તિ થાય છે. અને આ વિભક્તિને ઉપપદ વિભક્તિ પણ કહેવાય છે.

**પ્રશ્ન - ૫** અધિકરણ એટલે શું ? કેટલા પ્રકારના ? ક્યા ક્યા ?

**ઉત્તર - ૫** અધિકરણ = વસ્તુનો આધાર. આધાર છ પ્રકારે છે. (૧) વૈષયિક (૨) ઔપશ્લેષિક (૩) અભિવ્યાપક (૪) નૈમિત્તિક (૫) સામીપ્યક (૬) ઔપચારિક

(૧) વૈષયિક - જેનું જે સ્થાન છે તે ત્યાં જ રહે બીજે રહેતાં ન દેખાય તેને વૈષયિક આધાર કહેવાય. દા.ત. स्वर्गे देवाः, आकाशे तारकाः, भूमौ मनुष्याः વિ...... દેવો સ્વર્ગમાં જ રહે છે., તારા આકાશમાં જ રહે છે. બીજે રહેતા નથી. માટે તેને વૈષયિક સપ્તમી કહેવાય.

(૨) ઔપશ્લેષિક - વસ્તુનો સંયોગ આધારનાં એક ભાગમાં હોય... આખા આધારમાં વ્યાપીને રહેલો ન હોય. તે આધારને ઔપશ્લેષિક આધાર કહેવાય. દા.ત. गृहे तिष्ठति, आसने उपविशति, पल्यङ्के स्वपिति વિ.... તે ઘરમાં રહે છે, આસન ઉપર બેસે છે, પલંગ ઉપર સૂવે છે... અહીં ઘરનાં એક ભાગમાં જ રહેવાનું હોય છે. તેવી જ રીતે બીજામાં જાણવું.

(૩) અભિવ્યાપક - આધેય તરીકે રહેલી વસ્તુ એના આધારમાં સંપૂર્ણ પણે વ્યાપીને રહી હોય તેને અભિવ્યાપક આધાર કહેવાય છે. દા.ત. तिलेषु तैलम्, दधिषु घृतम्, मधुनि माधुर्यम्, वस्त्रे श्वेतत्वम्, તલમાં તેલ, દહીંમાં ઘી, મધમાં મીઠાશ, વસ્ત્રમાં ધોળાશ.. અહીં તેલ સંપૂર્ણ તલમાં વ્યાપીને રહેલું છે. માટે તેને અભિવ્યાપક આધાર કહેવાય એવી રીતે બીજામાં જાણવું.

(૪) નૈમિત્તિક - જેના નિમિત્તે કાર્ય થાય તેને નૈમિત્તિક આધાર કહેવાય.. દા.ત. आतपे श्राम्यति – તડકામાં થાકી જાય છે. અહીં થાકી જવામાં નિમિત્તભૂત તડકો છે. માટે आतप શબ્દને સપ્તમી વિભક્તિ થઈ તે નૈમિત્તિક સપ્તમી કહેવાય... એવી જ રીતે युद्धे सन्नह्यते – યુદ્ધ માટે તૈયાર થાય છે.. वर्षायां फलति वनस्पतिः - વર્ષાઋતુમાં વનસ્પતિ ફળે છે.... વિ....

(૫) સામીપ્યક - આધેય તરીકે બતાવેલ વસ્તુ આધારની બાજુમાં હોય આધારમાં ન હોય તે સામીપ્યક આધાર.... દા.ત. गङ्गायां घोषः - (ગંગામાં ઝૂંપડી..) તો ગંગાનાં પ્રવાહમાં ઝૂંપડી ન હોઈ શકે ગંગાની પાસે ઝૂંપડી છે. માટે તેને સામીપ્યક સપ્તમી કહેવાય. એવી જ રીતે गुरौ वसति शिष्यः - શિષ્ય ગુરૂ પાસે રહે છે...

(૬) ઔપચારિક - વાસ્તવિક રીતે વસ્તુ આધારમાં ન રહી હોય.. પણ કાલ્પનિક રીતે ઉપચાર થી તે તે આધારમાં તે તે આધેય ઘટાવે તે ઔપચારિક આધાર કહેવાય... स मे मुष्टौ वसति - તે તો મારી મુઠ્ઠીમાં છે... स मे नेत्रयोः वर्तते – તે મારી આંખમાં જ રહેલો છે. ખરેખર 'તે' વ્યક્તિ આંખમાં કે મુઠ્ઠીમાં નથી પણ ઉપચારથી આધેયને આધારમાં ઘટાવ્યો છે... આ રીતે ૬ પ્રકારે આધાર-આધેય ભાવ ઘટે છે....

**પ્રશ્ન** - ૬ નિ.૭ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૬ નિ.૭....૯૬રીતે લાગે તે આ પ્રમાણે....

| | |
|---|---|
| इ–ई = ૨ | उ–ऊ–૨ |
| × ૧૨ इ–ई સિવાયનાં સ્વરો | × ૧૨ उ–ऊ સિવાયનાં સ્વરો |
| ૨૪ | ૨૪ |

એવી જ રીતે ऋ વર્ણ.....लृ વર્ણ માટે જાણવું ૨.૪ × ૪ = ૯૬

(૧) वसति + अत्र – वसत्यत्र । તે અહીં રહે છે.

(૨) पठति + आगमम् – पठत्यागमम् । તે આગમ ભણે છે.

(૩) यच्छति + उत्तरम् – यच्छत्युत्तरम् । તે જવાબ આપે છે.

(૪) उच्छलन्ति + ऊर्मयः – उच्छलन्त्यूर्मयः । તરંગો ઉછળે છે.

(૫) गच्छति + ऋषिः – गच्छत्यृषिः । ઋષિ જાય છે

(६) भणति + ॠकारम् – भणत्यॄकारम् । તે ॠકારને ભણે છે.

(૭) लिखति + ऌकारम् – लिखत्य्ऌकारम् । તે ऌ લખે છે.

(૮) वदति + ॡकारम् – वदत्य्ॡकारम् । તે ॡ બોલે છે.

(૯) तिष्ठति + एकत्र – तिष्ठत्येकत्र । તે એક જગ્યાએ ઉભો છે.

(૧૦) जपति + ऐँ नमः – जपत्यैँ नमः । તે ऐँ नमः જપે છે.

(૧૧) अस्ति + ओकः – अस्त्योकः । ઘર છે.

(૧૨) नयति + औषधम् – नयत्यौषधम् । તે ઔષધ લઈ જાય છે.

(૧) नदी + अत्रास्ति – नद्यत्रास्ति । અહીં નદી છે.

(૨) हरिणी + आश्रमेऽस्ति – हरिण्याश्रमेऽस्ति – આશ્રમમાં હરણી છે.

(૩) दासी + उद्यानं गच्छति – दास्युद्यानं गच्छति । દાસી બગીચામાં જાય છે.

(૪) नारी + ऊढा[1] – नार्यूढा । સ્ત્રી પરણાઈ.

(૫) जननी+ऋषभं नमति–जनन्यृषभं नमति। માતા ઋષભદેવને નમે છે.

(૬) भगिनी + ॠकारं पठति–भगिन्यॄकारं पठति। બહેન ॠકાર ભણે છે.

(૭) महिषी+ऌकारं पश्यति–महिष्य्ऌकारं पश्यति । રાણી ऌકાર જુએ છે.

(૮) धूली+ॡकारीयति[2]–धूल्य्ॡकारीयति। ધૂળ ॡ કાર જેવી લાગે છે.

(૯) हरिणी + एकास्ति – हरिण्येकास्ति । હરણી એકલી છે.

(૧૦) देवी + ऐश्वर्यं यच्छति – देव्यैश्वर्यं यच्छति। દેવી ઐશ્વર્ય આપે છે.

(૧૧) राज्ञी + ओदनं खादति – राज्ञ्योदनं खादति । રાણી ભાત ખાય છે.

(૧૨) जननी + औषधं पिबति–जनन्यौषधं पिबति । માતા દવા પીવે છે.

(૧) स्वादु + अम्बु – स्वाद्वम्बु । મીઠું પાણી.

(૨) भानु + आतपः – भान्वातपः । સૂર્યનો તડકો.

(૩) इन्दु + इन्द्रः – इन्द्विन्द्रः । ચંદ્રનો ઈન્દ્ર.

(૪) पशु + ईर्ष्या – पश्वीर्ष्या । પશુઓની ઈર્ષ્યા.

(૫) शत्रु + ऋणम् – शत्र्वृणम् । દુશ્મનનું દેવું....

---

૧. ऊढा – वह् નું કર્મ.ભૂ.કૃ. । ૨ ॡकारीयति – નામધાતુ છે...

(૬) शिशु + ऋृकारः – शिश्वृकारः । બાળકનો ऋृ કાર.

(૭) रिपु + लृकारः – रिप्व्लृकारः । શત્રુનો लृ કાર.

(૮) वायु + लॄकारः – वाय्व्लॄकारः । પવનનો लॄ કાર.

(૯) मधु + एकबिन्दुः – मध्वेकबिन्दुः । મધનું એક ટીપું...

(૧૦) गुरु + ऐरावणः – गुर्वैरावणः । મોટો ઐરાવણ હાથી.

(૧૧) वसु + ओकः – वस्वोकः । પૈસાનું ઘર.

(૧૨) साधु + औषधम् – साध्वौषधम् । સુંદર દવા.

(૧) चञ्चू + अग्रम् – चञ्च्वग्रम् । ચાંચની ટોચ.

(૨) श्वश्रू + आदिः – श्वश्र्वादिः । સાસુ વગેરે.

(૩) वधू + इच्छा – वध्विच्छा । વહૂની ઈચ્છા.

(૪) चमू + ईशः – चम्वीशः । સેનાપતિ.

(૫) सरयू + ऋभुः[૧] – सरय्वृभुः । સરયૂ નદીનો અધિષ્ઠાયક દેવ.

(૬) कुसू[૨] + ऋृकारः – कुस्वृकारः । કીડાનો ऋृ કાર.

(૭) जम्बू[૩] + लृत् – जम्ब्व्लृत् । જાંબુનો लृं કાર.

(૮) सूनू[૪] + लॄकारः – सून्व्लॄकारः । પુત્રનો लॄ કાર.

(૯) वर्षाभू + एव – वर्षाभ्वेव । वर्षाभू (પું.) ચોમાસાનો કીડો.

(૧૦) तनू[૫] + ऐशानी – तन्वैशानी । શરીરથી ઈશાન દિશા.

(૧૧) [૬]स्वयंभू + ओकः – स्वयंभ्वोकः । બ્રહ્માનું ઘર.

(૧૨) [૭]अङ्गभू + औषधम् – अङ्गभ्वौषधम् । દીકરાની દવા.

(૧) मातृ + अङ्गम् – मात्रङ्गम् । માતાનું શરીર.

(૨) पितृ + आज्ञा – पित्राज्ञा । પિતાજીની આજ્ઞા.

(૩) स्वसृ + इच्छा – स्वस्रिच्छा । બહેનની ઈચ્છા.

(૪) दुहितृ + ईर्ष्या – दुहित्रीर्ष्या । દીકરીની ઈર્ષ્યા

---

૧. ऋभु (પું.) દેવ. ૨. कुसू (પું.) કીડો. ૩. जम्बू (સ્રી.) જાંબુ. ૪. सुनू (પું.) પુત્ર.
૫. तनू (સ્રી.) શરીર. ૬. स्वयंभू (પું.) બ્રહ્મા. ૭. अङ्गभू (પું.) દીકરો.

(૫) ननान्दृ + उत्तरम् – ननान्द्रुत्तरम् । નણંદનો જવાબ

(૬) भर्तृ+ऊर्णायुः–भर्त्रूर्णायुः । સ્વામીની કાંબળી (ऊर्णायु (પું) કાંબળી.)

(૭) [1]भ्रातृ + लृकारः – भ्रातॄकारः, भ्रातृलृकारः । ભાઈનો લૃ કાર

(૮) कर्तृ + लृकारः – कर्त्र्लृकारः । કર્તાનો લૃ કાર

(૯) नृ + एनः – त्रेनः । માણસનું પાપ (एनस् (નપું.) પાપ)

(૧૦) देवृ + ऐश्वर्यम् – देव्रैश्वर्यम् । દિયરની સત્તા

(૧૧) जामातृ + ओजः – जामात्रोजः । જમાઈનું પરાક્રમ

(૧૨) दातृ + औदार्यम् – दात्रौदार्यम् । દાતાની ઉદારતા

(૧) लृ + इति – लिति ।
(૨) लृ + आकारः – लाकारः ।
(૩) लृ + एवम् – लेवम् ।
(૪) लॄ + अंशः – लंशः ।

આવી રીતે અસ્વસ્વર પર-છતાં લૃ - લૄ નો લ્ થાય છે એના ૧૨-૧૨ ઉદા. સ્વયં જાણી લેવા.

**પ્રશ્ન - ૬** સ્વરસંધિ કુલ કેટલી રીતે થાય ? કેવી રીતે ?

**ઉત્તર - ૬** સ્વરસંધિ કુલ ૧૯૬ રીતે થાય... ૧૪ સ્વર × ૧૪ સ્વર = ૧૯૬

(૧) પા.૮. નિ.૨.-૫૬ (ए–ऐ–ओ–औ / ૪ ×૧૪સ્વર = ૫૬)

(૨) પા.૧૫. નિ.૨.-૧૬ (अ+आ / ૨ × इ–उ–ऋ-लृवर्ण / ૮ = ૧૬)

(૩) પા.૧૭. નિ.૧.-૮ (अ+आ / ૨ × ए–ऐ–ओ–औ / ૪ = ૮)

(૪) પા.૧૭. નિ.૩.-૨૦ (अ+आ / ૨ × अ+आ / ૨ = ૪ એજ પ્રમાણે इ–उ–ऋ–लृ વર્ણમાં પણ જાણવું
× ૫
૨૦

(૫) પા.૨૬. નિ.૭-૯૬ इ–ई+૧૨(અસ્વસ્વર)એવી જ રીતે ઉવર્ણ ઋવર્ણ-લૃવર્ણ...
=૨૪×૪=૯૬
૧૯૬ રીતે થાય(વધુ વિશેષતા તે તે સ્થળે જોઈ લેવી.)

---

૧. ऋ પછી લૃ આવે કે લૃ પછી ऋ આવે તો બન્ને મળીને ॠ પણ થાય છે.

**પ્રશ્ન** - ૭ વ્યંજનસંધિ કુલ કેટલી રીતે થાય ? કેવી રીતે ?

**ઉત્તર** - ૭ વ્યંજનસંધિ કુલ ૧૦૮૯ રીતે થાય ૩૩×૩૩=૧૦૮૯

## પાઠ-૨૭

**પ્રશ્ન** - **૧.** નિ.૩ની વિશેષ સ્પષ્ટતા કરો.

**ઉત્તર** - **૧.** च અવ્યય સમુચ્ચય અર્થમાં વપરાય છે. તે દરેક પદોની પછી વાપરીને વાક્યરચના કરી શકાય... તેમજ છેલ્લાપદની પછી એકવાર વાપરીને પણ વાકયરચના થાય છે... હવે ક્રિયાપદ કેવી રીતે મૂકવું ? તો વાક્યમાં જેટલા વ્યક્તિ / વસ્તુ થતાં હોય એના આધારે તે તે વચન (બે થાય તો દ્વિ.વ. અને ઘણા થાય તો બ.વ.)માં ક્રિયાપદ મૂકાય છે. દા.ત. आचार्यश्श्रमणश्च जिनं वन्देते । आचार्यश्श्रमणौ च जिनं नमन्ति । आचार्यश्श्रमणश्श्रावकश्च नमन्ति। વિ... એવી જ રીતે શંકાવાળી વાત બતાવવાની હોય ત્યારે વાક્યમાં દરેક પદોની પછી કે છેલ્લા પદની પછી સંશય અર્થવાળા वा અવ્યયનો પ્રયોગ કરાય છે તથા ત્યાં વાક્યમાં રહેલા વ્યક્તિ / વસ્તુ પ્રમાણેનાં વચન-પુરુષમાં ક્રિયાપદ વાપરવું. દા.ત. रमेशो नृपो वा गच्छति રમેશ અથવા રાજા જાય છે. અહીં વાક્યમાં ભલે બે વ્યક્તિ દેખાય પણ જવાની ક્રિયા તો બેમાંથી એક જ વ્યક્તિ કરે છે માટે ક્રિયાપદ એ.વ.માં આવે છે. એવી જ રીતે - जनौ वा मित्रे वा नमतः। બે માણસો અથવા બે મિત્રો નમસ્કાર કરે છે.

**પ્રશ્ન** - **૨** નિ.પ.માં પુરૂષ માટે સમજ આપી પણ વચન પ્રયોગ કેવી રીતે કરવો ?

**ઉત્તર** - **૨** વાક્યમાં જેટલી વસ્તુ / વ્યક્તિ હોય એ પ્રમાણે વચન પ્રયોગ કરવો...

आचार्योऽहञ्च वनं गच्छावः । - આચાર્યશ્રી અને હું વનમાં જઈએ છીએ.

युवान्ते च जिनं पूजयथ । - તમે બે અને તેઓ પ્રભુને પૂજો છો.

अहं मित्रे च श्रमणान् वन्दामहे। હું અને બે મિત્રો સાધુઓને વંદન કરીએ છીએ. त्वमावाञ्चोद्यानेऽटामः। તું અને અમે બે બગીચામાં ફરીએ છીએ.

**પ્રશ્ન** - ૩ अ કારાન્ત પુંલિંગ નામોમાં કયા કયા પ્રત્યયનાં કયા કયા આદેશ થયા ?

**ઉત્તર** - ૩ अ કારાન્ત પુંલિંગ નામોમાં તૃ.એ.વ. आ પ્રત્યયનો इन,

તૃ.બ.વ. - भिस् પ્રત્યયનો ऐस्, ચ.એ.વ. ए પ્રત્યયનો य... પં.એ.વ. अस् પ્રત્યયનો आत्..., ષ.એ.વ. अस् પ્રત્યયનો स्य... ષ.બ.વ. आम् પ્રત્યયનો नाम्..., સંબોધન એ.વ. स् પ્રત્યયનો...૦ આદેશો થયા છે.

**પ્રશ્ન** - ૪ નપું. નામોમાં કયા પ્રત્યયનાં કયા આદેશો થયા...?

**ઉત્તર** - ૪ પ્ર.દ્વિ.એ.વ.માં स् પ્રત્યયનો म्..., પ્ર.દ્વિ.દ્વિ.વ. માં औ પ્રત્યયનો ई, પ્ર.દ્વિ.બ.વ.માં अस् પ્રત્યયનો इ, સંબોધન એ.વ.માં स्નો...૦ આદેશ થયેલ છે. બાકીનાં પું. ની જેમ જાણવા...

**પ્રશ્ન** - ૫ કયા કયા પ્રત્યય પર છતાં સ્વર દીર્ઘ થાય ?

**ઉત્તર** - ૫ દ્વિ.બ.વ.નાં अस् પ્રત્યય પર છતાં, તથા ષ.બ.વ.નાં नाम् પ્રત્યય પર છતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે અને अ કારાન્ત પું. નપું. નામ માટે ચ.એ.વ.નો य़ પ્રત્યય, પ્ર.બ.વ.નાં अस् પ્રત્યય, તેમજ તૃ.ચ.પં.દ્વિ.વ.નાં भ्याम् પ્રત્યય પર છતાં आ થાય છે માટે સ્વર દીર્ઘ થયો કહેવાય.

**પ્રશ્ન** - ૬ સાતવિભક્તિનું ગુજરાતી કેવી રીતે બોલાય ?

**ઉત્તર** - ૬ પ્રથમા - માત્ર નામનો જ અર્થ હોય છે. દ્વિતીયા- ને, નો, ની, નું, માં... તૃતીયા - થી - થકી, વડે, સાથે, પૂર્વક... ચતુર્થી-ને, પાસે, માટે, વાસ્તે, સારુ, કાજે.... પંચમી - માંથી, ઉપરથી, પાસેથી..., ષષ્ઠી - નો, ની, નું, ના..., સપ્તમી..., માં, ઉપર, વિષે, અંદર....

**પ્રશ્ન** - ૭ એક જ વાક્યમાં સંબોધન સહિત સાત વિભક્તિ વાપરો.

**ઉત્તર** - ૭ હે રાજાજી ! ધાર્મિક માણસો જિનેશ્વરદેવની પૂજા માટે આનંદપૂર્વક બગીચામાંથી જિનાલયમાં ફૂલો લઈ જાય છે.

हे नृप! धार्मिका जिनानां पूजनायानन्देनोद्यानात् जिनालये पुष्पाणि नयन्ति।

વિશેષણો સાથે - હે પૂજ્યપિતાજી ! હોંશીયાર નોકરો ઉદાર રાજાનાં ભાંગેલા રથને માટે ઘણા ગાડા દ્વારા, તે જંગલમાંથી જૂના મહેલમાં સુંદર લાકડાં લાવે છે.

हे पूज्य! जनक! कुशला: किङ्करा उदारस्य नृपस्य भग्नाय रथाय प्रभूतैश्शकटैस्तस्माद् वनात् प्राचीने प्रासादे शोभनानि काष्ठान्यानयन्ति ।

(१) उदार વિ. ઉદાર. (२) भग्न વિ. ભાંગેલું (૩) प्राचीन વિ. જૂનું....

अस्मद् સર્વનામ સાતવિભક્તિમાં...

माता**हं** न स्मरसि **मां**, रक्ष्यसे त्वं **मया** यदा ।\
**मह्यं** यच्छसि आनन्दं, **मदा**चारेषु राजसे ॥ १ ॥\
प्रियो बालोऽसि **मम** त्वं, **मयि** श्रद्धा स्थिराचर ।\
श्रमण! चिन्तयामि त्वां, यत् प्रवचनमातृका ॥ २ ॥

(અષ્ટપ્રવચનમાતા સાધુને ઉદ્દેશીને કહે છે)

હે સાધુ ! હું માતા છું... તું મને યાદ કરતો નથી (પણ) મારા વડે તારું હંમેશા રક્ષણ કરાય છે. જ્યારે મારાથી (મારો આશ્રય કરીને) તું આચારોમાં શોભે છે (ત્યારે) તું મને આનંદ આપે છે. તું મારો વ્હાલો બાલુડો છે. મારા ઉપર દૃઢ વિશ્વાસ કર... (રાખ...) તારી હું ચિન્તા કરું છું કારણકે હું પ્રવચન માતા છું....

युष्मद् સર્વનામ સાતવિભક્તિમાં....

**त्वं** माता **त्वाम**हं वन्दे, **त्वया** पुष्ये प्रतिक्षणम् ।\
**तुभ्यं** यच्छामि सर्वस्वं, **त्वत्**सुखं परमं लभे ॥ १ ॥\
**तव** सेवां सदा कुर्वे, **त्वयि** श्रद्धा समृध्यते ।\
प्रार्थ्यसे त्वं मया नित्यं, श्रीप्रवचनमातृके! ॥ २ ॥

(સાધુભગવંત માતાને જવાબ આપે છે...)

હે પ્રવચન માતા ! તું (મારી) માતા છે. તને હું વંદન કરું છું. તારા વડે હરપલ મારું પોષણ કરાય છે. તને (મારું) સર્વસ્વ અર્પણ કરું છું. તારાથી

(તારો આશ્રય કરીને) હું ઉત્કૃષ્ટ સુખને પ્રાપ્ત કરું છું... સદાકાલ હું તારી સેવા કરું... તારામાં શ્રદ્ધા વધે... એવી મારા વડે તને હંમેશા પ્રાર્થના કરાય છે...

વીર શબ્દ સાતવિભક્તિમાં...સંબોધન સાથે....

**वीरः** सत् शरणं समस्तजगतां, **वीरं** विना का गतिः ।
**वीरेण** ह्रियतेऽशुभं मम सदा, **वीराय** तस्मै नमः ॥
**वीरान्नश्यति** दुःखदायि दुरितं, **वीरस्य** दासोऽस्म्यहम् ।
**वीरे** भक्तिरखण्डिता भवतु मे, **वीराश्रये** त्वां मुदा ॥ १ ॥

આખા જગતને વીરપ્રભુ જ સાચાં શરણરૂપ છે. વીરપ્રભુ વિના (જગતની) કઈ ગતિ છે ? વીરપ્રભુ વડે મારું અશુભ હંમેશા દૂર કરાય છે. (તેથી) તે વીરપ્રભુને નમસ્કાર હો.... વીરપ્રભુથી દુઃખને આપનારા પાપો નાશ થાય છે. હું વીરપ્રભુનો સેવક છું... વીરપ્રભુને વિષે મારી ભક્તિ અખંડ હો... હે વીર પ્રભુ ! હું આનંદપૂર્વક તમારું શરણું લઉં છું...!

| | | |
|---|---|---|
| मातृ - (સ્ત્રી.) માતા. | प्रतिक्षणम्-(અવ્યય)-હરપલ. | शरण-(નપું.)-આશ્રય. |
| प्रिय- (વિ.) વહાલું. | सर्वस्व (નપું.) બધું જ. | दुरित-(નપું.)-પાપ. |
| स्थिर (વિ.) દૃઢ, મજબૂત. | परम (વિ.) ઉત્કૃષ્ટ. | गति - (સ્ત્રી) ગતિ. શરણ |
| यत्-(અવ્યય)-કારણકે. | सत्-(વિ.) સાચું. | दुःखदायिन्-(વિ) દુઃખ આપનાર. |

कुर्वे-कृ ધાતુ ૮મો ગણ વર્ત. પહેલો પુ.એ.વ., હું કરું છું...
श्रीप्रवचनमातृका - (સ્ત્રી.) ઈર્યાસમિતિ વિ. આઠ પ્રવચનમાતા...

## પાઠ-૨૮

**પ્રશ્ન - ૧** મૂળપ્રત્યયમાં કયા પ્રત્યયોનાં કયા કયા ફેરફાર થયા ?

**ઉત્તર - ૧** પ્ર.એ.વ.- स् નો0, દ્વિ.એ.વ. अम्‌નો म्, ચ.એ.વ. ए નો यै... પં.ષ.એ.વ. अस् નો यास्... ષ.બ. आम्‌નો नाम्, સ.એ.વ. इ નો याम्... આટલા ફેરફાર થયા છે.

**પ્રશ્ન - ૨** आ કારાન્ત નામોમાં કયા પ્રત્યય સાથે आ નો ए થાય ?

**ઉત્તર - ૨** आ કારાન્ત નામોમાં પ્ર.દ્વિ.સં.દ્વિ.વ.નાં औ પ્રત્યય તથા સં.એ.વ.નો स् કુલ ૪ પ્રયોગોમાં તે તે પ્રત્યયની સાથે आ નો ए થાય છે...

**પ્રશ્ન - ૩** કયા પ્રત્યય પર છતાં आ કારાન્ત નામોમાં आ નો ए થાય?

**પ્રશ્ન - ૩** તૃ.એ.વ. आ, ષ.સ.દ્વિ.વ. ओस् આ ત્રણ પ્રત્યય પર છતાં आ કારાન્ત શબ્દોનાં आ નો ए થાય છે.

**પ્રશ્ન - ૪** पाठशाले રૂપનાં કેટલા અર્થ થાય ?

**ઉત્તર - ૪** पाठशाले બે પાઠશાલા (પ્ર.દ્વિ.વ.)
पाठशाले બે પાઠશાલાને (દ્વિ.દ્વિ.વ.)
पाठशाले હે પાઠશાળા (સં.એ.વ.)
पाठशाले હે બે પાઠશાલા (સં.દ્વિ.વ.)
} ૪ રૂપ એક સરખા આવે છે.

**પ્રશ્ન - ૫** આ પાઠમાં કયા શબ્દોમાં नाम् નો णाम् થશે ?

**ઉત્તર - ૫** આ પાઠમાં क्षमा-मथुरा આ બે શબ્દોમાં જ नाम् નો णाम् થશે... क्षमाणाम्, मथुराणाम्.

## પાઠ-૨૯

**પ્રશ્ન - ૧** प्र વિ. ક્યારે ઉપસર્ગો બને અને ક્યારે અવ્યયો બને?

**ઉત્તર - ૧** ધાતુનાં (૧૦વિભક્તિનાં રૂપમાંથી) કોઈપણ રૂપની સાથે તથા કૃદન્તની સાથે જ્યારે प्रादि જોડાયેલા હોય ત્યારે એને ઉપસર્ગ કહેવાય છે.

દા.ત. आगच्छति, विहरति, अनुभवति વિ...

(૨) જ્યારે प्रादि... નામ સાથે જોડાયેલ હોય (સમાસમાં) ત્યારે તે અવ્યય રૂપે કહેવાય છે. દા.ત. उपवनम्, अनुरथम्, प्राचार्यः વિ. वनस्य

समीपम्-उपवनम् वननी नજીક रथस्य पश्चात्-अनुरथम् - રથની પાછળ... प्रगतः आचार्यः-प्राचार्यः શ્રેષ્ઠ આચાર્ય.

**प्रश्न - २** प्र. વિ. ઉપસર્ગોને અવ્યય કહેવાનું કારણ શું ?

**ઉત્તર - २** प्र. વિ.ને અવ્યય કહેવાથી અવ્યયોને વિભક્તિનાં પ્રત્યયો લાગે... પછી લોપાઈ જાય... અને પ્રત્યયો લોપાયા બાદ પણ તે પદ કહેવાય (પા.૧૬.) આ રીતે प्र. વિ.ની પદસંજ્ઞા થવાથી પદને માનીને જે-જે કાર્યો म्नो અનુસ્વાર-અનુનાસિક (પા.૬.), स् નો र्, र् નો श्-ष्-स्-વિસર્ગ, द् નો न् વિ. કાર્યો થઈ શકે. જો प्रादि...ને અવ્યય ન માન્યા હોત તો सम् + गच्छति નું संगच्छति કે सङ्गच्छति ન થાત.... તથા उद् + नमति નું उन्नमति ન થાત...

निस् + त्यजति માં स् નો र् થઈ ફરી र् નો स् થઈ निस्त्यजति... એવી જ રીતે दुष्टीकति વિ. પ્રયોગો સિદ્ધ ન થાત... પણ પદસંબંધિ તે તે કાર્યો થઈ શકે માટે અવ્યય કહ્યા છે...

**प्रश्न - ३** ધાતુને એકી સાથે વધુમાં વધુ કેટલા ઉપસર્ગ લાગી શકે ?

**ઉત્તર - ३** ધાતુને એકી સાથે વધુમાં વધુ ૫ ઉપસર્ગ લાગી શકે...અને અર્થની દૃષ્ટિએ ધાતુની સાથે જે છેલ્લો ઉપસર્ગ જોડાયો હોય તેની મુખ્યતા રહે છે. प्रसमभिव्याहरति તે સારી રીતે આહાર કરે છે.

**प्रश्न - ५** ઉપસર્ગ એટલે શું ? અને તે કેટલા ?

**ઉત્તર - ५** उपसृज्यते इति उपसर्गः उप = નજીક, આગળ सृज्यते- સંબંધકરાય.... ધાતુ આગળ જે જોડાય તે ઉપસર્ગ કહેવાય... તે ૨૨ છે... प्र... વિ...

**प्रश्न - ६** સ્વરાન્ત, વ્યંજનાંત, સ્વરાદિ, વ્યંજનાદિ, સમાનાન્ત, નામ્યન્ત ઉપસર્ગો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ६** સ્વરાન્ત ઉપસર્ગો-૧૬ प्र, परा, अप, अनु, अव, वि, आ, नि, प्रति, परि, उप, अधि, अति, अपि, अभि, सु....

વ્યંજનાંત ઉપસર્ગો - ૬ છે. - सम्, निस्, निर्, दुस्, दुर्, उद्....

સ્વરાદિ ઉપસર્ગો - ૧૦ છે. - अप, अनु, अव, आ, उप, उद्, अधि, अपि, अति, अभि...

વ્યંજનાદિ ઉપસર્ગો - ૧૨ છે. - प्र, परा, सम्, निस्, निर्, दुस्, दुर्, वि, नि, प्रति, परि, सु....

સમાનાન્ત ઉપસર્ગો - ૧૬ - प्र, परा, अप, अनु, अव, वि, आ, प्रति, नि, परि, उप, अधि, अपि, सु, अति, अभि...

નામ્યન્ત ઉપસર્ગો - ૧૦ - अनु, वि, प्रति, नि, परि, अधि, अपि, सु, अत्ति, अभि...

**પ્રશ્ન** - ૭ માત્ર સ્વર સ્વરૂપ જ હોય એવા ઉપસર્ગ કેટલા ? ક્યા ?

**ઉત્તર** - ૭ માત્ર સ્વર સ્વરૂપ જ હોય એવા ઉપસર્ગ ૧ છે. आ ।

**પ્રશ્ન** - ૮ ઉપસર્ગો અર્થની દૃષ્ટિએ શું શું ફેરફાર કરે છે ?

**ઉત્તર** - ૮ ઉપસર્ગો અર્થની દૃષ્ટિએ ૩ કામ કરે છે...

धात्वर्थं बाधते कश्चित्, कश्चित् तमनुवर्तते ।
तमेव विशिनष्ट्यन्योऽनर्थकोऽन्यः प्रयुज्यते ॥ १ ॥

(૧) કેટલાંક ઉપસર્ગ ધાતુનો જે મૂળ અર્થ છે એનાથી વિપરીત (ઉંધો) અર્થ કરે છે.

દા.ત. गच्छति - તે જાય છે. आगच्छति - તે આવે છે.
स्मरति - તે યાદ કરે છે. विस्मरति - તે ભૂલી જાય છે.
नयति - તે લઈ જાય છે. आनयति - તે લાવે છે.
तिष्ठति - તે ઉભો છે. [1]प्रतिष्ठते -તે પ્રયાણ કરે છે.
उत्तिष्ठति - તે ઉઠે છે.

(૨) કેટલાંક ઉપસર્ગો ધાતુનાં અર્થને અનુસરે છે. आचामति[2], તે આચમન કરે છે. आचष्टे[3] તે કહે છે... अनुरुध्यते - તે માને છે વિ....

(૩) કેટલાંક ઉપસર્ગો ધાતુનાં અર્થમાં વધારો કરે છે. - अनुकरोति - અનુકરણ કરે છે. अनुवदति - અનુવાદ કરે છે. विवदति - વિરૂદ્ધ બોલે છે...

---

૧. प्र + स्था આ.પ. છે

૨. चम् - ગ.૧.પ.પ. ચાટવું, ચાખવું, આચમન કરવું.

૩. चक्ष् - ગ.૨.આ.પ. કહેવું, બોલવું...

(૪) કેટલાંક ઉપસર્ગો માત્ર જોડાયેલા જ રહે છે... प्रार्थयते, विजयते आलम्बते, आलिङ्गति વિ...

**પ્રશ્ન** - ૯ हृ - नी - ईक्ष् - वृत् - भू - આ ધાતુઓમાં ઉપસર્ગો લાગીને થતાં અર્થનાં ફેરફારો જણાવો.

**ઉત્તર** - ૯ (૧) हृ हरति - તે હરણ કરે છે... प्रहरति - તે મારે છે. संहरति - તે મારી નાંખે છે. आहरति - તે જમે છે... विहरति - તે રમે છે. તે વિહાર કરે છે... व्यवहरति - તે વ્યવહાર કરે છે... अपहरति - તે અપહરણ કરે છે. (ઝૂંટવીને - છાનું લઈ જાય છે...) ... परिहरति - તે ત્યાગ કરે છે. उपहरति - તે ભેટણું આપે છે... उद्धरति - તે ઉદ્ધાર (બચાવ) કરે છે.

(૨) नी - नयति - તે લઈ જાય છે. आनयति - તે લાવે છે. अभिनयति - તે દેખાવ કરે છે. परिणयति - તે પરણે છે. अनुनयति - તે કરગરે છે. उन्नयति - તે ચડતી કરે છે. निर्णयति - તે નિર્ણય કરે છે. प्रणयति - તે પ્રેમ કરે છે... विनयति - તે સેવા કરે છે.

(૩) ईक्ष् - ईक्षते - તે જુવે છે... अपेक्षते - તે અપેક્ષા રાખે છે... उपेक्षते - તે ઉપેક્ષા કરે છે. परीक्षते - તે પરીક્ષા કરે છે. प्रतीक्षते - તે રાહ જુવે છે... समीक्षते - તે જવાબ આપે છે.

(૪) वृत्-वर्तते - તે વર્તે છે... आवर्तते - તે ગોળગોળ ફરે છે. निवर्तते - તે પાછો ફરે છે. परिवर्तते - બદલાહટ થાય છે. अनुवर्तते - તે અનુસરે છે. प्रवर्तते - તે પ્રવૃત્તિ કરે છે.

(૫) भू-भवति તે થાય છે. प्रभवति - તે જન્મે છે... સમર્થ થાય છે... अनुभवति - તે અનુભવે છે... अभिभवति - તે હરાવે છે... उद्भवति - તે પ્રગટ થાય છે... તે જન્મે છે.... पराभवति - તે હારી જાય છે... संभवति - તે શક્ય છે...

**પ્રશ્ન** - **૧૦** गम् (गच्छ्) ને अधि, अनु, अव, निर्, सम् ઉપસર્ગ લાગવાથી ક્યા ક્યા અર્થ નીકળે છે ?

**ઉત્તર** - **૧૦** अधि + गम् - મેળવવું, જાણવું... अनु + गम् - અનુસરવું, પાછળ જવું... अव + गम् - જાણવું... निर् + गम् - નીકળવું... सम् + गम् - (આ.પ.) જોડાવું, મળવું....

**પ્રશ્ન - ૧૧** जि-गम्-प्रच्छ्-स्था ધાતુ કયા ઉપસર્ગનાં યોગે આત્મનેપદ બને છે ?

**ઉત્તર - ૧૧** परा અને वि ઉપસર્ગ પછી जि ધાતુ આ.પ. બને છે... पराजयते, विजयते ।

सम् + गम् ધાતુ આ.પ. બને છે. सङ्गच्छते...।

आ + प्रच्छ् ધાતુ આ.પ. બને છે. आपृच्छते-તે આજ્ઞા માંગે છે.

सम्-वि-प्र-अव ઉપસર્ગ પછી स्था ધાતુ આ.પ. થાય-છે. संतिष्ठते, प्रतिष्ठते, वितिष्ठते, अवतिष्ठते વિ...

**પ્રશ્ન - ૧૨** નિ.૪(आ)નાં થોડા ઉદા. આપો.

**ઉત્તર - ૧૨** સહાયક કારણ :-

ज्ञानेन यशो लभते - તે જ્ઞાનથી યશ મેળવે છે.

उद्यमेन कार्यं सिध्यति - ઉદ્યમથી કામ સિદ્ધ થાય છે.

रामस्य कथया लोकान् सान्त्वयति-રામની કથા દ્વારા લોકોને ખુશ કરે છે.

પ્રયોજન કારણ :-

कलाभिः जीवति - તે કલાઓ દ્વારા આજીવિકા મેળવે છે.

वैयावृत्त्येन वत्सलो भवति - તે સેવા દ્વારા વહાલો થાય છે.

श्रद्धया संकल्पः फलति - શ્રદ્ધાથી સંકલ્પ ફળે છે.

**પ્રશ્ન - ૧૩** નિ.પ. શા માટે ?

**ઉત્તર - ૧૩** સામાન્યથી દરેક હેતુવાચક નામને ઉપરનાં નિયમથી તૃતીયા વિભક્તિ થવાની જ હતી એમાં હેતુ-ગુણવાચકનામ તરીકે હોય અને સ્રીલિંગ ન હોય તો પંચમીવિભક્તિ પણ થાય... આમ પંચમી કરવા માટે આ નિયમ બનાવ્યો છે.

जाड्यात् खिन्नः, जाड्येन खिन्नः । મૂર્ખપણાથી કંટાળેલો....

मोहाद् बद्धः, मोहेन बद्धः । મોહથી બંધાયેલો....

चारित्राद् पतितः, चारित्रेण पतितः । ચારિત્રથી પડી ગયેલો... વિ...

# પાઠ-૩૦

**પ્રશ્ન** - ૧ ધાતુનાં પ્રયોગો કેટલા પ્રકારે થાય ?

**ઉત્તર** - ૧ ધાતુનાં પ્રયોગો ૩ છે... (૧) કર્તરિપ્રયોગ (૨) કર્મણિપ્રયોગ (૩) ભાવે પ્રયોગ...

કર્તરિપ્રયોગ - કર્તરિપ્રયોગમાં કર્તામુખ્ય બને છે એટલે ક્રિયાપદ કર્તાને આધારે મૂકાય છે. **अहं देवं नमामि** - હું દેવને નમસ્કાર કરું છું...

કર્મણિપ્રયોગ - કર્મણિપ્રયોગમાં કર્મ મુખ્ય બને છે. એટલે ક્રિયાપદ કર્મને આધારે મૂકાય છે...દા.ત. मया देवः नम्यते-મારા વડે દેવને નમસ્કાર કરાય છે.

ભાવેપ્રયોગ - અકર્મક ધાતુનો હોય છે ત્યાં માત્ર ક્રિયાની મુખ્યતા હોવાથી ક્રિયાપદ ત્રી.પુ.એ.વ. માં જ મૂકાય છે. मया जीव्यते - મારા વડે જીવાય છે.

**પ્રશ્ન** - ૨ ધાતુનાં કેટલા પ્રકાર ? (અવસ્થાની દૃષ્ટિએ...)

**ઉત્તર** - ૨ અવસ્થાની દૃષ્ટિએ ધાતુ ત્રણ પ્રકારે છે. (૧) સકર્મક (૨) અકર્મક (૩) દ્વિકર્મક....

(૧) સકર્મક ધાતુ - જે ધાતુનો પ્રયોગ થાય ત્યારે કર્મ હાજર હોય... દા.ત. ते जीवान् रक्षन्ति - તે જીવોને બચાવે છે... અહીં जीव - કર્મ હાજર છે.

(૨) અકર્મક ધાતુ - જે ધાતુનાં યોગમાં કર્મ ન હોય.. દા.ત. जलं क्षरति - પાણી ટપકે છે.

(૩) દ્વિકર્મક ધાતુ - જે ધાતુનાં યોગમાં બે કર્મ પણ આવી શકે દા.ત. गोपोऽजां ग्रामं नयति - ગોવાળ બકરીને ગામમાં લઈ જાય છે. અહીં अजा-ग्राम એ બન્ને કર્મ હોવાથી नी ધાતુ દ્વિકર્મક કહેવાય....

**પ્રશ્ન** - ૩ સકર્મક-અકર્મક ધાતુની ઓળખાણ કેવી રીતે થાય ?

**ઉત્તર** - ૩ ક્રિયા - ક્રિયાનું ફળ બન્ને જુદાજુદા શબ્દમાં દેખાય ત્યારે ધાતુ સકર્મક જાણવો. દા.ત. नृपश्चौरं ताडयति - રાજા ચોરને મારે છે. અહીં મારવાની ક્રિયા રાજામાં દેખાય છે અને મારવાની ક્રિયાનું ફળ - ઘા લાગવા તે ચોરમાં દેખાય છે. માટે ક્રિયા-ક્રિયાનું ફળ અલગ અલગ શબ્દમાં દેખાતું હોવાથી तड् ધાતુ સકર્મક થયો કહેવાય... એવી જ રીતે- धार्मिकाः वीरमर्चन्ति - ધાર્મિકમાણસો વીર પ્રભુને પૂજે છે...

(૨) ક્રિયા-ક્રિયાનું ફળ બન્ને એક શબ્દમાં જ દેખાય ત્યારે ધાતુ અકર્મક કહેવાય છે. દા.ત. मयूरो नृत्यति - મોર નાચે છે. અહીં નાચવાની ક્રિયા અને ક્રિયાનું ફળ - ખુશી, થાક વિ. પણ मयूरમાં જ દેખાય છે. માટે ધાતુ અકર્મક છે. जनको मुह्यति - પિતાજી મુંઝાય છે... વિ...

**પ્રશ્ન** - ૪ સકર્મક ધાતુ અકર્મક બને ખરો ?

**ઉત્તર** - ૪ સામાન્યથી અકર્મક ધાતુ ૨ રીતે હોય છે. (૧) નિત્યઅકર્મક (૨) વિવક્ષિત અકર્મક...

(૧) નિત્ય અકર્મક :- કેટલાંક ધાતુ એવા છે કે જેનાં યોગમાં ક્યારેય કર્મ આવે નહિ.... स जीवति... તે જીવે છે. चन्द्रः क्षयति - ચન્દ્ર ક્ષય થાય છે. વિ...

(૨) વિવક્ષિત અકર્મક :- કેટલાંક ધાતુઓ સકર્મક છે પણ વાક્ય બોલતી વખતે વક્તાએ કર્મપ્રયોગ ન કર્યો હોય ત્યારે તે અકર્મક બને છે.... તેને વિવક્ષિત (ઈચ્છા મુજબ) અકર્મક કહેવાય છે દા.ત. तौ नमतः - તે બન્ને નમસ્કાર કરે છે. અહીં देवम्, जनकम्, श्रमणम् વિ. કોઈપણ કર્મ આવી શકવાની શક્યતા છે, પણ વાક્યપ્રયોગ કરનારને સામાન્યથી નમસ્કારની ક્રિયા બતાવવી છે, કર્મનો પ્રયોગ કરવો નથી. માટે આ પ્રયોગ વિવક્ષિત અકર્મક કહેવાય છે.

**પ્રશ્ન** - **૫** અકર્મક ધાતુ સકર્મક બને ખરો ?

**ઉત્તર** - **૫** અકર્મક ધાતુ-અર્થ બદલાય ત્યારે સકર્મક પણ બની શકે... એટલે કે એક ધાતુનાં અનેક અર્થો થાય છે. અમુક અર્થમાં એ ધાતુ અકર્મક જ હોય અમુક અર્થમાં એ જ ધાતુ સકર્મક પણ બની શકે. દા.ત. दह् ધાતુનાં

બે અર્થ છે બળવું - બાળવું... અહીં 'બળવું' અર્થવાળા दह् ધાતુ વપરાય ત્યારે કર્મ ન આવવાથી અકર્મક બને... અને બાળવું અર્થવાળો दह् ધાતુ વપરાય ત્યારે કર્મ આવવાથી સકર્મક બને... દા.ત. वनं दहति - જંગલ બળે છે... (અક.) स काष्ठं दहति - તે લાકડું બાળે છે. (સક૦) એ રીતે बालो रटति બાળક રડે છે. (રડવું અર્થમાં અક૦) बालः श्लोकान् रटति - બાળક શ્લોકો રટે છે. (ગોખવું અર્થમાં સક.)

ક્યારેક ધાતુ નિત્ય અકર્મક હોય પણ ઉપસર્ગ લાગતાં અર્થ બદલાય અને સકર્મક થઈ જાય... नृपो भवति - રાજા થાય છે. (થવું અર્થમાં અક૦) नृपो दुःखमनुभवति - રાજા દુઃખ અનુભવે છે.. (અનુભવવું અર્થમાં સક.) रामस्तिष्ठति - રામ ઉભા છે. रामो जिनं प्रतितिष्ठति - રામ પ્રભુની પ્રતિષ્ઠા કરે છે. मित्रं पुस्तकानि समुपतिष्ठति- મિત્ર પુસ્તકો મોકલે છે. આ રીતે નિત્ય અકર્મક ધાતુ પણ ઉપસર્ગયોગે અર્થ બદલાતાં સકર્મક થાય છે.

**પ્રશ્ન - ૬** નિત્ય અકર્મક ધાતુ કયા કયા હોઈ શકે ?

**ઉત્તર - ૬** लज्जा-सत्ता-स्थिति-जागरणं, वृद्धि-क्षय-भय-जीवित-मरणम्।
कौटिल्यौत्सुक्य-भ्रम-यत्न-ग्लानि-जरा-सामर्थ्य-क्षरणम् ॥
शान्ति-ध्वनि-मज्जन-वैक्लव्यं, जृम्भण-रम्भण-रोदन-हसनम् ।
शयन-क्रीडा-रुचि-दीप्त्यर्थं, धातुगणं तमकर्मकमाहुः ॥

લાજવું-શરમાવું, હોવું-થવું, ઉભા રહેવું, જાગવું, વધવું, ક્ષયપામવો-નાશવું, નષ્ટથવું, ડરવું, જીવવું, મરવું, વાંકા થવું, ઉતાવળા થવું, કંટાળવું, ભમવું, યત્ન કરવો, ઘટવું, ઘરડા થવું, ઝાંખા થવું, સમર્થ થવું, ખરવું, ઝરવું, ટપકવું, પડવું, શાન્ત થવું, અવાજ કરવો, ડૂબવું, ઓછા થવું, વિકલ હોવું, બગાસું ખાવું, ઉત્સુક થવું, રડવું, હસવું, સૂઈ જવું, રમવું, ગમવું, શોભવું, દીપવું, પ્રકાશવું, રખડવું, જન્મ થવો, નાચવું, ધ્રુજવું, ખીલવું, થાકી જવું, મુંઝાવું, ફૂટવું, વસવું, રહેવું, બળવું, સડવું, ઉડવું, વિ... અર્થવાળા જેટલા પણ ધાતુ છે તે બધા નિત્ય અકર્મક જાણવા...

**પ્રશ્ન - ૭** કર્તરિ-કર્મણિ-ભાવેપ્રયોગનો તફાવત સમજાવો.

| **કર્તરિપ્રયોગ** | **કર્મણિપ્રયોગ** | **ભાવેપ્રયોગ** |
|---|---|---|
| ૧) કર્તાને પ્રથમા વિભ... | કર્તાને તૃતીયા વિભ... | કર્તાને તૃતીયા વિભ... |
| ૨) કર્મને દ્વિતીયા વિભ... | કર્મને પ્રથમા વિભ... | કર્મ હોતું જ નથી. |
| ૩) કર્તા પ્રમાણે ક્રિયાપદ... | કર્મ પ્રમાણે ક્રિયાપદ... | ક્રિયાપદ ત્રી.પુ.એ.વ.માં જ આવે. |
| ૪) કર્તા મુખ્ય હોય... | કર્મની મુખ્યતા હોય... | ક્રિયાની મુખ્યતા હોય... |
| ૫) ધાતુને ત્રણે પદનાં પ્રત્યયો લાગે | ધાતુને આત્મનેપદનાં જ પ્રત્યયો લાગે... | ધાતુને આ.પ.પ્રત્યયો જ લાગે. |
| ૬) ધાતુને પ્રાપ્તિ પ્રમાણે ગુણ-વૃદ્ધિ થાય છે. | દશમાગણસિવાય ધાતુને ગુણ-વૃદ્ધિ થત્તાં નથી. | દશમાંગણ સિવાયગુણ-વૃદ્ધિ થતાં નથી.. |
| ૭) ધાતુનાં સંપૂર્ણ રૂપો (૯રૂપો) થાય... | ધાતુનાં સંપૂર્ણ રૂપો થાય.... | માત્ર ત્રી.પુ.એ.વ.નું જ રૂપ થાય... |
| ૮) ૪ વિભક્તિમાં ધાતુનાં આદેશોનાં રૂપો થાય. | મૂળ ધાતુનાં જ રૂપો થાય | મૂળ ધાતુનું જ રૂપ થાય |
| ૯) ધાતુને તે-તે ગણનો વિકરણ પ્રત્યય લાગે છે. | ૪ વિભ.માં ધાતુને य પ્રત્યય જ લાગે. | ૪ વિભ.માં ધાતુને य પ્રત્યય જ લાગે. |

**પ્રશ્ન - ૮** દ્વિકર્મક ધાતુઓ ક્યા ક્યા ? વાક્ય રચના સાથે લખો.

**ઉતર - ૮** (૧) नी-गोपो ग्राममजां नयति - ગોવાળ બકરીને ગામમાં લઈ જાય છે.

(૨) हृ-स तृणं गृहं हरति - તે ઘાસને ઘરભેગું કરે છે..

(૩) वह्-किङ्करा ग्रामं भारं वहन्ति-નોકરો ભાર ગામમાં લઈ જાય છે.

(૪) प्रच्छ्-सा जनं मार्गं पृच्छति - તેણી માણસને રસ્તો પુછે છે.

(૫) याच् - शिष्या आचार्यं ज्ञानं याचन्ते - શિષ્યો આચાર્યશ્રી પાસે જ્ઞાનની માંગણી કરે છે.

(૬) दण्ड्–नृपो देवदत्तं शतं दण्डयति – રાજા દેવદત્તને સો (રૂપિયા)નો દંડ કરે છે. (બીજા દ્વિકર્મક ધાતુઓ છે તે મધ્યમામાં આવશે.)

**પ્રશ્ન** - ૯ કર્મણિનો य પ્રત્યય લાગતાં ધાતુઓમાં શું ફેરફાર થાય?

**ઉત્તર** - ૯ કર્મણિનો य પ્રત્યય લાગતાં (૧) ધાતુને અંતે इ કે उ હોય તો ई–ऊ (દીર્ઘ) થાય. દા.ત. क्षि–क्षीयते, जि–जीयते, द्रु– द्रूयते વિ...

(૨) ધાતુને અંતે ऋ હોય તો रि થાય. हृ–ह्रियते । सृ–स्रियते વિ...

(૩) સંયુક્ત વ્યંજન પછી જો ऋ આવેલો હોય તો रि ન કરવો. પણ ગુણ કરવો. स्मृ–स्मर्यते, स्तृ–स्तर्यते વિ...

(૪) ધાતુને અંતે દીર્ઘ ॠ હોય તો ईर् થાય... - तॄ - तीर्यते। जॄ–जीर्यते વિ...

(૫) પરંતુ ઓષ્ઠ્યવ્યંજન પછી દીર્ઘ ॠ હોય તો ईर् ન કરતાં ऊर् કરવો - पॄ–पूर्यते।

(૬) जन् ધાતુનો जा આદેશ વિકલ્પે થાય છે जायते, जन्यते ।

(૭) अस् નો भू, वद् નો उद्, वस् નો उष्, प्रच्छ् નો पृच्छ्, वह् નો उह्, ह्वे નો हू, वप् નો उप् આદેશ થાય છે... भूयते, उद्यते, उष्यते, पृच्छ्यते, उह्यते, हूयते, उप्यते વિ...

(૯) स्था–पा–दा ધાતુનાં आ નો ई થાય છે. स्थीयते, पीयते, दीयते વિ...

**પ્રશ્ન** - **૧૦** કર્મણિપ્રયોગની વાક્યરચના કેવી રીતે કરવી ?

**ઉત્તર** - **૧૦** કર્મણિપ્રયોગની વાક્યરચનામાં ખાસ કર્મ ક્યા પુરુષ-ક્યા વચનમાં છે ? તે જોઈ લેવું... તે પ્રમાણે ક્રિયાપદનો ઉપયોગ કરવો.

(૧) ते मां पश्यन्ति - તેઓ મને જુએ છે...
तैरहं दृश्ये - તેઓ વડે હું જોવાઉં છું.

(૨) जनक आवां कथयति - પિતાજી અમને બેને કહે છે.
जनकेनावां कथ्यावहे - પિતાજી વડે અમે બે કહેવાઈએ છીએ.

(૩) सोऽस्मान् मिलति - તે અમને મળે છે.
तेन वयं मिल्यामहे — તેના વડે અમને મળાય છે.

(૪) नृपस्त्वां स्मरति - રાજા તને યાદ કરે છે.
नृपेण त्वं स्मर्यसे - રાજા વડે તને યાદ કરાય છે.
(૫) मित्राणि युवां पृच्छन्ति-મિત્રો તમને બેને પુછે છે..
मित्रैर्युवां पृच्छ्येथे - મિત્રો વડે તમને બેને પુછાય છે.
(૬) तौ युष्मान् पालयतः - તે બે તમારું પાલન કરે છે.
ताभ्यां यूयं पाल्यध्वे - તે બે વડે તમારું પાલન કરાય છે.
(૭) अहं जलं पिबामि - હું પાણી પીવું છું.
मया जलं पीयते-મારા વડે પાણી પીવાય છે.
(૮) युवां पुष्पे स्पृशथः - તમે બે, બે ફૂલને અડો છો.
युवाभ्यां पुष्पे स्पृश्येते - તમારા બે વડે બે પુષ્પને અડકાય છે.
(૯) आचार्यः पुस्तकानि लिखति - આચાર્યશ્રી પુસ્તકો લખે છે.
आचार्येण पुस्तकानि लिख्यन्ते - આચાર્યશ્રી વડે પુસ્તકો લખાય છે..

**પ્રશ્ન - ૧૨** ભાવે અને કર્મણિપ્રયોગનાં વાક્ય વિશેષણ સાથે લખો?

**ઉત્તર - ૧૨** (૧) અયોધ્યાની તે પાઠશાળામાં હોંશિયાર વિદ્યાર્થીઓ વડે ઘણા શ્લોકો ગોખાય છે અને ઉદાર રાજાઓ વડે તેઓને ધન અપાય છે.

अयोध्यायास्तस्यां पाठशालायां कुशलैश्छात्रैः प्रभूताश्श्लोका घोष्यन्त उदारैः नृपैश्च तेभ्यो धनं दीयते ।

(૨) મથુરામાં પૂજય પિતાજીનાં સુંદર બગીચામાંથી ઘણા શ્રાવકો વડે પરમાત્માની પૂજા માટે સફેદ ફૂલો લઈ જવાય છે અને શ્રદ્ધાપૂર્વક પ્રભુની પૂજા કરાય છે.

मथुरायां पूज्यस्य जनकस्य शोभनादुद्यानात् प्रभूतैः श्रावकैः जिनस्य पूजायै श्वेतानि पुष्पाणि नीयन्ते श्रद्धया च जिनोऽर्च्यते ।

(૩) ક્યારેક લોભી માણસોનાં ઘરોમાં અસંતોષને કારણે ઘણા નોકરો વડે કામનાં બોજાથી થાકી જવાય છે. क्वचित् कृपणानां जनानां गृहेषु तृष्णया प्रभूतैः किङ्करैः कार्यस्य भारात् श्राम्यते । (ભાવે પ્રયોગ)

# સાતવિભક્તિનું વર્ગીકરણ

**પ્રશ્ન** - **૧** ક્રિયાપદને આધારે કારકની ઓળખ કેવી રીતે કરવી ?

**ઉત્તર** - **૧** (૧) ક્રિયાપદને કોણ, કોણે, શું પુછતાં જે જવાબ આવે તે... કર્તા... તેને પ્રથમા વિભ. લાગે. દા.ત. मयूरो नृत्यति... रामोऽकथयत्, कूर्मःसरति... વિ...

(૨) ક્રિયાપદને કોને, શું, અને 'જવું' અર્થવાળો ધાતુ હોય તો ક્યાં પૂછતાં જે જવાબ આવે તે... કર્મ... તેને દ્વિતીયા વિભ. લાગે नृपश्चौरं ताडयति... बालो मोदकं खादति, नरो ग्रामं गच्छति... વિ...

(૩) ક્રિયાપદને શેનાથી.... શેનાદ્વારા... શેનાવડે... પૂછતાં જે જવાબ આવે તે કરણ... તેને તૃતીયા વિભક્તિ લાગે... (૧) स [1]दात्रेण काष्ठं वृश्चति...[2] (૨) पादाभ्यां गच्छति (૩) तैलेन यन्त्रं चलति... વિ...

(૪) ક્રિયાપદને... કોના માટે, કોને... શેનાં માટે (વાસ્તે-સારું-કાજે) પૂછતાં જે જવાબ આવે તે સંપ્રદાન... તેને ચતુર્થી વિભક્તિ લાગે... माता बालेभ्य ओदनं पचति। स याचकाय धनं यच्छति। किङ्कराः रथाय काष्ठमानयन्ति।

(૫) ક્રિયાપદને ક્યાંથી, કોનાથી, કોની પાસેથી... કોના ઉપરથી, શેમાંથી પુછતાં જે જવાબ આવે તેને અપાદાન કહેવાય છે. यूयं ग्रामादागच्छथ...। स लोभात् पराजयते...। अहं श्रमणेभ्यः पुस्तकं नयामि । वृक्षात् फलं पतति...। त्वं पुष्पेभ्यो मालां सृजसि । काष्ठेभ्यो निर्मितः स्तम्भोऽस्ति ।

(૬) ક્રિયાપદને ક્યાં... શેમાં, ક્યારે, કોની અંદર, કોની ઉપર પૂછતાં જે જવાબ આવે તે અધિકરણ કહેવાય. તેને સપ્તમી વિભક્તિ લાગે... यूयं गृहे तिष्ठथ...। घटे जलमस्ति। वयं रात्रौ न जेमामः। (रात्रौ=રાત્રિમાં) [3]मञ्जूषायां रत्नानि सन्ति। वृक्षे वानरा उपविशन्ति।

---

૧. दात्र (નપું.) દાતરડું, કુહાડો. ૨. व्रश्च(वृश्च्) - ગ.૬.પ.પ. કાપવું... ૩. मञ्जूषा - (સ્ત્રી.) પેટી, પટારો.

**નોંધ :** ક્રિયાપદ સાથે સંબંધ નહીં રાખનારા નામને થતી ષષ્ઠી વિભક્તિ કારકમાં ગણાતી નથી... નામનો નામની સાથે સંબંધ હોય છે ત્યારે ષષ્ઠી વિભક્તિ થાય છે તે વાત આગળ જણાવી દીધી છે.

**પ્રશ્ન - ૨** નામને પ્રથમાવિભક્તિ ક્યારે ક્યારે થાય ?

**ઉત્તર - ૨** (૧) મુખ્ય નામને પોતાનાં અર્થમાં પ્રથમાવિભક્તિ થાય... ( પા.૧૭. નિ.૫.) बाल: पठति ।

(૨) કર્મણિપ્રયોગમાં કર્મને પ્રથમાવિભક્તિ થાય... (પા.૩૦) बालेन मोदकौ खाद्येते ।

(૩) સંબોધનનાં અર્થમાં નામને પ્રથમાવિભક્તિ થાય... (પા. ૨૭. નિ. ૧.) हे बाल! कथं न पठसि ?

**પ્રશ્ન - ૩** નામને દ્વિતીયાવિભક્તિ ક્યારે થાય ?

**ઉત્તર - ૩** (૧) (કર્મ અર્થમાં વર્તતાં નામને) કર્મને દ્વિતીયાવિભક્તિ થાય છે. (પા.૨૦ નિ.૨.) किङ्करो भारं वहति ।

(૨) ऋते, विना, તથા धिग्, अन्तरेण વિ. અવ્યયનાં યોગમાં નામને દ્વિતીયાવિભક્તિ થાય છે. (ऋते. (અવ્યય.) વિના, સિવાય.)

धर्ममृते न मोक्षो भवति । - ધર્મ વિના મોક્ષ થતો નથી.

धर्मं विना सुखं नास्ति । - ધર્મ વિના સુખ નથી.

धिग् संसारम्, - સંસારને ધિક્કાર હો.

अन्तरेण धर्मं सुखं न भवति-ધર્મ વિના સુખ થતું નથી (પા.૩૬ નિ.૪)

(૩) ઉપસર્ગપૂર્વકનાં क्रुध् - द्रुह - ધાતુ હોય તો જેના ઉપર કોપ થતો હોય તે નામ સંપ્રદાન ન થાય... પણ કર્મ થાય અને તે નામને દ્વિતીયાવિભક્તિ લાગે છે.

बालमभिक्रुध्यति - તે બાળક ઉપર ગુસ્સો કરે છે.

(૪) ક્રિયાવિશેષણ (ક્રિયાનાં અર્થમાં વધારો કરે તે)ને દ્વિતીયા (નપું.એ.વ.) વિભક્તિ લાગે છે. सुखं वसति - સુખપૂર્વક રહે છે...

**પ્રશ્ન - ૩** નામને તૃતીયાવિભક્તિ ક્યારે લાગે ?

**ઉત્તર - ૩** (૧) કરણ અર્થમાં નામને તૃતીયાવિભક્તિ લાગે છે. हस्तेन लिखति । मुखेन वदति। વિ...

(૨) સાથે અર્થ જણાતો હોય ત્યારે સહ વગેરે અવ્યયનાં યોગમાં તથા સહ વિ. ન હોય તો પણ નામને તૃતીયાવિભક્તિ લાગે છે. जनकेन सह गच्छति । आचार्येण नमति ।

(૩) विना અવ્યયનાં યોગમાં તૃતીયાવિભક્તિ થાય છે. धर्मेण विना सुखं नास्ति ।

(૪) હેતુવાચક નામને તૃતીયાવિભક્તિ થાય છે... विद्यया यशः, विनयेन विद्या વિ...

(૫) સ્ત્રીલીંગ સિવાયનાં ગુણવાચક હેતુ નામને પણ તૃતીયાવિભક્તિ થાય છે. मोहेन बद्धः ।

(૬) ભાવે તથા કર્મણિપ્રયોગમાં કર્તાને તૃતીયાવિભક્તિ થાય છે. रामेण प्रासादो दृश्यते । कूर्मैः स्त्रियते ।

(૭) જે અંગવાચી શબ્દો કે સ્વભાવ વગેરે તે તે વ્યક્તિની પ્રસિદ્ધિ માટે વપરાતા હોય તે તે અંગવાચીનામ તથા સ્વભાવવાચી શબ્દને તૃતીયાવિભક્તિ થાય. (પા.૩૮ નિ.૪.)

| અંગવાચીનાં ઉદા.. | સ્વભાવવાચીનાં ઉદા... |
|---|---|
| ૧) पादेन खञ्जः – પગથી લંગડો (રાજેશ) | स्वभावेनोदारः कर्णः– સ્વભાવથી જ ઉદાર કર્ણ |
| ૨) मुखेन सुरूपा–મુખથી રૂપાળી...(છાયા) | स्पर्शेन शीतः – સ્પર્શથી ઠંડો (પવન) |
| ૩) नेत्रेण काणः – આંખથી કાણો.. (રમેશ) | वचनेन मृदुः–વચનથી કોમળ (રામ) |

(૮) તુલ્ય અર્થવાળા નામ સાથે જોડાયેલ નામને તૃતીયાવિભક્તિ લાગે છે. कर्णेन तुल्यः – (દાનમાં) કર્ણ સરખો... (બુદ્ધિમાં) कृष्णेन समः – કૃષ્ણસમાન.... (પા.૩૮ નિ.૫.)

(૯) कृतं, भवतु, अलं, किम् એવા નિષેધવાચી અવ્યયોનાં યોગમાં નામને તૃતીયાવિભક્તિ લાગે છે. कृतं तेन – તેના વડે સર્યું... अलं विस्तरेण... વિસ્તાર વડે સર્યું.... (પા.૪૨ નિ.૫.)

**પ્રશ્ન** - ૪ નામને ચતુર્થીવિભક્તિ ક્યારે થાય ?

**ઉત્તર** - ૪ (૧) માટે-વાસ્તે-સારુ-કાજે એવા અર્થમાં વર્તતાં નામને ચતુર્થીવિભક્તિ લાગે. बालेभ्यः पुस्तकानि - બાળકો માટે પુસ્તકો...

बालाभ्यः अलङ्कारा: - બાળિકાઓ માટે આભૂષણો

कुण्डलाय हिरण्यम् - કુંડલ માટે સોનું

(૨) સંપ્રદાનને ચતુર્થી વિભક્તિ લાગે (જેને આપવું હોય તેને સંપ્રદાન કહેવાય...) याचकेभ्यो धनं यच्छति - તે ગરીબોને ધન આપે છે.

(૩) કર્મ અથવા ક્રિયા દ્વારા જેની સાથે સંબંધ કરવામાં આવે તેને (સંપ્રદાનને) ચતુર્થી વિભક્તિ લાગે. शिष्याय धर्मं कथयति । देवेभ्यो नमति ।

(૪) नमस्, स्वस्ति, स्वाहा શબ્દનાં યોગમાં ચતુર્થી વિભક્તિ થાય છે... श्रीजिनाय नमः । श्रीसङ्घाय स्वस्ति । इन्द्राय स्वाहा ।

(૫) स्पृह् ધાતુનાં કર્મને ચતુર્થીવિભક્તિ વિકલ્પે લાગે છે. पुष्पेभ्यः स्पृहयति ।

(૬) ક્રોધ - દ્રોહ - ઈર્ષ્યા - અસૂયા અર્થવાળા ધાતુનાં યોગમાં જેના ઉપર ક્રોધાદિ થતાં હોય તેને ચતુર્થીવિભક્તિ થાય છે. मित्राय क्रुध्यति, बालाय द्रुह्यति, छात्रायेर्ष्यति વિ...

(૭) 'ગમવું' અર્થવાળા ધાતુનાં યોગમાં... જેને ગમતું હોય એને ચતુર્થીવિભક્તિ થાય છે. आर्याभ्यः स्वाध्यायो रोचते - સાધ્વીજીઓને સ્વાધ્યાય ગમે છે.

**પ્રશ્ન** - **૫** નામને પંચમીવિભક્તિ ક્યારે લાગે ?

**ઉત્તર** - **૫** (૧) પંચમીવિભક્તિ અપાદાન (જેનાથી છુટું પડવાનું હોય)ને લાગે. वृक्षात्पर्णं पतति । कमलात् सुवास आगच्छति ।

(૨) विना અવ્યય સાથે જોડાયેલ નામને પંચમી વિભક્તિ લાગે उद्यमाद् विना कार्यं न सिध्यति ।

(૩) સ્ત્રીલિંગ સિવાયનાં ગુણવાચક શબ્દોથી પંચમી વિભક્તિ થાય. ज्ञानान्मुक्तः ।

(૪) સાટાપાટાની વિધિમાં (એકવસ્તુને બદલે બીજી વસ્તુ દેવાની હોય ત્યારે) લેવા યોગ્ય વસ્તુને प्रति અવ્યયનાં યોગમાં પંચમી વિભક્તિ થાય. गोधूमेभ्यः प्रति फलानि नयति - તે ઘઉંના બદલે ફળો લે છે.

**પ્રશ્ન - ૬** ષષ્ઠીવિભક્તિ કોને થાય ?

**ઉત્તર - ૬** (૧) એકનામનો બીજા નામ સાથે સંબંધ હોય ત્યારે ગૌણનામને ષષ્ઠીવિભક્તિ થાય... वृक्षस्य पर्णम्, तैलस्य धारा, श्रावकस्य श्रद्धा, जिनानां पूजा વિ... (૨) उपरि, अधस्, परतस्, पुरस्तात्, पश्चात् વિ. અવ્યયોનાં યોગમાં નામને ષષ્ઠી વિભક્તિ લાગે.... ग्रामस्योपरि, (ગામની ઉપર..) वृक्षस्याधः (વૃક્ષની નીચે) रथस्य परितः (રથની ચારે બાજુ) नृपस्य पुरस्तात् (રાજાની આગળ)... रामस्य पश्चात् (રામની પાછળ)

(૩) સતિ-સપ્તમી થવાનાં પ્રસંગે જો વાક્યમાં અનાદર જણાતો હોય તો ષષ્ઠીવિભક્તિ થાય... बान्धवस्य विलपतो वीरो व्रतमाचरति - ભાઈ વિલાપ કરતે છતે વીરપ્રભુ વ્રત આદરે છે...

(૪) સમુદાયમાંથી જાતિ-ગુણ-વિ.ની મુખ્યતાએ બુદ્ધિથી જુદાઈ કરવાની હોય ત્યારે ષષ્ઠીવિભક્તિ લાગે છે તેને નિર્ધારણ ષષ્ઠી કહેવાય છે.

नराणां क्षत्रियः शूरः - માણસોમાં ક્ષત્રિય શૂરવીર છે.

**પ્રશ્ન - ૭** સપ્તમીવિભક્તિ ક્યારે ક્યારે લાગે ?

**ઉત્તર - ૭** (૧) અધિકરણ (આધારવાચી નામ)ને સપ્તમીવિભક્તિ લાગે. गृहे वसति । घटे जलमस्ति । વિ...

(૨) જેની ક્રિયા અન્યની ક્રિયાને જણાવતી હોય ત્યારે તે નામને અને તેનાં વિશેષણને સપ્તમીવિભક્તિ થાય છે. वर्षति मेघे चौरा आगताः। મેઘવરસતે છતે ચોરો આવ્યા હતાં. (પા.૪૦ નિ.૯)

(૩) નિર્ધારણ અર્થમાં પણ સપ્તમીવિભ. લાગે. नरेषु क्षत्रियः शूरः।

# પાઠ-૩૧

**પ્રશ્ન** - ૧ હ્યસ્તનભૂતકાળ એટલે શું ?

**ઉત્તર** - ૧ હ્યસ્ - ગઈકાલ... ગઈકાલે થયેલ હોય એને હ્યસ્તન ભૂતકાળ કહેવાય... અહીં ગઈકાલે થયેલ એમ લખ્યું છે છતાં સામાન્યથી પહેલાં જે કાંઈ થયું છે તે બધું હ્યસ્તનભૂતકાળમાં જ ગણાય છે.

**પ્રશ્ન** - ૨ હ્યસ્તનીવિભક્તિ ક્યારે વપરાય ?

**ઉત્તર** - ૨ ગઈકાલે એટલે કે પૂર્વમાં બનેલ બધીજ બાબતોને જ્યારે ભાષામાં ઉતારવી હોય ત્યારે આ હ્યસ્તનીવિભક્તિનો ઉપયોગ કરાય છે.

**પ્રશ્ન** - ૩ હ્યસ્તનીવિભક્તિનાં રૂપની વિશેષતા કઈ ?

**ઉત્તર** - ૩ હ્યસ્તનીવિભક્તિનાં રૂપની (ક્રિયાપદની) આદિમાં अ મૂકાય છે તે હ્યસ્તનીવિભક્તિની વિશેષતા છે.

**પ્રશ્ન** - ૪ નિ.પ. કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - ૪ નિ.પ. ૨૧૦ રીતે લાગે

| | |
|---|---|
| હ્રસ્વસ્વર - अ-इ-उ-ऋ-लृ - | ૫ |
| પછી પદાન્ત ङ्-ण्-न्. - | x ૩ |
| | ૧૫ |
| અને પછી ૧૪ સ્વર | x ૧૪ સ્વર |
| | ૨૧૦ |

પણ ङ्-ण्-न् પદને અંતે હોવા જોઈએ.... નહીં તો આ નિયમ ન લાગે.. દા.ત. शशिन् + औ અહીં शि માં इ છે તે હ્રસ્વસ્વર પણ છે પાછળ औ એ સ્વર પણ આવ્યો છે પરંતુ शशिन् નો न् એ પદને અંતે નથી અપદ અવસ્થા છે માટે न् ડબલ ન થાય...

ङ् - उदङ् + अस्ति उदङ्ङस्ति । उदङ् (વિ.) ઉંચેજનાર...

प्रत्यङ् + आगच्छति प्रत्यङ्ङागच्छति । प्रत्यङ् (પું.)પશ્ચિમદેશ-કાળ

क्रुङ् + इच्छति क्रुङ्ङिच्छति। क्रुङ् (વિ.) વાંકોચાલનાર

ण् - उपरण्+अटति उपरण्णटति। उपरण् (वि.) પાસેજનાર
अतिवण्+ऋषभः अतिवण्णृषभः। अतिवण् (वि.) ઘણું બોલનાર
सुगण्+ऐच्छत् सुगण्णैच्छत्। सुगण् (वि.) સારી રીતે ગણનાર
न् - गच्छन्+इह गच्छन्निह । गच्छन् । જતો
विरमन्+एव विरमन्नेव । विरमन् અટકતો
वदन्+ओतुः वदन्नोतुः। બોલતો બિલાડો...

## પાઠ-૩૨

**પ્રશ્ન** - ૧ હ્યસ્તની વિભક્તિમાં સ્વરાદિ પ્રત્યયો કેટલા ? ક્યા ક્યા?

**ઉત્તર** - ૧ હ્યસ્તની વિભક્તિમાં સ્વરાદિ પ્રત્યયો - ૬ છે.
अम्, अन्, इ, इथाम्, इताम्, अन्त...

**પ્રશ્ન** - ૨ હ્યસ્તની વિભક્તિમાં પા.૨.નિ.૩ લાગે એવા પ્રત્યયો કેટલા ? ક્યા ક્યા ?

**ઉત્તર** - ૨ હ્યસ્તની વિભક્તિમાં પા.૨. નિ.૩ લાગે એવા પ્રત્યયો - ૪ છે. व-म, वहि-महि....

**પ્રશ્ન** - ૩ હ્યસ્તની વિભક્તિમાં વ્યંજનાદિ પ્રત્યયો કેટલા ? ક્યા ?

**ઉત્તર** - ૩ હ્યસ્તની વિભક્તિમાં વ્યંજનાદિ પ્રત્યયો - ૧૨ છે. व-म, स्-तम्-त, त्-ताम्, वहि-महि, थास्-ध्वम्, त....।

**પ્રશ્ન** - ૪ હ્યસ્તની વિભક્તિમાં પા.૪.નિ.૧. લાગે એવા પ્રત્યયો કેટલા ? ક્યા ક્યા ?

**ઉત્તર** - ૪ હ્યસ્તની વિભક્તિમાં પા.૪.નિ.૧. લાગે એવા પ્રત્યયો - ૩ છે. अम्, अन्, अन्त....।

**પ્રશ્ન - ૫** નિ.૧. (अ)માં ''જોડાય'' શબ્દ શું બતાવે છે ?

**ઉત્તર - ૫** નિ.૧.માં 'જોડાય' શબ્દનો પ્રયોગ કર્યો છે તે એમ સૂચવે છે. त વર્ગ પહેલા श् કે च વર્ગ હોય તો પણ આ નિયમ લાગે... અને त વર્ગ પછી श्-च વર્ગ હોય તો પણ આ નિયમ લાગે... જો श् કે च વર્ગ પછી त વર્ગનો ફેરફાર કરવો હોત તો श् કે च વર્ગ પછી त વર્ગ આવે તો त વર્ગનો च વર્ગ થાય. એમ લખત.... અથવા त વર્ગની પછી श् કે च વર્ગ આવે અને ફેરફાર કરવો હોત તો त વર્ગનો श्-च વર્ગ પર છતાં च વર્ગ મૂકાય છે આમ લખત... પણ અહીં 'જોડાય ત્યારે' એવું લખેલું હોવાથી આગળ પાછળ ગમે ત્યાં त વર્ગનું श् -. કે च વર્ગ સાથે જોડાણ થાય ત્યારે તેને મળતો च વર્ગ મૂકાય...: આવું જણાવવા માટે જ નિયમમાં 'જોડાય' શબ્દ વાપર્યો છે. अनमत् + श्रमणम्. अनमच्श्रमणम् - અહીં त् સાથે श् જોડાયેલ છે માટે त् નો च् થાય

देवान् + जपति - देवाञ्जपति न् નો જનાં યોગમાં ञ् થયો....

अपिबद् + जलम् - अपिबज्जलम् द् નો ज्નાં યોગમાં ज् થયો...

આ બધા ઉદા. त વર્ગ સાથે श्-च વર્ગનાં જોડાણ ના જાણવા... હવે श्-च વર્ગ પછી त વર્ગ આવે તો પણ च વર્ગ મૂકાય છે એના ઉદા. બતાવે છે. (૧) राजन् + अस् (દ્વિ.બ.વ.) પા.૪૭ નિ.૩ થી ઉપાન્ત્ય अ નો લોપ राज् + न् + अस् - હવે અહીં ज् એ च વર્ગનો છે એની સાથે न् એ त વર્ગનો વ્યંજન જોડાયો છે. તો न् નો ञ् થઈ ગયો.... राज्+ञ्+अस् (ज् + ञ् = ज्ञ) = राज्ञः આવી રીતે... याच्+ना (પ્રત્યય છે.) च વર્ગ પછી ना આવ્યો છે તો ना નો ञा થયો... याच्ञा આવી રીતે त વર્ગ આગળ કે પાછળ બન્ને બાજુ થી श् કે च વર્ગ સાથે જોડાયો હોય તો त વર્ગને બદલે च વર્ગ થઈ જાય આવું જણાવવા માટે જ ''જોડાય'' શબ્દ મૂકેલ છે....

**પ્રશ્ન** - ૬ નિ.૧. अ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૬ નિ. अ ૫૫ રીતે લાગે...

त वर्गनां ५ व्यंजन (त्-थ्-द्-ध्-न्)
श् + च वर्ग - × ६ व्यंजन (श्-च्-छ्-ज्-झ्-ञ्)
30

તથા $\frac{\text{च वर्ग × त वर्ग}}{\text{५ × ५}}$ =२५...(श् પછી તવર્ગ આવવાની સંભાવના નથી...) પદાન્ત હોય તો श् નો (બીજી બુક પા. ૧૪ નિ.૨.થી) ष् થઈ જાય છે અને અપદમાં પણ ધુડ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં श् નો ष् થઈ જાય છે. એટલે श् પછી त् વર્ગની સંભાવના નથી માટે ૫×૫ લીધું) ૩૦+૨૫ = ૫૫ રીતે આ નિયમ લાગે..

તેનાં કેટલાંક ઉદાહરણો....

अवदत् + श्रावकः - अवदच्श्रावकः । - શ્રાવક બોલ્યો.

अचोरयत् + चौरः - अचोरयच्चौरः । - ચોરે ચોરી કરી.

अपठत् + छात्रः - अपठच्छात्रः । - વિદ્યાર્થી ભણ્યો.

अनृत्यद् + जनः - अनृत्यज्जनः । - માણસ નાચ્યો....

अलिखद् + झटिति - अलिखज्झटिति । - તેણે જલ્દી લખ્યું.

योषिद् + ञुङ्वे - योषिज्ञुङ्वे । - સ્ત્રી બોલી હતી.

नरान् + श्रयति - नराञ्श्रयति । - તે માણસોનો આશરો લે છે.

कषायान् + जयति - कषायाञ्जयति । - તે કષાયોને જીતે છે.

गुरून् + झटिति नमति - बालाञ्झटिति नमति । - તે ગુરુને જલ્દી નમે છે.

राजन् + ञकारं पश्य - राजञ्ञकारं पश्य - હે રાજા ञ ને જુઓ....

**પ્રશ્ન** - ૭ નિ.૧. આ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૭ નિ.૧. આ ૬૦ રીતે લાગે - ६ (ष्-ट्-ठ्-ड्-ढ्-ण्)
નિ.૧. × ५ (त्-थ्-द्-ध-न्)
30

એવી જ રીતે પૂર્વે त વર્ગ - હોય અને પછી ष्-ट વર્ગ-૬ વર્ણો આવે

૬ × ૫ =૩૦ ૩૦ + ૩૦ = ૬૦ રીતે આ નિયમ લાગવાની શક્યતા છે તેનાં કેટલાંક ઉદાહરણ...

तत् + टीकते - तट्टीकते - તે ટીકા કરે છે.

योषित् + ठकारः - योषिट्ठकारः - સ્ત્રીનો ઠકાર.

मृद् + डीयते - मृड्डीयते - માટી ઉડે છે.

मरुद् + ढौकते - मरुड्ढौकते - પવન ગતિ કરે છે.

दुष्+त-दुष्टः। प्रति+स्थानम्-प्रति+ष्थानम् प्रतिष्ठानम् वि...

**પ્રશ્ન** - ૮ નિ.૨ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૮ નિ.૨.૫ રીતે લાગે... त्-थ्-द्-ध्-न्-ल् હોય તો ल्-लँ् થાય દા.ત. (૧) रामात्+लक्ष्मणो लघुः - रामाल्लक्ष्मणो लघुः । રામથી લક્ષ્મણ નાનો હતો (૨) योषिद् + लुब्धः - योषिल्लुब्धः સ્ત્રીઓમાં આસક્ત...

(૩) क्षुध् + लुप्तः - क्षुल्लुप्तः ભૂખથી લોપાઈ ગયેલો

(૪) राजन्+ललनां कथय-राजल्ँललनां कथय। હે રાજા તું સ્ત્રીને કહે...

**પ્રશ્ન** - ૯ નિ. ૩. કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર** - ૯ નિ. ૩. ૧૧૫ રીતે લાગે...

क्-च्-ट्-त्-प् - ૫ વર્ગનાં પ્રથમ અક્ષર

+ श् પછી ૨૩ અધુટ્વર્ણ આવે... ૨૩ × ૫ = ૧૧૫... રીતે આ નિયમ લાગે.... (અધુટ્વર્ણ - અંતસ્થા-૪+૫ અનુનાસિક + ૧૪ સ્વર = ૨૩)

કેટલાંક ઉદાહરણો -

(૧) वाक् + श्रीयते - वाक्छ्रीयते વાણીનો આશ્રય કરાય છે.

(૨) अच् + शक्तिः - अच्छक्तिः સ્વરની શક્તિ (अच् = સ્વર)

(૩) सम्राट् + शाम्यति - सम्राट्छाम्यति - રાજા શાંત થાય છે.

(૪) शरत् + शशी - शरच्छशी - શરદ્ ઋતુનો ચંદ્રઃ

(૫) ककुप् + श्लाघा - ककुप्छ्लाघा - દિશાની પ્રશંસા.

(૬) भूभुक् + शरणम् - भूभुक्छरणम् - રાજાનું શરણ.

(૭) द्विट् + श्यति[1] - द्विट्छ्यति - શત્રુ છોલે છે.

(૮) मृत् + शीतलाऽस्ति - मृच्छीतलाऽस्ति માટી ઠંડી હોય છે.

(૯) योषित्+श्वेताऽऽसीत्-योषिच्छ्वेतासीत्-स्त्री ધોળી હતી... વિ...

## પાઠ-33

**પ્રશ્ન** - ૧. કૃત્-કૃદન્તનો તફાવત જણાવો...

**ઉત્તર** - **૧** ધાતુ ઉપરથી શબ્દ બનાવવા માટે તે-તે અર્થમાં લાગતાં પ્રત્યયને કૃત્ પ્રત્યય કહેવાય છે... અને કૃત્પ્રત્યય લાગીને જે શબ્દ બને છે તેને કૃદન્ત કહેવાય છે. એટલે કૃત્-એ પ્રત્યય છે... કૃદન્ત એ ધાતુ પરથી બનેલ શબ્દ છે... દા.ત. तुम् એ પ્રત્યય છે. पातुम् એ કૃદન્ત છે...

**પ્રશ્ન** - **૨** કૃદન્ત કેટલા પ્રકારે ? કયા કયા ?

ઉત્તર - ૨ કૃદન્ત ૨ પ્રકારે. (૧) અવ્યયરૂપકૃદન્ત, (૨) વિશેષણરૂપકૃદન્ત....त्वा-तुम् પ્રત્યયાન્ત કૃદન્તો અવ્યયરૂપ કૃદન્ત છે અને त-तवत्-अत्-आन વિ. પ્રત્યયાન્ત કૃદન્ત વિશેષણરૂપ કૃદન્તો છે.

**પ્રશ્ન** - **૩** હેત્વર્થનો અર્થ શું ? તે ધાતુને ક્યારે લાગે ?

**ઉત્તર** - ૩ હેતુ = કારણ... જે ક્રિયા કારણરૂપ બનતી હોય તે ક્રિયાને જણાવનારા ધાતુથી तुम् પ્રત્યય લાગે... એટલે કે ''માટે''એવો અર્થ જે ધાતુ સાથે સંકળાયેલો હોય તે ધાતુને तुम् પ્રત્યય લાગે... તેને હેતુ = કારણ અર્થમાં લાગતો પ્રત્યય - તે હેત્વર્થ કૃત્પ્રત્યય.... તે પ્રત્યય જે ધાતુને અંતે લાગેલો હોય તેને **હેત્વર્થકૃદન્ત** કહેવાય છે... દા.ત. તે ખાવા માટે માંગે છે. सः खादितुं याचते... અહીં **'માટે'** એ અર્થ ખાવું અર્થ જણાવનારા ધાતુ પછી આવેલો છે તેથી **ખાવા માટે** - એ અર્થમાં खाद् ધાતુને तुम्

---

૧. शो ગ.૪.પ.પ. છોલવું. પાતળું કરવું.

પ્રત્યય લાગ્યો.... અને खादितुम् થયું... એ જ પ્રમાણે - पठितुं गच्छति - ભણવા માટે જાય છે... વિ...

**પ્રશ્ન** - ૩ तुम् પ્રત્યય પર છતાં ધાતુમાં શું શું ફેરફારો થાય ?

**ઉત્તર** - ૩ કેટલાંક ધાતુઓને तुम् પ્રત્યય પર છતાં इ (इट्) લાગે છે... (જે મધ્યમામાં આવશે...) દા.ત. पतितुम्, पठितुम्, वन्दितुम्, रक्षितुम्, जीवितुम्, વિ....

(૨) रम्-गम्-नम् વિ. ધાતુનાં म् નો तुम् પ્રત્યય પર છતાં न् થઈ જાય છે. रन्तुम्, गन्तुम्, नन्तुम्, વિ...

(૩) सृज् - स्त्रष्टुम्, स्पृश् - स्प्रष्टुम्, स्पर्ष्टुम् दृश् - द्रष्टुंम्, प्रच्छ् - प्रष्टुम्, सह्-सोढुम्, वह् - वोढुम् આવા કૃદન્તો બને છે.

(૪) तुम् પ્રત્યય પર છતાં ધાતુનાં ઉપાન્ત્ય હ્રસ્વનામિ સ્વર અને અંત્ય હ્રસ્વકે દીર્ઘ નામિસ્વરનો ગુણ થાય છે... દા.ત. मुच्-मोक्तुम्, सिच्-सेक्तुम्, इष्-एष्टुम्, અંત્યમાં - जि-जेतुम्, नी-नेतुम्, स्मृ - स्मर्तुम्, हृ - हर्तुम् तृ-तरितुम् વિ...

(૫) ધાતુને અંતે જો ચોથો અક્ષર (घ्,झ्-द्-ध्-भ्) આવેલો હોય અને પછી तुम् આવ્યો હોય તો तुम् નાં त् નો ध् થઈ જાય છે. એટલે કે तुम् નું પછી धुम् થઈ જાય છે. દા.ત. दह् (ह् નો घ् થઈને ग् થાય છે) - दग्धुम्, युध् = योद्धुम्, लभ् - लब्धुम्, क्रुध्-क्रोद्धुम्।

(૬) ગણ-૧૦નાં ધાતુને પોતાના इ પ્રત્યયની સાથે બીજો इ પ્રત્યય લાગે છે. कथयितुम्, ताडयितुम्, चोरयितुम्, पारयितुम् વિ...

(૭) ધાતુને અંતે श् હોય તો ष् થઈ तुम् નો टुम् થઈ જાય છે.

દા.ત. नश्-नंष्टुम्, (नश् માં વચ્ચે न् ઉમેરાય છે મધ્યમા - પા.૧૮ નિ.૧૩...પછી न् નો અનુસ્વાર થાય છે.) विश्-उपवेष्टुम् दिश्-उपदेष्टुम् વિ...

(૮) ધાતુને અંતે ज् કે च् હોય તો क् થઈ જાય છે. त्यज्-त्यक्तुम्, मुच्-मोक्तुम्, पच्-पक्तुम् ।

**પ્રશ્ન - ૫** तुम् પ્રત્યયાન્ત કૃદન્તને પ્રયોગમાં વાપરી બતાવો.

**ઉત્તર-૫** (૧) पुस्तकं नेतुमागच्छति-પુસ્તક લઈ જવા માટે આવે છે.

(૨) धनं दातुं प्रार्थयन्ते - તેઓ ધન આપવા માટે પ્રાર્થના કરે છે.

(૩) मित्राणि पठितुं पुस्तकानि याचन्ते - મિત્રો ભણવા માટે પુસ્તકો માંગે છે...

(૪) जीवान्रक्षितुं प्रयतते - તે જીવોને બચાવવા પ્રયત્ન કરે છે.

(૫) फलानि लब्धुं वनेऽटति - તે ફળો મેળવવા વનમાં ફરે છે.

**પ્રશ્ન - ૬** સંબંધકભૂતકૃદન્ત એટલે શું ?

**ઉત્તર - ૬** સંબંધક = સંબંધવાળું... બીજીક્રિયા સાથે જોડાણ હોય... અને ભૂત = થઈ ગયેલી (પહેલાની) ક્રિયાને બતાવનાર ધાતુને જે કૃત્પ્રત્યય લાગે છે તે સંબંધક ભૂતકૃદન્ત કહેવાય... એટલે કે એકક્રિયા કરીને બીજી ક્રિયા કરતો હોય ત્યારે થઈ ગયેલી ક્રિયાને જણાવનાર ધાતુને त्वा પ્રત્યય લાગીને આ કૃદન્ત બને છે. દા.ત. वयं पठित्वा रमामहे અમે ભણીને રમીએ છીએ. અહીં રમવાની ક્રિયાએ વર્તમાનકાળની (ચાલુ) ક્રિયા છે. અંને **ભણીને** = ભણવાની ક્રિયા થઈ ગઈ હોવાથી ભૂતકાળની છે રમવાની ક્રિયા સાથે આ ભણવાની ક્રિયા જોડાયેલી (સંબંધવાળી) છે માટે ભણવાની ક્રિયા જણાવનાર पठ् ધાતુને त्वा પ્રત્યય લાગીને સંબંધક ભૂતકૃદન્ત થાય... ટુંકમાં "ને" જે ક્રિયાવાચક (ધાતુ) પાછળ લાગતું હોય તેને त्वा પ્રત્યય લાગે છે. દા.ત. બોલીને.... ચાલીને..... હસીને...... કરીને...... વિ.....

**પ્રશ્ન - ૭** तुम् - त्वा પ્રત્યયાન્ત કૃદન્તનાં અર્થમાં તફાવત શું ?

**ઉત્તર - ૭** तुम् પ્રત્યયાન્તકૃદન્ત દ્વારા જણાવાતી ક્રિયા હજુ થઈ નથી કરવાની બાકી છે. દા.ત. પાણી **પીવા માટે** જાય છે. અહીં જવાની ક્રિયા ચાલુ છે. પણ પીવાની ક્રિયા બાકી છે... જ્યારે त्वा પ્રત્યયાન્ત કૃદન્ત દ્વારા જણાવાતી ક્રિયા થઈ ગયેલી છે. દા.ત. તે **પાણી પીને** જાય છે. અહીં બન્ને વાક્યમાં જવાની ક્રિયા તો સરખી જ છે પણ એકમાં (હેત્વર્થકૃદન્તમાં)

પીવાની ક્રિયા બાકી છે અને બીજામાં (સંબંધકભૂતકૃદન્તમાં) પીવાની ક્રિયા થઈ ગઈ છે. એટલે ભૂત-ભવિષ્ય જેટલો તફાવત છે...

**પ્રશ્ન** - ૮ त्वा પ્રત્યય પર છતાં ધાતુમાં શું શું ફેરફારો થાય ?

**ઉત્તર** - ૮ त्वा(क्त्वा) પ્રત્યય પર છતાં (૧) કેટલાંક ધાતુઓમાં इ લાગે છે... (બીજી બુકમાં આવશે) દા.ત. पठित्वा, वन्दित्वा, भणित्वा, रक्षित्वा, भाषित्वा, याचित्वा, पतित्वा વિ....

(૨) दा નો दत्, प्रच्छ् નો पृश्, वस् નો उष्, वद् નો उद्, ह्वे નો हू, पा નો पी, स्था નો स्थि આદેશો થાય છે. दत्त्वा, पृष्ट्वा, उषित्वा, उदित्वा, हूत्वा, पीत्वा, स्थित्वा, वह् નું ऊढ्वा થાય છે.

(૩) गम्-रम्-नम्-यम्-मन् વિ. ધાતુનાં અન્ત્ય म् અને न् નો લોપ થાય છે गत्वा, रत्वा, नत्वा, यत्वा, मत्वा । અને त्वा ને બદલે य લાગે ત્યારે વિકલ્પે લોપ થાય છે અને म्-न् નો લોપ થાય ત્યારે त् ઉમેરાય છે. आ + गम्-आगत्य, आगम्य... वि + रम् - विरत्य, विरम्य... प्र+नम्,-प्रणत्य, प्रणम्य, प्र+यम्- प्रयत्य, प्रयम्य, अवमन्य....

(૪) ધાતુનાં અંતે श् હોય તો તે श् નો ष् થઈ त्वाનો ट्वा થાય છે. दिश्-दिष्ट्वा... दृश्-दृष्ट्वा....स्पृश्-स्पृष्ट्वा,, कृश्-कृष्ट्वा વિ...

(૫) नश् ધાતુનાં - नंष्ट्वा, नशित्वा, नष्ट्वा ત્રણ કૃદન્તો થાય.

(૬) भ्रम्-श्रम्-शम् ધાતુમાં इ લાગીને કૃદન્ત થાય ત્યારે भ्रमित्वा, श्रमित्वा, शमित्वा, અને इ ન લાગે ત્યારે भ्रान्त्वा, श्रान्त्वा, शान्त्वा થાય છે.

(૭) ધાતુને અંતે च् કે ज् હોય તો क् થઈ જાય છે. त्यज्-त्यक्त्वा, मुच्-मुक्त्वा, पच्-पक्त्वा પણ सृज् ધાતુનાં ज् નો ष् થાય છે सृष्ट्वा

(૮) ધાતુને અંતે વર્ગનો ચોથો અક્ષર (घ्-झ्-ढ्-ध्-भ्) હોય તો - त्वा નો ध्वा થઈ જાય છે लभ्-लब्ध्वा, क्रुध्-क्रुद्ध्वा, दह्-નો दघ् થઈ જવાથી - दग्ध्वा, युध्-युद्ध्वा... वृध्-वृद्ध्वा... वर्धित्वा પણ થાય છે.

(૯) ધાતુનાં ઉપાન્ત્ય-અન્ત્ય હ્રસ્વ-દીર્ઘનામિસ્વરનો ગુણ થતો નથી. जि=जित्वा, नी-नीत्वा, वृष्-वृष्ट्वा... सिच्-सिक्त्वा, मुच्-मुक्त्वा વિ...

(૧૦) પણ इ લાગે ત્યારે ક્યારેક ગુણ પણ થાય છે वर्षित्वा

(૧૧) ગ.૧૦.નો. इ લાગે છે ત્યારે ધાતુમાં થયેલ-ગુણ-વૃદ્ધિ રહે છે चोरयित्वा, ताडयित्वा, पारयित्वा, घोषयित्वा, चिन्तयित्वा વિ.

**પ્રશ્ન - ૯** त्वा ને બદલે य ક્યારે લાગે ?

**ઉત્તર - ૯** જો ઉપસર્ગ સહિત ધાતુ હોય તો त्वा ને બદલે य લાગે છે... परि+त्यज्-परित्यज्य, आ+नी-आनीय...

**પ્રશ્ન - ૧૦** त्वा નો य થાય ત્યારે ધાતુમાં થતાં ફેરફાર લખો.

**ઉત્તર - ૧૦** त्वा નો य થાય ત્યારે (૧) ધાતુને અંતે હ્રસ્વસ્વર હોય તો त् ઉમેરાય છે. प्र+सृ-प्रसृत्य, परि+हृ - परिहृत्य...

(૨) यम्-रम्-नम्-गम् વિ. ધાતુઓનો અંત્યવ્યંજન વિકલ્પે લોપાય છે અને અંત્યવ્યંજન લોપાયા બાદ-त् ઉમેરાય છે. દા. ત. विरम्य-विरत्य, प्रणम्य-प्रणत्य, आगत्य-आगम्य प्रयम्य, प्रयत्य વિ.

**પ્રશ્ન - ૧૧** નીચે આપેલા કૃદન્તો ઓળખાવો.

तीर्त्वा, मोक्तुम्, अभिषिक्तम्, उड्डीय, निष्पत्य, आहूय, पृष्टम्, विरचय्य, प्रार्थयितुम्, अनुष्ठाय, उत्तीर्य, विस्मृत्य, विश्रान्तम्, स्रष्टुम्, अनूद्य, उत्थितम्, नंष्ट्वा, पर्यट्य, सन्दग्धम्, उड्डीनम्, सन्दिष्टम्,

**ઉત્તર - ૧૧** (૧) तीर्त्वा-तॄ સંબંધક ભૂ. કૃ. તરીને, (૨) मोक्तुम्-मुच्-હેત્વર્થ કૃદન્ત-મૂકીને, છોડીને, (૩) अभिषिक्तम्-अभि + सिच् - કર્મણિ-ભાવે ભૂ. કૃ.-અભિષેક કરાયો, (૪) उड्डीय-उद् + डी-સં. ભૂ. કૃ.-ઉડીને, (૫) निष्पत्य-निर् + पत् સં. ભૂ. કૃ.-સારી રીતે પડીને, (૬) आहूय-आ + ह्वे સં. ભૂ. કૃ.-બોલાવીને, (૭) पृष्टम्-प्रच्छ्-કર્મણિ-ભાવે ભૂ. કૃ.-પૂછાયું, (૮) विरचय्य-वि + रच् સં. ભૂ. કૃ.-બનાવીને, (૯) प्रार्थयितुम्-प्र + अर्थ्-હે.કૃ.-પ્રાર્થના કરવા માટે, (૧૦) अनुष्ठाय-अनु + स्था-સં. ભૂ. કૃ.-આચરીને, (૧૧) उत्तीर्य-उद् + तॄ- સં. ભૂ. કૃ.-ઉતરીને, નીકળીને,

(૧૨) विस्मृत्य-वि + स्मृ-સં. ભૂ. કૃ.-ભૂલીને, (૧૩) विश्रान्तम्-वि + श्रम्- ભાવે. ભૂ.કૃ.-વિસામો લેવાયો અથવા કર્ત.ભૂ. કૃ.-વિસામો લીધો, (૧૪) स्रष्टुम्-सृज्- હે. કૃ.-બનાવવા માટે, (૧૫) अनूद्य-अनु + वद्-સં. ભૂ. કૃ.-પાછળ બોલીને, અનુવાદ કરીને, (૧૬) उत्थितम्-उद् + स्था- ભાવે.કર્તરિ ભૂ. કૃ.-ઉઠાયું, ઉઠ્યું, (૧૭) नंष्ट्वा-नश् સં. ભૂ. કૃ.-નાશીને, ભાગીને, (૧૮) पर्यट्य-परि + अट्-સં. ભૂ. કૃ.-ચારે બાજુ રખડીને, (૧૯) सन्दग्धम्-सम् + दह्-કર્ત. કર્મ-ભાવે ભૂ. કૃ.-સારી રીતે બળ્યું, સારી રીતે બળાયું, બળાવાયું, (૨૦) उड्डीनम्-उद् + डी- કર્ત. કર્મ. ભાવે. ભૂ.કૃ.- ઉડાયું, ઉડ્યું, (૨૧) सन्दिष्टम्-सम् + दिश्- કર્ત. કર્મ. ભાવે. ભૂ. કૃ.-સંદેશો આપ્યો, સંદેશો અપાયો.

**પ્રશ્ન - ૧૨** પ્રથમામાં ન આવેલ નિયમોથી બનેલા કૃદન્તો બતાવો.

**ઉત્તર - ૧૨** मुह्-मुग्धम्, मूढम् मोहितम्। शुभ्-शुभितम्, शोभितम्। द्युत्-द्योतितम्, द्युतितम् । वद्-उदितम् । वप्-उप्तम् । वस्-उषितम् । सृज्- सृष्टम् । पा-पीतम् । आ + दा-आत्तम् । जन्-जातम् । कुप्-कुपितम्, कोपितम्। क्षि-क्षितम्, क्षीणम् । क्रुध्-क्रुद्धम् । लुभ्-लुब्धम् । क्षुभ्-क्षुब्धम् ।

**પ્રશ્ન - ૧૩ સંબંધક ભૂતકૃદન્તને વાક્યમાં વાપરો.**

**ઉત્તર - ૧૩** (૧) जनकं सेवित्वा तुष्यामि - હું પિતાજીની સેવા કરીને ખુશ થાઉં છું.

(૨) युवां याचकान्दृष्ट्वा दुःखमनुभवथः - તમે બે ગરીબોને જોઈને દુઃખ અનુભવો છો.

(૩) रामः प्रजां पालयित्वा सुखी अभवत् - રામ પ્રજાનું પાલન કરીને સુખી થયા. (सुखीन् (वि.) સુખી)

(૪) आचार्यान् प्रणम्य सोऽपठत् - આચાર્યભગવંતને નમસ્કાર કરીને તે ભણ્યો.

(૫) रावणः सीतामपहृत्य लङ्कामगच्छत् - રાવણ સીતાનું અપહરણ કરીને લંકામાં ગયો.

(૬) जनकमापृच्छ्य स संसारमत्यजत् - પિતાજીની રજા લઈને તેણે સંસારનો ત્યાગ કર્યો.

**પ્રશ્ન - ૧૪** त्वा (क्त्वा) त (क्त) એમ બન્ને પ્રત્યય કૌંસમાં क् સાથે કેમ બતાવ્યા છે ?

**ઉત્તર - ૧૪** *क्त्वा-क्त બન્ને પ્રત્યયમાં क् ઈત્ છે ઈત્ની વ્યાખ્યા* આગળ પા.૩૬ નિ.૧માં આવશે... ઈત્ પ્રયોગમાં વપરાતાં નથી પણ તેના નિમિત્તે થતાં કાર્યો કરીને જતાં રહે છે... દા.ત. क्त-क्त्वा કિત્ હોવાથી ધાતુમાં ગુણ ન થાય તથા અન્ય ફેરફારો આગળ પ્રશ્ન-૭નાં ઉત્તરમાં બતાવ્યા છે તે તે કાર્યો લગભગ થાય...

| કોને લાગે? | શું લાગે? | લાગ્યા પછી શું બને? | અર્થ શું થશે? |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| ધાતુને | त्वा-तुम् | त्वा સં.ભૂ.કૃ. नत्वा | त्वा=ને नत्वा=નમીને |
| | | तुम्-હેત્વર્થકૃ. नन्तुम् | तुम्-માટે नन्तुम्= નમવા માટે |

**પ્રશ્ન - ૧૫** क्त પ્રત્યયને કર્મણિપ્રયોગમાં વાક્યમાં વાપરી બતાવો...

પુંલિંગ કર્મ...
**ઉત્તર - ૧૫**(૧) अस्माभिः देवोऽर्चितः - અમારા વડે દેવ પૂજાયા...
(૨) बालैः मोदकौ खादितौ - બાળકો વડે બે લાડવા ખવાયા...
(૩) तैः मृगाः दृष्टाः - તેઓ વડે હરણાંઓ જોવાયા...

નપું. કર્મ...
(૧) त्वया पुस्तकं याचितम् - તારા વડે પુસ્તક મંગાયું
(૨) ताभ्यां पुष्पे आनीते - તે બે વડે બે ફૂલ લવાયાં...
(૩) जनकेन पत्राणि लिखितानि - પિતાજી વડે પત્રો લખાયા...

સ્ત્રી. કર્મ...
(૧) मया सरला कथिता - મારા વડે સરલાને કહેવાયું
(૨) तैः माले सृष्टे - તેઓ વડે બે માળા બનાવાઈ...
(૩) महिलाभिः बालाः पालिताः - સ્ત્રીઓ વડે બાલિકાઓને પળાઈ.

**પ્રશ્ન - ૧૬** ભાવે ભૂતકૃદન્તનો ઉપયોગ કેવી રીતે કરાય ?

**ઉત્તર - ૧૬** ભાવે ભૂતકૃદન્તમાં ક્રિયાની મુખ્યતા હોવાથી નપું.પ્ર.એ.વ.માં જ કૃદન્ત વપરાય છે. कूर्मैः सृतम् - કાચબાઓ વડે સરકાયું... ક્યારેક સકર્મક ધાતુ હોય પણ કર્મ ન હોય તો ભાવેભૂત કૃદન્તનો પ્રયોગ થાય છે. बालेन खादितम् બાળક વડે ખવાયું.

**પ્રશ્ન - ૧૭** કર્તરિભૂતકૃદન્ત તરીકે त લાગે ત્યારે અને કર્મણિભૂ.કૃ.નો त લાગે ત્યારે વાક્યમાં તફાવત શું ?

**ઉત્તર - ૧૭** સામાન્યથી કર્તરિભૂ.કૃ.નો तवत् પ્રત્યય છે. આ તો અમુક ધાતુને જ કર્તરિભૂતકાળનાં અર્થમાં त પ્રત્યય લાગે છે... કર્તરિ ભૂ. કૃ.નો त લાગે ત્યારે કર્તાને પ્રથમાવિભક્તિ લાગે અને કર્તાની મુખ્યતા રહે એટલે કર્તાનાં લિંગ-વચન પ્રમાણે કર્તરિભૂ.કૃ.ને લિંગ-વચન થાય.... જ્યારે કર્મણિ ભૂ.કૃ.નો त લાગે ત્યારે (સ્વરૂપમાં કોઈ ફરક પડતો નથી...) કર્મની મુખ્યતા રહે છે કર્મને પ્રથમાવિભક્તિ લાગે અને કર્તાને તૃતીયાવિભક્તિ થાય.... કર્મના લિંગ-વચન પ્રમાણે કૃદન્તનાં લિંગ-વચન થાય.... દા.ત. रामः वनं गतः - રામ વનમાં ગયા... बाला उद्यानं चलिताः બાલિકાઓ બગીચા તરફ ચાલી... मित्राणि ग्रामं विहृतानि - મિત્રો એ ગામ તરફ વિહાર કર્યો. (ચાલ્યા...) જ્યારે કર્મણિમાં-કર્મપ્રમાણે રૂપ મૂકાય છે. તેના ઉદા. આગળ પ્રશ્ન-૧૧નાં ઉત્તરમાં આપેલ છે...

**પ્રશ્ન - ૧૮** સકર્મક ધાતુને કર્તરિભૂ.કૃ.નો त(क्त) લાગે ખરો ?

**ઉત્તર - ૧૮** સકર્મક ધાતુને કર્તરિભૂ.કૃનો त(क्त) પ્રત્યય જ્યારે કર્મની વિવક્ષા ન કરી હોય ત્યારે લાગે છે. દા.ત. (૧) सरला दृष्टा - સરલાએ જોયું. बाले सृष्टे - બે બાલિકાઓએ બનાવ્યું. ललना घोषिताः સ્ત્રીઓએ જાહેર કર્યું (૨) पुण्यं दत्तम् - પુણ્યે આપ્યું. मित्रे मिलिते - બે મિત્રો ભેટયા. पुस्तकान्युपदिष्टानि - પુસ્તકોએ બતાવ્યું... (૩) बालो निन्दितः - બાળકે નિન્દા કરી. मृगौ धावितौ - બે હરણા દોડયા. श्रमणाः प्रार्थिताः - સાધુઓએ પ્રાર્થના કરી.

**પ્રશ્ન - ૧૯** આ પાઠમાં આવેલ તમામ કૃદન્તો એક વાકયમાં વાપરો

**ઉત્તર - ૧૯** (૧) वने भ्रान्त्वा श्रान्तेन बालेन जलं पातुं गृहं गतम्। વનમાં ભમીને થાકી ગયેલા બાળક વડે પાણી પીવા માટે ઘરે જવાયું... (૨) वीरं पूजयित्वा तुष्टाभ्यां बालाभ्यां जनकः पृष्टः ।
વીર પ્રભુની પૂજા કરીને ખુશ થયેલી બે બાલિકા વડે પિતાને પુછાયું.

# પાઠ-૩૪

**પ્રશ્ન** - ૧ નામ કેટલા પ્રકારે ? ક્યા ક્યા ?

**ઉત્તર** - ૧ નામ બે પ્રકારે છે. (૧) સ્વરાન્તનામો राम,मुनि,भानु नदी-वधू, पितृ વિ. (૨) વ્યંજનાંતનામો - जगत्, युध्, आयुष्, राजन्, द्वेष्, वाच्, ककुभ्, पयस् વિ...

**પ્રશ્ન** - ૨ નિ.૧ શા માટે ? પા. ૧૬ નિ.૧થી પદ બને જ છેને?

**ઉત્તર** - ૨ પા.૧૬.નિ.૧. તે-તે વિભક્તિનાં પ્રત્યય લાગ્યા પછી પદ કહેવાય છે. એમ કહે છે... જ્યારે આ નિયમ य સિવાયનાં વ્યંજનાદિ પ્રત્યય સામે આવ્યા હોય ને એ નામ પદસંજ્ઞાવાળું થાય એમ કહે છે. જો આ નિયમ ન આપ્યો હોત તો मरुत् નાં त् નો द् ન થાત... એવી જ રીતે युध् શબ્દનાં ध् નો द् ન થાત... मरुत्भ्याम्-युध्भ्याम् આવા અનિષ્ટ રૂપો થાત... એવું ન થાય... मरुद्भ्याम्-युद्भ्याम् આવા શુદ્ધરૂપો સિદ્ધ કરવા માટે. આ નિયમ બનાવ્યો છે...

**પ્રશ્ન** - ૩ નિ.૪ ક્રોધ-દ્રોહ-ઈર્ષ્યા-અસૂયા એટલે શું ?

**ઉત્તર** - ૩ ક્રોધ - સહનકરવાની અશક્તિ... ગુસ્સો...

દ્રોહ - બીજાને મારી નાંખવાનાં / દગો કરવાનાં પરિણામ (બુદ્ધિ)

ઈર્ષ્યા - બીજાની બાહ્ય (ધનધાન્યાદિ) અભ્યંતર (સદ્‌ગુણો) સંપત્તિને જોઈને થતી ચિત્તની મલિનતા... (બીજાનું સારું જોઈ ન શકવું તે)

અસૂયા - બીજાનાં ગુણોમાં પણ દોષ બતાવવા તે... આવા અર્થમાં વર્તતાં ધાતુનાં યોગમાં જેની ઉપર ક્રોધાદિ કરાતાં હોય એ નામને ચતુર્થી વિભક્તિ લાગે...

**પ્રશ્ન** - ૪ નિ.૪ ન આપ્યો હોત તો કયા નિયમથી કઈ વિભક્તિ થાત ?

**ઉત્તર** - ૪ જો નિયમ ૪ ન આપ્યો હોત તો કર્મ અર્થમાં પા.૨૦ નિ.૩. થી દ્વિતીયા વિભક્તિ થાત...

**પ્રશ્ન - ૫** નિ.૫ શા માટે ?

**ઉત્તર - ૫** ક્રોધ વિ. અર્થવાળા ધાતુનાં યોગમાં જેના ઉપર ગુસ્સો આદિ થવાના હતાં તેને ઉપરનાં નિયમથી ચતુર્થી થવાની હતી... તેમાં અપવાદ કર્યો... જો ધાતુ ઉપસર્ગસહિત હોય તો ચતુર્થી ન કરવી... એટલે દ્વિતીયાવિભક્તિ થશે... આ રીતે ચતુર્થીવિભક્તિ (સંપ્રદાન)નાં અપવાદભૂત આ નિયમ થયો.

**પ્રશ્ન - ૬** અપવાદ-ઉત્સર્ગ એટલે શું ?

**ઉત્તર - ૬** સામાન્યથી કરાયેલી વાત તે ઉત્સર્ગ કહેવાય... તેનું ક્ષેત્ર વિશાળ હોય છે. વિશેષતાથી કરાયેલી વાત તે અપવાદ કહેવાય તેનું ક્ષેત્ર ઓછું હોય... દા.ત. પા. ૮ નિ.૨ ऐ-ऐ-ओ-औ પછી. કોઈપણ સ્વર આવે તો ए-ऐ-ओ-औ નો અનુક્રમે अय्-आय्-अव्-आव् થાય... આ નિયમ ઉત્સર્ગ નિયમ કહેવાય સામાન્યથી વાત કરેલ હોવાથી... હવે પદાન્ત ए-ओ પછી अ આવે તો એ अ લોપાય છે (પા.૧૮.નિ.૨.) આ નિયમ અપવાદભૂત કહેવાય.. પેલો પા.૮.નિ.૨ પદ-અપદમાં બધેય લાગતો હતો... વળી अ હોય એવું નહીં પણ ચૌદે સ્વર પર છતાં લાગતો હતો એટલે તેનું ક્ષેત્ર વિશાળ હતું. જ્યારે પા. ૧૮.નિ.૨. પદાન્તમાં ए-ओ હોય પછી માત્ર अ આવેલો હોય તો જ લાગે... આમ ક્ષેત્ર (નિયમ લાગવાની શક્યતા) એકદમ ઓછું થઈ ગયું માટે તેને અપવાદનિયમ કહેવાય

**પ્રશ્ન - ૭** અપવાદ-ઉત્સર્ગ બન્ને નિયમ લાગવાની શક્યતા હોય ત્યાં શું કરવું ?

**ઉત્તર - ૭** અપવાદ-ઉત્સર્ગ બન્ને નિયમ લાગવાની શક્યતા હોય જ નહીં.... કદાચ એવું લાગે તો પણ અપવાદ નિયમ જ લાગે... ઉત્સર્ગ નિયમ ન લગાડી શકાય... કેમકે અપવાદ નિયમનું ક્ષેત્ર એકદમ ઓછું છે જો તેને મહત્તા (પ્રધાનતા) ન આપીએ તો તે અપવાદ નિયમ બનાવ્યાની સાર્થકતા જ રહે નહીં... માટે અપવાદ નિયમ ને પ્રધાનતા આપી તે જ પહેલા લગાવવો नम्+अ+अन्ति અહીં પા.૧૭.નિ.૩ લગાવીને દીર્ઘ કરવું એ ઉત્સર્ગ... અને પા.૪.નિ.૧થી अ નો લોપ કરવો તે અપવાદ... જો દીર્ઘ

જ કરવાનું હોત તો પાં.૪.નિ.૧. શા માટે બનાવત માટે અહીં પાઠ-૪ નિ.૧ લગાડીને नमन्ति રૂપ જ કરવું...

## પાઠ-૩૫

**પ્રશ્ન - ૧** સર્વનામ એટલે શું ? તેનાં પ્રકાર કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧** જે નામનો ઉપયોગ બધાં જ કરી શકે-સર્વને માટે ઉપયોગી નામ તે સર્વનામ કહેવાય... દા.ત. अस्मद्-युष्मद्-तद्-यद् વિ. સર્વનામનો ઉપયોગ સ્ત્રી-પુરૂષ-નપું. ત્રણેલિંગવાળા કરી શકે... દા.ત. તે પુસ્તક... તે માળા... તે બાળક... વિ...

સર્વનામ ૭ પ્રકારે છે (૧) પુરૂષબોધક સર્વનામ... (૨) દર્શક સર્વનામ... (૩) સાપેક્ષ સર્વનામ (૪) પ્રશ્નાર્થક સર્વનામ (૫) અનિશ્ચિત સર્વનામ (૬) સ્વવાચક સર્વનામ (૭) સંખ્યાવાચક સર્વનામ

(૧) **પુરૂષબોધકસર્વનામ** - જે સર્વનામ પુરૂષને જણાવે છે તે પુરૂષ બોધક સર્વનામ...

| | |
|---|---|
| अस्मद् - હું પહેલોપુરૂષ જણાવે છે<br>युष्मद् - તું બીજો પુરૂષ જણાવે છે<br>तद्, यद्, भवद्, તે ત્રીજો પુરૂષ જણાવે છે | } આ બધા સર્વનામ પુરૂષબોધક સર્વનામં કહેવાય છે. |

(૨) **દર્શક સર્વનામ** - દૂરનાં તથા નજીકનાં વ્યક્તિ કે વસ્તુ બતાવવામાં જેનો ઉપયોગ થાય છે તે દર્શક સર્વનામ કહેવાય છે... एतत्कमलं शोभनम् । આ કમળ સારું છે. असौ बालः कुशलोऽस्ति - પેલો બાળક હોંશિયાર છે... એવી જ રીતે - इदम्, सर्व, पूर्व, अवर, વિ...

(૩) **સાપેક્ષ સર્વનામ** - કેટલાંક સર્વનામ એવાં છે કે જેનો ઉપયોગ કર્યા બાદ બીજા સર્વનામનો પણ સાથે ઉપયોગ કરવો પડે છે તેને સાપેક્ષ સર્વનામ કહેવાય છે દા.ત. यो विनयमाचरति स विद्यां लभते - જે વિનય કરે છે તે વિદ્યા મેળવે છે અહીં यत् નાં પ્રયોગ પછી तत् નો

પ્રયોગ કરવો જ પડે છે. એવી જ રીતે यति (જેટલાં), तति (તેટલાં) यावत् (જેટલું) तावत् (તેટલું) यादृश् (જેવા) तादृश् (તેવા) વિ...

(૪) **પ્રશ્નાર્થક સર્વનામ** - કેટલાંક સર્વનામો પ્રશ્ન પુછવામાં વપરાય છે માટે તે પ્રશ્નાર્થક સર્વનામ કહેવાય છે દા.ત. किम्, कति (કેટલાં), कियत् (કેટલું) कीदृश् (કેવું) વિ...

(૫) **અનિશ્ચિત સર્વનામ-** કેટલાંક સર્વનામ અનિયત વસ્તુ-વ્યક્તિ બતાવતાં હોવાથી તેને અનિશ્ચિત-સર્વનામ કહેવાય છે. एक, किमपि, किञ्चित्, किञ्चन, अन्य, अन्यतर, इतर વિ.

(૬) **સ્વવાચક સર્વનામ-** કેટલાંક સર્વનામ પોતાને માટે વપરાય છે... તે સ્વવાચક સર્વનામ કહેવાય છે. स्व...(स्व = પોતે-પોતાનું)

(૭) **સંખ્યાવાચક સર્વનામ** - કેટલાંક સર્વનામ સંખ્યા બતાવે છે તેથી તેને સંખ્યાવાચક સર્વનામ કહેવાય. एक=એક... द्वि, उभ, उभय=બે...

આ રીતે લગભગ સર્વનામ વિશેષણ તરીકે વપરાય છે.

अयं वृक्षः फलति । एतत्पुस्तकं पठति । को जनो गच्छति ?

**પ્રશ્ન** - ૨ કયા કયા પ્રત્યય પર છતાં સર્વનામમાં अ નો ए થાય છે ?

**ઉત્તર** - ૨ ચ.પં.બ.વ.-भ्यस्....ષ.સ.દ્વિ.વ.- ओस्... ષ.બ.વ. साम् સ.બ.વ. सु... આટલા પ્રત્યયો પર છતાં अ નો ए થાય છે...

**પ્રશ્ન** - ૩ किम्-तद्-अदस् વિ.માં સંબોધનાર્થે પ્રથમાવિભક્તિ કેમ થતી નથી ?

**ઉત્તર** - ૩ સંબોધન એટલે નામ દઈને (નામબોલવાપૂર્વક) સામેની વ્યક્તિને બોલાવવો... સર્વનામ નામ તરીકે વપરાતું નથી... નામને બદલે વપરાય છે.. એટલે સર્વનામનો સંબોધનમાં પ્રયોગ થતો ન હોવાથી સર્વનામને સંબોધનાર્થે લાગતી પ્રથમાવિભક્તિ લાગતી નથી...

**પ્રશ્ન** - ૪ નપું.પ્ર.દ્વિ.એ.વ.માં किम् નો क વિ. આદેશો કેમ થતાં નથી ?

**ઉત્તર** - ૪ સર્વનામ બે પ્રકારે (૧) સ્વરાંત... (૨) વ્યંજનાંત

સ્વરાંત નપું.નામોમાં તો પ્ર.દ્વિ.એ.વ.માં म् આદેશ થઈ જાય છે. એટલે सर्वम्-एकम् વિ. રૂપ થઈ જાય... વ્યંજનાંત સર્વનામનાં નપું. નામોમાં પ્ર.દ્વિ.એ.વ.નાં स्-अम् પ્રત્યયનો લોપ થાય છે માટે અહીં ૦ બતાવેલ છે, હવે લોપ બે રીતે થાય છે. કેટલાંક લોપ થાય છતાં તે તે પ્રત્યય માનીને તેના નિમિત્તે થતાં કામો થાય છે તે લોપને लुक् કહેવાય... દા.ત. हे वारे! हे मधो! અહીં वारि (નપું.) પાણી... मधु(નપું.) મધ... આ બન્ને શબ્દો નપું. છે. (પાઠ-૩૮) તેનાં સંબોધનમાં स् પ્રત્યયનો લોપ થયો છે. એટલે ૦ પ્રત્યય બતાવેલ છે... આ લોપને लुक् કહેવાય છે. તેથી स् ન હોવા છતાં स् માનીને પા.૩૮ નિ.૨ થી અન્ત્યનામી સ્વરનો ગુણ થયો છે માટે हे वारे! हे मधो! રૂપ થયેલ છે... જ્યારે બીજા પ્રકારનો પ્રત્યયનો લોપ એવો છે કે તે તે પ્રત્યયનો લોપ થયા પછી તે-તે પ્રત્યયની હાજરી માનીને કામ કરી શકાતું નથી તેને लुप् કહેવાય છે. આમ તે-તે પ્રત્યયનાં લોપની બે સંજ્ઞા થઈ.. लुक्-लुप्.. लुक् થયેલ હોય ત્યાં તે તે પ્રત્યયનાં નિમિત્તે થતાં કાર્યો થઈ શકે છે.... लुप् થયેલ હોય ત્યાં તે-તે પ્રત્યયનાં નિમિત્તે થતાં કાર્યો થઈ શકતાં નથી. અહીં વ્યંજનાંત સર્વનામ પછી નપું.પ્ર.દ્વિ.એ.વ.નાં પ્રત્યયનો लुप् થયેલ હોવાથી તે પ્રત્યય નિમિત્તે થતાં किम् નો क.વિ. આદેશો થતાં નથી એટલે નપું. પ્ર.દ્વિ. એકવચનમાં किम्, अदः, इदम्, यत्, तत्, एतत् એવાં રૂપો થાય છે.

**પ્રશ્ન** - ૬ નિ.૩. કેટલી રીતે લાગે ?

**ઉત્તર** - ૬ નિ.૩. ૬૬ રીતે લાગે... तद् સર્વનામ પું.પ્ર.એ.વ. स् } નો
एतद् સર્વનામ પું.પ્ર.એ.વ.નો स् }

૩૩ વ્યંજન પરછતાં લોપ થાય છે માટે ૩૩×૨=૬૬ રીતે આ નિયમ લાગે: -

| | | |
|---|---|---|
| स कृष्णः वदति। | एष स्मरति। | આવી રીતે सः, एषः બન્ને રૂપ પછી ૩૩ વ્યંજનાદિ રૂપો કે શબ્દો આવ્યા હોય તો स् નો લોપ થાય છે. એટલે વિસર્ગવાળો પ્રયોગ લખાતો નથી. |
| स खादति। | एष षट्पदोऽस्ति। | |
| स गच्छति। | एष श्राम्यति। | |
| स घोषयति। | एष यच्छति। | |
| स ञकारं पठति। | एष वदति। વિ.. | |

**પ્રશ્ન** - ૭ अदस् સર્વનામનાં પું.માં બધા જ રૂપોની સાધનિકા કરો

**ઉત્તર** - ૭ (૧) अदस्+स्... પ્ર.એ.વ.માં असौ આદેશ જ થઈ જાય છે. જે રૂપનાં આદેશ કરી દીધા હોય તેની સાધનિકા બીજા નિયમોથી કરવાની હોતી નથી... असौ...

(૨) अमू... अदस्+औ-अदस्नो अम આદેશ થાય છે. अम+औ- પા.૧૭.નિ.૧થી अमौ... આ પાઠમાં (×સંજ્ઞાવાળી) ફૂટનોટ નિ.૧. થી म् પછી औ દીર્ઘ સ્વર હોવાથી દીર્ઘ ऊ થયો... જેથી अमू... પછી પા.૧૬. નિ.૧થી પદસંજ્ઞા... દ્વિતીયા દ્વિ. વ. માં પણ આ જ પ્રમાણે....

(૩) अमी-अदस्+इ (अस् પ્રત્યય નો इ આદેશ કરીને જ આપેલ છે... ફૂટનોટનાં નિયમથી अदस् નો अम, अम+इ...પા.૧૫.નિ.૨.થી. अमे... એ જ ફૂટનોટમાં લખ્યું છે કે બ.વ.માં ए હોય તો ई કરી દેવો... એટલે... अमी..પાઠ.૧૬નિ.૧.થી પદસંજ્ઞા...

(૪) अदस्+म् अम+म् અહીં अ હ્રસ્વસ્વર હોવાથી હ્રસ્વ उ થાય... अमु+म्-अमुम्... પા.૧૬.નિ.૧થી પદસંજ્ઞા (૫) अमू પ્ર.દ્વિ.વ.ની જેમ...

(૬) अमून्-अदस्+अस्... अम+अस्...પા.૨૦નિ.૧થી अमान्... આજ ફૂટનોટમાં કહ્યા પ્રમાણે मा માં आ દીર્ઘસ્વર હોવાથી દીર્ઘ ऊ થશે તેથી अमून् પછી પદસંજ્ઞા... (૭) अमुना રૂપસિદ્ધ કરીને જ આપી દીધું છે.

(૮) अमूभ्याम् - अदस्+भ्याम्... अम+भ्याम् પાઠ-૨૩ નિ.૧થી अनो आ अमा+भ्याम्... आ નો દીર્ઘ ऊ=अमूभ्याम्... પદસંજ્ઞા...

(૯) अमीभिः - अदस्+भिस्... अम+भिस् પાઠ.૨૪નિ.૨...થી अ નો ए... अमे+भिस् બ.વ.માં ए હોય તો ई થાય એ નિયમથી अमीभिः... પદસંજ્ઞા... પાઠ.૩.નિ.૧.૨.થી स् નો र् અને र् નો વિસર્ગ...

(૧૦) अदस्+स्मै... अम+स्मै... अमु+स्मै પાઠ.૨૬.નિ.૩થી स् નો ष्-अमुष्मै.. પદસંજ્ઞા... (૧૧) अमूभ्याम्... પહેલાની જેમ... (૧૨) अमीभ्यः- अमीभिः ની જેમ... (૧૩) अमुष्मात्... अदस्+स्मात्... अम+स्मात्...

अमु+स्मात् પા.૨૬ નિ.૩થી अमुष्मात् પદસંજ્ઞા...(૧૪) अमूभ्याम्...(૧૫) अमीभ्यः પહેલાંની જેમ...

(૧૬) अमुष्य... अदस्+स्य... अम+स्य... अमु+स्य....अमुष्य... પા.૨૬નિ.૩ થી ष... પદસંજ્ઞા...

(૧૭) अमुयोः - अदस्+ओस्... अम+ओस्... પા.૨૬નિ.૨થી अमे+ओस् પા.૮.નિ.૨થી अमय्+ओस् આ ફૂટનોટનાં નિયમથી अमुय्+ओस्... अमुयोस् પદસંજ્ઞા, પા.૩.નિ.૧-૨થી अमुयोर्... अमुयोः।

(૧૮) अमीषाम्-अदस्+साम्... अम+साम्... પા.૨૬નિ.૨થી अमे+साम्... ચાલુ(ફૂટનોટનાં) નિયમથી બ.વ.માં ए નો ई... अमी+साम् પા.૨૬.નિ.૩ થી ष्-अमीषाम्... પદસંજ્ઞા... (૧૯) अमुष्मिन्-अदस्+स्मिन्... अम+स्मिन्... अमु+स्मिन्... अमुष्मिन्... પદસંજ્ઞા... (૨૦) अमुयोः પહેલાંની જેમ (૨૧) अमीषु... अमीषाम्‌ની જેમ..

**પ્રશ્ન** - ૮ इदम् સર્વનામનાં પુંલિંગ રૂપોની સાધનિકા કરો.

**ઉત્તર** - ૮ इदम्+स् પ્રથમાએ.વ.માં अयम् આદેશ જ થાય છે.

(૨) इमौ-इदम्+औ... ફૂટનોટ (+સંજ્ઞાવાળી)નાં નિયમથી इम... इम+औ પા.૧૭. નિ.૧થી इमौ... પદસંજ્ઞા...

(૩) इमे... इदम्+इ... इम+इ... પા.૧૫.નિ.૨.થી इमे...પદસંજ્ઞા...

(૪) इदम्+म्... इम+म्... इमम्... પદસંજ્ઞા...

(૫) इमौ પહેલાંની જેમ...

(૬) इमान्... इदम्+अस्...इम+अस्...પા.૨૦ નિ.૧થી इमान्..પદસંજ્ઞા..

(૭) अनेन... इदम्+इन... ફૂટનોટનાં નિયમથી તૃ.એ.વ.માં अन આદેશ.... अने+इन... પા.૧૫.નિ.૨.થી अनेन...પદસંજ્ઞા...

(૮) आभ्याम्... इदम्+भ्याम्... તૃતીયાવિભક્તિથી માંડીને अ કરવો... अ+भ्याम् પા.૨૩ નિ.૧થી अनोआ... आभ्याम्... પદસંજ્ઞા...

(૯) एभिः - इदम्+भिस्... अ+भिस् અહીં भिस्‌નો ऐस् થતો નથી એ નિયમથી ऐस् ન થાય.. પા.૨૪ નિ.૨થી अ નો ए...एभिस् પદસંજ્ઞા... પા.૩.નિ.૧.૨ થી स्‌નો र् અને र्‌નો વિસર્ગ... एभिः.

(૧૦) अस्मै - इदम् + स्मै.. अ + स्मै - अस्मै... પદસંજ્ઞા

(૧૧) आभ्याम्-इदम्+भ्याम्... अ+भ्याम्.. પા.૨૩.નિ.૧થી आ+भ्याम् आभ्याम्... પદસંજ્ઞા... (૧૨) एभ्यः - इदम्+भ्यस्.. अ+भ्यस्... પા.૨૪.નિ.૨ થી ए+भ्यस् एभ्यस्... પદસંજ્ઞા... પા.૩.નિ.૧.૨.. થી स्નો र् અને र्નો વિસર્ગ... एभ्यः।

(૧૩) अस्मात् - इदम्+स्मात्... अ+स्मात्.. अस्मात्... પદસંજ્ઞા...

(૧૪) आभ्याम्... પૂર્વવત્.. (૧૫) एभ्यः... પૂર્વવત્.

(૧૬) अस्य... इदम्+स्य... अ+स्य... अस्य... પદસંજ્ઞા...

(૧૭) अनयोः - इदम्+ओस्... ફૂટનોટનાં નિયમથી अन+ओस्... પા.૨૬.નિ.૨થી अने+ओस्... પા.૮.નિ.૨.થી अनय्+ओस्.. अनयोस् પદસંજ્ઞા પા.૩.નિ.૧.૨. अनयोः...। (૧૮) एषाम् - इदम्+साम्... अ+साम् પા.૨૬. નિ.૨.થી ए+साम् પા.૨૬.નિ.૩થી एषाम्... પદસંજ્ઞા... (૧૯) अस्मिन् - इदम्+स्मिन्.. अ+स्मिन्... अस्मिंन्... પદસંજ્ઞા...

(૨૦) अनयोः પૂર્વની જેમ (૨૧) एषु - इदम्+सु.. अ+सु... પા.૨૬.નિ.૨થી ए+सु... પા.૨૬.નિ.૩.થી एषु... પદસંજ્ઞા...

**પ્રશ્ન - ૭** किम्ના રૂપોને चित्-चन-अपि લગાડીને રૂપો લખો.

किम्+चित्-પુંલ્લિંગનાં રૂપો

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧) | कश्चित् | कौचित् | केचित् |
| ૨) | कञ्चित् | कौचित् | कांश्चित् - कँाश्चित् । |
| ૩) | केनचित् | काभ्याञ्चित् | कैश्चित् |
| ૪) | कस्मैचित् | काभ्याञ्चित् | केभ्यश्चित् |
| ૫) | कस्माच्चित् | काभ्याञ्चित् | केभ्यश्चित् |
| ૬) | कस्यचित् | कयोश्चित् | केषाञ्चित् |
| ૭) | कस्मिँश्चित्, कस्मिंश्चित्, | कयोश्चित् | केषुचित् |

किम्+चन-पुं. રૂપો

| | | | |
|---|---|---|---|
| १) | कश्चन | कौचन | केचन |
| २) | कञ्चन | कौचन | कांश्चन, काँश्चन |
| ३) | केनचन | काभ्याञ्चन | कैश्चन |
| ४) | कस्मैचन | काभ्याञ्चन | केभ्यश्चन |
| ५) | कस्माच्चन | काभ्याञ्चन | केभ्यश्चन |
| ६) | कस्यचन | कयोश्चन | केषाञ्चन |
| ७) | कस्मिंश्चन, कस्मिँश्चन | कयोश्चन | केषुचन |

किम्+अपि-પુંલ્લિંગનાં રૂપો

| | | | |
|---|---|---|---|
| १) | कोऽपि | का अपि-कावपि | केऽपि |
| २) | कमपि | का अपि-कावपि | कानपि |
| ३) | केनापि | काभ्यामपि | कैरपि |
| ४) | कस्मा अपि कस्मायपि, | काभ्यामपि | केभ्योऽपि |
| ५) | कस्मादपि | काभ्यामपि | केभ्योऽपि |
| ६) | कस्यापि | कयोरपि | केषामपि |
| ७) | कस्मिन्नपि | कयोरपि | केष्वपि |

**પ્રશ્ન** - ૮ अदस् સર્વનામમાં ई વાળા રૂપો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૮. अदस् સર્વનામમાં ई થાય એવા રૂપો કુલ ૬ - अमी, अमीभिः, अमीभ्यः, अमीभ्यः, अमीषाम्, अमीषु...

**પ્રશ્ન** - ૯ अदस् સર્વનામમાં ऊ વાળા એવા રૂપો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૯ अदस् સર્વનામમાં દીર્ઘ ऊ વાળા પું. રૂપો ૬ - अमू, अमू, अमून्, अमूभ्याम्, अमूभ्याम्, अमूभ्याम् અને સ્ત્રી.માં ૧૩ - अमू, अमूः, अमूम्, अमू, अमूः, अमूभ्याम्, अमूभिः, अमूभ्याम्, अमूभ्यः, अमूभ्याम्, अमूभ्यः, अमूषाम्, अमूषु... (નપું.) अमू, अमूनि, अमू, अमूनि, अमूभ्याम् ૩ એમ કુલ ૬+૧૩+૭=૨૬ રૂપો છે.

**પ્રશ્ન** - ૧૦ अदस् સર્વનામમાં उ વાળા રૂપો કેટલા ? કયા કયા?

**ઉત્તર** - ૧૦ अदस् સર્વનામમાં उ વાળા રૂપો પું. માં ૮ - अमुम्, अमुना, अमुष्मै, अमुष्मात्, अमुष्य, अमुयोः, अमुष्मिन्, अमुयोः...

સ્ત્રી.માં ૭ - अमुया, अमुष्यै, अमुष्या:, अमुष्या:, अमुष्याम्... अमुयो:, अमुयो:... કુલ ૧૫ રૂપો છે.

**પ્રશ્ન - ૧૧** इदम् નો अ આદેશ વાળા રૂપો કેટલા ? કયા કયા?

**ઉત્તર - ૧૧** इदम् નો अ આદેશ થાય એવા - आभ्याम्-३ एभि:, एभ्य:-२... अस्मै, अस्मात्, अस्य, अस्मिन्, एषाम्, एषु, કુલ-૧૨

**પ્રશ્ન - ૧૨** इदम् નો अन કેટલા રૂપોમાં થાય છે ?

**ઉત્તર - ૧૨** इदम् નો ૬ રૂપોમાં अन થાય... अनेन, अनया, अनयो:२, अनयो:२।

**પ્રશ્ન - ૧૩** इदम् નાં કયા કયા રૂપોમાં इ, ए આવે છે ?

**ઉત્તર - ૧૩** इमौ, इमौ, इमे, इमम्, इमे, इमानि, इयम्, इमे२ इमा:२ इमाम् આટલા રૂપોમાં इ અને एभि:, एभ्य:२, एषाम्, एषु આટલા રૂપોમાં ए આવે છે.

**પ્રશ્ન - ૧૪** इदम् નાં आ વાળા હોય એવા રૂપો કેટલા ? કયા કયા?

**ઉત્તર - ૧૪** आभ्याम्-६ (પું.૩, સ્ત્રી.૩) आभि:, आभ्य:२ आसाम्, आसु... કુલ ૧૧ રૂપોમાં आ થાય છે.

**પ્રશ્ન - ૧૫** इदम् નાં अ આવે એવા રૂપો કેટલા ? કયા કયા ?

**ઉત્તર - ૧૫** अस्मै, अस्मात्, अस्य, अस्मिन्, अस्यै, अस्या:२, अस्याम्... કુલ ૮... રૂપોમાં अ આવે છે.

**પ્રશ્ન - ૧૬** इदम् નાં કયા રૂપો માત્ર પ્રત્યયસ્વરૂપ જ છે ?

**ઉત્તર - ૧૬** इदम् નાં-૪ રૂપો માત્ર પ્રત્યયસ્વરૂપ જ છે. अस्यै, अस्या:२ अस्याम्

**પ્રશ્ન - ૧૭** વ્યંજનાંત-સ્વરાંત સર્વનામો કેટલા આવ્યા ? કયા કયા?

**ઉત્તર - ૧૭** सर्व-स्व-द्वि, एक, વિ. સ્વરાંત સર્વનામ છે અને अदस्-इदम्-एतद्-यद्-तद् किम् વિ. વ્યંજનાંત સર્વનામ છે.

**પ્રશ્ન - ૧૮** सर्व શબ્દ "સર્વ-બધું" સિવાય બીજા કયા અર્થમાં વપરાય છે ?

**ઉત્તર - ૧૮** सर्व=બધું. પણ ગુજરાતીભાષાની દૃષ્ટિએ જોઈએ તો

જ્યારે સખંડ-વિભાગવાળી વસ્તુનાં વિશેષણ તરીકે सर्व શબ્દ વપરાયો હોય ત્યારે सर्व=બધું અર્થ કરવો. દા. ત. तस्य जनस्य सर्वाणि अङ्गानि शोभनानि सन्ति । તે પુરુષનાં બધા અંગો સારા છે...પણ જ્યારે सर्व શબ્દ એક અખંડ વસ્તુનાં વિશેષણ તરીકે વપરાયો હોય તો सर्व=આખું એવો અર્થ કરવો. દા. ત. सर्वा अयोध्या शोभना- આખી અયોધ્યા સારી છે. અહીં सर्वा=બધી અયોધ્યા સારી છે એવો અર્થ સારો ન લાગે માટે सर्वा=આખી એવી જ રીતે सकल, समस्त વિ. વિશેષણોમાં પણ જાણવું.

## પાઠ-૩૬

**પ્રશ્ન** - ૧ ईत् એટલે શું ? તથા ड् ઈત્નું ફળ શું ?

**ઉત્તર** - ૧ જે વર્ણો (અક્ષરો) પ્રયોગમાં વપરાય નહીં અને માત્ર એને યોગ્ય કામકરીને ચાલ્યાં જાય... તેને ઈત્ કહેવાય... ड् ઈત્ વાળો પ્રત્યય જેને (ધાતુ-શબ્દ) લાગ્યો હોય તેના અંત્યસ્વર... અને તેની પછીની જેટલા વ્યંજન હોય એ બધાનો લોંપ કરે છે. દા.ત. या+अस्याम् (डस्याम्) या નાં આ નો લોપ य्+अस्याम्-यस्याम्।

**પ્રશ્ન** - ૨ ક્રિયાવિશેષણ એટલે શું ?

**ઉત્તર** - ૨ ક્રિયાનાં અર્થમાં વધારો કરે તેને ક્રિયાવિશેષણ કહેવાય... દા.ત. बाला सततं पठति-બાલિકા (હંમેશા) નિરંતર ભણે છે. અહીં નિરંતર=હરપળ એ ભણવાનાં અર્થમાં વધારો કરે છે માટે તેને ક્રિયાવિશેષણ કહેવાય એજ રીતે... सुखं चलति-સુખે સુખે ચાલે છે... વિ...

**પ્રશ્ન** - ૩ નિ. ૪ માં "વિગેરે"થી કયા કયા શબ્દો લેવાના છે?

**ઉત્તર** - ૩ समया = નજીક... हा- ખેદ અર્થમાં... अन्तरा-अन्तरेण-વચ્ચે-વિના निकषा-પાસે... વિગેરે (અવ્યયો) લેવાના છે.

**પ્રશ્ન** - ૪ (વાક્યમાં) "धिक् तां च तं च मदनं च इमां च मां च" વાક્યનું રહસ્ય શું છે ? તે મૂળથી જણાવો...

**ઉત્તર - ૪** રાજાભર્તૃહરિએ નીતિશતક, વૈરાગ્યશતક, શૃંગાર શતક... આ ત્રણ શતક (સો શ્લોકનો તે-તે વિષયોનો એક ગ્રંથ વિશેષ) બનાવ્યા... તેમાં નીતિશતકનો આ શ્લોક છે. એમાં રાજાભર્તૃહરિને પોતાની પ્રિયા (પિંગલા) ઉપર અનહદપ્રેમ હતો... તે એમ જ માનતો કે પિંગલા જેવી કોઈ પતિભક્તા સ્ત્રી આ વિશ્વમાં નથી... એક દિવસ રાજસભામાં કોઈએ કમોસમી (ઋતુવિના થયેલું) આમ્રફળ (કેરી) રાજાને ભેટ આપ્યું. રાજાએ તે આમ્રફળ પોતાની પ્રિય-પ્રિયતમા પિંગલાને ખાવા માટે આપ્યું... પિંગલા રાજા ઉપર અનહદ પ્રેમનું નાટક કરતી હતી તેને એક હાથીનાં મહાવત સાથે પ્રેમ થઈ ગયો હતો તે દરરોજ રાત્રે રાજા સૂઈ જાય પછી મહાવત પાસે જતી... તેણીએ તે મહાવતને આ આમ્રફળ આપ્યું... તે મહાવત વળી તે જ નગરમાં રહેતી એક વેશ્યાને ચાહતો હતો તેણે એ ફળ વેશ્યાને રીઝવવા માટે તેણીને આપ્યું... તે આમ્રફળ ધનની અર્થી એવી વેશ્યાંએ રાજાને ચરણે ભેટ ધર્યું... રાજાએ વિચાર્યું આ એજ આમ્રફળ છે. રાજાએ એ આમ્રફળ લઈ લીધું. પછી પિંગલાને પુછ્યું. જવાબમાં ગલ્લાં તલ્લાં કરતાં રાજાએ એ આમ્રફળ બતાવ્યું પિંગલાએ બધી સત્ય હકીકત કહી દીધી 'મહાવતને આપ્યું હતું'... મહાવતને બોલાવ્યો... કરડાકીથી પુછવામાં આવતાં મહાવત સાચું બોલી ગયો કે મેં વેશ્યાને આપ્યું હતું... વેશ્યા એ ફરી રાજાને આપ્યું ત્યારે રાજાનાં વૈરાગ્યવાસિત અંતરના શબ્દો આ શ્લોકરૂપે સ્ફુરી ઊઠ્યા કે -

यां चिन्तयामि सततं मयि सा विरक्ता,
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या,
धिक् तां च तं च मदनं च इमां[1] च मां च॥

જેની હું સતત ચિન્તા કરું છું (ધ્યાન રાખું છું) તે (પિંગલા) મારા ઉપર વૈરાગી છે (રાગવિનાની છે) તે (પિંગલા) પણ બીજા (મહાવત)ને ચાહે છે. તે માણસ (મહાવત) પણ બીજી (વેશ્યા)માં આસક્ત થયેલ છે. અને કોઈક એવી બીજી (વેશ્યા) સ્ત્રી અમને ભેટણું આપે છે. ખરેખર... તેણીને (પિંગલાને)...

૧. ધિગિમાં ° એમ પણ પાઠ મળે છે...

તેને- (મહાવતને), કામદેવને, પેલીને- (વેશ્યાને), અને મને ધિક્કાર થાઓ...આ વાક્યની ઉત્પત્તિ આ રીતે થયેલ છે...

## પાઠ-૩૭

**પ્રશ્ન** - ૧ કયા પ્રત્યયો પરછતાં નામનાં इ નો ए, उ નો ओ થાય?

**ઉત્તર** - ૧ કુલ-૫ પ્રત્યયો પરછતાં નામનાં इ નો ए અને उ નો ओ થાય છે. પ્રથમા તથા સંબોધન બ.વ. નો अस्, ચ. એ.વ. ए, ને પં. ષ. એ.વ.નો अस्... मुनयः२, मुनये, मुनेः२...

**પ્રશ્ન** - ૨ ई-ऊ થાય એવા રૂપો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૨ ई-ऊ થાય એવા -૫ રૂપો છે. પ્ર. દ્વિ. સં. દ્વિ. વ. मुनी-३, भानू-३ દ્વિ. બ. વ. मुनीन्, भानून्, ષ. બ. વ. मुनीनाम्, भानूनाम्...

**પ્રશ્ન** - ૩ गुरु શબ્દની સંબોધન સાથે સાત વિભક્તિનો પ્રયોગ કરો.

**ઉત્તર** - ૩

*गुरुरेव गतिर्गुरुमेव भजे गुरुणैव सहास्मि नमो गुरवे ।*
*न गुरोः परमं शिशुरस्मि गुरोर्मतिरस्ति गुरौ मम रक्ष गुरो! ॥*

ગુરુ જ શરણરૂપ છે... હું ગુરુને સેવું છું... હું ગુરૂની સાથે જ છું... ગુરૂદેવને નમસ્કાર હો... ગુરૂથી ચડીયાતું (કોઈ) નથી... હું ગુરૂનું બાળક છું... ગુરૂમાં જ મારી બુદ્ધિ (ધ્યાન) છે... હે ગુરૂદેવ ! (મારું) રક્ષણ કરો...।

**પ્રશ્ન** - ૪ 'र् પછી र् આવે તો' (નિ. ૭.) र् નો લોપ થાય... એની પૂર્વે अ-इ-उ સિવાયનો સ્વર હોય તો શું કરવું ?

**ઉત્તર** - ૪ र् નો લોપ થયા બાદ પૂર્વે अ-इ-उ હોય તો દીર્ઘ (आ-ई-ऊ) કરવા એ સિવાયનો સ્વર આવે તો પૂર્વસ્વર હોય એમ જ

રહેવા દેવો. દા. ત. नृपतेर् रिपुः गच्छति... नृपते रिपुर्गच्छति રાજાનો શત્રુ જાય છે. विष्णोर् रथश्चलति विष्णो रथश्चलति કૃષ્ણનો રથ ચાલે છે.

**પ્રશ્ન - ૫** र् પછી र् આવે છતાં નિયમ-૭ ન લાગે એવું બને ?

**ઉત્તર - ૫** र् પછી र् આવે છતાં નિયમ-૭ ન લાગે એવા બે સ્થાનો છે. જે શબ્દમાં स् નો र् થયો હોય તો તે र् ની પૂર્વે अ કે आ હોય અને પછી र् આવે તો નિયમ-૭ લાગતો નથી પણ - પાઠ-૧૮ - નિ. ૩ લાગીને र् નો उ તથા પા. ૧૯. નિ. ૨ થી र् નો લોપ થતો હોવાથી આવા પ્રયોગોમાં र् નો લોપ થતો નથી... પણ ત્યાં જો स् નો र् ન હોય તો તે र् લોપ થઈ જ જાય છે. દા. ત. प्रातर् रमते, प्राता रमते...

**પ્રશ્ન - ૬** નિયમ ૭નાં થોડાં દૃષ્ટાંત લખો.

**ઉત્તર - ૬** पुनर् + रचयति-पुना रचयति ફરીવાર રચના કરે છે.

मुनिर् + राजते - मुनी राजते મુનિ શોભે છે.

शिशुर् + रमते - शिशू रमते બાળક રમે છે.

लक्ष्मीर् + रुष्यति - लक्ष्मी रुष्यति લક્ષ્મીદેવી ગુસ્સે થાય છે.

वधूर् + रटति - वधू रटति વહુ રડે છે.

नृपतेर् + रिपुः - नृपते रिपुः રાજાનો શત્રુ.

अनयोर् + रतिः - अनयो रतिः એ બેનો આનંદ.

बालैः + रम्यते - बालै रम्यते બાળકો વડે રમાય છે.

नौः + रक्ष्यते - नौ रक्ष्यते નાવડીનું રક્ષણ કરાય છે.

## પાઠ-૩૮

**પ્રશ્ન - ૧** નિ. ૧ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર - ૧** નિ. ૧ કુલ ૧૩ પ્રત્યયો (સંબોધન સાથે) પરછતાં इ-ई-उ-ऊ-ऋ-ॠ-लृ-ॡ-ए-ऐ-ओ-औ... આ ૧૨ નામી સ્વર જેને અંતે હોય એ બધાને न् ઉમેરાય એટલે કુલ ૧૩×૧૨=૧૫૬ રીતે આ નિયમની

પ્રવૃત્તિ થઈ શકે... તેના કેટલાંક ઉદા. शुचिनी-३, शुचीनि-३, शुचिना, शुचिने, शुचिन्नः-२, शुचिनोः-२, એવી જ રીતે मधुनी-३, मधूनि-३, मधुना, मधुने, मधुनः-२, मधुनोः-२... कर्तृणी-३, कर्तृणि-३, कर्तृणा, कर्तृणे, कर्तृणः२ कर्तृणि कर्तृणोः२ वि...

**પ્રશ્ન** - ૨ નિ. ૨ માં સંબોધનમાં વિકલ્પેગુણ થાય એમ કેમ કહ્યું?

**ઉત્તર** - ૨ નિ. ૨ થી સંબોધનમાં વિકલ્પે ગુણ થાય એનું કારણ એ છે કે વ્યાકરણમાં એક નિયમ (સૂત્ર) છે કે નામિસ્વર અંતે હોય એવા નપુંસકનામોનાં સંબોધન એ.વ. स् પ્રત્યયનો વિકલ્પે લુક્ થાય છે. (સિ.હે.૧/૪/૬૧) અને લુક્ થાય ત્યાં જે પ્રત્યયનો લુક્ (લોપ) થયો હોય તે પ્રત્યયની હાજરી ન હોય છતાં તે પ્રત્યયની હાજરીમાનીને તે પ્રત્યયનાં નિમિત્તે જે કાર્ય થતું હોય તે બધું જ કાર્ય થઈ શકે છે આ વાત વિશેષથી આગળ કહી દીધી છે એટલે અહીં લુક્ થાય ત્યારે स् પ્રત્યય હાજર છે એમ માનવાથી ગુણ થાય... અને જ્યારે લોપ થાય ત્યારે स् પ્રત્યય નથી માટે પ્રત્યયને નિમિત્તે થતું કાર્ય ન થાય ગુણ ન થાય. એટલે વિકલ્પે ગુણ થાય ત્યારે-हे मधो! हेवारे! हे कर्तः! રૂપો થાય... અને ગુણ ન થાય ત્યારે हे वारि! हे मधु! हे कर्तृ! આવા રૂપો થાય.

**પ્રશ્ન** - ૩ નિ. ૩ ની સ્પષ્ટતા કરો ?

**ઉત્તર** - ૩ કેટલીક વાર એવું બને છે વ્યક્તિનાં સ્વભાવની ખામી-ખૂબી અને વ્યક્તિનાં દેહની ખામી-ખૂબી જ તેની પ્રસિદ્ધિનું કારણ બને છે. જ્યારે આવું બને ત્યારે તે ખામી-ખૂબી સૂચક શબ્દોને તૃતીયા વિભક્તિ લાગે છે. દા.ત. રીતેશનો સ્વભાવ ગુસ્સાબાજ કે ઝઘડાખોર છે. અને એવા સ્વભાવને લીધે એ આખા ગામમાં ગુસ્સાવાળો રીતેશ... કે કજીયાળો રીતેશ. એવી પ્રસિદ્ધિ થઈ ગઈ છે... તો रीतेशः स्वभावेन क्रोधी... कलही वा આવો પ્રયોગ થાય... એવી જ રીતે - शैलेशः वचनैः मधुरः -શૈલેશ વચનથી (બોલવામાં) મીઠો છે. હિતેશ કાનથી સાંભળી શકતો નથી... એથી "બહેરો હિતેશ" તરીકે ગામમાં પ્રસિદ્ધ પામેલ છે તો તેના માટે - हितेशः कर्णेन बधिरः આવી રીતે તૃતીયાવિભક્તિ થાય એજ રીતે - रीना कायेन स्थूला વિ. માં સમજવું.

**પ્રશ્ન** - ૪ तुल्य અર્થવાળા બીજા શબ્દો કયા ?

**ઉત્તર** - ૪ तुल्य અર્થવાળા, तुल्य, सम, समान, सदृश, सदृक्ष, सदृश्, निभ વિ... આ બધા શબ્દો વિશેષણ છે અને ત્રણે લિંગે રૂપો થાય... तुल्य-सम-समान-सदृक्ष-निभ શબ્દને સ્ત્રી.માં आ (आप्) લાગે છે. રૂપો माला જેવા થાય... અને सदृश ને ई (ङी) લાગી - सदृशी શબ્દ બને છે અને રૂપો नदी જેવા થાય.

## પાઠ-૩૯

**પ્રશ્ન** - ૧ હ્રસ્વ इ કારાન્ત-उ કારાન્ત સ્ત્રીલિંગ નામોમાં કયા કયા પ્રત્યયોનાં શું શું ફેરફારો થાય ?

**ઉત્તર** - ૧ ચ.પં.ષ.સ. એ.વ.ના પ્રત્યયોનાં ए, अस्-अस् औ (डौ) વિકલ્પે લાગતાં હોવાથી ચતુર્થી થી સપ્તમી એ.વ.માં બે-બે રૂપો થાય... અને ए-अस्, अस् औ પ્રત્યયો લગાડતી વખતે પા. ૩૭નાં ૧ થી ૫ નિયમો લગાડાય છે. मतये मतेः२ मतौ। धेनवे, धेनोः२ धेनौ વિ...

**પ્રશ્ન** - ૨ દીર્ઘ ई-ऊ અન્તવાળા સ્ત્રી. નામો ક્યારે હ્રસ્વ इ-उ અન્તવાળા બને ?

**ઉત્તર** - ૨ દીર્ઘ ई-ऊ અન્તવાળા સ્ત્રી. નામો સંબોધન એ.વ.માં હ્રસ્વ इ-उ અન્તવાળા થાય છે. દા.ત. नदि! वधु! ।

**પ્રશ્ન** - ૩ નિ. ૨ માં "સ્વર પછી તરત જ उ આવેલો હોય" એટલે શું ?

**ઉત્તર** - ૩ સ્વર પછી તરત જ उ આવે તો તે उ રૂપે રહેતો નથી... એટલે અહીં સ્વર પછી તરત જ उ હોવાનું જે વિધાન છે તેમાં એમ જાણવાનું કે સ્વરપછી એક વ્યંજનનું વ્યવધાન (આંતરું) હોય પછી उ આવેલો હોય... ત્યારે આ નિયમ લાગે. પણ વચ્ચે બે-ત્રણ વ્યંજનો ન આવવા જોઈએ. દા.ત. गुरु તો (ग्+उ+र्+उ) અહીં गु નાં उ પછી र् એક જ વ્યંજન છે. પછી उ આવેલો છે તો તેનું સ્ત્રીલિંગ બનાવવા માટે

વિકલ્પે ઈ (ङी) લાગે गुर्वी चन्दना। (મોટા ચંદનબાલાજી...) ન લાગે ત્યારે गुरुः (धेनु જેવા રૂપો ચાલે) चन्दना । એવી જ રીતે स्वाद्वी-स्वादुः वाणी (મીઠીવાણી) मृद्वी-मृदुः शय्या (કોમળ પથારી) પણ पङ्गु શબ્દ ને, સ્ત્રીલિંગમાં ઈ ન લાગે કેમકે ङ् - ग् બે વ્યંજનનું વ્યવધાન છે.

**પ્રશ્ન** - ૪ નિ. ૨ થી લાગતો ઈ (ङी) પ્રત્યય બધા જ उ કારાન્ત વિશેષણોને લાગે ખરો ?

**ઉત્તર** - ૪ નિ. ૨ થી લાગતો ઈ (ङी) દરેક उ કારાન્ત વિશેષણોને નથી લાગતો... માત્ર ગુણવાચક उ કારાન્ત નામ હોય અને સ્ત્રીલિંગનું વિશેષણ બનતું હોય તો જ લાગે... દા.ત. लघ्वी, लघुः बाला... (નાની બાળા) અહીં लघु એ ગુણવાચક વિશેષણ છે... જ્યારે - कृपालुः आर्या-કૃપાવાળી સાધ્વીજી. અહીં कृपालु એ ગુણવાચક વિશેષણ નથી માટે આ નિયમથી ઈ (ङी) પ્રત્યય લાગતો નથી.

## પાઠ-૪૦

**પ્રશ્ન** - ૧ વર્તમાનકૃદન્તનાં પ્રત્યયો કેવા અર્થમાં લાગે ?

**ઉત્તર** - ૧ જે ક્રિયા ચાલી રહી છે (થઈ ગઈ નથી... ભવિષ્યમાં થવાની છે એવો અર્થ પણ નથી) તે ક્રિયાને બતાવનાર ધાતુથી તે (ચાલી રહેલી) ક્રિયાનાં કાળે જ આ વર્તમાન કૃદન્તનો પ્રયોગ થાય છે.

**પ્રશ્ન** - ૨ अत् (शतृ), आन-(आनश्) માં श् ઇત્ તથા ऋ ઇત્નું પ્રયોજન શું ?

**ઉત્તર** - ૨ अत् (शतृ), आन-(आनश्) માં श् ઇત્ નું ફળ... (૧) તે તે ગણનાં ધાતુઓને તે તે ગણનાં વિકરણ પ્રત્યયો લાગે. नमत्, नृत्यत्, मिलत्, चिन्तयत् वि... (૨) વિકરણ પ્રત્યયો પર છતાં થતાં ગુણ-વૃદ્ધિ વિ. થાય वर्षत्, चोरयत्, ताडयत्, पारयत् वि...(૩) જે ધાતુનાં જે આદેશો થાય છે તે બધા જ આદેશો अत् (शतृ), आन (आनश्) પ્રત્યય પર છતાં પણ થાય.. गच्छत्, इच्छत्, श्राम्यत्, माद्यत् वि...

ऋ ઈત્ ને કારણે ઘુટ્ પ્રત્યય પરછતાં (નિ. ૪-૫) न् આગમ થશે.... नमन्, नृत्यन्, मिलन्, चिन्तयन् તથા સ્ત્રીલિંગ કરવા માટે ई (ङी) લાગશે (નિ. ૭) દા. ત. नमन्ती, नृत्यन्ती, मिलन्ती વિ....

**પ્રશ્ન** - ૩ કર્મણિવર્તમાનકૃદન્ત કેવી રીતે બને ?

**ઉત્તર** - ૩ ચાલતી ક્રિયા બતાવાતી હોય સાથે કર્મની મહત્તા બતાવતો કર્મણિપ્રયોગનો અર્થ હોય તો કર્મણિવર્તમાનકૃદન્તનો પ્રયોગ થાય છે... કર્મણિવર્તમાનકૃદન્તમાં ધાતુને માત્ર आन (आनश्) પ્રત્યય લાગે છે અને આ आन (आनश्) પ્રત્યય પરછતાં કોઈપણ ગણનો કોઈપણ ધાતુ હોય તો એને કર્મણિની જેમ य પ્રત્યય લાગે છે. અને ધાતુનાં આદેશો જે થાય છે તે અહીં થતાં નથી... મૂળધાતુ ને જ य+आन લાગે છે... વળી य માં अ હોવાથી નિ. ૨ થી आन ની પૂર્વે म् આવે છે એટલે બધું કર્યા પછી કર્મણિવર્તમાનકૃદન્તનું ધાતુ+'यमान' એવું અંગ બને છે.

દા. ત. नम्यमानम्, गम्यमानम्, पुष्यमाणम्, चोर्यमाणम्, पाल्यमानम् વિ...

**પ્રશ્ન** - ૪ ઘુટ્ પ્રત્યયો કેટલા ? કયા કયા ?

**ઉત્તર** - ૪ ઘુટ્ પ્રત્યય-૧૨ છે. પુંલિંગ-સ્ત્રીલિંગ-નાં પહેલાં પાંચ પ્રત્યયો-स्-औ अस्, अम्-औ. અને નપું.માં પ્ર.દ્વિ. બ.વ. નો इ પ્રત્યય એમ કુલ-૧૨ પ્રત્યય ઘુટ્ છે.

**પ્રશ્ન** - **૫** કર્તરિવર્તમાનકૃદન્તને વાક્યમાં કેવી રીતે વપરાય ?

**જવાબ** - **૫** કર્તરિવર્તમાનકૃદન્ત વિશેષણ રૂપે બને છે. એટલે વાક્યમાં એનું વિશેષ્ય જે લિંગ-વચન-વિભક્તિમાં હોય તે લિંગ-વચન-વિભક્તિમાં કર્તરિવર્તમાનકૃદન્ત વાપરી શકાય છે. એટલે કર્તરિ વર્તમાનકૃદન્તનાં ત્રણે લિંગમાં સંબોધન સાથે સાતે વિભક્તિમાં અને ત્રણે વચનમાં રૂપો થઈ શકે છે. દા. ત. जीवान् पीडयद्भ्यः पापेभ्यो रक्षन्तो हे गुरवः ! दोषान् हरन्त्या देशनया संसारेऽटतामस्माकमुद्धाराय बन्धनानि मुञ्चन्त्यै मुक्तये स्पृहयतोऽस्मानुद्धरत ।

જીવોને દુઃખ દેતાં એવા પાપોથી બચાવતાં હે ગુરુદેવો ! દોષોને હરતી એવી દેશના વડે સંસારમાં ભટકતાં અમારા ઉદ્ધારને માટે બંધનોને છોડતી એવી મુક્તિને ઝંખતા અમારો ઉદ્ધાર કરો...

(२) आचारैश्शोभमानस्य गुरोराज्ञामनुरुध्यमानैः शिष्यैस्सह विहरमाणाचार्यदेव ! चित्तशुद्धिमपेक्षमाणा वयं ज्ञानेन द्योतमानेभ्यो मुनिभ्यो रोचमाने ग्रन्थे यतमानेभ्यः श्रमणेभ्योऽर्थयमानौ साधू किञ्चित्कथयामः ।

આચારોથી શોભતાં એવા ગુરુની આજ્ઞાને માનતાં શિષ્યોની સાથે વિહાર કરતાં હે આચાર્યદેવશ્રી ! મનની શુદ્ધિની અપેક્ષા રાખતાં અમો જ્ઞાનથી શોભતાં મુનિઓને ગમતાં ગ્રંથને વિષે મહેનત કરતાં સાધુઓમાંથી પ્રાર્થના કરતાં બે સાધુઓને કાંઈક કહીએ છીએ.

**પ્રશ્ન** - ૬ કર્મણિવર્તમાનકૃદન્તને વાક્યમાં કેવી રીતે વપરાય ?

**જવાબ** - ૬ કર્મણિવર્તમાનકૃદન્ત વિશેષણ રૂપે બને છે. એટલે વાક્યમાં એનું વિશેષ્ય (કર્મ) જે લિંગ જે વિભક્તિ જે વચનમાં હોય તે લિંગ તે-વિભક્તિ - તે વચનમાં કર્મણિવર્તમાનકૃદન્ત વાપરી શકાય. એટલે કર્મ-(વિશેષ્ય) ત્રણે લિંગે -સાતે વિભક્તિમાં અને ત્રણે વચનમાં આવતું હોવાથી કર્મણિવર્તમાનકૃદન્તના ત્રણે લિંગે-સાતે વિભક્તિમાં ત્રણે વચનમાં રૂપો થઈ શકે. દા. ત. (१) छात्रैः पठ्यमानस्य व्याकरणस्योद्यमानैः सूत्रैः सान्त्व्यमानेभ्यः शिक्षकेभ्यः जनको वस्त्राण्ययाचत । વિદ્યાર્થીઓ વડે ભણાતાં વ્યાકરણનાં બોલાતાં સૂત્રો વડે ખુશ કરાતાં શિક્ષકો માટે પિતાજીએ વસ્ત્રો માંગ્યા...

(२) ज्ञनैः पृच्छ्यमानेऽम्बे ! किङ्करैर्नम्यमानानां मुनीनामानीयमानेषु पुस्तकेषु लिख्यमानान्यक्षराणि द्रष्टुमादिश्यमानास्तव सुतास्तान्यपश्यन् ।

માણસો વડે પૂછાતી હે માતા ! સેવકો વડે નમાતાં મુનિઓનાં લવાતાં પુસ્તકોને વિષે લખાતાં અક્ષરોને જોવા માટે કહેવાતાં તારા પુત્રો તે (અક્ષરો)ને જોવા લાગ્યા...

**પ્રશ્ન** - ૭ નિ. ૮ अ-आ શા માટે ?

**જવાબ** - ૭ સ્ત્રીલિંગનો ઈ (ङी) પ્રત્યય, તેમજ નપું પ્ર. દ્વિ. દ્વિ. વ. નો ઈ પ્રત્યય ઘુટ્ નથી માટે નિ. ૫. થી न् ઉમેરાય નહીં. તેથી गच्छती વિ. અશુદ્ધઅંગો બને...તેવું ન થાય માટે અહીં अत् નો अन्त् કરી દીધો. છટ્ઠાગણમાં વિકલ્પે अत्-अन्त् કરવા માટે આ- નિયમ આપ્યો છે. એટલે હવે ૧-૪-૧૦ ગણમાં अत् નો નિત્ય अन्त् થવાથી गच्छन्ती, कुप्यन्ती, तोलयन्ती આવા રૂપો/તથા સ્ત્રીલિંગનાં અંગો બનશે. અને છટ્ઠા ગણમાં लिखती-लिखन्ती બે રૂપો/અંગો બનશે.

**પ્રશ્ન** - ૮ નિ. ૯ શું કહેવા માંગે છે તે સ્પષ્ટ સમજાવો.

**જવાબ** - ૮ ચાલુ વ્યવહારમાં જ્યારે-ત્યારેની ભાષાનો પ્રયોગ ઘણીવાર થાય છે એટલે કે સામાન્યથી બે ક્રિયા બતાવતું વાક્ય ભાષામાં વપરાય ત્યારે એમાં એક ક્રિયા મુખ્ય હોય છે બીજી ક્રિયા ગૌણ હોય છે તેમાં મુખ્યક્રિયા ક્યારે થઈ એ જણાવવા માટે બીજી એક થઈ ગયેલી ક્રિયાનો અથવા તે મુખ્ય ક્રિયાની સાથે થતી ક્રિયાનો નિર્દેશ કરવામાં આવે છે ત્યારે મુખ્યક્રિયાને જણાવવા બતાવાયેલી ગૌણક્રિયાને જણાવતાં શબ્દોને સાતમીવિભક્તિ લાગે છે.

દા. ત. જ્યારે કૃષ્ણ મથુરા ગયા ત્યારે ગોપીઓ વડે મોટેથી રડી જવાયું આ વાક્યને સંસ્કૃતભાષામાં આ રીતે બોલી શકાય કે... कृष्णे मथुरां गते सति गोपीभिरुच्चै रटितम् કૃષ્ણ મથુરા ગયે છતે ગોપીઓ વડે મોટેથી રડાયું... અહીં "કૃષ્ણનું મથુરા જવું" એ એક (ગૌણ) ક્રિયા છે અને ગોપીઓનું રડવું એ બીજી (મુખ્ય) ક્રિયા છે. કોઈ પૂછે કે ગોપીઓ ક્યારે રડી હતી ? તો કૃષ્ણ મથુરા ગયા ત્યારે... આ રીતે ગોપીઓને રડવાની ક્રિયાને જણાવવા માટે કૃષ્ણની મથુરા ગમનની ક્રિયા બતાવી... હવે અહીં ગૌણક્રિયા તરીકે રહેલી કૃષ્ણગમનની ક્રિયાને જણાવતાં શબ્દને સપ્તમી વિભક્તિ લાગી. આવા વાક્યપ્રયોગમાં ક્યારેક सति શબ્દનો (सत् વ. કૃ. નો વિશેષ્યપ્રમાણે લિંગ-વચનમાં) ઉપયોગ થતો હોવાથી એને **સતી** (સત્વાળી) **સપ્તમી** કહેવાય છે. એજ રીતે भूमिकम्पे भूते सति बहूनि गृहाणि पतितानि । ધરતીકંપ થયે છતે ઘણા ઘરો પડી ગયા.

મુખ્યક્રિયાની સાથે થતી ગૌણક્રિયાને બતાવતું ઉદાહરણ - पुण्ये क्षयति मनोरथा न फलन्ति - પુણ્ય નાશ પામતે છતે ઈચ્છાઓ ફળતી નથી. जिनेश्वरे जायमाने इन्द्राणामासनानि कम्पन्ते - જિનેશ્વર દેવ જન્મે છતે ઈન્દ્રોના આસન કંપે છે.

**પ્રશ્ન - ૯** સપ્તમીવિભક્તિને બદલે ષષ્ઠીવિભક્તિ ક્યારે થાય ?

**જવાબ - ૯** ઉપર જણાવ્યા મુજબ સતી-સપ્તમી જ્યાં થવાની હોય ત્યાં જો અનાદર જણાતો હોય તો સપ્તમીવિભક્તિને બદલે ષષ્ઠીવિભક્તિ થાય છે. દા. ત. આચાર્યભગવંત ઉપદેશ આપતે છતે શ્રાવકો ઝઘડવા લાગ્યા... आचार्यस्य धर्ममुपदिशतः श्रावका व्यवदन् । અહીં આચાર્યભગવંતનો અનાદર સ્પષ્ટ જણાતો હોવાથી आचार्य શબ્દને અને તેના વિશેષણરૂપે રહેલા उपदिशत् કૃદન્તને ષષ્ઠી વિભક્તિ લાગી. નિયમમાં 'પણ' લખેલ હોવાથી વિકલ્પે સપ્તમી વિભક્તિ થાય... आचार्ये धर्ममुपदिशति श्रावका व्यवदन् । એ જ રીતે जनकस्य हितं वचनं कथयतः सुता अभ्यभवन् । जनके हितं वचनं कथयति सुता अभ्यभवन् । પિતાજી હિતકારીવચન કહેતે છતે પુત્રોએ તિરસ્કાર કર્યો. भीष्मस्य पितामहस्य पश्यतो दुःशासनो द्रौपद्याः वस्त्राण्यकृषत् । भीष्मे पितामहे पश्यति दुःशासनो द्रौपद्याः वस्त्राण्यकृषत् ભીષ્મપિતામહ દેખતે છતે દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચ્યા...

**પ્રશ્ન - ૧૦** गच्छन्ति-लिखति રૂપ કેટલી રીતે સિદ્ધ થાય ?

**જવાબ - ૧૦** गच्छन्ति રૂપની ઓળખાણ ૪ રીતે થાય છે તે આ પ્રમાણે (૧) गम् ધાતુ ગ. ૧. પ. પ. વર્તમાના વિભ. ત્રી. પુ. બ. વ. તેઓ જાય છે... (૨-૩) गम् ધાતુ કર્તરિ વ. કૃ. નપું. પ્ર. બ. વ. -જતાં એવા (મિત્રો)... તથા દ્વિ. બ. વ. જતાં એવાં (મિત્રો) ને (૪) गम् ધાતુ કર્ત. વ. કૃ. સ્ત્રી. સંબોધન એ. વ. હે જતી એવી સ્ત્રી !... આ રીતે કુલ-૪ રીતે સિદ્ધ થાય... (૧) लिखति-लिख् ગ. ૬ પ. પ. વર્ત. વિભ. ત્રી. પુ. એ. વ. -તે લખે છે - (૨) लिख् કર્તરિ. વ. કૃ. પું. સ. એ. વ. -લખતાં એવા બાળકને વિષે... (૩) लिख् કર્તરિ વર્ત. કૃ. નપું. સ. એ. વ. લખતાં એવાં મિત્ર ઉપર... (૪) लिख् કર્ત. વ. કૃ. સ્ત્રી. સંબોધન એ. વ. હે લખતી એવી (સરલા)... એમ-૪ રીતે સિદ્ધ થાય.

**પ્રશ્ન - ૧૧** "अभिमन्यमाने" આ પ્રયોગની ઓળખાણ કેટલી રીતે આપી શકાય ? કેવી રીતે ?

**જવાબ - ૧૧** अभिमन्यमाने આ પ્રયોગની ઓળખાણ ૧૮ રીતે આપી શકાય છે તે આ રીતે-

(૧) अभि + मन् ગ. ૪. આ. ૫. કર્ત. વ. કૃ. પું. સ. એ. વ. - અભિમાન કરતાં પુરુષને વિષે.

(૨-૩) अभि + मन् કર્ત. વ. કૃ. નપું. પ્ર. દ્વિ. દ્વિ. વ. અભિમાન કરતાં બે મિત્રો/અભિમાન કરતાં બે મિત્રોને...

(૪) अभि + मन् કર્ત. વ. કૃ. નપું. સ. એ.વ.-અભિમાન કરતાં મિત્રમાં

(૫) अभि+मन् કર્ત.વ.કૃ.નપું. સંબો. દ્વિ.વ. અભિમાન કરતાં હે બે મિત્રો !

(૬-૭) अभि + मन् કર્ત. વ. કૃ. સ્ત્રી. પ્ર. દ્વિ. દ્વિ. વ. - અભિમાન કરતી બે બાલિકા/અભિમાન કરતી બે બાલિકાને

(૮-૯) अभि + मन् કર્ત. વ. કૃ. સ્ત્રી. સંબોધન એ. વ. દ્વિ. વ. - હે અભિમાન કરતી બાલિકા/હે અભિમાન કરતી બે બાલિકા !

આ જ રીતે કર્મણિવર્તમાનકૃદન્તનાં ૯ રૂપો જાણવા...

## પાઠ-૪૧-૪૨

**પ્રશ્ન-૧** નિ.૧. મા "બીજા કેટલાંક અર્થ જણાવવા" એટલે શું?

**ઉત્તર-૧** વિધિ-અર્થ, સંપ્રશ્ન, પ્રાર્થના અર્થમાં જેમ ધાતુને સપ્તમી-પંચમીવિભક્તિનાં પ્રત્યયો લાગે છે તેમ બીજાપણ અર્થમાં સપ્તમી-પંચમી વિભક્તિ લાગે છે. (૧) **ઈચ્છાર્થ** - કોઈપણ કામની ઈચ્છા વ્યક્ત કરવાની હોય ત્યારે તે તે કાર્ય જણાવનારા ધાતુને (ઈચ્છા અર્થવાળા ધાતુને નહીં) સપ્તમી-પંચમી વિ. નાં પ્રત્યયો લાગે છે. દા. ત. इच्छामि संयममाचरेः आचर...। હું ઈચ્છું છું કે તું સંયમને આચર.... (૨) वाञ्छामो यूयं ज्ञानसारं

पठेत...पठत અમે ઈચ્છીએ છીએ કે તમે જ્ઞાનસાર ભણો... (૨) **નિમંત્રણ** - કોઈ દ્વારા કહેવાયેલી વાતને ઈચ્છા વિના પણ સ્વીકારવી પડે (આગ્રહને કારણે) તે નિમંત્રણ... આ અર્થમાં પણ ધાતુને સપ્તમી-પંચમીના પ્રત્યયો લાગે. દા. ત. जनकमम्बां च नमेः, नम... તું માતા-પિતાને નમસ્કાર કર... मम संयमस्य स्वीकारस्य समये आगच्छेतम्-आगच्छतम्... તમો બન્ને મારા સંયમ સ્વીકારવાનાં સમયે આવી જશો... (૩) **આમંત્રણ** - કોઈએ કહેલ વાતનો ઈચ્છા મુજબ સ્વીકાર / અસ્વીકાર કરવો એને આમંત્રણ કહેવાય. આ અર્થમાં પણ ધાતુને સપ્તમી-પંચમીવિભક્તિ લાગે છે. દા.ત. हे नृपते! परिवारेण सह मम गृहे जेमितुमागच्छेत्-आगच्छतु... હે રાજાજી ! પરિવાર સાથે આપ મારે ઘેર જમવા માટે પધારો... (૨) हे गुरो ! बालान् पठितुं पुस्तकानि यच्छेत... यच्छत... હે ગુરૂજી બાળકોને ભણવા માટે તમે પુસ્તકો આપો. (૪) **અધીષ્ટ** - પ્રેમથી પ્રેરણા કરવી તે અધીષ્ટ... આ અર્થમાં ધાતુને સપ્તમી-પંચમી વિભક્તિ લાગે છે. हे बन्धो! त्वं व्रते स्थिरो भवेः भव... હે ભાઈ ! તું વ્રતમાં સ્થિર થા... (૨) हे भगिन्यः! जीवदयां पालयेत...पालयत... હે બહેનો તમે જીવોની દયા પાળો...

**પ્રશ્ન-૨** નિ.૨. નાં બીજાં ઉદાહરણો લખો.

**ઉત્તર-૨** (૧) यदि स विषं भक्षयेत् तर्हि मरणं लभेत । જો તે ઝેર ખાશે તો મરણ પામશે. (૨) यदि दुराचारं सेवेय तर्हि दुर्गतिं गच्छेयम्। જો હું દુરાચાર સેવું તો દુર્ગતિમાં જાઉં... (૩) यदि याचका अस्मिन्ग्रामे भिक्षां याचेरन् तर्हि किञ्चित् लभेरन्। જો ભિખારીઓ આ ગામમાં ભિક્ષા માંગશે તો કાંઈક મેળવશે. (૪) यदि जना ऋजवः स्युस्तर्हि दुःखं नानुभवेयुः। જો માણસો સરલ થાય તો દુઃખ ન અનુભવે... (૫) यदि युवां गुरुमाश्रयेतम् तर्हि उद्धरेयाथाम् । જો તમે બન્ને ગુરૂને શરણે જાવ તો ઉદ્ધાર કરી શકો.

**પ્રશ્ન-૩** નિ.૪ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**ઉત્તર-૩** નિ.૪. ૫ રીતે લાગે...પદાન્ત ग्-ज्-ड्-द्-ब् પછી ह् આવે તો ह् ને બદલે घ्-झ्-ढ्-ध्-भ् થાય... (૧) वाग् + हीना - वाग्घीना - હલકી વાણી (૨) अज् + हलौ - अज्झलौ સ્વર અને વ્યંજન.

(૩) द्विड् + ह्वयति - द्विडद्वयति (द्विड् = શત્રુ) દુશ્મન બોલાવે છે. (૪) योषिद् + हसति - योषिद्धसति - સ્ત્રી હસે છે.... (૫) ककुब् + हरति ककुब्भरति - દિશા હરે છે...

**પ્રશ્ન-૪** બધા જ પ્રત્યયો સ્વરાદિ હોય એવી કઈ વિભક્તિ છે ?

**ઉત્તર-૪** વિધ્યર્થ-સપ્તમી વિભક્તિનાં તમામ પ્રત્યયો સ્વરાદિ છે.

**પ્રશ્ન-૫** આ પાઠનાં દરેક પ્રત્યયો પર છતાં લાગતો નિયમ કયો?

**ઉત્તર-૫** આ પાઠનાં દરેક પ્રત્યયો પર છતાં પા.૧૫ નિ.૨ લાગે છે. (પ્રથમામાં ૪ ગણ આવેલા હોઈ એને આશ્રયીને આ પ્રશ્ન છે...)

**પ્રશ્ન-૬** પંચમી-વિભક્તનો પ.પ. બી.પુ.એ.વ.નો પ્રત્યય ૦ છે ?

**ઉત્તર-૬** પંચમીવિભ.ના પ.પ. બી.પુ.એ.વ.નો મૂળ પ્રત્યય તો हि (જુઓ નિ.૩) છે પણ (૧-૪-૬-૧૦) ૪ ગણમાં हि નો લોપ થતો હોવાથી અહીં ૦ બતાવેલ છે.

**પ્રશ્ન-૭** પંચમીવિભક્તિનાં સ્વરાદિ પ્રત્યયો કેટલા ? ક્યા ક્યા?

**ઉત્તર-૭** પંચમીવિભ.નાં સ્વરાદિ પ્રત્યયો - ૧૦ છે - आनि, आव, आम, अन्तु, ૪ + ૬ = ૧૦ ऐ, आवहै, आमहै, इथाम्, इताम्, अन्ताम्।

**પ્રશ્ન-૮** પંચમીવિભ.માં વ્યંજનાદિ પ્રત્યયો કેટલા ? કયા કયા?

**ઉત્તર-૮** પંચમીવિભ. માં વ્યંજનાદિ પ્રત્યયો -૧૦ છે. हि-तम्-त, तु-ताम्, स्व, ध्वम्, ताम्, तात्-(નિ.૩થી થતો પ્રત્યય.)

**પ્રશ્ન-૯** નિ.૧ નાં બીજા ઉદાહરણો લખો...

**ઉત્તર-૯ આજ્ઞા આપવામાં** (૧) सुते ! गुरुं वन्दस्व। હે દીકરી ગુરૂજીને વંદન કર.... (૨) बालाः! कथमपि पुस्तकान्यानयत। હે બાળકો કોઈપણ રીતે પુસ્તકો લઈ આવો. **અનુજ્ઞા આપવામાં** (૧) योधाः शत्रुभिः सह युध्यन्ताम्। લડવૈયાઓ દુશ્મનો સાથે યુદ્ધ કરે.... (૨) योषितः वनस्य

शोभां पश्यन्तु। સ્ત્રીઓ વનની શોભાને જુવે... **અવસરનો ખ્યાલ** - (૧) अधुना त्वं संस्कृतं पठ। હમણાં તું સંસ્કૃત ભણ... (૨) हे मित्राणि ! अथ संसारं परित्यक्तुं गृहान्निर्गच्छत। હે મિત્રો ! હવે સંસારનો ત્યાગ કરવા માટે ઘરમાંથી નીકળો...

कुमारोत्तिष्ठ शय्याया, आलस्यं मुञ्च सत्वरम् ।
मुखं प्रक्षालय स्नानमाचर प्रणम प्रभुम् ॥ १ ॥

पाठशालां समं मित्रैर्गच्छ पठ नु पुस्तकम् ।
एवं समादिशत् पुत्रं, तातः पुत्रहिते रतः ॥ २ ॥

હે કુમાર ! પથારીમાંથી ઉઠ... જલ્દીથી આળસને છોડી દે... મોઢું ધોઈ નાંખ... સ્નાન કર... પરમાત્માને નમસ્કાર કર.... મિત્રોની સાથે પાઠશાળા જા.... પુસ્તક વાંચ... આ પ્રમાણે પુત્રનાં હિતમાં રમતાં પિતાએ પુત્રને આદેશ કર્યો... (૧-૨)

(૩) धर्मं चरत माधर्मं, सत्यं वदत मानृतम् ।
दीर्घं पश्यत मा ह्रस्वं, परं पश्यत मापरम् ॥ ३ ॥

- ધર્મને આચરો... અધર્મને નહીં... સાચું બોલો, જુઠું નહીં... લાંબુ જુઓ... ટુંકુ નહીં... પરને = પરમાત્મતત્ત્વને જુઓ બીજાને નહીં...

शय्या (સ્ત્રી.) પથારી, आलस्य (નપુ.) આળસ सत्वरम् (અવ્યય)- જલ્દી... अनृत (વિ.) જુઠું... पर (પું.) પરમતત્ત્વ... अपर (વિ.) બીજું...

## પાઠ-૪૩

**પ્રશ્ન-૧** સમાસ એટલે શું ?

**ઉત્તર-૧** सम् = સારી રીતે (બીજા પદની સાથે એકરૂપે) आस = બેસી જવું... કોઈ પણ એક નામ (પદ) પોતાની સાથે સંબંધ ધરાવતા બીજા નામની સાથે જોડાઈને એકપદ રૂપે બને તે સમાસ કહેવાય.

**પ્રશ્ન-૨** સમાસ કઈ રીતે કરાય ?

**ઉત્તર-૨** સમાસ બે કે તેથી વધારે પદોનો હોય છે તેમાં છેલ્લું જે પદ હોય એને ઉત્તરપદ કહેવાય... અને એની પહેલાંનાં બધા પદોને પૂર્વપદ કહેવાય... સમાસ કરતી વેળાએ પૂર્વપદોમાં રહેલી (અર્થ મુજબ લાગેલી) તે તે વિભક્તિઓનો લોપ કરીને છેલ્લા પદને તે તે સમાસની વિધિ પ્રમાણે યથાયોગ્ય રીતે વિભક્તિ લગાડીને બનાવી શકાય છે તેનાં ઉદાહરણો તે તે સમાસનાં વિવેચનમાં બતાવવામાં આવશે.

**પ્રશ્ન-૩** વિગ્રહ એટલે શું ? વિગ્રહ કેવી રીતે કરાય ?

**ઉત્તર-૩** સમાસમાં રહેલાં બધા પદોને અર્થ પ્રમાણે વિભક્તિ લગાડીને છુટા કરીને બતાવવા તે વિગ્રહ કહેવાય.. દરેક સમાસ (દ્વન્દ્વ - બહુવ્રીહિ વિ.)નાં વિગ્રહોની રીત અલગ અલગ છે તે તે સમાસની સમજૂતિમાં બતાવાશે.

**પ્રશ્ન-૪** સમાસનાં કઈ દૃષ્ટિએ કેટલા પ્રકારો થાય ? ક્યા ક્યા ?

**ઉત્તર-૪** સમાસમાં મુખ્ય ચાર પ્રકાર છે તે આ પાઠમાં બતાવેલ છે. એ સિવાય વિભક્તિની દૃષ્ટિએ સમાસનાં બે પ્રકાર છે (૧) લુપ્ સમાસ (૨) અલુપ્ સમાસ...(૧) અલુપ્ .સમાસ સામાન્યરીતે કોઈ પણ સમાસ કરીએ ત્યારે દરેક પદોની વિભક્તિનો લોપ થાય છે. એ રીતે જ્યાં સમાસમાં આવતાં પદોની વિભક્તિનો લોપ થઈને સમાસ થાય એ સમાસને લુપ્સમાસ કહેવાય. દા.ત. रामश्च लक्ष्मणश्च सीता च रामलक्ष्मणसीता: અહીં દરેક પદોની વિભક્તિનો લોપ થયેલો છે માટે એ લુપ્સમાસ કહેવાય.

(૨) અલુપ્ સમાસ - જે સમાસમાં વપરાયેલ પદોની વિભક્તિનો લોપ થતો નથી તેને અલુપ્સમાસ કહેવાય. **દા. ત.** देवानां प्रिय:-देवानांप्रिय: (મૂર્ખ) અહીં પૂર્વપદની વિભક્તિનો લોપ થયો નથી માટે તેને અલુપ્સમાસ જાણવો. એ જ રીતે परस्मैपदम्, आत्मनेपदम् વિ.

- વિગ્રહની દૃષ્ટિએ સમાસ બે પ્રકારે... (૧) નિત્ય સમાસ... (૨) અનિત્ય સમાસ... (૧) **નિત્યસમાસ** - કેટલાંક સમાસોનો વિગ્રહ પોતાના

પદોથી થતો નથી. માત્ર અર્થ સમજાવવા માટે બીજા પદોથી વિગ્રહ કરાય છે, તેને નિત્ય સમાસ કહેવાય છે. દા. ત. वनस्य पश्चात् अनुवनम् - વનની પાછળ, અહીં अनु શબ્દ સમાસમાં જોડાયો છે તે વિગ્રહમાં વપરાયો નથી अनु નો અર્થ જણાવનાર - पश्चात् શબ્દ વપરાયો છે માટે આ સમાસને નિત્યસમાસ કહેવાય છે. અથવા જે સમાસનો વિગ્રહ કરી શકાતો નથી - વિગ્રહ કરવાથી મૂળ અર્થ રહેતો નથી. દા.ત. खट्वारूढः = હલકો માણસ. આ સમાસનો વિગ્રહ અન્ય પદો દ્વારા પણ કરી શકાતો નથી. માટે આ સમાસને પણ નિત્ય-સમાસ કહેવાય. (૨) **અનિત્યસમાસ** - સમાસમાં વપરાયેલ પદોનો અર્થ પ્રમાણે વિભક્તિ લગાડી વિગ્રહ કરાય તે અનિત્ય સમાસ કહેવાય.દા.ત. गङ्गायाः जलम् - गङ्गाजलम् અહિં સમાસમાં વપરાયેલ પદો જ વિગ્રહમાં વપરાયા છે માટે તેને અનિત્ય સમાસ કહેવાય.

## દ્વન્દ્વ સમાસ

**પ્રશ્ન-૫** દ્વન્દ્વ સમાસ ક્યા અર્થમાં કેવી રીતે થાય ?

**ઉત્તર-૫** દ્વન્દ્વ સમાસ - બે પદ વચ્ચે "અને" અર્થ જણાતો હોય ત્યારે થાય છે. દ્વન્દ્વ સમાસ બનાવવાની ચાર શરત છે.

(૧) સમાસમાં છેલ્લું પદ જે લિંગમાં હોય એ લિંગમાં જ આખો સમાસ થાય છે. એટલે કે છેલ્લો શબ્દ જો નપું.લિંગમાં હોય તો આખો સમાસ નપું. માં થાય... છેલ્લો શબ્દ જો સ્ત્રીલિંગમાં હોય તો આખો સમાસ સ્ત્રીલિંગે થાય અને છેલ્લું પદ જો પુંલિંગે હોય તો આખો સમાસ પુંલિંગે થઈ જાય.

(૨) આ સમાસ બે પદોનો... અથવા તેથી વધારે પદોનો થઈ શકે છે. અને વિગ્રહમાં બતાવેલા સમાસ પામનારા પદોમાં જો બે પદ જ હોય અને બન્ને પદ એ.વ. માં હોય તો આખો સમાસ દ્વિવચનમાં થાય... અને વિગ્રહમાં બતાવેલ સમાસ પામનારા પદો બે જ હોય. એમાં કોઈ પણ એક પદ દ્વિ.વ. કે બ.વ. માં હોય તો આખો સમાસ બ.વ. માં જ થાય છે. એટલે કે સામાન્યરીતે વિગ્રહમાં બતાવેલ શબ્દો દ્વારા બે જ વસ્તુ / વ્યક્તિ બતાવાતાં હોય તો આખો સમાસ દ્વિવચનમાં થાય અને વિગ્રહમાં રહેલ

શબ્દો દ્વારા બેથી અધિક વસ્તુ / વ્યક્તિ બતાવાતાં હોય તો આખો સમાસ બ.વ. માં થાય છે. બેથી અધિક પદો હોય તો સમાસ બ.વ. માં જ થાય.

(૩) વિગ્રહ કર્યા બાદ સમાસ કરતી વેળાએ બન્ને પદ વચ્ચે સંભવિત સંધિ અવશ્ય કરવાની હોય છે.

(૪) પૂર્વપદોમાં રહેલ શબ્દો જો સ્વરાંત હોય તો એજ રીતે રહે છે. પણ જો વ્યંજનાંત શબ્દ હોય તો તેને પદસંબંધિ લાગતાં નિયમો લાગે...અને સંધિ થાય.

**પ્રશ્न-૬** દ્વન્દ્વ સમાસનો વિગ્રહ કરવાની રીત બતાવો.

**ઉત્તર-૬** દ્વન્દ્વ સમાસમાં દરેક પદો મુખ્ય હોય છે... "ક્રિયાપદની સાથે સીધો સંબંધ ધરાવતાં નામને મુખ્ય નામ કહેવાય છે" એટલે દ્વન્દ્વ સમાસમાં રહેલ તમામ નામો ક્રિયાપદ સાથે સંબંધ ધરાવે છે. દા.ત. रामश्च सीता च - रामसीते गच्छतः તો જવાની ક્રિયા રામ અને સીતા બન્ને કરે છે. એવી જ રીતે બીજે ઠેકાણે પણ સમજી લેવું. તથા વિગ્રહ કરતી વેળાએ બધા જ નામોને પ્રથમા વિભક્તિ લાગે છે. વચન તો સમાસ કરનારની વિવક્ષા મુજબ એ.વ., દ્વિ.વ., બ.વ. માં વાપરી શકાય છે.

**પ્રશ્न-૭** (દ્વન્દ્વ સમાસમાં) એક સમાસનાં શું અન્ય અન્યરીતે વિગ્રહ થઈ શકે?

**ઉત્તર-૭** દ્વન્દ્વ સમાસમાં - એક જ સમાસનાં વિવક્ષા મુજબ અનેકરીતે વિગ્રહ કરી શકાય છે. બે પદનો સમાસ બ.વ. માં હોય તો એના ૮ રીતે વિગ્રહ થાય છે. દા.ત. मित्रपुस्तकानि -

मित्रं च पुस्तके च-मित्रपुस्तकानि - મિત્ર અને બે પુસ્તક
मित्रं च पुस्तकानि च-मित्रपुस्तकानि - મિત્ર અને પુસ્તકો...
मित्रे च पुस्तकं च - मित्रपुस्तकानि - બે મિત્ર અને પુસ્તક
मित्रे च पुस्तके च - मित्रपुस्तकानि - બે મિત્રો અને બે પુસ્તક
मित्रे च पुस्तकानि च - मित्रपुस्तकानि - બે મિત્રો અને પુસ્તકો
मित्राणि च पुस्तकं च - मित्रपुस्तकानि - મિત્રો અને પુસ્તક

मित्राणि च पुस्तके च - मित्रपुस्तकानि - મિત્રો અને બે પુસ્તક
मित्राणि च पुस्तकानि च - मित्रपुस्तकानि - મિત્રો અને પુસ્તકો

આ રીતે ૩ પદનો સમાસ હોય તો એના ૨૭ વિગ્રહ થાય... ૪ પદનો સમાસ હોય તો ૮૧ વિગ્રહો થાય એ રીતે આગળ ત્રણ ત્રણગુણા કરતાં જવું...

**દ્વન્દ્વ સમાસ :-**

(૧) ज्ञानदर्शनचारित्राणि - જ્ઞાન દર્શન અને ચારિત્ર...

(૨) अर्हत्सिद्धाचार्योपाध्यायसाधुभ्यः - અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોને... (नमः)

(૩) जीवाजीवपुण्यपापाश्रवसंवरबन्धनिर्जरामोक्षाः - જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા-અને મોક્ષ...

(૪) [૧]मतिश्रुतवधिमनःपर्यायकेवलज्ञानानि - મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન...

(૫) क्रोधमानमायालोभाः - ક્રોધ-માન-માયા અને લોભ...

(૬) युधिष्ठिरभीमार्जुननकुलसहदेवाः - યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ.

(૭) भरतबाहुबली - ભરત અને બાહુબલી.

(૮) ऋषभचन्द्राननवारिषेण-वर्धमानाः - ઋષભદેવ, ચન્દ્રાનન, પ્રભુ વારિષેણ પ્રભુ, વર્ધમાન પ્રભુ...

(૯) च्यवन-जन्म-दीक्षा-केवलनिर्वाणकल्याणकानि - ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક...

## તત્પુરૂષ

**પ્રશ્ન-૮** તત્પુરૂષ સમાસ કેટલા પ્રકારે ?

---

૧. द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकमभिसंबध्यते । આ ન્યાયથી ગુજરાતીમાં બધે **જ્ઞાન** શબ્દ પાછળ જોડ્યો છે.

**જવાબ-૮** તત્પુરૂષ સમાસ અનેક પ્રકારે છે. પણ હમણાં પ્રથમામાં "વિભક્તિ તત્પુરૂષ સમાસ" ના એક પેટાભેદ તરીકે ષષ્ઠી તત્પુ. સમાસ તથા નञ् તત્પુ૦ સમાસ અને કર્મધારય તત્પુ૦ સમાસ એમ ત્રણ સમાસો બતાવ્યા છે.

**પ્રશ્ન-૯** ષષ્ઠી તત્પુરુષ સમાસ-ક્યારે અને કેવી રીતે થાય ? તે વિગ્રહની રીત સાથે સમજાવો

**જવાબ-૯** સંબંધો અનેક પ્રકારનાં છે તે વાત -આગળ બતાવી દીધી છે. આવા સંબંધમાં વર્તતા ગૌણ નામનો (જેને ષષ્ઠી વિભક્તિ કરવામાં આવે છે તેનો) મુખ્ય નામની સાથે સમાસ થાય છે તેને ષષ્ઠી તત્પુરુષ સમાસ કહેવાય છે. એનું ટુંકું નામ ષ.ત.પુ. છે. ષષ્ઠી તત્પુરૂષ સમાસમાં પૂર્વપદને અર્થાનુસાર ષષ્ઠી વિભક્તિ અને ઉત્તરપદને પ્રથમા વિભક્તિ લગાડીને વિગ્રહ કરાય છે. સમાસ કરતી વેળાએ પૂર્વપદની (ષષ્ઠી) વિભક્તિનો લોપ કરી જો સ્વરાંત નામ હોય અને પછી સ્વરથી શરૂ થતો (ઉત્તરપદનો) શબ્દ હોય તો યથાયોગ્ય સંધિ કરવી. અને વ્યંજનાંત નામ હોય તો એને પદ માની પદ સંબંધી લાગતાં નિયમો લગાડીને સંધિ કરવી. આ રીતે સમાસ-વિગ્રહ કરી શકાય છે.

मृदः निलयम्-मृन्निलयम्-मृद्निलयम् । માટીનું ઘર मृद् + निलयम्

અહીં मृद् એ પદ કહેવાય છે. એટલે જ પા.૨૫.નિ.૪ થી વિકલ્પે द् નો न् થાય છે. એજ રીતે योषितः हृदयम् - योषिद्धृदयम् योषिद्हृदयम् અહી પા.૪૧ નિ. ૪ થી વિકલ્પે ह् નો ध् થયો.

વળી આ સમાસમાં બે પદ હોય છે. પૂર્વપદ + ઉત્તરપદ. આ સમાસમાં ઉત્તરપદની પ્રધાનતા હોય છે. એટલે नृपस्य उद्यानम् - नृपोद्यानम् । રાજાનો બગીચો. गङ्गायाः जलम्-गङ्गाजलम् ગંગાનું પાણી. અહીં उद्यान તથા जल એ મુખ્ય નામ છે. नृप અને गङ्गा ગૌણ નામ છે. રાજા તથા ગંગા તો ગમે ત્યાં હોય અહીં તો એનો બગીચો તથા પાણી વિદ્યમાન છે માટે उद्यान- અને जल શબ્દ (ઉત્તરપદ)ની પ્રધાનતા છે.

**ષષ્ઠી તત્પુરૂષ સમાસ :-**

(૧) સ્ત્રીઓનાં બાળકો - योषितां डिम्भाः - योषिड्डिम्भाः ।
(૨) અમારી મર્યાદા - अस्माकं लज्जा - अस्मल्लज्जा ।
(૩) વનની ઔષધિ - वनस्य औषधम् - वनौषधम् ।
(૪) આકાશનું પાણી - वियतो नीरम् - वियन्नीरम् ।
(૫) મેરૂપર્વતનાં ઉપવનો - मेरोः उपवनानि - मेरूपवनानि ।
(૬) દેવોનો રાજા - मरुतां नृपतिः - मरुन्नृपतिः ।
(૭) રામનું બાણ - रामस्य इषुः - रामेषुः ।
(૮) મારા બે હાથ - मम हस्तौ - मद्धस्तौ[૧] ।
(૯) તારી બે આંખો - तव नयने - त्वन्नयने[૧] ।
(૧૦) કાપડની દુકાન - अम्बरस्य हट्टम् - अम्बरहट्टम् ।
(૧૧) આંબાનું વન - आम्राणां वनम् - आम्रवनम् ।

સંબંધો અનેક પ્રકારના છે તેમાં કેટલાંક બતાવાય છે.

**(૧) સ્વ-સ્વામિભાવસંબંધ :** સ્વ=પોતાની વ્યક્તિ-વસ્તુ... સ્વામિ = માલિક... પોતાની વસ્તુ-વ્યક્તિનો **માલિક** એ અર્થમાં આ સમાસ થાય.

દા.ત. (૧) मरुतः माषाः - मरुन्माषाः - દેવનાં અડદ.
(૨) नृपतेः असी - नृपत्यसी - રાજાની બે તલવાર.
(૩) अम्बायाः ऋद्धिः - अम्बर्द्धिः - માતાનો વૈભવ.
(૪) मम मतिः - मन्मतिः - મારી બુદ્ધિ.
(૫) तव निधिः - त्वन्निधिः - તારો ભંડાર.

(૨) **અવયવ-અવયવિસંબંધ :** અવયવ = વિભાગ. અવયવિ = જેના વિભાગ થાય તે. આવા અવયવિનો અવયવ એ અર્થમાં આ સમાસ થાય.

અપેક્ષાએ અવયવ-અવયવિ પણ બની જાય છે. દા.ત. ઘરનો

---

૧ अस्मद् - युष्मद् સર્વનામનો એ.વ.થી વિગ્રહ થયો હોય ત્યારે સમાસમાં અનુક્રમે मत्-त्वत् આદેશ થાય છે.

ઓરડો. અહીં ઓરડો અવયવ છે. ઘર અવયવિ છે. પછી ઓરડાનો ખૂણો. તો અહીં ઓરડો અવયવિરૂપે બને છે અને ખૂણો અવયવ બને છે. આ રીતે અપેક્ષાએ જે અવયવ હતો તે અવયવિ રૂપે પણ બને છે. દા.ત.

(૧) हस्तयोः अङ्गुलयः - हस्ताङ्गुलयः - બે હાથની આંગળીઓ.
(૨) वस्त्रस्य अञ्चलम् - वस्त्राञ्चलम् - વસ્ત્રનો છેડો.
(૩) अङ्गनायाः अधरौ - अङ्गनाधरौ - સ્ત્રીનાં બે હોઠ.
(૪) आम्रस्य शाखा - आम्रशाखा - આંબાની ડાળ.
(૫) धेनोः उदरम् - धेनूदरम् - ગાયનું પેટ.

**(૩) આધાર-આધેય સંબંધ :** આધાર-જેની ઉપર કે અંદર, વસ્તુ-વ્યક્તિ રહે તે આધાર. અને એ આધારમાં રહેનારી વસ્તુ-વ્યક્તિ તે આધેય કહેવાય. આવા આધાર-આધેયભાવ અર્થમાં આ સમાસ થાય.

દા.ત. (૧) दध्नः तक्रम् - दधितक्रम् - દહીંની છાશ.
(૨) तिलस्य तैलम् - तिलतैलम् - તલનું તેલ.
(૩) इक्षोः रसः - इक्षुरसः - શેરડીનો રસ.
(૪) कूपस्य जलम् - कूपजलम् - કૂવાનું પાણી.
(૫) गगनस्य तारकाः - गगनतारकाः - આકાશનાં તારાઓ.

**(૪) જ્ઞેય-જ્ઞાન સંબંધ :** જ્ઞેય = જાણવા યોગ્ય વિષય. જ્ઞાન = વસ્તુની જાણકારી. આવો સંબંધ જ્યાં હોય ત્યાં આ સમાસ થાય છે. દા.ત.

(૧) संस्कृतस्य ज्ञानम् - संस्कृतज्ञानम् - સંસ્કૃતનું જ્ઞાન.
(૨) इतिहासस्य बोधः - इतिहासबोधः - ઈતિહાસની જાણકારી.
(૩) तत्त्वानाम् अवगमः - तत्त्वावगमः - તત્ત્વોની માહિતી.

**(૫) જન્ય-જનકભાવસંબંધ :** જન્ય-થવા / જન્મવા યોગ્ય. જનક = કરનાર... જન્મ આપનાર. આવો સંબંધ જ્યાં હોય ત્યાં આ સમાસ થાય. દા.ત.

(१) योषितः सुताः - योषित्सुताः - સ્ત્રીનાં પુત્રો.
(२) कवेः काव्यम् - कविकाव्यम् - કવિની કવિતા.
(३) गणधरस्य सूत्राणि–गणधरसूत्राणि-ગણધર ભગવાનના સૂત્રો.

(૬) **પાલ્ય-પાલક ભાવ સંબંધ :** પાલ્ય = પાલન કરવા યોગ્ય. પાલક = પાલન કરનાર. તે બંનેનો સંબંધ હોય ત્યાં આ સમાસ થાય.

દા.ત. (१) पृथ्व्याः ईशः - पृथ्वीशः - પૃથ્વીનો ધણી (રાજા)
(२) प्रजायाः पतिः - प्रजापतिः - પ્રજાનો સ્વામી.
(३) मुनीनाम् ईश्वराः - मुनीश्वराः મુનિઓનાં નાથ...

(૭) **પ્રકૃતિ-વિકારભાવ સંબંધ :** પ્રકૃતિ - મૂળવસ્તુ. અને વિકાર - તેમાંથી બનેલ વસ્તુ. આવો સંબંધ જ્યાં જણાતો હોય ત્યાં આ સમાસ થાય છે.

દા.ત. (१) मृदः घटः - मृद्घटः - માટીનો ઘડો.
(२) काष्ठस्य द्वारम् - काष्ठद्वारम् - લાકડાનું બારણું.
(३) ताम्रस्य मञ्जूषा - ताम्रमञ्जूषा - તાંબાની પેટી.
(४) पाषाणस्य प्रतिमा - पाषाणप्रतिमा - પથ્થરની પ્રતિમા.
(५) पयसो यवागूः - पयोयवागूः - દૂધની રાબ.

આવી રીતે અનેક પ્રકારનાં સંબંધોમાં ષષ્ઠી તત્પુ. સમાસ થાય છે.

### ષષ્ઠી તત્પુરુષ સમાસનાં દૃષ્ટાન્તો

(१) દેવની માયા - मरुतो माया - मरुन्माया ।
(२) સ્ત્રીનાં બે બાળકો - योषितः शिशू - योषिच्छिशू ।
(३) સાસુનાં આંસુ - श्वश्र्वाः अश्रूणि - श्वश्र्वश्रूणि ।
(४) છોકરીઓનો પ્રયત્ન - बालानाम् उद्यमः - बालोद्यमः ।
(५) રામની અયોધ્યા - रामस्य अयोध्या - रामायोध्या ।
(६) તમારા બે મિત્રો - युष्माकम् मित्रे - युष्मन्मित्रे ।
(७) તેના માણસો - तस्य जनाः - तज्जनाः ।
(८) કોની બે આંખ - कस्य नयने - किन्नयने ।

(૯) રાજાના બે છત્ર - नृपस्य छत्रे - नृपच्छत्रे ।

(૧૦) તે બેની સ્ત્રીઓ - तयोः ललनाः - तल्ललनाः ।

(૧૧) પેલા બેની દયા - अमुयोः दया - अदोदया ।

(૧૨) આકાશનું પાણી - वियतः नीरम् - वियन्नीरम् ।

(૧૩) આચાર્યોનું ઔષધ - आचार्याणाम् औषधम् - आचार्यौषधम् ।

(૧૪) બે સાધુની આજ્ઞા - श्रमणयोः आज्ञा - श्रमणाज्ञा ।

(૧૫) સૂર્યનો ઉદય - सूर्यस्य उदयः - सूर्योदयः ।

हट्ट (નપું.) દુકાન... दधि (નપું.) દહીં... इक्षु (પું.) શેરડી... तारक (પું.) તારા... इतिहास (પું.) ઇતિહાસ... अवगम (પુ.) બોધ... मञ्जूषा (સ્ત્રી.) પેટી... यवागू (સ્ત્રી.) રાબ.

## नञ् તત્પુરુષ સમાસ

नञ् તત્પુરુષ સમાસ. તત્પુરુષ સમાસનો એક પ્રકાર છે. એનુ ટૂંકુ નામ છે नञ्-ત.પુ... नञ् અવ્યયનો જે નામ સાથે સમાસ થાય તે નામનો જે અર્થ થતો હોય એના કરતાં જુદો જ અર્થ નીકળે...

દા.ત. न धर्मः - अधर्मः - ધર્મ નહીં તે

न सत्यम् - असत्यम् - સાચુ નહીં તે = જુઠું...

नञ् તત્પુરુષ સમાસમાં नञ् અવ્યયનો મુખ્યતયા બે અર્થમાં પ્રયોગ કરાય છે. (૧) પ્રસજ્ય નञ् (૨) પર્યુદાસ નञ्

સામાન્યથી સમાસમાં પ્રાયઃ કરીને પર્યુદાસ નञ्નો ઉપયોગ વધુ થતો હોવાથી પર્યુદાસ નञ्નો અર્થ બતાવે છે. પર્યુદાસ નञ् એટલે नञ् જે શબ્દ સાથે જોડાઈને જેનો નિષેધ કરે છે એના સિવાયનું કાંઈક બીજું ગ્રહણ પણ કરે છે તે શું ગ્રહણ કરે છે ? એ હવે બતાવશે.

પર્યુદાસનञ् અર્થની દૃષ્ટિએ ૪ પ્રકારનાં અર્થવાળો છે.

(૧) તત્સદૃશ (૨) તદ્વિરોધી (૩) તદન્ય (૪) તદભાવ

(૧) **તત્સદૃશપર્યુદાસનઞ્** - તત્ = નઞ્ - સદૃશ = સરખો નઞ્થી પ્રતિષેધ કરાયો હોય એનો નિષેધ કરી એના જેવા બીજા (એની જાતિમાં ગણાતાં) ને ગ્રહણ કરે તેને તત્સદૃશપર્યુદાસનઞ્ કહેવાય.

દા.ત. न ब्राह्मणः - अब्राह्मणः - બ્રાહ્મણ સિવાય ક્ષત્રિયાદિ.. ક્ષત્રિય... વૈશ્ય વિ. ને લઈ શકાય. આજ રીતે...

न कपिः - अकपिः - વાંદરા સિવાયનું પ્રાણી
न सुताः - असुताः - પુત્રો સિવાયના સ્વજનો

(૨) **તદ્વિરોધી પર્યુદાસનઞ્** - નઞ્ જે શબ્દ સાથે જોડાયો હોય તે શબ્દ દ્વારા બતાવાતી વસ્તુ/વ્યક્તિથી તદ્દન વિરોધી વસ્તુને ગ્રહણ કરે તેને તદ્વિરોધી પર્યુ. નઞ્ કહેવાય.

દા.ત. (૧) न धर्मः - अधर्मः - ધર્મ નહી તે - અધર્મ - પાપ
(૨) न सत्यम् - असत्यम् - સાચુ નહીં તે - જુઠ્ઠું
(૩) न श्वेतः - अश्वेतः - ધોળો નહીં તે - કાળો.

(૩) **તદન્યપર્યુદાસનઞ્** - નઞ્ જે શબ્દ સાથે જોડાયો હોય તે શબ્દથી બતાવાતી વસ્તુ-વ્યક્તિ સિવાયની કોઈપણ વસ્તુ-વ્યક્તિ ગ્રહણ કરી શકાય તેને તદન્યપર્યુદાસનઞ્ કહેવાય છે.

દા.ત. (૧) न चेतनम् - अचेतनम् - ચેતન = જીવ સિવાયની કોઈપણ પૌદગલિક વસ્તુ લઈ શકાય...
(૨) न गृहम् - अगृहम् - ઘર સિવાયનું.
(૩) न आगमः - अनागमः - આગમ સિવાયનું.

(૪) **તદભાવપર્યુદાસનઞ્** - નઞ્ જે શબ્દ સાથે જોડાયો હોય તેનો માત્ર અભાવ જ બતાવાતો હોય... બીજું કાંઈ ગ્રહણ ન થતું હોય તેને તદભાવપર્યુદાસ નઞ્ કહેવાય.

દા.ત. (૧) न वचनम् - अवचनम् - વચનનો અભાવ
(૨) न शक्यम् - अशक्यम् - ન થઈ શકે એવું.
(૩) न शान्तिः - अशान्तिः - શાંતિનો અભાવ વિ...

પ્રસજ્યનञ् - તે તે વસ્તુનો તદ્દન અભાવ બતાવવો હોય ત્યારે વપરાય છે. દા.ત. न सूर्यं पश्यन्ति - असूर्यम्पश्या: । (महिष्य:) જે સૂર્યને પણ (એટલે ઉપલક્ષણથી તારા-મનુષ્યાદિ આખા નગરને) (અંતઃપુરમાં રહેવાનાં કારણે) તે રાજરાણીઓ... જોઈ શકતી નથી... પણ આ નञ्નો ઉપયોગ બહુ ઓછો થાય છે. એટલે એને વિશેષ બતાવેલ નથી.

**તત્સદૃશ-પર્યુદાસનञ् તત્પુ. સમાસ**

(૧) न सुरा: - असुरा: દેવ સિવાયનાં-દાનવો.
(૨) न स्वा: - अस्वा: (स्वरा:) સ્વ (સંજ્ઞાવાળા) નહીં તેવા (સ્વરો)
(૩) न त्रसा: - अत्रसा: ત્રસ નહીં તે (સ્થાવર જીવો)
(૪) न मुकुटा: - अमुकुटा: મુગટ સિવાયનાં અલંકારો
(૫) न असय: - अनसय: તલવાર સિવાયનાં ભાલા વિગેરે શસ્ત્રો
(૬) न वटा: - अवटा: વડલા સિવાયનાં વૃક્ષો
(૭) न शरद् - अशरद् શરદ સિવાયની ગ્રીષ્માદિ ઋતુ
(૮) न मृगा: - अमृगा: હરણા સિવાયનાં પશુઓ
(૯) न अम्बा - अनम्बा માતા સિવાયની સ્ત્રી
(૧૦) न उदरम् - अनुदरम् પેટ સિવાયનું અંગ
(૧૧) न ऋषभा: - अनृषभा: ઋષભદેવ સિવાયનાં તીર્થંકર ભગવંતો

**(૨) તદ્વિરોધી પર્યુ. નञ् તત્પુ. સમાસ**

(૧) न सार: - असार: - સારું નહીં તે, ખરાબ.
(૨) न कार्याणि - अकार्याणि - ન કરવા યોગ્ય (ખરાબ) કામો.
(૩) न शक्ति: - अशक्ति: - શક્તિ ન હોવી તે, નબળાઈ.
(૪) न रिपु: - अरिपु: - શત્રુ નહીં તે, મિત્ર.
(૫) न आतप: - अनातप: - તડકો નહીં તે, છાંયો
(૬) न यश: - अयश: - યશ નહીં તે, અપકીર્તિ
(૭) न शुचि: - अशुचि: - પવિત્ર નહીં તે, ગંદુ
(૮) न शीत: - अशीत: - ઠંડુ નહી તે, ગરમ
(૯) न शुभम् - अशुभम् - સારું નહીં તે, ખરાબ

(૧૦) न मित्रम् - अमित्रम् - મિત્ર નહીં તે, શત્રુ
(૧૧) न एके - अनेके - એક નહીં તે, ઘણાં
(૧૨) न गुणाः - अगुणाः - ગુણો નહીં તે, દોષો
(૧૩) न रात्रिः - अरात्रिः - રાત્રિ નહીં તે, દિવસ
(૧૪) न मुत् - अमुत् - આનંદ નહીં તે, શોક
(૧૫) न भेदः - अभेदः - જુદા નહીં તે, એક
(૧૬) न मोघः - अमोघः - નિષ્ફળ નહીં તે - સફળ
(૧૭) न पक्वम् - अपक्वम् - પાકું નહીં તે - કાચું
(૧૮) न सुखम् - असुखम् - સુખ નહીં તે - દુઃખ
(૧૯) न मृदुः - अमृदुः - કોમળ નહીં તે - કઠણ
(૨૦) न प्रियाः - अप्रियाः - પ્રિય નહીં એવી તે - અણગમતી

## (૩) તદન્ય પર્યુ. નઞ્

(૧) न इला - अनिला - પૃથ્વી સિવાય
(૨) न मृत् - अमृत् - માટી સિવાય
(૩) न पत्तनम् - अपत्तनम् - પાટણ સિવાય
(૪) न इषुः - अनिषुः - બાણ સિવાય
(૫) न कूपाः - अकूपाः - કુવા સિવાય
(૬) न आपत् - अनापत् - આફત સિવાય
(૭) न अग्निः - अनग्निः - આગ સિવાય
(૮) न अम्बा - अनम्बा - માતા સિવાય
(૯) न लवणम् - अलवणम् - મીઠા સિવાય
(૧૦) न निशा - अनिशा - રાત્રિ સિવાય
(૧૧) न नीरम् - अनीरम् - પાણી સિવાય

## (૪) તદભાવ પર્યુ. નઞ્

(૧) न ज्ञानम् - अज्ञानम् - જાણકારીનો અભાવ
(૨) न श्रद्धा - अश्रद्धा - શ્રદ્ધાનો અભાવ
(૩) न ऋणम् - अनृणम् - ઋણનો અભાવ
(૪) न अन्नम् - अनन्नम् - અનાજનો અભાવ

(૫) न स्पृहा - अस्पृहा - લાલસાનો અભાવ
(૬) न आलस्यम् - अनालस्यम् - આળસનો અભાવ
(૭) न अश्रूणि - अनश्रूणि - આંસુઓનો અભાવ
(૮) न औषधानि - अनौषधानि - ઔષધિનો અભાવ
(૯) न दया - अदया - દયાનો અભાવ
(૧૦) न शरणम् - अशरणम् - શરણનો અભાવ
(૧૧) न आयुः - अनायुः - આયુષ્યનો અભાંવ

त्रस (પું.) હાલતાં-ચાલતાં જીવો... इला (સ્ત્રી.) પૃથ્વી... आलस्य (નપું,) આળસ.

## કર્મધારય તત્પુરુષ સમાસ.

**પ્ર. ૧** કર્મધારય તત્પુરુષ સમાસ તથા વિગ્રહ કેવી રીતે થાય ?

**જ. ૧** જ્યાં વિશેષણ-વિશેષ્યભાવ દેખાતો હોય ત્યાં આ સમાસ થાય છે અને ઉત્તરપદની પ્રધાનતા હોય છે. પૂર્વપદને ઉત્તરપદ પ્રમાણે અનુસરવું પડે છે. આ સમાસનાં ઘણા પ્રકારો છે. એ આગળ બતાવશે. અહીં તો માત્ર એક જ વિશેષણ-વિશેષ્યનાં સમાસનો-વિશેષણ પૂર્વપદ કર્મધારય સમાસ જ બતાવ્યો છે. તેનું ટૂંકુ નામ છે વિ.પૂ.ક.

દા.ત. લાલ ઘોડો પાણી પીવે છે. અહીં પાણી પીવાની ક્રિયા **ઘોડો** કરે છે. અને **લાલ** (વિશેષણ) શબ્દ **ઘોડા** ને અનુસરે છે. માટે ક્રિયાનો આધાર બન્ને શબ્દ બને છે...

વિ.પૂ.ક. સમાસનો વિગ્રહ ચાર રીતે થાય છે. તે આ રીતે...

(૧) વિશેષણ+च+तद् સર્વનામનું વિશેષ્ય પ્રમાણેનું રૂપ + વિશેષ્ય + च
(૨) વિશેષણ + च + इदम् નું રૂપ + વિશેષ્ય + च
(૩) વિશેષણ + च + अदस् નું રૂપ + વિશેષ્ય + च
(૪) વિશેષણ + વિશેષ્ય

વિગ્રહમાં વિશેષણ વિશેષ્ય પ્રથમા વિભક્તિમાં જ આવે છે. વચન તો સમાસ કરનારની વિવક્ષા પ્રમાણે વાપરી શકાય છે.

| | | | |
|---|---|---|---|
| દા.ત. (૧) | कृष्णाहिः - | कृष्णश्चासौ अहिश्च<br>कृष्णश्च सः अहिश्च<br>कृष्णश्चायम् अहिश्च<br>कृष्णः अहिः | कृष्णाहिः<br>કાળો સર્પ |
| (૨) | पूज्यर्षी - | पूज्यौ च तौ ऋषी च<br>पूज्यौ चामू ऋषी च<br>पूज्यौ च इमौ ऋषी च<br>पूज्यौ ऋषी | पूज्यर्षी<br>પૂજવા યોગ્ય બે સંતો |
| (૩) | क्लान्तोलूकाः | क्लान्ताश्चामी उलूकाश्च<br>क्लान्ताश्च ते उलूकाश्च<br>क्लान्ताश्च इमे उलूकाश्च<br>क्लान्ता उलूकाः | क्लान्तोलूकाः<br>થાકી ગયેલા ઘુવડો. |
| (૪) | जीर्णायतनम्- | जीर्णं च अदः आयतनं च<br>जीर्णं च तद् आयतनं च<br>जीर्णं च इदम् आयतनं च<br>जीर्णम् आयतनम् | जीर्णायतनम्<br>જુનું સ્થાન |
| (૫) | मनोहरोद्याने- | मनोहरे च अमू उद्याने च<br>मनोहरे च ते उद्याने च<br>मनोहरे च इमे उद्याने च<br>मनोहरे उद्याने | मनोहरोद्याने<br>સુંદર બે બગીચા |
| (૬) | उचितौषधानि- | उचितानि च अमूनि औषधानि च<br>उचितानि च तानि औषधानि च<br>उचितानि च इमानि औषधानि च<br>उचितानि औषधानि | उचितौषधानि<br>યોગ્ય ઔષધો |

આ સમાસ ત્રણે લિંગે થાય છે. તેમાં સ્ત્રીલિંગે સમાસ કરતી વેળાએ પૂર્વપદ (વિગ્રહમાં સ્ત્રીલિંગે હોય છે તે) મૂળ શબ્દ/અંગ રૂપે રહે છે.

દા.ત. वहन्नद्यः – वहन्त्यश्चामू नद्यश्च
वहन्त्यश्च इमाः नद्यश्च
वहन्त्यश्च ताः नद्यश्च
वहन्त्यः नद्यः
} वहन्नद्यः વહેતી નદીઓ

અહીં પૂર્વપદમાં वहन्ती હતું તેનું સમાસમાં वहत् મૂળરૂપ આવી જાય છે. આ રીતે દરેક સ્ત્રીલિંગ નામોમાં સમજવું.

કર્મધારય તથા બ.વ્રી. સમાસમાં महत् નો महा થાય છે.

દા.ત. (૧) महाँश्चासौ ऋषिश्च – महर्षिः – મોટા ઋષિ.
(૨) ક્યારેક समान નો स થઈ જાય છે... समानः धर्मः-सधर्मः । એજ રીતે सरूपम्, सगोत्रम्, सजातीयः, सवर्णम्, सपक्षः, सस्थानम्, सपिण्डम्, सदेशः, सबन्धुः, सवचनम् વિગેરે...

(૧) परमर्द्धिः – परमा च सा ऋद्धिश्च
परमा चासौ ऋद्धिश्च
परमा च इयम् ऋद्धिश्च
परमा ऋद्धिः
} परमर्द्धिः શ્રેષ્ઠ વૈભવ

(૨) अलङ्कृताङ्गने- अलङ्कृते च ते अङ्गने च
अलङ्कृते च अमू अङ्गने च
अलङ्कृते च इमे अङ्गने च
अलङ्कृते अङ्गने
} अलङ्कृताङ्गने શણગારેલી બે સ્ત્રીઓ

(૩) बह्वार्याः – बह्व्यश्च ताः आर्याश्च
बह्व्यश्च इमाः आर्याश्च
बह्व्यश्च अमूः आर्याश्च
बह्व्यः आर्याः
} बह्वार्याः ઘણા સાધ્વીજીઓ बह्वी નું સમાસમાં बहु થઈ ગયું.

अहि (પું.) સર્પ... उलूक (પું.) ઘુવડ... पक्व (વિ.) પાકેલું... कृत (વિ.) કરાયેલું... हर (પું.) શંકર.

(१) पक्वाम्रैः - पक्वाश्च ते आम्राश्च
पक्वाश्चामी आम्राश्च
पक्वाश्च इमे आम्राश्च
पक्वा आम्राः
} पक्वाम्राः-तैः पक्वाम्रैः पाकी गयेला आंबाओथी

(२) आगतेन्द्राभ्याम् - आगतौ च तौ इन्द्रौ च
आगतौ चामू इन्द्रौ च
आगतौ च इमौ इन्द्रौ च
आगतौ इन्द्रौ
} आगतेन्द्रौ-ताभ्याम् आगतेन्द्राभ्याम् आवेला बे ईन्द्रोमांथी

(३) कृतर्णे - कृतं च तद् ऋणं च
कृतं च अदः ऋणं च
कृतं च इदम् ऋणं च
कृतमृणम्
} कृतर्णम्, तस्मिन्-कृतर्णे કરાયેલાં ઋણને વિષે

(१) रममाणाज्ञायाम् - રમતી આજ્ઞામાં... (૨) सर्वेषवः - બધાબાણો... (૩) गच्छद्रामाणाम् - જતાં એવા રામોનું... અથવા જતી એવી સ્ત્રીઓનું... (૪) नृत्यद्धर! - હે નાચતાં શંકરજી.! (૫) रक्षितारौ - રક્ષણ કરાયેલ શત્રુને વિષે. (૬) ईक्षमाणोलूकैः - જોતાં એવા ઘુવડો વડે (૭) श्राम्यन्मयूरेण - થાકી જતાં મોર. વડે... (૮) विरमन्नर! - અટકી જતાં હે માણસ ! (૯) पुष्यज्जननि! - પોષણ કરતી હે માતા ! વિગેરે...

ક્યારેક વિશેષણ પાછળ (ઉત્તરપદ તરીકે) પણ આવે છે... તે સમાસ આગળ બતાવશે... પણ ક્યાંક એનો ઉપયોગ થયેલો દેખાય ત્યારે આપણને ખ્યાલ આવે - માટે અહીં બે-ત્રણ દૃષ્ટાંત આપીને સમજાવાય છે.

वीरजिनः वीरश्चासौ जिनश्च... वीरजिनः... વીરપ્રભુ... એવી જ રીતે

ऋषभदेवः, महावीरस्वामी, पार्श्वनाथः, વિ. વધુ મધ્યમામાં બતાવશે.

# પાઠ-૪૪

**પ્રશ્ન-૧** બહુવ્રીહિ સમાસ કયા અર્થમાં થાય ? તેનો વિગ્રહ-સમાસ કરવાની રીત કઈ ? તેના પ્રકાર કેટલાં ?

**જવાબ-૧** ગુજરાતી ભાષામાં ઘણીવાર આપણે જે -વસ્તુ કે વ્યક્તિ **જેની પાસે હોય, જેની અંદર** હોય એ બતાવવા માટે તે વસ્તુ કે વ્યક્તિવાચક શબ્દની પછી **"વાળા"** શબ્દનો ઉપયોગ કરીએ છીએ.

દા.ત. પ્રતિમાવાળું જિનાલય... ફૂલોવાળી માળા... પણ પ્રતિમા-ફૂલો વિગેરે શબ્દોની આગળ એક વિશેષણ લાગીને જ્યારે વાક્ય બોલાય ત્યારે આ સમાસ થાય. દા.ત. ઘણા પ્રતિમાજીવાળું જિનાલય... સુંદર ફૂલોવાળી માળા... ભણતાં સાધુઓવાળો ઉપાશ્રય... આવો અર્થ જ્યાં બતાવાતો હોય ત્યાં બહુવ્રીહી સમાસ કરી શકાય છે... એટલે કે વિશેષણ + વિશેષ્ય... અને તે વાળું જે હોય તે... આ રીતેનાં અર્થમાં સમાસ થતો હોવાથી સહેજે ખ્યાલ આવી જ જાય કે આ આખો સમાસ કોઈનું વિશેષણ બને છે... એટલે આખા સમાસનું પણ એક અલગ વિશેષ્ય હોય છે... એ સમાસનું વિશેષ્ય - જે લિંગ, વચન/ વિભક્તિ/ માં હોય છે. તે લિંગ-વચન/-વિભક્તિમાં આખો સમાસ થાય છે...

બીજું બ.વ્રી. સમાસનાં વિગ્રહમાં વિશેષણ-વિશેષ્ય... ઉપરાંત यद्-तद् સર્વનામનો ઉપયોગ પણ થાય છે. એમાં વિશેષણ-વિશેષ્ય પ્રથમા વિભક્તિમાં આવે, તથા અર્થને અનુસારે ૨-૩-૪-૫-૬-૭ મી વિભક્તિમાં આખા સમાસનાં વિશેષ્યના લિંગ - વચન પ્રમાણે લિંગ-વચનમાં यद् સર્વનામનું રૂપ મૂકાય છે. તથા વિશેષ્યના લિંગ-વચન પ્રમાણે तद् સર્વનામનું પ્રથમા વિભક્તિનું રૂપ વપરાય છે. એટલે રચના આ રીતે વિશેષણ + વિશેષ્ય (પ્રથમા વિભ.માં) + यद् નું ૨ થી ૭ વિભક્તિનું આખા સમાસના વિશેષ્યને અનુસરતું લિંગ-વચનનું રૂપ + तद् નું પ્રથમા વિભક્તિનું આખા સમાસના વિશેષ્યને અનુસરતું લિંગ-વચનનું રૂપ. આ રીતે બ.વ્રી. સમાસનો વિગ્રહ થાય.

દા.ત. ઘણા ફૂલોવાળી માળા - बहूनि पुष्पाणि यस्यां सा बहुपुष्पा (माला)... ઘણા ફૂલો છે. જેમાં એવી માળા... અહીં 'જેમાં' એ સપ્તમી વિભક્તિનો અર્થ હોવાથી અને વિશેષ્ય-સ્ત્રીલિંગ એ.વ. હોવાથી यद् સર્વનામનું સ્ત્રીલિંગ સપ્તમી એ.વ. નું રૂપ (यस्यां) મૂક્યું છે... અને तद् સર્વનામનું સ્ત્રીલિંગ પ્રથમા એ.વ. નું રૂપ (सा) મૂક્યું છે. આ રીતે અર્થને અનુસારે यद् ને ૨ થી ૭ વિભક્તિ અને तद् ને પ્રથમા વિભક્તિ લગાડીને રૂપ મૂકાય છે. એજ રીતે - ભણતાં વિદ્યાર્થીઓવાળી બે પાઠશાળા - भणन्तः छात्राः ययोः ते - भणच्छात्रे (पाठशाले)। (૩) જાપ કરતાં માણસોવાળી (રાત્રિઓ)... जपन्तो जनाः यासु ताः जपज्जनाः (रात्रयः)। (૧) બળતાં વૃક્ષોવાળું (વન) - दहन्तो वृक्षाः यस्मिन् तद्-दहद्वृक्षम् (वनम्)। (૨) દોડતાં હરણોવાળા (બે બગીચા...) धावन्तो मृगाः ययोस्ते-धावन्मृगे (उद्याने) (૩) નમતાં માણસોવાળા (નગરો...) नमन्तो नराः येषु तानि - नमन्नराणि (नगराणि)। (૧) બોલતાં બાળકોવાળું (ગામ...) वदन्तो डिम्भाः यस्मिन् सः - वदड्डिम्भः (ग्रामः)। (૨) ઉછળતાં પાણીવાળા (બે દરિયા...) उच्छलत् जलं ययोस्तौ - उच्छलज्जलौ (समुद्रौ)। (૩) ઉગેલાં કમળોવાળા (તળાવો) - उद्गतानि अम्बुजानि येषु ते - उद्गताम्बुजाः (कासाराः)।

જે રીતે यद् સર્વનામનાં સપ્તમીનો અર્થ બતાવતાં ત્રણે લિંગનાં ઉદાહરણ બતાવ્યા તે જ રીતે यद् સર્વનામનો ૨-૩-૪-૫-૬ વિભક્તિમાં વાપરીને પણ ઉદાહરણ બતાવી શકાય...

(૧) વવાયેલું છે બીજ જેનું એવો વડલો - उप्तं बीजं यस्य सः- उप्तबीजः (वटः)।

(૨) ઉદાર હૃદયવાળા બે મુનિ-उदारं हृदयं ययोस्तौ - उदारहृदयौ (मुनी)।

(૩) વ્હાલા છે પુસ્તકો જેઓને એવા વિદ્યાર્થીઓ - प्रियाणि पुस्तकानि येषां ते - प्रियपुस्तकाः (छात्राः)।

(૧) માંગેલું છે ધન જેનું એવો મિત્ર - याचितम् अर्थम् यस्य तद् - याचितार्थम् (मित्रम्)।

(૨) સુંદર છે રંગ જેનો એવા બે ફૂલ-मनोहरं वर्णं ययोस्ते - मनोहरवर्णे (पुष्पे)।

(૩) વીંટાયા છે સર્પો જેને એવા ચન્દનનાં ઝાડ - वेष्टिताः सर्पाः येषां तानि - वेष्टितसर्पाणि (चन्दनानि)।

(૧) જીતતાં લડવૈયાવાળી અયોધ્યા - जयन्तो योधाः यस्याः सा - जयद्योधा (अयोध्या)।

(૨) વહેતાં પાણીવાળી બે નદી - वहत् नीरं ययोस्ते - वहन्नीरे (नद्यौ)।

(૩) પોષણ કરતાં દૂધવાળી ગાયો - पुष्यद् दुग्धं यासां ताः - पुष्यद्दुग्धाः (धेनवः)।

(૧) ઉત્તરપદમાં आ કારાન્ત નામ હોય અને આખો સમાસ પું. નપું. નું વિશેષણ બનતો હોય તો અંતે अ થઈ... देव-मित्र જેવા રૂપો થાય... દા.ત. दीर्घा माला यस्य सः - दीर्घमालः(नरः), લાંબી માળાવાળો માણસ... (૨) ह्रस्वा जिह्वा यस्य तद् - ह्रस्वजिह्वम् (मित्रम्), નાની જીભવાળો મિત્ર... સ્ત્રી.માં आ કારાન્ત રહે... माला જેવા રૂપો થાય.

(૧) ઉત્તરપદમાં હ્રસ્વ इ-उ હોય અને આખો સમાસ સ્ત્રી.નું વિશેષણ બનતો હોય તો मति-धेनु જેવા રૂપો થાય. સમાસ જો પુંલિંગનું વિશેષણ બનતો હોય તો मुनि-भानु જેવા રૂપો થાય અને જો સમાસ નપું. નું વિશેષણ બનતો હોય તો એના રૂપો वारि-मधु જેવા થાય...

દા.ત. (૧) नमन्तो नृपतयो यस्यां सा - नमन्नृपतिः (नगरी)। નમતાં રાજાઓવાળી નગરી. (૨)शान्ताः अरयः ययोस्ते-शान्तारी (युधौ)। શાંત થયેલા શત્રુઓવાળી બે લડાઈ. (૩) शीतं वारि यासु ताः - शीतवारयः (नद्यः)। ઠંડા પાણીવાળી નદીઓ...

(૧) शोभमानः इन्दुः यस्यां सा - शोभमानेन्दुः (रात्रिः)। શોભી રહેલાં ચંદ્રવાળી રાત... (૨) रटन् शिशुः ययोस्ते - रटच्छिशू (ललने)। રડતાં બાળકવાળી બે સ્ત્રીઓ... (૩) भवन् मृत्युः यासां ताः - भवन्मृत्यवः (बालाः)। થઈ રહ્યું છે મરણ જેનું એવી છોકરીઓ...

(૧) महान् असिः यस्य सः-महासिः (नृपः)। મોટી તલવારવાળો રાજા... (૨) पठन्तो मुनयः ययोस्तौ - पठन्मुनी (उपाश्रयौ)। ભણતાં મુનિઓ છે જેમાં એવા બે ઉપાશ્રય... (૩) परमा कीर्त्तिः येषां ते - परमकीर्त्तयः (नराः)। શ્રેષ્ઠ યશવાળા માણસો. (૧) शीतमम्बु यस्मिन् सः - शीताम्बुः (कासारः)। ઠંડા પાણીવાળું તળાવ. (૨) प्रभूता इषवः ययोस्तौ - प्रभूतेषू (नृपौ)। ઘણા બાણવાળા બે રાજા. (૩) क्षरत् मधु येभ्यस्ते - क्षरन्मधवः (मधुपुटाः)। - ઝરતાં મધવાળા મધપૂડાઓ.

(૧) नश्यन्ती शक्तिः यस्य तद् - नश्यच्छक्ति (शरीरम्)। - નાશ થતી શક્તિવાળું શરીર... (૨) प्राप्ताः औषधयः याभ्यां ते - प्राप्तौषधिनी (वने)। મળ્યાં છે ઔષધો જેમાંથી એવા બે વન... (૩) वर्धमाना ऋद्धिः येषां तानि - वर्धमानर्द्धीनि (मित्राणि)। - વધતી સંપત્તિવાળા મિત્રો...

(૧) अटन्तः शत्रवः यस्मिन् तद्-अटच्छत्रु (नगरम्)। ફરતાં દુશ્મનોવાળું નગર.

(૨) दहन्तः तरवः ययोस्ते-दहत्तरुणी (उद्याने)। બળતાં વૃક્ષોવાળાં બે બગીચા.

(૩) नश्यन्त्यः धेनवः येषां तानि-नश्यद्धेनूनि (मित्राणि)। નાશતી ગાયોવાળા મિત્રો..

(૨) દીર્ઘ-ई-ऊ અન્તે હોય એવા શબ્દોને બ.વ્રી. માં क લાગે છે. અને

देव-मित्र-माला જેવા રૂપો થાય છે. દા.ત. (૧) पुष्यन्ती नारी यस्मिन् तत्-पुष्यन्नारीकम् (गृहम्)। પોષણ કરતી સ્ત્રીવાળું ઘર...

(૨) धावन्त्यो देव्यः ययोस्ते - धावद्देवीके (उद्याने)। દોડતી દેવીઓવાળાં બે બગીચા...

(૩) नमन्ती महिषी येषु तानि - नमन्महिषीकाणि (चैत्यानि)। નમતી પટ્ટરાણીવાળા દેરાસરો...

(૧) बह्व्यः नद्यः यस्मिन् सः-बहुनदीकः (देशः)। ઘણી નદીઓવાળો દેશ.

(૨) भृता वाप्यः ययोस्तौ-भृतवापीकौ (ग्रामौ)। ભરેલી વાવડીઓવાળા બે ગામ.

(૩) दीनाः दास्यः येषां ते - दीनदासीकाः (गोपाः)। ગરીબ દાસીઓવાળા ગોવાળો

(૧) अर्चन्ती भगिनी यस्याः सा - अर्चद्भगिनीका (बाला)। પૂજા કરતી છે બહેન જેની એવી બાલિકા... (भगिनी (સ્ત્રી.) બહેન)

(૨) बद्धा कबरी ययोस्ते-बद्धकबरीके (ललने)। બંધાયેલી વેણીવાળી બે સ્ત્રીઓ... (कबरी (સ્ત્રી.) વેણી)

(૩) भणन्ती तरुणी यासु ताः - भणत्तरुणीकाः (पाठशालाः)। ભણી રહી છે જુવાન સ્ત્રી જેમાં એવી પાઠશાળાઓ. (तरुणी (સ્ત્રી) જુવાન સ્ત્રી)

**ऊ અંતવાળા નામોનાં ઉદાહરણ...**

(૧) वहन्ती सरयूः यस्मिन् सः - वहत्सरयूकः (ग्रामः)। વહેતી છે સરયૂનદી જેમાં એવું ગામ... (૨) कुप्यन्ती श्वश्रूः ययोस्ते - कुप्यच्छ्वश्रूके (अङ्गने)। ગુસ્સે થતી છે સાસુ જેની એવી બે સ્ત્રીઓ... (૩) नमन्त्यः वध्वः यस्य तद् - नमद्वधूकम् (मित्रम्)। નમંતી છે વહુઓ જેની એવો મિત્ર... વિ.

(૩) જો વ્યંજનાંત શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે આખો સમાસ જેનું (પું. સ્ત્રી. નપું.) વિશેષણ બનતો હોય તો તે તે શબ્દો પ્રમાણે રૂપો કરવા... દા.ત.

(૧) કઠીન આપત્તિવાળા શ્રાવકો विषमाः आपदः येषां ते - विषमापदः (श्रावकाः) ।

(૨) ગુસ્સો કરતી સ્ત્રીઓવાળા ઘરો... रुष्यन्त्यः योषितः येषु तानि - रुष्यद्योषिन्ति (गृहाणि) ।

(૩) શોભતું છે આકાશ જેમાં એવી પૂનમો... शोभमानं वियत् यासु ताः शोभमानवियतः (पूर्णिमाः) ।

**અન્ય કેટલાંક બ.વ્રી. સમાસો...**

(૧) मत्तेभे (वने)। ગાંડા થયેલા હાથીઓવાળા બે વન.

(૨) दृष्टार्याणि (उद्यानानि)। જોવાયા છે સાધ્વીજીઓ જેમાં એવા બગીચા.

(૩) शितेषो! (नृप!)। તીક્ષ્ણ બાણવાળા હે રાજાજી !

(૪) भग्नासीनि (मित्राणि)। ભાંગેલી તલવારવાળા મિત્રો

(૫) पूर्णर्णा (ललना)। પુરૂં થયું છે દેવું જેણીનું એવી સ્ત્રી.

(૬) पूजयद्धरी: (प्रतिमा:)। પૂજતાં છે ઈન્દ્રો જેને એવા પ્રતિમાજીઓને.

(૭) राजितर्षभौ (ग्रामौ) । શોભતાં છે ઋષભદેવ જેમાં એવા બે ગામ.

(૮) रुष्टाचार्या: (पाठशाला:)। ગુસ્સે થયેલા આચાર્યવાળી પાઠશાળાઓ.

(૯) क्षिणारिणी (मित्रे)। નાશ થયા છે શત્રુઓ જેનાં એવા બે મિત્રો.

## नञ् બહુવ્રીહિ સમાસ...

**પ્રશ્ન** नञ् બ.વ્રી. સમાસ ક્યારે કેવી રીતે થાય ? અને વિગ્રહની રીત કઈ ?

જ. કોઈપણ વસ્તુ કે વ્યક્તિનાં અભાવવાળું સ્થાન, કાલ, વસ્તુ કે વ્યક્તિ બતાવવાના હોય ત્યારે આ સમાસ થાય છે. એ સમાસમાં પૂર્વપદમાં રહેલ नञ् નો વ્યંજનાદિ ઉત્તરપદ પર છતાં अ, અને સ્વરાદિ ઉત્તરપદ પર છતાં अन् થાય. એનો વિગ્રહ ૩ રીતે કરી શકાય છે.

(૧) न+अस् ધાતુનું ઉત્તરપદમાં રહેલ વસ્તુ/વ્યક્તિને અનુસરતાં વચનવાળું વર્તમાનકાળનું ત્રી.પુ.નું (अस्ति-स्त:-सन्ति) રૂપ + જેનો અભાવ બતાવવો છે તે શબ્દ + यद् સર્વનામનું ષષ્ઠી-સપ્તમી વિભક્તિનું આખા સમાસનાં વિશેષ્યનાં લિંગ-વચનને અનુસરતું રૂપ + तद् સર્વનામનું પ્રથમા વિભક્તિનું સમાસનાં વિશેષ્યનાં લિંગ-વચનને અનુસરતું રૂપ...

(૨) न+विद् (ગણ-૪) નું વર્તમાનકાળનું રૂપ. બીજું બધું પૂર્વની જેમ...

(૩) अविद्यमान શબ્દનું ઉત્તરપદનાં લિંગ-વચન પ્રમાણે રૂપ... બીજું બધું પૂર્વની જેમ... આમ, ત્રણ રીતે વિગ્રહ કરી શકાય છે. દા.ત. (૧) नास्ति कूर्म: यस्मिन् स:-अकूर्म: कासार: - નથી કાચબો જેમાં એવું તળાવ... આ જ સમાસનો न विद्यते कूर्म: यस्मिन् स: - अकूर्म: कासार:, अविद्यमान: कूर्म: यस्मिन् स:-अकूर्म: कासार: આ રીતે પણ વિગ્રહ કરી શકાય.

| | |
|---|---|
| (२) न स्तः छात्रौ यस्मिन् सः<br>न विद्येते छात्रौ यस्मिन् सः<br>अविद्यमानौ छात्रौ यस्मिन् सः | अच्छात्रः (मार्गः)<br>બે વિદ્યાર્થી વિનાનો રસ્તો... |
| (३) न सन्ति देहाः यस्य सः<br>न विद्यन्ते देहाः यस्य सः<br>अविद्यमानाः देहाः यस्य सः | अदेहः (सिद्धः) નથી શરીરો<br>જેને એવા સિદ્ધભગવંત |
| (१) नास्ति नीरं यस्मिन् सः<br>न विद्यते नीरं यस्मिन् सः<br>अविद्यमानं नीरं यस्मिन् सः | अनीरः (घटः)<br>પાણી વિનાનો ઘડો |
| (२) न स्तः पुस्तके यस्य सः<br>न विद्येते पुस्तके यस्य सः<br>अविद्यमाने पुस्तके यस्य सः | अपुस्तकः (बालः) નથી બે<br>પુસ્તક જેની પાસે એવો<br>બાળક |
| (३) न सन्ति पद्मानि यस्मिन् सः<br>न विद्यन्ते पद्मानि यस्मिन् सः<br>अविद्यमानानि पद्मानि यस्मिन् सः | अपद्मः (कासारः) કમળો<br>વિનાનું તળાવ |
| (१) नास्ति अम्बा यस्य सः<br>न विद्यते अम्बा यस्य सः<br>अविद्यमाना अम्बा यस्य सः | अनम्बः (बालः) માતા<br>વિનાનો બાળક |
| (२) न स्तः माले यस्य सः<br>न विद्येते माले यस्य सः<br>अविद्यमाने माले यस्य सः | अमालः (जनः) બે માળા<br>નથી જેની પાસે એવો<br>માણસ |
| (३) न सन्ति सुताः यस्य सः<br>न विद्यन्ते सुताः यस्य सः<br>अविद्यमानाः सुताः यस्य सः | असुतः (नरः) દીકરીઓ<br>વિનાનો માણસ |

વિગ્રહની દૃષ્ટિએ પું. સ્ત્રી. નપું. શબ્દો લઈને સમાસો કર્યા...

હવે આખા સમાસનાં વિશેષ્યની દૃષ્ટિએ પું.સ્ત્રી.નપું.નાં સમાસો બતાવે છે.

| | |
|---|---|
| (૧) न सन्ति मयूराः यस्मिन् तद्<br>न विद्यन्ते मयूराः यस्मिन् तद्<br>अविद्यमानाः मयूराः यस्मिन् तद् | अमयूरम् (वनम्) મોરલા વિનાનું વન |
| (૨) नास्ति माकन्दः ययोस्ते<br>न विद्यते माकन्दः ययोस्ते<br>अविद्यमानः माकन्दः ययोस्ते | अमाकन्दे (उद्याने) આંબા વિનાનાં બે બગીચા |
| (૩) न सन्ति याचकाः येषु तानि<br>न विद्यन्ते याचकाः येषु तानि<br>अविद्यमाना याचकाः येषु तानि | अयाचकानि (नगराणि) ભિખારીઓ વિનાનાં નગરો |
| (૧) नास्ति राज्यं यस्य सः<br>न विद्यते राज्यं यस्य सः<br>अविद्यमानं राज्यं यस्य सः | अराज्यः (नृपः) રાજ્ય વિનાનો રાજા |
| (૨) न स्तः नेत्रे ययोस्तौ<br>न विद्येते नेत्रे ययोस्तौ<br>अविद्यमाने नेत्रे ययोस्तौ | अनेत्रौ (नरौ) બે આંખ વિનાનાં બે માણસો |
| (૩) नास्ति धनं येषां ते<br>न विद्यते धनं येषां तें<br>अविद्यमानं धनं येषां ते | अधनाः (जनाः) ધન વગરનાં માણસો |
| (૧) नास्ति नाथः यस्याः सा<br>न विद्यते नाथः यस्याः सा<br>अविद्यमानः नाथः यस्याः सा | अनाथा (अयोध्या) નાથ વગરની અયોધ્યા |
| (૨) नास्ति चन्द्रः ययोस्ते<br>न विद्यते चन्द्रः ययोस्ते<br>अविद्यमानः चन्द्रः ययोस्ते | अचन्द्रे (निशे) ચંદ્ર વિનાની બે રાત. |

(૩) न सन्ति कण्टकाः यासु ताः
न विद्यन्ते कण्टकाः यासु ताः
अविद्यमानाः कण्टकाः यासु ताः } अकण्टकाः (रथ्याः) કાંટા વિનાની શેરીઓ

**नञ् નો अन् થાય એવા ઉદાહરણો...**

(૧) नास्ति औषधं यस्य सः - अनौषधः (रोगः)। દવા વિનાનો રોગ
(૨) न विद्यते अन्नं ययोस्ते-अनन्नौ (निधी)। અનાજ વિનાનાં બે કોઠાર
(૩) अविद्यमानम् आयतनं येषां ते - अनायतनाः (श्रमणाः)। સ્થાન વિનાનાં સાધુઓ.

(૧) नास्ति आतपः यस्मिन् तद्-अनातपम् (दिनम्)। તડકા વિનાનો દિવસ.
(૨) न विद्यन्ते अलङ्काराः ययोस्ते - अनलङ्कारे (मित्रे)। ઘરેણાં વિનાનાં બે મિત્રો.
(૩) न सन्ति आम्राः येषु तानि-अनाम्राणि (उद्यानानि)। આંબા વિનાનાં બગીચા

(૧) अविद्यमानाः अश्वाः यस्यां सा-अनश्वा (अश्वशाला)। ઘોડા વિનાની અશ્વશાળા.
(૨) न विद्यते उद्यमः ययोस्ते-अनुद्यमे (कन्ये)। પ્રયત્ન વિનાની બે કન્યા.
(૩) अविद्यमानम् ऋणं यासां ताः-अनृणाः (ललनाः)। ઋણ વિનાની સ્ત્રીઓ.

આકારાન્ત ઉત્તરપદમાં આવે એવા દૃષ્ટાન્તો...

(૧) न सन्ति मक्षिकाः यस्मिन् तद्-अमक्षिकम् (मन्दिरम्)। માખી વિનાનું મંદિર
(૨) न विद्यन्ते चिन्ताः ययोस्ते-अचिन्ते (मित्रे) ચિન્તા વિનાનાં બે મિત્રો.
(૩) अविद्यमाना आर्याः येषु तानि - अनार्याणि (नगराणि)। સાધ્વીજી વિનાનાં નગરો.

(૧) नास्ति क्रिया यस्मिन् सः - अक्रियः (योगः)। ક્રિયા વિનાનો યોગ.
(૨) न विद्यते छाया ययोस्ते-अच्छायौ (वृक्षौ)। છાયા વિનાનાં બે ઝાડ.

(३) अविद्यमाना माया येषां ते-अमायाः (जनाः)। કપટ વિનાનાં લોકો.

(१) नास्ति लज्जा यस्याः सा-अलज्जा (कन्या)। મર્યાદા વિનાની કન્યા.

(२) न विद्यते इच्छा ययोस्ते-अनिच्छे (आर्ये)। ઈચ્છા વિનાનાં બે સાધ્વીજી.

(३) नास्ति क्षमा यासु ताः-अक्षमाः (महिष्यः)। ક્ષમા વિનાની પટરાણીઓ.

इ-उ અંતવાળા શબ્દોનાં દૃષ્ટાંત...

(१) नास्ति शक्तिः यस्य सः - अशक्तिः (नृपः)। શક્તિ વિનાનો રાજા.

(२) न विद्यन्ते गुप्तयः ययोस्ते-अगुप्ती (मुनी)। ગુપ્તિ વિનાનાં બે મુનિ.

(३) अविद्यमानं वारि येषु ते-अवारयः (कासाराः)। પાણી વિનાનાં તળાવો.

(१) न सन्ति कपयः यस्मिन् तद्-अकपि (उद्यानम्)। વાંદરા વિનાનો બગીચો.

(२) न विद्यते ऋद्धिः ययोस्ते-अनृद्धिनी (गृहे)। વૈભવ વિનાનાં બે ઘરો.

(३) नास्ति असिः येषां तानि-अनसीनि (मित्राणि)। તલવાર વિનાનાં મિત્રો.

(१) नास्ति औषधिः यस्याः सा-अनौषधिः (आर्या)। દવા વિનાનાં સાધ્વીજી.

(२) अविद्यमाना मतिः ययोस्ते-अमती (बाले)। બુદ્ધિ વગરની બે બાલિકા.

(३) न विद्यते क्षान्तिः यासु ताः-अक्षान्तयः (ललनाः)। ક્ષમા વિનાની સ્ત્રીઓ.

(१) न सन्ति धेनवः यस्य सः-अधेनुः (गोपः)। ગાયો વગરનો ગોવાળ.

(२) अविद्यमाने वसु ययोस्तौ अवसू - (जनौ)। ધન વગરના બે માણસો.

(३) न विद्यन्ते अश्रूणि येषां ते-अनश्रवः (सुताः)। આંસુ વિનાનાં દીકરાઓ.

(१) अविद्यमानः इन्दुः यस्यां सा-अनिन्दुः (रात्रिः)। ચંદ્ર વિનાની રાત.

(२) न विद्यते अम्बु ययोस्ते-अनम्बू (वाप्यौ)। પાણી વિનાની બે વાવડી.

(३) नास्ति तालु यासां ताः-अतालवः (बालाः)। તાળવા વિનાની છોકરીઓ.

(१) न विद्यन्ते रिपवः यस्मिन् तद्-अरिपु (नगरम्)। શત્રુ વિનાનું નગર.

(२) अविद्यमानाः तरवः ययोस्ते-अतरुणी (वने)। ઝાડ વિનાનાં બે વન.

(३) न सन्ति इषवः येषां तानि-अनिषूणि (मित्राणि)। બાણ વિનાનાં મિત્રો.

ક્યારેક સમાસને અંતે क પણ લાગે છે... नास्ति अर्थं यस्मिन् तद्-अनर्थकम् (वचनम्)। અર્થ-કારણ વિનાનું વચન... વિ...

કેટલાંક नञ् બ.વ્રી. સમાસ :

(૧) अच्छात्रे (पाठशाले)। વિદ્યાર્થી વિનાની બે પાઠશાળા.
(૨) अतृणा (भूमिः)। ઘાસ વિનાની પૃથ્વી.
(૩) अडिम्भानि (मित्राणि)। બાળક વિનાના મિત્રો.
(૪) अतीरा (नदी)। કાંઠા વિનાની નદી.
(૫) अपर्णौ (वृक्षौ)। પાંદડા વિનાના બે ઝાડ.
(૬) अपुष्पे (लते)। ફૂલો વિનાની બે વેલડી.
(૭) अरवौ (आकाशे)। સૂર્ય વિનાનાં આકાશને વિષે.

પ્ર. सह् બ.વ્રી. સમાસ ક્યારે થાય ? વિગ્રહ કેવી રીતે થાય ?

જ. "સાથે" એવો અર્થ જણાવનાર सह અવ્યય પૂર્વપદમાં હોય...તૃતીયાન્ત નામ ઉત્તરપદમાં હોય... આખો સમાસ કોઈનું વિશેષણ બનતો હોય ત્યારે આ સમાસ થાય છે. સમાસ કરતી વેળાએ सह નો स પણ થાય છે. બધા બ.વ્રી. સમાસનાં વિગ્રહ કરતાં આ સહ. બ.વ્રી. સમાસનાં વિગ્રહમાં થોડો ફરક છે. અહીં सह અવ્યય + તૃતીયાન્ત નામ + સમાસનાં વિશેષ્ય પ્રમાણેનાં વચનને અનુસરતું वृत् ધાતુ (ગ. ૧. આ.પ.) નું વર્તમાન કાળનું ત્રી.પુ. નું રૂપ... + यद्-तद् સર્વનામનું વિશેષ્ય પ્રમાણે લિંગ-વચનને અનુસરતું પ્રથમાનું રૂપ... (અહીં यद् સર્વનામનું ૨ થી ૭ વિભક્તિનું રૂપ નહીં આવે...)

આ રીતે વિગ્રહ થાય... દા.ત. सह धनेन वर्तते यः सः-सधनः (नरः)। ધનવાળો માણસ... सह બ.વ્રી. સમાસનો અર્થ ઉત્તરપદમાં રહેલ શબ્દથી બતાવાતી વસ્તુ કે વ્યક્તિવાળો એવો અર્થ થાય છે. ઉત્તરપદમાં अ કારાન્ત શબ્દ હોય અને સમાસનું વિશેષ્ય સ્ત્રીલિંગ હોય તો આખો સમાસ સ્ત્રીલિંગે થાય અને आ (आप्) લાગીને माला જેવા રૂપો થાય છે.

ઉત્તરપદમાં आ કારાન્ત શબ્દ હોય અને સમાસ પુ.-નપું. હોય તો अ થઈ देव-मित्र જેવા રૂપો બને છે. હ્રસ્વ इ કારાન્ત શબ્દ અન્તે હોય તો मुनि-मति-वारि જેવા રૂપો થાય અને उ કારાન્ત શબ્દ અન્તે હોય તો भानु-धेनु-मधु જેવા રૂપો થાય છે. ई-ऊ અન્તે હોય તો क લાગી જાય છે.

(૧) सह पुष्पैः वर्तते यः सः-सपुष्पः, सहपुष्पः (बालः)। ફૂલવાળો છોકરો.
(૨) सह चक्राभ्यां वर्तेते यौ तौ-सचक्रौ, सहचक्रौ (रथौ)। બે પૈડાંવાળા બે રથ.
(૩) सह फलैः वर्तन्ते ये ते-सफलाः, सहफलाः (वृक्षाः)। ફળોવાળા ઝાડ.

(૧) सह कण्टकेन वंर्तते यद् तद्-सकण्टकम्, सहकण्टकम् (पुष्पम्)। કાંટાવાળું ફૂલ.
(૨) सह मेषैः वर्तेते ये ते-समेषे; सहमेषे (मित्रे)। ઘેંટાવાળા બે મિત્રો.
(૩) सह दीपेन वर्तन्ते यानि तानि-सदीपानि, सहदीपानि (गृहाणि)। દીવાવાળા ઘરો.

(૧) सह भद्रेण वर्तते या सा-सभद्रा, सहभद्रा (उपासना)। કલ્યાણવાળી સેવા.
(૨) सह तीरेण वर्तेते ये ते-सतीरे, सहतीरे (नद्यौ)। કાંઠાવાળી બે નદી.
(૩) सह वस्त्रैः वर्तन्ते याः ताः-सवस्त्राः, सहवस्त्राः (नार्यः)। વસ્ત્રોવાળી સ્ત્રીઓ.

**आ કારાન્ત ઉત્તરપદવાળા ઉદાહરણો :**

(૧) सह आज्ञया वर्तते यः सः-साज्ञः, सहाज्ञः (छात्रः)। આજ્ઞાવાળો વિદ્યાર્થી.
(૨) सह मालया वर्तेते यौ तौ - समालौ, सहमालौ (जनौ)। માળાવાળા બે માણસ.
(૩) सह कलाभिः वर्तन्ते ये ते - सकलाः, सहकलाः (कुमाराः)। વિદ્યાઓવાળા કુમારો.

(૧) सह दयया वर्तते यद् तद्-सदयम्, सहदयम् (मित्रम्)। દયાવાળો દોસ્ત.
(૨) सह पाठशालाभ्यां वर्तेते ये ते-सपाठशाले, सहपाठशाले (नगरे)। બે પાઠશાળાવાળા બે નગરો.

(३) सह रमया वर्तन्ते यानि तानि-सरमाणि, सहरमाणि (गृहाणि)। લક્ષ્મીવાળા ઘરો.

(१) सह अम्बया वर्तते या सा-साम्बा, सहाम्बा (बाला)। માતા વાળી બાળા.
(२) सह आर्याभि: वर्तेते ये ते-सार्ये, सहार्ये (पाठशाले)। સાધ્વીજીઓ સાથેની બે પાઠશાળા.
(३) सहमाययावर्तन्तेया:ता:-समाया:, सहमाया:(ललना:)।માયાવાળીસ્ત્રીઓ.

**इ કારાન્ત ઉત્તરપદવાળા ઉદાહરણો :**

(१) सवारि:-सहवारि: (तडाग:)। પાણીસહિતનું તળાવ.
(२) सशान्ती-सहशान्ती (उपाश्रयौ)। શાંતિવાળા બે ઉપાશ્રય.
(३) सावनय:-सहावनय: (नृपा:)। પૃથ્વીવાળા રાજાઓ.

(१) सर्द्धि-सहर्द्धि (मित्रम्)। વૈભવસહિત મિત્ર.
(२) सारिणी-सहारिणी (नगरे)। શત્રુસહિત બે નગરો.
(३) सकपीनि-सहकपीनि (उद्यानानि)। વાંદરાવાળા બગીચાઓ.

(१) समुनि:-सहमुनि: (मथुरा)। સાધુઓવાળી મથુરા.
(२) सासी-सहासी (बाले)। તલવારવાળી બે છોકરી.
(३) सर्षय:-सहर्षय: (नगर्य:)। ઋષિઓવાળી નગરીઓ.

**उ કારાન્ત ઉત્તરપદવાળા ઉદાહરણો :**

(१) साश्रु:-सहाश्रु: (जन:)। આંસુવાળો માણસ.
(२) सवसू-सहवसू (नरौ)। ધનવાળા બે પુરૂષો.
(३) समधव:-सहमधव: (मधुपुटा:)। મધસહિતનાં મધપુડા...

(१) सगुरु-सहगुरु (मित्रम्) । ગુરુસહિતનો દોસ્ત.
(२) सशत्रुणी-सहशत्रुणी (नगरे) । દુશ્મનવાળા બે નગરો.
(३) सतरूणि-सहतरूणि (वनानि) । ઝાડવાળા જંગલો.

(१) सेन्दुः-सहेन्दुः (रात्रिः) । ચંદ્રવાળી રાત.
(२) सशिशू-सहशिशू (ललने) । બાળકોવાળી બે સ્ત્રીઓ.
(३) सपशवः-सहपशवः (वाटिकाः) । પશુઓવાળી વાડીઓ.

**કેટલાંક સહ બ.વ્રી. સમાસો**

(१) सर्णाः, सहर्णाः (नराः) । દેવાવાળા માણસો
(२) सेषूणि, सहेषूणि (मित्राणि) । બાણોવાળા મિત્રો
(३) साश्वया, सहाश्वया (अश्वशालया) । ઘોડાવાળી અશ્વશાળા વડે
(४) सोपायौ, सहोपायौ (व्याधी) । ઉપાયવાળા બે રોગ
(५) साम्बरायै, सहाम्बरायै (बालायै) । વસ્ત્રવાળી બાલિકાને માટે
(६) सान्नौ, सहान्नौ (निधी) । અનાજ સહિતનાં બે ભંડાર
(७) साङ्गायाम्, सहाङ्गायाम् (कन्यायाम्) । અંગોવાળી કન્યાને વિષે
(८) साम्रे, सहाम्रे (उद्याने) । આંબાવાળા બે બગીચા
(९) सच्छात्रे, सहच्छात्रे (पाठशाले) । વિદ્યાર્થીઓવાળી બે પાઠશાળા
(१०) सपर्णौ, सहपर्णौ (वृक्षौ) । પાંદડાવાળા બે ઝાડ

**અવ્યયીભાવ સમાસ**

પ્ર-૧ અવ્યયીભાવ સમાસ કયા અર્થમાં, કેવી રીતે થાય ? વિગ્રહ સાથે જણાવો.

જ-૧ સામાન્યથી સમાસ બે પ્રકારે છે (૧) નિત્ય સમાસ (૨) અનિત્ય સમાસ. એ વિષયમાં આગળ જણાવ્યું છે તેમ નિત્ય સમાસમાં અવ્યયીભાવ- સમાસ પણ આવે છે. તેમાં અહીં તો માત્ર બે જ અર્થમાં આ સમાસ બતાવ્યો છે. વિશેષ આગળ બતાવશે.

અવ્યયીભાવ સમાસમાં અવ્યય પૂર્વપદમાં આવે છે. વિગ્રહમાં અવ્યયનો ઉપયોગ થતો નથી. પરંતુ તેનાં અર્થને જણાવનારો અન્ય શબ્દ વપરાય છે. અહીં 'પાછળ' અને 'પાસે' આ બે અર્થ જણાવનાર पश्चात्-समीपम् બે શબ્દો વિગ્રહમાં વપરાય છે અને સમાસમાં अनु-उप શબ્દ (પૂર્વપદ) તરીકે

આવે છે. આખો સમાસ નપું. એ.વ.માં જ આવે છે. ઉત્તરપદમાં આકારાન્ત શબ્દ હોય તો અકારાન્ત થઈ જાય છે. ई-ऊ અંતવાળા શબ્દો હોય તો इ-उ અન્તવાળા થઈ જાય છે. ઉત્તરપદ સ્વરાદિ હોય તો નિયમાનુસાર સંધિ કરવી. अयोध्याया: समीपम् उपायोध्यम् - અયોધ્યાની પાસે, उत्करस्य पश्चात्-अनूत्करम् - ઢગલાની પાછળ.

**કેટલાંક અવ્યયીભાવ સમાસ**

(૧) अम्बाया: पश्चात्-अन्वम्बम् । માતાની પાછળ.
(૨) अरीणाम् समीपम्-उपारि । શત્રુઓની પાસે.
(૩) छात्रयो: पश्चात्-अनुच्छात्रम् । બે વિદ્યાર્થીની પાછળ.
(૪) वध्वा: समीपम्-उपवधु । વહૂની નજીક.
(૫) नार्या: पश्चात्-अनुनारि । સ્ત્રીની પાછળ.
(૬) इषो: समीपम्-उपेषु । બાણની પાસે.
(૭) उद्यानस्य पश्चात्-अनूद्यानम् । બગીચાની પાછળ.
(૮) ऋषभस्य समीपम्-उपर्षभम् । ઋષભદેવની પાસે.
(૯) अश्वस्य पश्चात्-अन्वश्वम्-तस्मात्-अन्वश्वात् । ઘોડાની પાછળ.
(૧૦) आर्याया: समीपम्-उपार्यम्-तस्मात् उपार्यात् । સાધ્વીજીની પાસેથી.
(૧૧) गजयो: पश्चात्-अनुगजम् । બે હાથીની પાછળ.
(૧૨) उलूकस्य समीपम्-उपोलूकम् । ઘુવડની પાસે

સપ્તમીના અર્થમાં अधि અવ્યયની સાથે નામનો આ સમાસ થાય છે.

દા.ત. (૧) गृहे इति-अधिगृहम् - ઘરને વિષે...
(૨) उद्याने इति-अध्युद्यानम् - બગીચામાં...
(૩) अयोध्यायाम् इति-अध्ययोध्यम् - અયોધ્યાને વિષે...
(૪) नद्याम्-अधिनदि - નદીને વિષે...
(૫) अम्बुनि-अध्यम्बु - પાણીમાં... વિ...

''દરેક...'' એવા અર્થમાં प्रति અવ્યયની સાથે નામનો આ સમાસ થાય.

દા.ત. (૧) दिनम् दिनम्-प्रतिदिनम् - દરરોજ....

(૨) क्षणम् क्षणम्-प्रतिक्षणम् - હર ક્ષણ...

(૩) अर्थम् अर्थम् प्रत्यर्थम् - દરેક અર્થ...

(૪) वर्षम् वर्षम्-प्रतिवर्षम् - દર વર્ષ

(૫) ग्रामम् ग्रामम्-प्रतिग्रामम् - દરેક ગામ... (ગામોગામ)

(૬) इषुः इषुः-प्रतीषु - દરેક બાણ...

## પાઠ-૪૫

**પ્ર-૧** કર્તરિ ભૂતકૃદન્તનો પ્રયોગ ક્યારે કેવી રીતે થાય ?

**જ-૧** ભૂતકાળના વિષયમાં કર્તાની મુખ્યતાએ કર્તરિભૂતકૃદન્તનો પ્રયોગ થાય છે. કર્તરિ ભૂ.કૃ. નો પ્રત્યય तवत् (क्तवतु) છે. પા. ૩૩ માં કર્મણિ ભૂ.કૃ. નાં त (क्त) પ્રત્યય પર છતાં ધાતુમાં જે જે ફેરફારો બતાવ્યા છે તે બધા જ ફેરફારો આ तवत् (क्तवतु) પ્રત્યય પર છતાં પણ થાય છે. સામાન્યથી કર્તરિ ભૂ.કૃ. નો પ્રત્યય तवत् છે પણ ગતિ અર્થવાળા તથા અકર્મક ધાતુને त (क्त) પ્રત્યય પણ લાગે છે. એટલે ગતિ અર્થવાળા તથા અકર્મક ધાતુનાં કર્તરિ ભૂ.કૃ. બે રીતે બનશે. त પ્રત્યયાન્ત... तवत् પ્રત્યયાન્ત...આ કૃદન્તનો ઉપયોગ કર્તાની મુખ્યતાએ થતો હોવાથી કર્તા પ્રથમા વિભક્તિમાં આવશે. અને કર્તા પ્રમાણે (લિંગ-વચન-વિભક્તિમાં) કૃદન્ત મૂકાશે... કર્મને દ્વિતીયાવિભક્તિ થશે. નપું. પું. માં नीतवत् જેવાં... અને સ્ત્રીલિંગમાં ઈ (ङी) લાગીને नीतवती (नदी) જેવા રૂપો થશે.

દા.ત. (૧) રાજાએ પ્રભુની પૂજા કરી - नृपतिः प्रभुमर्चितवान् ।

(૨) બે મુનિએ ઘણાં શ્લોકો ગોખ્યા - मुनी प्रभूतान् श्लोकान् घोषितवन्तौ।

(૩) કવિઓએ કાવ્યો બનાવ્યા - कवयः काव्यानि सृष्टवन्तः ।

(૪) સાધ્વીજીએ આચાર્ય ભગવંતને વંદન કર્યું - आर्या आचार्यं वन्दितवती।
(૫) બે સ્ત્રીઓએ જીવોની રક્ષા કરી - ललने जीवान् रक्षितवत्यौ ।
(૬) છોકરીઓએ પુસ્તકો માંગ્યા - कन्याः पुस्तकानि याचितवत्यः ।
(૭) મિત્રે પુસ્તકો આપ્યા - मित्रं पुस्तकानि प्रदत्तवत् ।
(૮) બે કમળોએ માણસોને ખુશ કર્યા - कमले जनान् सान्त्वितवती ।
(૯) મિત્રોએ ફળો ખાધા - मित्राणि फलानि खादितवन्ति ।

## ગતિ અર્થવાળા ધાતુનાં ઉદાહરણો...

(૧) આચાર્યે દેશ તરફ વિહાર કર્યો - आचार्यः देशं विहृतवान् । (विहृतः)
(૨) બે માણસો વન બાજુ ચાલ્યા - नरौ वनं प्रस्थितवन्तौ । (प्रस्थितौ)
(૩) રાજાઓ ગુરુજીનાં શરણે ગયા - नृपतयो गुरुमाश्रितवन्तः । (आश्रिताः)
(૪) પાણીએ નગરમાં પ્રવેશ કર્યો - जलं नगरं प्रविष्टवत् । (प्रविष्टम्)
(૫) બે મિત્રો માતાની સામે દોડ્યા - मित्रे अम्बां धावितवती । (धाविते)
(૬) મિત્રો ઘરમાં ગયા - मित्राणि गृहं गतवन्ति । (गतानि)
(૭) દાસી પર્વત ઉપર ચડી - दासी पर्वतमारूढवती । (आरूढा)
(૮) બે ગાયો જંગલ તરફ ચાલી - धेनू काननं चलितवत्यौ । (चलिते)
(૯) દેવીઓ દેવોને મેરુ તરફ લઈ ગઈ-देव्यः देवान् मेरुं नीतवत्यः । (नीताः)

## અકર્મક ધાતુનાં ઉદાહરણ...

(૧) પૂનમે આખો ચંદ્ર પ્રકાશ્યો-पूर्णिमायां पूर्णश्चन्द्रः प्रकाशितवान्। (प्रकाशितः)
(૨) આજે બે બાળકો થાકી ગયા - अद्य बालौ श्रान्तवन्तौ । (श्रान्तौ)
(૩) સાધુઓ પાપથી અટક્યા - साधवः पापाद् विरतवन्तः । (विरताः)
(૪) સાધ્વીજી ચારિત્રમાં ચૂકી ગઈ - आर्या चारित्रे मत्तवती । (मत्ता)
(૫) અહી બે નદીઓ વહેતી હતી - अत्र नद्यौ वोढवत्यौ । (वोढे)
(૬) વનમાં વેલડીઓ વધી - वने लताः वृद्धवत्यः । (वृद्धाः)
(૭) વૃક્ષ ઉપરથી ફળ પડ્યું - वृक्षात् फलं निपतितवत् (निपतितम्)
(૮) અયોધ્યામાં બે મિત્રો મુંઝાઈ ગયા - अयोध्यायां मित्रे मूढवती। (मूढे)
(૯) તળાવમાં કમળો ખીલ્યા - कासारे कमलानि स्फुटितवन्ति। (स्फुटितानि)

# પાઠ-૪૬

પ્ર-૧ તદ્ધિતપ્રત્યય કોને લાગે ? શા માટે લાગે ?

જ-૧ તદ્ધિત પ્રત્યયો નામને લાગે... અર્થ ઘણો... અને શબ્દ નાનો... ઓછા અક્ષરોમાં વધુ અર્થ જણાવવા માટે આ તદ્ધિત પ્રત્યયોનો ઉપયોગ થાય છે. તે તદ્ધિત પ્રત્યયો અનેક છે... પણ પહેલો પ્રત્યય अण् છે... એટલે अण् વગેરે એમ કહ્યું છે. સામાન્યથી વાક્ય બનાવીએ ત્યારે અક્ષરો/શબ્દો (વિભક્ત્યન્ત) ઘણા... પછી સમાસ કરીએ ત્યારે વિભક્તિનો લોપ થવાથી ઓછા અક્ષરો/શબ્દો થાય... અને તદ્ધિત પ્રત્યય લાગે ત્યારે માત્ર શબ્દ+પ્રત્યય રહેવાથી એકદમ સંક્ષેપ થઈ જાય છે. દા.ત. जनानां समूहः (૧) - जनसमूहः (૨) - जनता (૩)

અહીં પ્રથમ વાક્ય કરતાં બીજું વાક્ય ટુંકુ લાગે... બીજા કરતાં ત્રીજું અત્યંત ટુંકુ લાગે...

પ્ર-૨ तम-तर પ્રત્યય કયા અર્થમાં લાગે ? તથા प् ઈત્‌નું ફળ શું ?

જ-૨ 'ઘણામાં ચડીયાતો' એવા અર્થમાં શબ્દને तम લાગે... અને 'બેમાં ચડીયાતો' એવા અર્થમાં तर લાગે... બન્ને प् ઈત્‌વાળા છે... प् ઈત્‌નું ફળ-જ્યારે સ્ત્રીલિંગમાં આ પ્રત્યય લાગે ત્યારે तर-तम પ્રત્યય પર છતાં એ સ્ત્રીલિંગ ગુણવાચીનામ પુંલિંગમાં થઈ જાય છે. દા.ત. इयमनयोरतिशयेन पक्वा - पक्वतरा, इयमासामतिशयेन पक्वा - पक्वतमा (द्राक्षा) - અત્યંત પાકેલી દ્રાક્ષ... અહીં पक्वा નું पक्व થઈ ગયું... એ જ પ્રમાણે इयमनयोरतिशयेन पट्वी-पटुतरा, इयमासामतिशयेन पट्वी-पटुतमा (बाला)... ખૂબ હોંશીયાર બાલિકા...અહીં पट्वी નું पटु થયું. આ तर-तम પ્રત્યયાન્ત શબ્દોનાં રૂપો बाल-कमल-माला જેવા થાય છે.

પ્ર-૩ तरप् પ્રત્યય કુલ કેટલા અર્થમાં લાગે ?

જ-૩ तर (तरप्) પ્રત્યય... ''બેમાં ચડીયાતું'' એવા અર્થમાં અને ''એક કરતાં

બીજો ચડીયાતો" (એ.વ. નાં અર્થમાં) એમ વિભાગ કરીને બતાવવાનું હોય ત્યારે... આમ બે અર્થમાં तरप् લાગે છે... દા.ત. (૧) अयमनयोः प्रकृष्टः कुशलः-कुशलतरः - આ બેમાં આ અત્યંત હોંશિયાર છે. (૨) सरलायाः तरला प्रकृष्टा मुग्धा-मुग्धतरा (तरला) સરલા કરતાં તરલા અત્યંત ભોળી છે. અહીં વિભાગઅર્થમાં तर લાગ્યો...

**પ્ર-૪** ब्राह्मणेभ्यः क्षत्रियाः शूरतराः અહીં બ.વ. છે તો ઘણામાં ચડીયાતો એવો અર્થ થશે ને ? તો तमप् કેમ ન લાગે ? तर કેમ લાગે?

**જ-૪** અહીં જાતિની અપેક્ષાએ બ.વ. છે. "બેમાં પ્રકૃષ્ટ" એ અર્થમાં तर નથી લાગ્યો પણ વિભજ્ય અર્થમાં तरप् લાગેલ છે. દા.ત. બ્રાહ્મણો કરતાં ક્ષત્રિયો વધારે શૂરવીર છે... અહીં વિભાગ અર્થમાં ચડીયાતાપણું બતાવ્યું છે. એટલે तर જ લાગે... तम ન લાગે...

**પ્ર-૫** ગુણવાચકશબ્દ દ્રવ્યનું વિશેષણ થાય એટલે શું ?

**જ-૫** જે શબ્દ ગુણને લઈને દ્રવ્યવાચકનાં વિશેષણ તરીકે બનતો હોય... દા.ત. નાનો-મોટો-હોંશિયાર... આ બધા અર્થનાં સૂચક- अल्प ह्रस्व, महत्, पटु વગેરે શબ્દો જ્યારે બોલીએ ત્યારે નાનો... મોટો... કોણ? બાળક, મિત્ર કે (નાની-મોટી) છોકરી વગેરે કોઈને કોઈ દ્રવ્યવાચીશબ્દ (વ્યક્તિ-વસ્તુ) નું વિશેષણ જ બનવાનું... અને આ બધા શબ્દો પણ ગુણવાચી તો છે જ... માટે દ્રવ્યમાં વર્તતા ગુણવાચીશબ્દો કહેવાય. તેથી આવા ગુણવાચીશબ્દોને तर (બેમાં ચડીયાતો અર્થમાં) ને સ્થાને ईयस् અને तम (ઘણામાં ચડીયાતો) ને સ્થાને इष्ठ વિકલ્પે લાગે... આ इष्ठ-ईयस् પ્રત્યય પર છતાં અનેક સ્વરી શબ્દનાં અંત્યસ્વર અને તેની પછી રહેલા વ્યંજનનો લોપ થાય છે. દા.ત. अल्प+इष्ठ - अल्पिष्ठः, अल्प+ईयस् - अल्पीयान्...

**પ્ર-૬** इष्ठ-ईयस् પ્રત્યય પર છતાં કયા શબ્દોનો શું ફેરફાર થાય ?

**જ-૬** इष्ठ-ईयस् પ્રત્યયપરછતાં अल्प નો - कन् (વિકલ્પે), वृद्ध-प्रशस्य નો ज्य, प्रिय નો प्रा, स्थिर નો स्था, गुरु નો गर्, बहुल નો बंह्,

दीर्घ नो द्राघ्, वृद्ध नो वर्ष्, मृदु नो म्रद्, भृश नो भ्रश्, दृढ नो द्रढ्, कृश नो क्रश्, बहु नो भूय्, स्थूल नो स्थव्, दूर नो दव्, ह्रस्व नो ह्रस्, क्षुद्र नो क्षोद्, क्षिप्र नो क्षेप् वगेरे આદેશો થાય.

પ્ર-૭ ईयसु માં उ ઈત્‌નું ફળ શું ?

જ-૭ उ ઈત્ ને કારણે ધુટ્ પ્રત્યયોપરછતાં न् ઉમેરાય... અને સ્ત્રીલિંગમાં ई (ङी) લાગે... पटीयान्, पटीयसी... રૂપો नदी જેવા થાય...

इष्ठ પ્રત્યયાન્ત નામોનાં - बाल-कमल-माला જેવા રૂપો થાય...

(૧) सर्वेषु धातुषु लोहः गरिष्ठः, गुरुतमो वा । બધી ધાતુઓમાં લોઢું વધારે ભારે હોય છે.

(૨) सर्वेषु पदार्थेषु कमलं म्रदिष्ठम् मृदुतमं वा । સર્વ ચીજોમાં કમળ વધારે કોમળ છે.

(૩) सर्वासु नदीषु गङ्गा द्राघिष्ठा, दीर्घतमा । બધી નદીઓમાં ગંગાનદી બહુ લાંબી છે. (જંબૂદ્વીપની અપેક્ષાએ)

(૫) सर्वेषां मार्गाणां भक्तिमार्गः श्रेष्ठः प्रशस्यतमो वा । બધા માર્ગમાં ભક્તિમાર્ગ વધારે સારો છે.

(૭) दशरथस्य पत्नीषु कौशल्या ज्येष्ठा, वृद्धतमा वा, कैकेयी च लघिष्ठा लघुतमा वा । - દશરથની પત્નીઓમાં કૌશલ્યા સૌથી મોટી હતી અને કૈકેયી સૌથી નાની હતી.

(૮) कृष्णस्य महिषीषु रुक्मिणी प्रेष्ठा प्रियतमा वा । - કૃષ્ણને રાણીઓમાં રૂક્મિણી વધારે વહાલી હતી.

(૯) सर्वेषु गुणेषु विनयो महिष्ठः, महत्तमो वा । - સર્વે ગુણોમાં વિનય વધારે મહાન છે.

## નિયમ-૮ ની વિશેષતા

તે એને છે... કહેવાથી ષષ્ઠીનાં અર્થમાં અને તે એમાં છે... એમ કહેવાથી સપ્તમીનાં અર્થમાં અને 'છે' કહેવાથી વર્તમાનકાલનાં અર્થમાં આ मत् પ્રત્યય થાય છે. એટલે કે ભૂત-ભવિષ્યકાળનાં અર્થમાં આ मत् પ્રત્યય લાગતો નથી.

- मतु માં उ ઇત્-ઘુટ્ પ્રત્યયો પર છતાં न् ઉમેરાય અને સ્ત્રી. માં ई (ङी) લાગે તે માટે છે. धेनुमान्, जलवती (नदी) આ मत् પ્રત્યય લગાડતાં પૂર્વે જે સંસ્કૃત વાક્ય બનાવાય છે તેને વિગ્રહ-વાક્ય કહેવાય છે. અહીં વિગ્રહ વાક્યની રચના-પ્રથમાંતનામ... (જેને मतु પ્રત્યય લાગે છે...) + પ્રથમાંતનામના વચનને અનુસરતું अस् ધાતુનું વર્તમાનકાળનું રૂપ... + इदम् નું मत् પ્રત્યયાન્ત શબ્દનાં વિશેષ્યને અનુસરતું ષષ્ઠી કે સપ્તમી વિભક્તિનું રૂપ... દા.ત. वृक्षाः सन्ति अस्मिन्-वृक्षवान् (पर्वतः) ઝાડવાળો પર્વત... मतिः अस्ति अस्य-मतिमान् (बालः) બુદ્ધિવાળો બાળક...

**પ્ર-૮** નિ.૯ કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**જ-૮** ઉપાન્ત્યમાં (શબ્દમાં) म्, अ, आ, - ૩ હોય... અને શબ્દને અંતે म्-अ-आ, તથા વર્ગનાં પાંચમા અક્ષર સિવાયનો કોઈ વર્ગીય વ્યંજન હોય એટલે ૨૦ + ૩ + ૩ = ૨૬ રીતે આ નિયમ લાગે તેમાં કેટલાંક ઉદા. पुत्रवान् (जनकः), मालावान् (जनः), रामवती (अयोध्या), किंवान् (वृक्षः), शंवन्तौ (साधू) (शम् (નપું.) સુખ), [1]भास्वान् (ग्रहः), (भास् (સ્ત્રી.) કાંતિ), पयस्वान् (घटः), (पयस् (નપું.) પાણી-દૂધ) વગેરે...

**પ્ર-૯** मतु પ્રત્યય ક્યારે ક્યારે લાગે ?

**જ-૯** भूम-निन्दा-प्रशंसासु, नित्ययोगेऽतिशायने ।
संसर्गेऽस्तिविवक्षायां, प्रायो मत्वादयो मताः ।।१।।

भूमन् = 'બહુપણુ...' ઘણું અર્થ હોય તો આ પ્રત્યય લાગે... धेनवः सन्ति अस्य-धेनुमान् સામાન્યથી એક ગાયવાળાને ગાયોવાળો ન કહેવાય. બહુવચનથી વિગ્રહ થતો હોય ત્યાં मतु લગાડવો. એવી જ રીતે वृक्षाः सन्ति अस्मिन्-वृक्षवान् (गिरिः) - ઘણા ઝાડવાળો પર્વત... પર્વત ઉપર એક જ ઝાડ હોય તો ઝાડવાળો પર્વત ન કહેવાય. ઘણા ઝાડ હોય તો પ્રાયઃ ઝાડવાળો પર્વત આ રીતે બોલાય...બધે બ. વ. નો અર્થ હોય તો

---

૧. स्-त् અંતવાળું નામ मतु પ્રત્યય પરછતાં પદ બનતું નથી... એટલે स् નો र् થયો નથી.

જ मतु લાગે એવું નથી... ક્યાંક એ. વ. નાં અર્થમાં પણ નીચે કહેવાયેલ નિંદા-પ્રશંસા વિ. અર્થમાં मतु લાગે છે.... દા. ત. शङ्कावान् हरिः શંકાવાળો ઈન્દ્ર... વિગેરે...

**નિન્દા અર્થમાં** ककुद् નામનો એક આવર્ત છે જે કુલક્ષણ-ખરાબ લક્ષણ કહેવાય.. આવો કકુદ્ નામનાં આવર્તવાળો ઘોડો અપશુકનીયાળ ગણાય. ककुद् अस्ति अस्य ककुद्मान् - કકુદ્ (તે નામના લક્ષણ)વાળો ઘોડો... અહીં નિન્દા અર્થમાં मतु લાગ્યો છે..

**પ્રશંસા અર્થમાં** - रूपमस्ति यस्याः-रूपवती (कन्या) રૂપાળી છોકરી, એ જ પ્રમાણે शीलवती, गुणवती, कलावती વગેરેમાં જાણવું.

**નિત્યયોગ** - હંમેશા' તે (પ્રથમાથી બતાવેલ) ચીજ તેની પાસે-તેમાં (ષષ્ઠયન્ત-સપ્તમ્યન્તથી સૂચવાતા નામમાં) હોય જ... તે નિત્યયોગ કહેવાય. દા.ત. कर्माणि सन्ति अस्य-अस्मिन् वा... कर्मवान् (संसारिजीवः) કર્મનો યોગ સંસારીજીવને હંમેશા હોય છે માટે અહીં નિત્યયોગમાં मतु લાગ્યો **અતિશાયન**-'ચડીયાતું' એવો અર્થ બતાવાતો હોય ત્યારે... बलमस्ति अस्य-बलवान् मल्लः બળવાળો મલ્લ... मतिमान् बालः વિ.

**સંસર્ગ**-ક્યારેક સંયોગ થયેલો દેખાતો હોય ત્યારે પણ मतु લાગે दण्डमस्ति अस्य-दण्डवान् (जनः) લાકડીવાળો માણસ... ક્યારેક સત્તામાત્રથી मतु થાય છે... व्याघ्रवान् गिरिः । વાઘવાળો પર્વત... मतु પ્રત્યયાન્ત નામો વિશેષણરૂપે બનતાં હોવાથી વિશેષ્ય પ્રમાણે સાતે વિભક્તિમાં ત્રણે લિંગમાં રૂપો થઈ શકે છે.... દા.ત.

पद्मवति तडागे स्थित! हे शिव! कृपावान् भवान् बाणवतां नृपाणां चक्रवद्भ्यो रथेभ्योऽवतरद्भिरलङ्कारवद्भिः पुत्रैः सह मालावद्भ्यो मित्रेभ्यः शंवद् वरं यच्छतु... । કમળવાળા તળાવમાં રહેલા હે શંકર ! કૃપાવાળા આપ બાણવાળા રાજાઓનાં પૈડાવાળા રથોમાંથી ઉતરતાં ઘરેણાંવાળા પુત્રો સાથે માળાવાળા મિત્રોને કલ્યાણવાળું વરદાન આપો...

નિ. ૯ માં અપવાદ - કેટલાંક શબ્દોમાં પ્રાપ્તિ હોવા છતાં વ્યાકરણનાં સૂત્રે નિષેધ કરેલ હોવાથી मतु નાં म નો व થતો નથી.

ऊर्मिमान् (समुद्रः), यवमत् (क्षेत्रम्), द्राक्षामान् (स्थालः), महिषमन्ति (गृहाणि), कृमिमद् (उदरम्), भूमिमान् (नृपः), ककुद्मान् (वृषभः) ।

**પ્ર-૧૦** નિ.૧૦ શું જણાવે છે ? તે સ્પષ્ટતા કરો.

**જ.-૧૦** इव શબ્દથી જણાવાતો "એની જેમ" એવા અર્થમાં સાતે-સાત વિભક્તિનાં વિષયમાં આ નિયમથી वत् પ્રત્યય લાગે છે.

| | |
|---|---|
| (૧) કંજૂસ માણસો ભિખારીની જેમ રહે છે.<br>कृपणाः याचकवत् वसन्ति ।<br>(૨) દુઃખી માણસોનાં દિવસો વર્ષની જેમ પસાર થાય છે.<br>दुःखिनां दिनानि वर्षवत् निर्गच्छन्ति । | પ્રથમા |
| (૩) રાજા પુત્રની જેમ પ્રજાને પાળે છે.<br>नृपः पुत्रवत् प्रजां पालयति ।<br>(૪) સાધુઓ પોતાની જેમ નાના પ્રાણીઓને માને છે.<br>साधवः स्ववत् क्षुद्रजन्तून् मन्यन्ते । | દ્વિતીયા |
| (૫) તેણે તલવારની જેમ ખરાબ વચનથી તેઓને હણ્યા.<br>सः खड्गवत् कुवचनेन तान् प्रहृतवान् ।<br>(૬) રાજાની જેમ મન્ત્રીઓ વડે નોકરોને આદેશ કરાયો.<br>नृपवत् प्रधानैः भृत्या आदिश्यन्त । | તૃતીયા |
| (૭) સંતો મિત્રની જેમ શત્રુઓને ચાહે છે.<br>सन्तो मित्रवत् शत्रुभ्यः स्पृहयन्ति ।<br>(૮) કુમારપાળે સ્વજનોની જેમ સાધર્મિકોને દાન આપ્યું.<br>कुमारपालः स्वजनवत् साधर्मिकेभ्योऽयच्छत् । | ચતુર્થી |
| (૯) તેઓ વડે ભાઈની જેમ મિત્ર પાસેથી પુસ્તકો લેવાયા.<br>तैः बन्धुवत् मित्रात्पुस्तकान्यानीतानि ।<br>(૧૦) તે માણસો ધનની જેમ સદાચારને કારણે પ્રસિદ્ધ થયાં.<br>ते नराः धनवत् सदाचारात् प्रसिद्धवन्तः । | પંચમી |

(૧૧) સાધ્વીજીઓએ પ્રભુની જેમ ગુરુની આજ્ઞાને વહન કરી.
आर्या: प्रभुवत् गुरोराज्ञामन्वमन्यन्त ।
(૧૨) સાધુઓએ ગુરુની જેમ મુનિની સેવા કરી.
श्रमणा: गुरुवत् मुनीनां सेवामाचरन् ।
} ષષ્ઠી

(૧૩) રામ મહેલની જેમ જંગલમાં રહ્યા.
राम: प्रासादवत् काननेऽवसत् ।
(૧૪) બે બાલિકાઓ ઘરની જેમ પાઠશાળામાં વર્તન કરે છે.
बाले गृहवत् पाठशालायां वर्तेते ।
} સપ્તમી

मातृवत् परदारेषु, परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतेषु, य: पश्यति स पण्डित: ।

પરસ્ત્રીઓને વિષે માતાની જેમ, પરધન વિષે ઢેફાંની જેમ, સર્વ પ્રાણીઓને વિષે પોતાની જેમ જે જુએ છે તે પંડિત કહેવાય...

**પ્ર-૧૧** तल् માં ल् ઈત્‌નું ફળ શું ?
**જ-૧૧** तल्‌માં ल् ઈત્... तल् પ્રત્યયાન્ત નામ સ્ત્રીલિંગે જ વપરાય એવું જણાવવા માટે છે. એનાં રૂપો माला જેવા જ થશે...पटो: भाव: पटुता = હોંશીયારી... એજ રીતે लघुता, नम्रता વિ.

## પાઠ-૪૭

**પ્ર-૧** નિ.૨. ક્યારે ક્યારે લાગે ?
**જ-૧** પદનો અંત ૩ રીતે થાય. (૧) વ્યંજનાદિ પ્રત્યય પરછતાં પૂર્વનું નામ પદ બને ત્યારે આ નિયમ લાગે. દા.ત. राजभ्याम् (૨) વિભક્તિ લાગ્યા બાદ વિભક્તિનો લોપ થયો હોય તો પણ એ પદ બને. ત્યારે આ નિયમ લાગે. દા.ત. राजा (૩) વિગ્રહ કર્યા બાદ સમાસ કરતી વેળાએ પૂર્વપદની વિભક્તિનો લોપ થાય અને લોપ થયા બાદ પણ તે પદ બને ત્યારે પણ આ નિયમ લાગે. राज्ञामाज्ञा...राजाज्ञा । ૩ રીતે આ નિયમ લાગે.

**પ્ર-૨** નિ.૩ લાગે એવા (સ્વરાદિ અઘુટ્) પ્રત્યયો કેટલાં ? કયા કયા ?

જ-૨ નિ.૩. લાગી શકે એવા સ્વરાદિ અઘુટ્ પ્રત્યયો ૧૧ છે. अस्-૩, आ, ए, आम्, इ, ओस्-૨, ई-૨ (નપું. પ્ર.દ્વિ.દ્વિ.વ.).

પ્ર-૩ નિ.૪. શા માટે બનાવ્યો ?

જ-૩ ન.પ્ર. દ્વિ.દ્વિ.વ. નો ઈ પ્રત્યય તથા इ (સ.એ.વ.) પ્રત્યય બન્ને સ્વરાદિ અઘુટ્ હોવાથી નિયમ-૩થી નિત્ય अ નો લોપ થાત... પણ વિકલ્પે લોપ કરી બે રૂપ કરવા આ નિયમ બનાવેલ છે.

પ્ર-૪ न् નો વિકલ્પે લોપ કુલ કેટલા પ્રત્યય પર છતાં થાય ?

જ-૪ માત્ર નપું. સંબોધન એ.વ.માં જ न् નો વિકલ્પે લોપ થાય છે.

પ્ર-૫ अन् અંતવાળા નામોનાં अ નો લોપ ક્યારે થાય ? ક્યારે ન થાય?

જ-૫ अन् અન્તવાળા નામોનાં अ નો ૧૧ પ્રત્યય પર છતાં નિત્ય... અને ૩ પ્રત્યય પર છતાં વિકલ્પે લોપ થાય... અને એ સિવાયનાં ઘુટ્ પ્રત્યયો-૭ તેમજ વ્યંજનાદિ પ્રત્યયો-૯ (भ्याम्-३, भ्यस्-२, भिस्, તથા નપું. પ્ર.દ્વિ. એ.વ.) પર છતાં अ નો લોપ થતો નથી તથા સંયોગ આદિમાં હોય એવા व्-म् પછી રહેલાં अ નો તો કોઈપણ પ્રત્યય પરછતાં લોપ થતો નથી.

પ્ર-૬ આ પાઠમાં નિ.૭ લાગે એવા શબ્દો કેટલાં ? કયા કયા ?

જ-૬ નિ.૭. લાગે એવા શબ્દો-૫ છે. आत्मन्, कर्मन्, जन्मन्, पर्वन्, वेश्मन्।

પ્ર-૭ નિ.૮ શા માટે ?

જ-૭ આમ તો બધા ઘુટ્ પ્રત્યયો પરછતાં નિ.૧ થી દીર્ઘ થવાની પ્રાપ્તિ હતી પણ નપું. પ્ર.દ્વિ.બ.વ. તથા પું.પ્ર.એ.વ. એમ ત્રણ પ્રત્યય પર છતાં જ સ્વરદીર્ઘ થાય. બાકીનાં પ્રત્યયો પર છતાં દીર્ઘ ન થાય. એમ જણાવવા આ નિયમ બનાવ્યો છે. અહીં પણ राजन् વિ. ની જેમ. વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં પદસંજ્ઞા અને न् નો લોપ થાય.

## પાઠ-૪૮

પ્ર-૧ ધાતુમાં ક્યાં પ્રથમા લાગવાની હતી ? કે નિ. ૧ માં "શબ્દને અંતે" એમ લખવું પડ્યું ?

જ-૧ જો अस् અંતવાળો શબ્દ હોય તો જ આ નિયમ લાગે છે. ધાતુ ઉપરથી બનેલ ધાતુરૂપ (મધ્યમા પા.૨૦) શબ્દ હોય તો આ નિયમ

ન લાગે. દા.ત. पिण्डं ग्रसते इति-पिण्डग्रस् નું પ્ર.એ.વ. पिण्डग्रः (પીંડને ખાનારો) થાય... पिण्डग्राः ન થાય... એવી રીતે बाणं जस्यति इति बाणजः (બાણને ફેંકનારો) થાય बाणजाः ન થાય... પું. સ્ત્રી. માં વિધાન કરેલું હોવાથી નપું.માં ન થાય... દા.ત. पयः ।

**પ્ર-૨** अस् અન્તવાળા શબ્દોનાં સ.બ.વ. માં બે રૂપો કેમ થાય ?

**જ-૨** सु પ્રત્યય વ્યંજનાદિ હોવાથી પા. ૩૪ નિ. ૧ થી चन्द्रमस् પદ બનશે. પા. ૩ નિ. ૧ થી स् નો र् અને પા. ૧૮ નિ. ૪ થી र् નો વિકલ્પે स्-चन्द्रमस्सु... પક્ષે-પા. ૩ નિ. ૨ થી વિસર્ગ - चन्द्रमःसु।

## પાઠ-૪૯

**પ્ર-૧** आ (डा), उर् (डुर्) માં ड् ઈત્ શા માટે ?

**જ-૧** બન્ને પ્રત્યયોમાં ड् ઈત્ શબ્દનાં અંત્ય ऋ નો લોપ કરવા માટે છે. તેથી पिता, पितुः આવા રૂપો થાય.

**પ્ર-૨** ऋ કારાન્ત શબ્દોમાં કયા પ્રત્યયો પર છતાં ગુણ (अर्) થાય ?

**જ-૨** ऋકારાન્ત શબ્દમાં સંબોધન સહિત કુલ ૮ રૂપોમાં ગુણ થાય છે. पितरौ-३, पितरः-२, पितरम्, पितरि, हे पितः!।

**પ્ર-૩** નિ. ૩. શા માટે ?

**જ-૩** નિ. ૧ થી ऋકારાન્ત શબ્દનાં ऋનો घुट् પ્રત્યય પર છતાં अर् થવાનો હતો. પણ तृ (तृच्-तृन्) અન્તવાળા શબ્દો તથા स्वसृ વગેરે શબ્દો ऋ નો आर् કરવો છે માટે આ નિયમ બનાવેલ છે...

**પ્ર-૪** નપું. સંબોધન એ.વ.માં हे कर्तः! हे कर्तृ! એમ બે રૂપ કેવીરીતે થાય ?

**જ-૪** નપું. એ.વ. નાં स् પ્રત્યયનો લોપ થાય ત્યારે हे कर्तृ! અને लुक् (લોપ) થાય ત્યારે તે પ્રત્યય ન હોવા છતાં મનાય અને स् પ્રત્યય घुट् હોવાથી ગુણ કર્યો એટલે हे कर्तः ! રૂપ પણ થાય.

**પ્ર-૫** तृच्-तृन् પ્રત્યય કયા અર્થમાં કોને લાગે ?

**જ-૫** ધાતુ એ બતાવેલ જે અર્થ હોય તે પ્રમાણે ''ક્રિયા કરનાર'' એવા અર્થમાં બધા જ ધાતુથી तृच् પ્રત્યય લાગે. तृच् પ્રત્યયમાં तृ પ્રત્યય

છે અને च् ઈત્ છે. દા.ત. नमतीति-नन्तृ-नन्ता-નમન કરનાર, यच्छतीति-दातृ-दाता-આપનાર, त्यजतीति-त्यक्ता-त्याग કરનાર, नी-नेतृ-नेता-લઈ જનાર, हृ-हर्तृ-हर्ता-હરનાર, तृच्-तृन्-प्रत्यय પર છતાં અંત્ય હ્રસ્વ કે દીર્ઘ નામિસ્વર, ઉપાન્ત્ય હ્રસ્વનામી સ્વરનો ગુણ થાય છે તથા કેટલાંક ધાતુને પ્રત્યયની પૂર્વે इ લાગે છે. वर्षितृ, निन्दितृ, रक्षितृ વગેરે અને तृन् प्रत्यय-ધાતુએ બતાવેલ ક્રિયાને 'કરવાનાં સ્વભાવવાળો' એ અર્થમાં દરેક ધાતુને લાગે છે. तृन् માં પણ तृ પ્રત્યય છે અને न् ઈત્ છે. जि-जेतृ-जेता-જીતવાનાં સ્વભાવવાળો, सृ-सर्तृ-सर्ता-સરકવાનાં સ્વભાવવાળો, नृत्-नर्तितृ-नर्तिता-નાચવાનાં સ્વભાવવાળો, दृश्-द्रष्टृ-द्रष्टा-જોવાનાં સ્વભાવવાળો વિ...

આ બધાં જ तृच्-तृन् પ્રત્યયાન્ત શબ્દોને કૃદન્તો કહેવાય છે. આનાં વિશેષ્ય પ્રમાણે ત્રણે લિંગમાં कर्तृ પ્રમાણે રૂપો થાય... અને સ્ત્રી. માં ઈ (ङी) લાગીને कर्त्री થાય અને नदी જેવા રૂપો થાય.

## પાઠ-૫૦

**પ્ર-૧** विंशति વગેરે શબ્દો કયા અર્થમાં કેવી રીતે વપરાય ?

**જ-૧** विंशति વગેરે શબ્દો બે રીતે વપરાય છે. (૧) વિશેષણ તરીકે (૨) સંખ્યાવાચક તરીકે. જ્યારે વિશેષણ તરીકે વપરાય ત્યારે એ.વ. માં જ રૂપો થાય છે. દા.ત. विंशतिः घटाः (मति જેવા રૂપો ચાલે...) विंशतिं घटान्, विंशत्या घटैः, विंशत्यै घटेभ्यः વગેરે... અને જ્યારે સંખ્યાવાચક તરીકે વપરાય ત્યારે એ.વ., દ્વિ.વ., બ.વ. એમ ત્રણે વચનમાં વપરાય છે. દા.ત. पुस्तकानां त्रिंशत्-પુસ્તકોની ત્રીશી... पुस्तकानां त्रिंशतौ, પુસ્તકોની બે ત્રીશી... (૬૦ પુસ્તકો) पुस्तकानां त्रिंशतः... પુસ્તકોની ઘણી ત્રીશીઓ... વગેરે.

**પ્ર-૨** નિ. ૨. કેટલી રીતે લાગે ? કેવી રીતે ?

**જ-૨** નિ. ૨. ત્રણ રીતે લાગે. પુ.પ્ર.બ.વ. चत्वारः, નપું.પ્ર.દ્વિ.બ.વ. चत्वारि ૩ રૂપોમાં આ નિયમનો ઉપયોગ થાય.

પ્ર-૩ નિ. ૩. શા માટે ?

જ-૩ सु પ્રત્યય વ્યંજનાદિ હોવાથી પૂર્વનું નામ પદ થતું હોવાથી પા.૧૮ નિ.૪ થી પદાન્ત र् નો स् થાય ત્યારે चतुस्सु અને પક્ષે પા. ૩. નિ. ૨ થી વિસર્ગ થવાથી चतुःसु આમ બે રૂપ થાત... પણ चतुर्षु રૂપની સિદ્ધિ કરવા માટે આ રીતે નિયમ બનાવેલ છે... બીજું હવે र् નો र् જ રાખવાનું કહેલું હોવાથી પા.૧૮ નિ.૪ થી ष् પણ ન થાય.

પ્ર-૪ નિ. ૪. શા માટે ? પા. ૨૬ નિ. ૭ થી ऋ નો र् થઈ જ જાત ને ?

જ-૪ જો આ નિયમમાં ऋ નો र् થાય એવું ન કહ્યું હોત તો પા. ૨૬, નિ. ૭ ને બદલે (૧) દ્વિ.બ.વ.નાં अस् પ્રત્યય પર છતાં પા. ૨૦ નિ. ૧. થી अस् પ્રત્યયનાં अ સહિત સમાન સ્વર દીર્ઘ થવાથી तिसॄः–चतसॄः આવું અશુદ્ધ રૂપ થાત... (૨) પ્ર.બ.વ.માં ઘુટ્ પ્રત્યયો પર છતાં પા. ૪૯ નિ. ૧ થી अर् થઈને तिसरः આવું અનિષ્ટરૂપ થાત... આ બધા નિયમો ન લાગે અને માત્ર ऋ નો र् જ થાય. આવું જણાવવા માટે આ નિયમ છે...

પ્ર-૫ નિ. ૯. શા માટે ?

જ-૫ પાઠ-૪૮ નિ. ૫ થી પદાન્ત ट વર્ગ પછી त વર્ગનો ट વર્ગ ન થાય એવું કહ્યું હતું. તેનાં અપવાદ રૂપે ट પછી આ ત્રણ શબ્દનાં न् નો ण् કરવા માટે આ નિયમ બનાવ્યો છે...

પ્ર-૬ નિ. ૧૦. શા માટે ?

જ-૬ પાઠ-૨૫ નિ. ૪. થી પદાન્ત ત્રીજા વ્યંજનનો પાંચમો વ્યંજન વિકલ્પે થવાનો હતો તેને બદલે પદાન્ત ત્રીજા વ્યંજનનો **પ્રત્યય** સંબંધી પાંચમો અક્ષર પરમાં આવ્યો હોય તો નિત્યપાંચમો વ્યંજન થઈ જાય એવું **નિત્ય** વિધાન માટે આ નિયમ છે. એના અન્ય ઉદાહરણો - वाचः आगतम् – वाङ्मयम् - વાણીમાંથી આવેલું અહીં પંચમ્યન્ત નામથી आगत (આવેલું) અર્થમાં मय (मयट्) પ્રત્યય લાગે છે. એટલે वाङ्मयम् (शास्त्रम्) અહીં પા. ૩૪. નિ. ૧ થી मयट् પ્રત્યય વ્યંજનાદિ હોવાથી वाच् પદ બન્યું... પછી પાઠ-૪૮ નિ. ૨ થી च् નો क् પા.૨૫ નિ. ૧ થી क् નો ग्... પછી આ- નિ. ૯ થી ग् નો ङ् - वाङ्मयम् । (નપું. પ્ર.એ.વ.) એ જ રીતે द्विषः आगतम्- द्विण्मयम् - શત્રુ પાસેથી આવેલું... વગેરે...

अस्मद्-युष्मद् नां આદેશ સહિત રૂપો આ રીતે ગોખવા.
अहम् आवाम् वयम्
माम्-मा आवाम्-नौ अस्मान्-नः
मया आवाभ्याम् अस्माभिः
मह्यम्-मे आवाभ्याम्-नौ अस्मभ्यम्-नः
मद् आवाभ्याम् अस्मद्
मम-मे आवयोः-नौ अस्माकम्-नः
मयि आवयोः अस्मासु
त्वम् युवाम् यूयम्
त्वाम्-त्वा, युवाम्-वाम् युष्मान्-वः
त्वया युवाभ्याम् युष्माभिः
तुभ्यम्-ते युवाभ्याम्-वाम् युष्मभ्यम्-वः
त्वद् युवाभ्याम् युष्मद्
तव-ते युवयोः-वाम् युष्माकम्-वः
त्वयि युवयोः युष्मासु

## પાઠ-૫૧

**પ્રશ્ન-૧** વાક્ય કોને કહેવાય ? કેટલી રીતે વાક્ય બને ?

**ઉત્તર-૧** વિશેષણસહિતનું જે ક્રિયાપદ... તેને વાક્ય કહેવાય... વાક્ય કુલ ૩ રીતે બને છે. કર્તા-કર્મ વગેરે ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે માટે તેને વિશેષણ કહેવાય છે. આવા વિશેષણો (એક કે અનેક) થી સહિત ક્રિયાપદ હોય તેને વાક્ય કહેવાય. દા.ત. नमति-તે નમસ્કાર કરે છે... रमा नमति-રમા નમે છે... અહીં 'નમે છે' એ ક્રિયાપદનાં અર્થમાં रमा એ વધારો કર્યો માટે रमा ને વિશેષણ કહેવાય. અત્યાર સુધી આપણે "નામનાં અર્થમાં વધારો કરે તેને (ગુણવાચક શબ્દને) વિશેષણ તરીકે માનતાં હતાં... હવે અહીં એ જ અર્થ વિશાળ બને છે... એટલે કોઈપણ અર્થને વિશેષ (વધારો) કરે તેને વિશેષણ કહેવાય છે... આ

વ્યાખ્યાને આધારે અહીં रमा વગેરે (કર્તા-કર્મવિ. કારકો) વિશેષણ બને છે... આવા વિશેષણોસહિતનું જે ક્રિયાપદ હોય તે વાક્ય સંજ્ઞક થાય... દા.ત. धर्मः रक्षति... ધર્મ રક્ષણ કરે છે. તો અહીં રક્ષણ કરવાનાં અર્થમાં धर्म શબ્દે વધારો કર્યો હોવાથી धर्म શબ્દ વિશેષણ કહેવાય છે... માટે આખું વિશેષણસહિતનું ક્રિયાપદ વાક્ય બને છે... (૨) વિશેષણરહિતનું (માત્ર) ક્રિયાપદ પણ વાક્ય કહેવાય છે... દા.ત. नम... તું નમસ્કાર કર... અહીં કર્તા વગેરે કોઈ જ વિશેષણો નથી માત્ર ક્રિયાપદ છે. તેની પણ વાક્યસંજ્ઞા કરવામાં આવે છે. (૩) માત્ર વિશેષણો સહિત જે હોય... ક્રિયાપદ ન હોય તો એને પણ વાક્ય કહેવાય છે. દા.ત. शीलं तव अलङ्कारः। સદાચાર તારો શણગાર (હો...) અહીં अस्तु નો અર્થ અધ્યાહારથી સમજી લેવાનો હોય છે... આ રીતે ક્રિયાપદ વિનાનાં શબ્દસમૂહની પણ વાક્યસંજ્ઞા કરવી... આ પ્રમાણે ૩ રીતે વાક્ય બને છે...

**પ્રશ્ન-૨** વાક્યસંજ્ઞા કરવાનું કારણ શું ? એમને એમ શબ્દો રાખીએ તો પણ અર્થ તો નીકળવાનો જ છે ને ?

**જવાબ-૨** युष्मद्-अस्मद् નાં દ્વિતીયા-ચતુર્થી-ષષ્ઠી વિભક્તિમાં त्वा, मा વગેરે આદેશ થાય છે. તે જો એક વાક્યમાં હોય તો જ થાય છે. બે વાક્યં જુદા થઈ જતા હોય તો થતાં નથી... અહીં વાક્યસંજ્ઞા કરવાથી એક વાક્ય બનશે... અને એક વાક્ય થવાથી धर्मो युष्मान् रक्षतु ની જગ્યાએ धर्मो वः रक्षतु ધર્મ તમારું રક્ષણ કરે... युष्मान् જગ્યાએ वस् આદેશ થાય... એ રીતે ચોથી-છઠ્ઠી વિભક્તિમાં પણ જાણી લેવું.

**પ્રશ્ન-૫** एनयोः રૂપની સિદ્ધિ કેટલી રીતે થાય ? કેવી રીતે ?

**જવાબ-૫** एनयोः રૂપ કુલ ૧૨ રીતે થાય... इदम् સર્વનામ. સ્ત્રી. પુ. નપું. માં ષષ્ઠી-સપ્તમી દ્વિવચનનાં ओस् પ્રત્યય પર છતાં एनयोः રૂપ થાય. એટલે કુલ-૬ તથા एतद् સર્વનામનાં પું.સ્ત્રી નપું. માં ષ.સ. દ્વિ.વ. નાં ओस् પ્રત્યય પર છતાં एनयोः રૂપ થાય છે. કુલ-૬ એટલે इदम् ૬ + ૬ एतद् નાં એમ કુલ-૧૨ રીતે एनयोः રૂપની સિદ્ધિ થાય છે...

।। अर्हं नमः ।।

## પરિશિષ્ટ-૧

(१) बाल आवान्त्वन्नगरं गच्छावो मालाया अधुनैव ।

(२) जनार्चंस्तांस्त इहागच्छन्निदानीन्त्वमप्येतन्निरीक्ष्यैतैश्चार्चेत्यवदन्मातैनम् ।

(३) बालेदानीन्तत्रैवेक्षस इत्यस्मांश्छात्रो भणति ।

(४) जना नयत्यस्मन्नान्नान्याचार्योऽयोध्यायास्तत् ।

(५) वीर ! धार्मिका अर्चतोऽधुनर्षभङ्कमलैश्श्वेतैस्त्वाञ्च ।

(६) नोऽटत्त्वों रथ्यायान्नैवन्तुषारेणादिष्टोऽधुनोञ्चर्षभेणोदितन्तदैवं ।

(७) जनकावाञ्झटित्यस्माकँव्वीरन्नमावोऽत्रागच्छावोऽधुना ।

(८) हरेऽहन्तवोद्यानान्मित्रायैतान्यन्नान्यद्य ।

(९) नयतस्ता इदानीङ्गृहेऽन्नान्युदराय ।

(१०) जनको मिलत्याचार्येणेह बहुशस्तांश्छात्रान् ।

(११) वनेऽश्वा धावन्त्यावान्तांस्ताडयावश्च ।

(१२) नरो नाव्युपविश्याम्बुधेरतरन्नम्बु ।

(१३) सोऽर्चाम्यहं वीरं पद्मैश्श्वेतैरस्माँश्च दुःखाद्रक्षति ।

(१४) जगत्यापद्येवागच्छल्लोका धर्मस्य शरणम् ।

(१५) अस्मिन्नध्ययनेऽद्योद्यमेनावाभ्यान्तान्युत्तराण्यदीयन्तेत्यार्ये कथितवत्या एव।

(१६) रामारींस्तन्नगर्या राज्यस्यर्द्धी रत्नान्यादिश्यामूयैतेऽसान्त्व्यन्त ।

(१७) योषिद्भ्युद्यान एकत्रोद्गताभ्यो लताभ्योऽसा एकैवोमयैक्ष्यतेदानीञ्चोद्धृतेत्य-
कथ्य एतयैव ।

(१८) बाला उद्यानेऽटतोऽन्नञ्चर्षभाद्याचतो नैवैतन्निरीक्ष्यते ।

(१९) प्रियो जनस्स्मर्यते कृष्णेन नाङ्गना ।

(२०) शिवो वः शिवाय नो न भवतु ।

(२१) जगत्यात्मवन्मन्यतेऽखिलञ्जगच्छ्रमणः ।

(२२) एतस्मिन्नरण्येऽधुनैवारयो व्यहरन्नतोऽटेस्त्वन्नेत्यभणंश्छात्राः ।

(२३) रमेऽस्मिन्नुपाश्रय आगताया आर्याया अष्टौषधीस्तेऽशीती रक्तदामान्या-
नेतुन्त्वाह्वयच्चाम्बा ।

(२४) पयस्यटद्धंसानीक्षित्वावदद्धरेऽत्रेम आसन्क एवन्तयासा आपृष्टः ।

(२५) मद्धनन्नेतुमादिष्टा नृपै राजनरोऽधुनैव ।

(२६) संपद्धलाहलवन्नोऽस्तीत्यचिन्तयावेदानीङ्गुरोर्वाचैव यद् ।
(२७) ककुब्भसातोऽद्यर्षभजन्मासीत् ।
(२८) नृपेक्षस्वेहाद्यागम्यागतातिथिन्नम ।
(२९) भिक्षाया आगत आत्मीयेऽङ्गने वीरे चन्दनाया वाग्घताश्रूण्यक्षरल्ँलोचनाभ्याञ्च।
(३०) द्विड्द्दृतवतो धनोत्काराद्राज्ञोऽलङ्कारानालोक्यैतन्नरोऽमूंस्ताडितवन्तस्तत्रैव।
(३१) युधीवायोध्यन्ताक्षिप्यानेकशो बाणान्योधास्तत्रैव ।
(३२) मुनी रमत उद्यानान्निर्गत्यागम्येहात्मनि ।
(३३) नोऽहरो रमान्तन्नो नरस्तेऽरुष्यद्ध्योऽताडयंस्त्वाञ्च ।
(३४) सदोवचसैतस्यायू रक्षन्नैष मुदितवांश्छात्रोऽत्रागतश्च ।
(३५) वणिग्घिरण्यन्दत्त्वर्णन्निपारयितुन्नृंस्तदैवादिष्टवांस्तत्र ।

## પરિશિષ્ટ-૨

1 2 5 7 8 6 3 4
(१) बाले! आवां त्वद् नगरं गच्छावः मालायै अधुना एव ।
હે બાલિકા ! અમે બન્ને હમણાં જ તારી પાસેથી માળા માટે નગરમાં જઈએ છીએ.

1 8 7 2 4 5 3 9 10 11
(२) जन ! आर्चन् तान् ते इह आगच्छन् इदानीम् त्वम् अपि एतद्
12 13 6 14 15 18 16 17
निरीक्ष्य एतैः च अर्च इति अवदत् माता एनम् ।
હે માણસ ! તેઓ હમણાં અહીં આવ્યા અને તેઓની પૂજા કરી, તું પણ એ જોઈને એઓની સાથે પૂજા કર આ પ્રમાણે માતાએ એને કહ્યું.

1 2 3 4 5 6 7 8 9
(३) बाल ! इदानीम् तत्र एव ईक्षसे इति अस्मान् छात्रः भणति ।
હે બાળક ! તું હમણાં ત્યાં જ જુએ છે એમ અમને વિદ્યાર્થી કહે છે.

1 7 5 8 6 4 3 2
(४) जनाः ! नयति अस्मद् न अन्नानि आचार्यः अयोध्यायाः तत् ।
હે માણસો ! તેથી અયોધ્યાનાં આચાર્ય અમારી પાસેથી અનાજ લઈ જતા નથી.

1 2 9 3 8 5 4 6 7
(૫) वीर ! धार्मिकौ अर्चतः अधुना ऋषभं कमलैः श्वेतैः त्वाम् च ।
હે વીર પ્રભુ ! બે ધાર્મિક માણસો હમણાં ધોળા કમળો વડે તને અને ઋષભદેવને પૂજે છે.

1 5 2 3 4 6 7 9 8 14
(૬) नः ! अट ऋत्वोः रथ्यायां न एवम् तुषारेण आदिष्टः अधुना ओम्
10 13 15 11 12
च ऋषभेण उदितं तदा एव ।
હે માણસ, તું બે ઋતુમાં શેરીમાં રખડીશ નહી એમ તુષાર વડે હમણાં આદેશ કરાયો અને ત્યારે જ ઋષભવડે હા કહેવાઈ.

1 2 6 7 8 9 4 5
(૭) जनक ! आवां झटिति अस्माकम् वीरम् नमावः अत्र आगच्छावः
3
अधुना ।
હે પિતાજી ! અમે બંને હમણાં અહીં આવીએ છીએ (અને) જલ્દીથી અમારા વીરપ્રભુને નમીએ છીએ.

8 1 3 4 5 6 7 2
(૮) हरे अहम् तव उद्यानात् मित्राय एतानि अन्नानि अद्य ।
હું આજે તારા બગીચામાંથી મિત્રને માટે આ અનાજ લઈ જાઉં છું.

6 1 2 4 5 3
(૯) नयतः तौ इदानीम् गृहे अन्नानि उदराय ।
તે બંને હમણાં પેટને માટે ઘરે અનાજ લઈ જાય છે.

1 7 4 2 3 5 6
(૧૦) जनकः मिलति आचार्येण इह बहुशः तान् छात्रान् ।
પિતાજી અહીં ઘણી વખત આચાર્યની સાથે તે વિદ્યાર્થીઓને મળે છે.

1 2 3 5 6 7 4
(૧૧) वने अश्वाः धावन्ति आवाम् तान् ताडयावः च ।
વનમાં ઘોડાઓ દોડે છે અને અમે બંને તેઓને મારીએ છીએ.

1 2 3 4 6 5
(૧૨) नरः नावि उपविश्य अम्बुधेः अतरन् अम्बु ।
માણસો નાવમાં બેસીને સમુદ્રના પાણીને તર્યાં.

7 5 1 4 2 3 8 6 9 10
(૧૩) सः अर्चामि अहम् वीरं पद्मैः श्वेतैः अस्मान् च दुःखाद् रक्षति ।
હું સફેદ કમળો વડે વીરપ્રભુની પૂજા કરું છું અને તે અમારું દુઃખથી રક્ષણ કરે છે.

1 2 5 7 3 4 6
(૧૪) जगति आपदि एव अगच्छन् लोकाः धर्मस्य शरणम् ।
જગતમાં આપત્તિમાં લોકો ધર્મને જ શરણે ગયા હતાં.

1 2 3 5 4 6 7 8 9
(૧૫) अस्मिन् अध्ययने अद्य उद्यमेन आवाभ्यां तानि उत्तराणि अदीयन्त इति
11 13 12
आर्ये कथितवत्यौ एव ।
આ અધ્યયનમાં આજે અમારા બંને વડે પ્રયત્નપૂર્વક તે ઉત્તર અપાયા એ પ્રમાણે બે સાધ્વીએ જ કહ્યું.

1 3 2 4 5 6 7 8
(૧૬) राम ! अरीन् तन्नगर्याः राज्यस्य ऋद्धीः रत्नानि आदिश्य अमूया
9 10
एते असान्त्व्यन्त ।
હે રામ, તે નગરીનાં શત્રુઓને રાજ્યની ઋદ્ધિ (અને) રત્નોને બતાવીને એણી વડે એઓને ખુશ કરાયા.

1 2 3 4 5 6 7 8 9 10
(૧૭) योषिद् हि उद्याने एकत्र उद्गताभ्यः लताभ्यः असौ एका एव उमया
11 13 12 14 15 18 16 17
ऐक्ष्यत इदानीम् च उद्धृता इति अकथ्ये एतया एव ।
હે સ્ત્રી, ખરેખર બગીચામાં એકબાજુ ઉગેલી વેલડીઓમાંથી આ એક જ (વેલડી) ઉમા વડે જોવાઈ અને હમણાં લેવાઈ એ પ્રમાણે એણી વડે જ મને કહેવાયું.

1 2 3 6 4 5 7 11 10 8

(૧૮) बालौ उद्याने अटत: अन्नम् च ऋषभाद् याचत: न एव एतद्

9

निरीक्ष्यते ।

બે બાળકો બગીચામાં રખડે છે અને ઋષભ પાસેથી અનાજ માંગે છે. એ જોવાતું જ નથી.

2 3 4 1 6 5

(૧૯) प्रिय: जन: स्मर्यते कृष्णेन न अङ्गना ।

કૃષ્ણ વડે પ્રિય વ્યક્તિને યાદ કરાય છે પત્નીને નહી.

1 2 3 5 6 4

(૨૦) शिव: व: शिवाय न: न भवतु ।

શંકર તમારા કલ્યાણને માટે થાઓ અમારા નહી.

1 5 6 3 4 2

(૨૧) जगति आत्मवत् मन्यते अखिलं जगत् श्रमण: ।

દુનિયામાં સાધુ આખા જગતને પોતાના જેવું માને છે.

1 2 3 4 5 6 7 10 8 9 11

(૨૨) एतस्मिन् अरण्ये अधुना एव अरय: व्यहरन् अत: अटे: त्वम् न इति

13 12

अभणन् छात्रा: ।

આ જંગલમાં હમણાં જ શત્રુઓ ફરતાં હતા. એથી તું ન રખડ એમ વિદ્યાર્થીઓએ કહ્યું.

1 2 3 4 5 7 8 6

(૨૩) रमे ! अस्मिन् उपाश्रये आगताया: आर्याया: अष्टा औषधी: ते

10 11 12 14 15 9 13

अशीती: रक्तदामानि आनेतुं त्वा आह्वयत् च अम्बा ।

હે રમા ! આ ઉપાશ્રયમાં આવેલા સાધ્વીજી પાસેથી તારી આઠ દવાઓ અને એંશી લાલમાળાઓ લાવવા માટે માતાએ તને બોલાવી છે...

1 2 3 4 5 6 7 9 8 10

(૨૪) पयसि अटद्धंसान् ईक्षित्वा अवदद् हरे ! अत्र इमे आसन् के एवं

11 12 13

तया असौ आपृष्ट: ।

પાણીમાં ફરતાં હંસોને જોઈને તે બોલી હે વિષ્ણુ ! અહીં એ કોણ હતાં ? એમ તેણી વડે એને પુછાયું...

5 6 7 8 1 4 2 3

(૨૫) मद् धनं नेतुम् आदिष्टाः नृपैः राजनरः अधुना एव ।

રાજાઓ વડે હમણાં જ રાજપુરૂષોને મારી પાસેથી ધન લઈ જવા માટે આદેશ કરાયો.

9 10 8 11 5 6 1 3 4 2

(૨૬) संपद् हलाहलवत् नः अस्ति इति अचिन्तयाव इदानीं गुरोः वाचा एव

7

यद् ।

હમણાં જ ગુરુની વાણીથી અમે એમ વિચાર્યું કે અમારી સંપત્તિ ઝેર જેવી છે.

5 6 4 1 2 3

(૨૭) ककुब् ! हस अतः अद्य ऋषभजन्म आसीत् ।

આજે ઋષભદેવનો જન્મ થયો છે એથી હે દિશા ! તું હસ...

1 2 3 5 4 6 7

(૨૮) नृप ! ईक्षस्व इह अद्य आगम्य आगतातिथि नम ।

હે રાજા ! તું જો... અહીં આવીને આજે આવેલા મહેમાનોને નમસ્કાર કર...

2 5 3 4 1 6 7 8 11

(૨૯) भिक्षायै आगते आत्मीये अङ्गने वीरे चन्दनायाः वाग् हता अश्रूणि

12 10 9

अक्षरन् लोचनाभ्याम् च ।

વીરપ્રભુ ભિક્ષા માટે પોતાને આંગણે આવતે છતે ચન્દનબાળાની વાણી હણાઈ... અને બન્ને આંખોમાંથી આંસુ ઝરવા લાગ્યા...

1 2 3 4 5 6 7

(૩૦) द्विड्हृतवतः धनोत्करात् राज्ञः अलङ्कारान् आलोक्य एतन्नरः अमून्

10 8 9

ताडितवन्तः तत्र एव ।

શત્રુઓએ હરેલાં ધનનાં ઢગલામાંથી રાજાનાં ઘરેણાં જોઈને એના માણસો પેલાઓને ત્યાં જ મારવા લાગ્યા...

1 2 9 8 6 7 5 3 4
(૩૧) युधि इव अयोध्यन्त आक्षिप्य अनेकशः बाणान् योधाः तत्र एव ।
યુદ્ધની જેમ ત્યાં જ લડવૈયાઓ અનેકવાર બાણોને નાંખીને લડવા લાગ્યા.

1 7 2 3 5 4 6
(૩૨) मुनिः रमते उद्यानाद् निर्गत्य आगम्य इह आत्मनि ।
મુનિ બગીચામાંથી નીકળીને અહીં આવીને આત્માને વિષે રમે છે.

1 3 2 4 5 6 7 8 10 12 11 9
(૩૩) नः ! अहरः रमां तद् नः नरः ते अरुष्यद् ह्यः अताडयन् त्वां च।
હે માણસ ! તેં લક્ષ્મીને હરણ કરી તેથી અમારા માણસો તારી ઉપર ગુસ્સે થયા અને ગઈકાલે તને માર્યો.

1 2 3 4 5 10 6 7 8 9
(૩૪) सदोवचसा एतस्य आयुः रक्षन् एष मुदितवान् छात्रः अत्र आगतः च ।
સભાનાં વચનથી એનાં આયુષ્યનું રક્ષણ કરતો એ વિદ્યાર્થી અહીં આવ્યો અને ખુશ થયો.

2 3 4 5 6 9 7 8 10 1
(૩૫) वणिग् हिरण्यं दत्त्वा ऋणं निपारयितुं नृन् तदा एव आदिष्टवान् तत्र।
ત્યાં વાણિઆએ સોનું આપીને દેવું પુરૂ કરવા માટે ત્યારે જ માણસોને આદેશ આપ્યો.

BHARAT GRAPHICS - Ahmedabad-1.
Ph. : (M) 9925020106, (079) 22134176